AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
હજ્જ 2025 પેકેજ રૂા.5,85,000 (તમામ ટેક્ષ સાથે) દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે
વેકેશન ઉમરાહ | રમઝાન ઉમરાહ દિ.૩૨ રૂા.૨,૦૦,૦૦૦
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૫૧૯૧૫ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD ●●● SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
રમઝાન ઉમરાહ 1,35,000/- 40 દિવસ
2 ફેબ્રુઆરી 25 દિવસ 85,000/-
હજ-ઉમરાહ હજ બુકિંગ 5,50,000 38થી 40 દિવસ (હજ વિઝા તથા તમામ ટેક્ષ સાથે)
સિદ્ધપુર Contact અમદાવાદ
+91 9638929480 : 9825442205

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## નકલી જન્મ પ્રમાણપત્રોનો વિવાદ

# માલેગાંવના નેતાઓએ તપાસ માટે SITની રચનાની નિંદા કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૧

માલેગાંવમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસ્લિમોને જારી કરાયેલા બનાવટી જન્મ પ્રમાણપત્રોના આરોપોની તપાસ માટે મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં એક ખાસ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે, જેના કારણે સ્થાનિક નેતાઓ અને રહેવાસીઓમાં વ્યાપક ટીકા થઈ છે. નાસિક ઝોનના સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસના નેતૃત્વ હેઠળ સ્થાપિત SITને ભાજપના નેતા કિરીટ સોમૈયા દ્વારા કરવામાં આવેલા દાવાઓની ચકાસણી કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જેમણે આરોપ લગાવ્યો હતો કે લગભગ ૧,૦૦૦ બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસ્લિમોએ સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરાયેલા નકલી જન્મ પ્રમાણપત્રો દ્વારા ભારતીય નાગરિકત્વ મેળવ્યું છે. જો કે, માલેગાંવના ઘણા અગ્રણી રાજકીય વ્યક્તિઓએ આ તપાસને રાજકીય રીતે પ્રેરિત ગણાવી છે, જેનો હેતુ શહેરને બદનામ કરવાનો અને તેની મુસ્લિમ વસ્તીને નિશાન બનાવવાનો છે. કોંગ્રેસના નેતા અને ધુળેના સંસદ સભ્ય શોભા બચ્ચાવે ભાજપની કાર્યવાહીની ટીકા કરતા કહ્યું કે, આ નકારાત્મક રાજકારણ છે. આવા પાયાવિહોણા આરોપો માલેગાંવના લોકોને સાંપ્રદાયિક તણાવ ફેલાવવા અને વિભાજીત કરવા માટે લગાવવામાં આવી રહ્યા છે. સોમૈયાએ બાંગ્લાદેશી-રોહિંગ્યા જન્મ પ્રમાણપત્ર કૌભાંડ અંગે ચિંતા વ્યક્ત કર્યા બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે SITની રચનાની જાહેરાત કરી. SITમાં નાસિકના અધિક કલેક્ટર, અધિક પોલીસ અધિક્ષક (માલેગાંવ) અને સંયુક્ત શહેરી વિકાસ કમિશનર (નાશિક) સહિત વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. SITને છ મહિનાની મુદત આપવામાં આવી છે કે શું જન્મ પ્રમાણપત્રો ખોટી રીતે જારી કરવામાં આવ્યા હતા અને જો સાબિત થાય તો, તેઓએ આરોપી વ્યક્તિઓ માટે નાગરિકતા પ્રક્રિયાને કેવી રીતે સરળ બનાવી હતી. સરકારના આ પગલાથી વિપક્ષી નેતાઓમાં ચિંતાનો વિષય બન્યો છે જેઓ નિયમિત વહીવટી મુદ્દાઓ માટે આવી ઉચ્ચ સ્તરીય તપાસની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવે છે. માલેગાંવના પૂર્વ ધારાસભ્ય શેખ આસિફે જણાવ્યું હતું કે, ગંભીર ગુનાઓની તપાસ કરવા માટે SITની રચના કરવામાં આવે છે. ફક્ત જન્મ પ્રમાણપત્રોની ચકાસણી માટે SITની નિમણૂક કરવી એ સ્પષ્ટપણે મુસ્લિમ સમુદાયને હેરાન કરવાનો અને ગભરાટ ફેલાવવાનો પ્રયાસ છે. અનેક રાજકીય વ્યક્તિઓએ પણ વિરોધ વ્યક્ત કર્યો છે. માલેગાંવ સેન્ટ્રલના ધારાસભ્ય મુફ્તી મુહમ્મદ ઈસ્માઈલે ટિપ્પણી કરી હતી કે, માલેગાંવના મતદારોએ શેખ હસીના કે ખાલિદા ઝિયાને ટેકો આપ્યો ન હતો; તેમણે ઈન્ડિયા બ્લોકના ડૉ. શોભા બચ્ચાવને મત આપ્યો હતો. આ સમગ્ર વિવાદ અમારી ચૂંટણી પસંદગીને નબળી પાડવાનો અને મુસ્લિમ સમુદાયને બદનામ કરવાનો પ્રયાસ છે. સમાજવાદી પાર્ટીના નેતા મોહમ્મદ મુસ્તકીમે પણ SIT રચનાની નિંદા કરતા કહ્યું હતું કે, ચૂંટણી પછી માલેગાંવને વારંવાર નિશાન બનાવવામાં આવ્યું છે. આ પાયાવિહોણી તપાસ શહેરની છબી ખરાબ કરવાના ભાજપના પ્રયાસો છે. બિનજરૂરી તણાવ પેદા કરે છે અને શહેરના શાંતિપૂર્ણ માળખાને કલંકિત કરે છે. મહારાષ્ટ્ર સરકારે તપાસનો વિસ્તાર અન્ય પ્રદેશોમાં પણ કર્યો છે, જેમાં અંજનાગાંવ સૂરજીનો સમાવેશ થાય છે, જ્યાં સમાન આરોપોની તપાસ માટે એક અલગ સમિતિની રચના કરવામાં આવી છે. સરકાર દ્વારા જન્મ અને મૃત્યુ નોંધણી કાયદામાં ૨૦૨૩માં કરાયેલા સુધારાને પગલે આ વિવાદ શરૂ થયો છે, જેના કારણે સ્થાનિક તહસીલ કચેરીઓને ઘરે જન્મ માટે જન્મ પ્રમાણપત્ર જારી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સોમૈયાએ આરોપ લગાવ્યો છે કે યોગ્ય ચકાસણી વિના વિદેશીઓને નાગરિકત્વ આપવા માટે આ જોગવાઈનો દુરૂપયોગ કરવામાં આવ્યો હતો. જો કે, ટીકાકારો દલીલ કરે છે કે આરોપોનો ઉપયોગ મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારો સામે પસંદગીપૂર્વક કરવામાં આવી રહ્યો છે. મુફ્તી મુહમ્મદ ઈસ્માઈલે જણાવ્યું હતું કે, માલેગાંવ હંમેશા આવા સાંપ્રદાયિક કથાઓનું લક્ષ્ય રહ્યું છે. તે આપણા સમુદાયને હાંસિયામાં ધકેલી દેવાનો અને રાષ્ટ્ર પ્રત્યેની આપણી વફાદારી પર પ્રશ્ન ઉઠાવવાનો પ્રયાસ છે. સ્થાનિક નેતાઓએ રાજ્ય સરકારને વિનંતી કરી છે કે કોઈપણ સમુદાયને અન્યાયી રીતે લક્ષ્ય બનાવ્યા વિના પારદર્શક રીતે તપાસ હાથ ધરે. અમે કોઈપણ સાંપ્રદાયિક પૂર્વગ્રહ વિના નિષ્પક્ષ તપાસની માંગ કરીએ છીએ. રાજકીય પ્રેરિત દાવાઓના આધારે માલેગાંવના રહેવાસીઓની પ્રામાણિકતા પર પ્રશ્ન ઉઠાવવો જોઈએ નહીં. માલેગાંવના રહેવાસીઓ ન્યાય અને નિષ્પક્ષ તપાસની માંગ કરે છે અને કહે છે કે તેમના શહેરનો ઉપયોગ સાંપ્રદાયિક ધ્રુવીકરણ માટે રાજકીય યુદ્ધભૂમિ તરીકે ન થવો જોઈએ.



**વિપક્ષી નેતાઓનો દાવો છે કે આ મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવાના હેતુથી પગલું લેવામાં આવ્યું છે**

માલેગાંવ તહસીલદાર પુષ્પા સોલંકેએ સ્પષ્ટતા કરી હતી કે તેમના કાર્યાલયે ગયા વર્ષે ૫૬૯ જન્મ પ્રમાણપત્રો જારી કર્યા હતા, જેમાં ૪૮૫ મુસ્લિમો અને ૮૪ હિન્દુઓનો સમાવેશ થાય છે. બનાવટી જન્મ પ્રમાણપત્રોનો કોઈ પ્રશ્ન જ નથી. બધા યોગ્ય પ્રક્રિયા પછી જારી કરવામાં આવ્યા હતા અને લગભગ ૧,૦૦૦ અરજીઓ હજુ પણ ચકાસણી માટે પેન્ડિંગ છે. સોમૈયાના દાવાઓને વધુ નકારી કાઢતા સોલંકેએ કહ્યું હતું કે જન્મ પ્રમાણપત્રો કાયદેસર દસ્તાવેજોના આધારે જારી કરવામાં આવ્યા હતા અને પ્રક્રિયામાં કોઈ ગેરરીતિ કરવામાં આવી નથી. સ્થાનિક નેતાઓએ આશંકા વ્યક્ત કરી છે કે SIT તપાસ માલેગાંવમાં મુસ્લિમ સમુદાયને લક્ષિત રીતે હેરાન કરી શકે છે. ઘણા લોકો તેને સાંપ્રદાયિક લક્ષ્યીકરણના ભાગ તરીકે જુએ છે. આવા કાર્યો

સિદ્ધિ વિનાયક આર્કેડ વાસણા
ઓફિસ ભાડે આપવાની છે
NA, NOC Title Clear
GST No મળશે
8000થી લઈને 15000 સુધી
ફર્નિચર સાથે અને ફર્નિચર
Call 9375070999
Call 9825575658

Registered : Ministry of Minority Affairs Haj Division
ZAM ZAM Tours & Travels IATA
હજ્જ - ૨૦૨૫
ડીલક્ષ પેકેજ ₹6,75,000/-
સેમી ડીલક્ષ પેકેજ ₹6,00,000/-
Contact us : +91 9712057888 / +91 9712457888
પાલનપુર : અબ્દુલ હઈ - +91 9428024796

ALIF INTERNATIONAL
100% Fixed Date | 100% Fixed Hotel
FIRST TARAWEEH IN MAKKAH INSHA ALLAH
EID IN MADINAH INSHA ALLAH
Ramzan Umrah
AHMEDABAD TO AHMEDABAD
SUPER PRIME DATE 33 DAYS
Departure 28 Feb 2025
Arrival 02 Apr 2025
Super Deluxe Food Menu
Deluxe Package ₹ 1,75,000
FF 02 Dula Sheth Complex, Akota Cross Rd, Akota Vadodara, Gujarat, India
+91-8401-103-104

CELEBRATING EXCELLENCE 34 years GT

## આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના MDનું મંતવ્ય

# ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર 'અમુક અંશે નબળું' રહેવાની શક્યતા છે

(એજન્સી) તા.૧૧

IMFના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું છે કે સ્થિર વૈશ્વિક વૃદ્ધિ છતાં ભારતીય અર્થતંત્ર ૨૦૨૫માં થોડું નબળું રહેવાની અપેક્ષા છે. શુક્રવારે પત્રકારોના જૂથ સાથેના તેમના વાર્ષિક મીડિયા રાઉન્ડ ટેબલમાં તેમણે કહ્યું કે ૨૦૨૫માં વૈશ્વિક વૃદ્ધિ સ્થિર રહેવાની અપેક્ષા છે. જ્યોર્જિવાએ એમ પણ કહ્યું કે તેમને

**ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું કે તેમને આ વર્ષે મુખ્યત્વે યુએસની વેપાર નીતિને કારણે વિશ્વમાં ઘણી અનિશ્ચિતતા રહેવાની અપેક્ષા છે**

આ વર્ષે મુખ્યત્વે યુએસની વેપાર નીતિને કારણે વિશ્વમાં ઘણી અનિશ્ચિતતા રહેવાની અપેક્ષા છે. પરંતુ તેમાં પ્રાદેશિક ભિન્નતા હશે. જ્યોર્જિવાએ કહ્યું કે તેમને ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર થોડું નબળું રહેવાની અપેક્ષા છે. જો કે, તેમણે આ અંગે વધુ કોઈ સ્પષ્ટતા કરી નથી. વર્લ્ડ ઈકોનોમી આઉટલુક આગામી અઠવાડિયામાં તેના વિશે વધુ વિગતો આપશે. તેમણે કહ્યું કે, યુએસ અમારી અપેક્ષા કરતાં ઘણું સારું કરી રહ્યું છે, EU કંઈક અંશે સ્થિર થઈ રહ્યું છે અને ભારત થોડું નબળું છે. બ્રાઝિલ થોડો વધારે ફુગાવાનો સામનો કરી રહ્યું છે. તેણીએ કહ્યું કે, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનમાં, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ડિફ્લેશનરી દબાણ અને સ્થાનિક માંગ સાથે ચાલુ પડકારો જોઈ રહ્યું છે. ઓછી આવક ધરાવતા દેશોના તમામ પ્રયાસો છતાં એવી સ્થિતિમાં છે જ્યાં કોઈપણ નવો આંચકો તેમને ખૂબ નકારાત્મક રીતે અસર કરી શકે છે. જ્યોર્જિવાએ કહ્યું કે, આપણે ૨૦૨૫માં ઘણી બધી અનિશ્ચિતતાની અપેક્ષા રાખીએ છીએ, ખાસ કરીને આર્થિક નીતિઓના સંદર્ભમાં એ આશ્ચર્યજનક નથી કે, યુએસ અર્થતંત્રના કદ અને ભૂમિકાને ધ્યાનમાં રાખીને, આવનારા વહીવટની નીતિ દિશાઓમાં ખાસ કરીને ટેરિફ, કર, નિયમન નિયંત્રણ અને સરકારી કાર્યક્ષમતા પર વૈશ્વિક સ્તરે ઊંડો રસ લેવામાં આવે છે. આ અનિશ્ચિતતા ખાસ કરીને વેપાર નીતિના આગળ વધવાના માર્ગમાં છે, જે વૈશ્વિક અર્થતંત્ર સામેના અવરોધોમાં વધારો કરે છે, ખાસ કરીને એવા દેશો અને પ્રદેશો માટે જે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ, મધ્યમ કદના અર્થતંત્રો, અને એશિયામાં વધુ સંકલિત છે. આઈએમએફના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું હતું કે ટૂંકા ગાળાના વ્યાજ દરોમાં ઘટાડો થયો હોવા છતાં આ અનિશ્ચિતતા વાસ્તવમાં વૈશ્વિક સ્તરે લાંબા ગાળાના વ્યાજ દરોને લીધે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ વ્હાઈટ હાઉસ ખાતે જો બાઈડેનના સ્થાને યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. ૭૮ વર્ષીય ટ્રમ્પે ચીન, કેનેડા અને મેક્સિકો જેવા દેશો પર વધારાના ટેરિફ લાદવાની યોજના જાહેર કરી છે. તેમણે જાહેરમાં ટેરિફનો ઉપયોગ મુખ્ય નીતિ સાધન તરીકે જાહેર કર્યો છે. જ્યોર્જિવાએ કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ, ફુગાવા સામે લડવા માટે જરૂરી ઊંચા વ્યાજ દરો વિશ્વ અર્થતંત્રને મંદીમાં ધકેલી શક્યા નથી. તેમણે ઈચ્છિત પરિણામો આપ્યા છે. મુખ્ય ફુગાવો ઉભરતા બજારો કરતાં વિકસિત અર્થતંત્રોમાં ઝડપથી લક્ષ્ય પર પાછો આવી રહ્યો છે.

**ક્યા બાત હૈ ?!**

જે આપવું હોય તે વાટકામાં નાખીને હાલતા થાવ ! આવી ટાઢમાં હું હાથ બહાર નહીં કાઢું !




વેચવાના છે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
રઢું - ખેડા-ધોળકા રોડ
1000 થી 13000 વાર
35 લાખથી રોકાણ કરો
SAMIR CORPORATION : 93777 66742



# યુપીના કન્નૌજમાં ચાલુ બાંધકામ દરમિયાન છાપરૂં ધસી પડતાં સંખ્યાબંધ કામદારો દટાયા, ૨૩ને ઈજા

**રેલવે સ્ટેશન પાસે નવી બની રહેલી ઈમારતનું છાપરૂં ચાલુ બાંધકામે નીચે ધસી પડતાં સર્જાઈ દુર્ઘટના, યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચલાવવા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો આદેશ**

(એજન્સી) કન્નૌજ, તા.૧૧

યુપીના કન્નૌજ શહેરમાં રેલવે સ્ટેશન પાસે એક નવી બંધાઈ રહેલી ઈમારતનું વિશાળ કામ છાપરૂં ચાલુ બાંધકામે ધસી પડતાં સંખ્યાબંધ કામદારો દટાઈ ગયા હતા. યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલુ કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં ૨૩ કામદારોને હેઠળથી ઉગારી લેવામાં આવ્યા છે જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું જાહેર થયું છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવાનો આદેશ આપ્યો હતો. એસડીઆરએફની ટુકડી અને રાહત અને બચાવ કામગીરી માટેની ટુકડીઓ તથા તબીબી ટુકડીઓ ઘટના સ્થળે ધસી ગયા છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. હજુ ૨૫થી વધુ કામદારો નીચે દટાયા હોવાની આશંકા છે. એમને બહાર કાઢવાનો પ્રયાસો ચાલી રહ્યા છે. યુપીના મંત્રી અસીમ અરૂણે જણાવ્યું હતું કે કન્નૌજ રેલવે સ્ટેશનનું નવું ટર્મિનલ બાંધવામાં આવી રહ્યું છે અને ત્યારે બાંધકામ દરમિયાન આ ઘટના બની હતી અને આખું છાપરૂં નીચે ધસી પડ્યું હતું. બચાવી લેવાયેલા તમામ કામદારો સુરક્ષિત છે અને તેમાંથી ત્રણ ગંભીરને લખનઉ ખસેડવામાં આવ્યા છે. કોઈ જાનહાનિ થયાનું હજુ નોંધાયું નથી. ઉચ્ચ પોલીસ અને વહીવટી અધિકારીઓ પણ ઘટનાસ્થળે ધસી ગયા હતા. મુખ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જવા અને રાહત કામગીરી વેગવાન બનાવવાનો આદેશ આપ્યો હતો અને તમામ ઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર આપવા માટે પણ સૂચના આપી હતી.

# આસામના CM દેશના ૯મા ક્રમમાં સૌથી સમૃદ્ધ મુખ્યમંત્રી બન્યા એટલે એમની સંપત્તિમાં ઉછાળો આવતા આસામના CMની ભારે ટીકા કરતા ગોગોઈ : GSTમાં સુધારા માટે અનુરોધ

(એજન્સી) ગુવહાટી, તા.૧૧

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ આસામનો વિકાસ અટકી પડ્યો છે ત્યારે અમાપ સંપત્તિ એકઠી કરવા બદલ આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાની ભારે ટીકા કરી હતી.

કોંગ્રેસના સાંસદે જોરહાટમાં પત્રકારો સાથે વાતચીત કરતા એ હકીકત ઉજાગર કરી હતી કે માનવ વિકાસ ઈન્ડેક્સમાં સૌથી નબળો ક્રમ ધરાવતા આસામનો નંબર દેશમાં ૩૧મો છે અને તેનાથી ઊલટું આસામના મુખ્યમંત્રી દેશના ૯મા ક્રમના સૌથી સમૃદ્ધ મુખ્યમંત્રી છે એટલે આ કેવો વિરોધાભાસ છે. આસામ માનવ વિકાસમાં તળિયે બેઠું છે તો આપણા મુખ્યમંત્રી દેશના સૌથી મોટા સમૃદ્ધ સંપત્તિ ધરાવતા છે. એમની સંપત્તિ એકઠી કરવાની ઝડપ ચાલુ રહી તો એક વર્ષમાં તેઓ પહેલા પાંચની યાદીમાં આવી જશે.

ગોગોઈએ GSTના અમલીકરણની પણ ટીકા કરી હતી તેમને GSTનું કર માળખું રાક્ષસી અને ગરીબો તથા મધ્યમવર્ગ માટે બોજારૂપ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ભારે ભાવવધારો અને બેરોજગારીથી આસામના લોકો પુષ્કળ હેરાનગતિ અનુભવી રહ્યા છે. ભાજપના નેતૃત્વવાદી NDA સરકારના ગેરવહીવટના કારણે આ પડકારો ઊભા થયા છે. તેમણે કોંગ્રેસે સૂચવેલા ઉકેલને દર્શાવતા કહ્યું કે, અમારા ન્યાયપત્ર ૨૦૨૪માં વધુ સરળ GST માળખું બતાવવામાં આવ્યું છે તેનાથી લોકોને રાહત થશે. અંગત સંપત્તિ વધારવાને બદલે આર્થિક પડકારોના હલને સરકાર પ્રાથમિકતા આપે એ માટે લોકોને માગણી કરવા તેમણે હાકલ કરી હતી.

# ૮૧% ભારતીયો સંપત્તિના વધતાં તફાવત અંગે ચિંતિત છે : પ્યુ રિસર્ચ સેન્ટરનો અભ્યાસ

**૭૧% ભારતીય ઉત્તરદાતાઓ ધાર્મિક ભેદભાવને એક મહત્ત્વપૂર્ણ મુદ્દો ગણે છે જ્યારે ૬૯% લોકો જાતિ અને વંશીય ભેદભાવને મુખ્ય સમસ્યા માને છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના ભારતીયો માને છે કે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર ખૂબ જ વિશાળ છે. લગભગ ૮૧% ઉત્તરદાતાઓએ આ આર્થિક અસમાનતા વિશે ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં ૬૪% લોકોએ તેને ખૂબ મોટી સમસ્યા ગણાવી છે. પ્યુ રિસર્ચ સેન્ટરે તેનો અહેવાલ 'આર્થિક અસમાનતા વિશ્વભરમાં મુખ્ય પડકાર તરીકે જોવામાં આવે છે' એ પ્રકાશિત કર્યો છે, જે એશિયા-પેસિફિક ક્ષેત્ર, યુરોપ, લેટિન અમેરિકા, મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકા, ઉત્તર અમેરિકા અને સબ-સહારન આફ્રિકાને આવરી લેતા સર્વેક્ષણ પર આધારિત છે. ભારતમાં ૮૧% લોકોએ ભાર મૂક્યો કે દેશમાં અમીર અને ગરીબ વચ્ચેનો તફાવત એક સમસ્યા છે, ત્યારે સર્વે કરાયેલા ૩૯% લોકોએ ભાર મૂક્યો કે આર્થિક વ્યવસ્થામાં સંપૂર્ણ સુધારાની જરૂર છે અને ૩૪% લોકોએ સૂચવ્યું કે મોટા ફેરફારો જરૂરી છે. આ અસમાનતાના કારણ તરીકે વિશ્વભરમાં સર્વે કરાયેલા મોટાભાગના લોકોએ સંપત્તિ અને રાજકારણના આંતરછેદ તરફ ધ્યાન દોર્યું હતું. સર્વેક્ષણ કરાયેલા રાષ્ટ્રોમાં ૫૪% પુખ્ત વયના લોકો કહે છે કે તેમના દેશમાં અમીર અને ગરીબ વચ્ચેનો તફાવત ખૂબ મોટી સમસ્યા છે. અન્ય ૩૦% લોકો કહે છે કે તે એક મધ્યમ સમસ્યા છે. ૬૦% લોકો માને છે કે ખૂબ જ રાજકીય પ્રભાવ ધરાવતા શ્રીમંત લોકો આર્થિક અસમાનતામાં ફાળો આપે છે. આર્થિક અસમાનતાના સંદર્ભમાં ભારતીયો સંપત્તિના તફાવતને વિવિધ પરિબળોને આભારી છે, જેમાં ધનિકોનો રાજકીય પ્રભાવ (૭૯%), ઓટોમેશન (૭૩%), શિક્ષણ પ્રણાલી (૭૨%) અને વંશીય ભેદભાવ (૫૬%)નો સમાવેશ થાય છે. વધુમાં ૬૫% લોકો સંમત થયા કે જન્મ સમયે વિવિધ તકો આર્થિક અસમાનતા તરફ દોરી જાય છે. ૭૧% ભારતીયો ધાર્મિક ભેદભાવને ગંભીર મુદ્દો માને છે. યુએસમાં ૩,૬૦૦ સહિત ૩૬ દેશોમાં ૪૧,૫૦૩ લોકો પર કરવામાં આવેલા આ સર્વેમાં એ પણ જાણવા મળ્યું કે ભારતીયો ધાર્મિક અને જાતિગત ભેદભાવથી ખૂબ જ પરેશાન છે. લગભગ ૭૧% ભારતીય ઉત્તરદાતાઓએ ધાર્મિક ભેદભાવને એક મહત્ત્વપૂર્ણ મુદ્દો માન્યો જ્યારે ૬૯% લોકોએ જાતિ અને વંશીય ભેદભાવને એક સમસ્યા મને છે. આ ચિંતાઓ વૈશ્વિક સ્તરે વ્યક્ત કરવામાં આવી છે, સર્વેક્ષણ કરાયેલા દેશોમાં સરેરાશ ૨૯% પુખ્ત વયના લોકો કહે છે કે ધાર્મિક ભેદભાવ ખૂબ મોટી સમસ્યા છે.

# સુપ્રીમ કોર્ટ : ૫થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન અભ્યાસ છોડી દેનારા ઉમેદવારો JEE-એડવાન્સ્ડ માટે પાત્ર બનશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૫ નવેમ્બરથી ૧૮ નવેમ્બર,૨૦૨૪ વચ્ચે અભ્યાસક્રમો છોડી દેનારા અરજદારોને જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE)-એડવાન્સ્ડ માટે નોંધણી કરાવવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ બી.આર.ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે JEE-એડવાન્સ્ડ ઉમેદવારોને આપવામાં આવેલા પ્રયાસોને ત્રણથી ઘટાડીને બે કરવા સામેની અરજીઓની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, JEE-એડવાન્સ્ડ પરીક્ષાનું આયોજન કરવા માટે સોંપાયેલ જોઈન્ટ એડવાન્સ્ડ બોર્ડ (JAB)એ ગયા વર્ષે ૫ નવેમ્બરના રોજ એક પ્રેસ રિલીઝ જારી કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩,૨૦૨૪ અને ૨૦૨૫માં ધોરણ ૧૨ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ JEE-એડવાન્સ્ડમાં બેસવા માટે પાત્ર રહેશે. ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, બીજી એક પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી હતી જેમાં પાત્રતા ફક્ત બે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ સુધી મર્યાદિત કરવામાં આવી હતી. બેન્ચે જણાવ્યું,જો વિદ્યાર્થીઓ, ૫ નવેમ્બરના રોજ આપેલા નિવેદન પર કાર્ય કરીને, JEE પરીક્ષામાં બેસવા માટે હકદાર હોવાની સમજ સાથે તેમનો અભ્યાસક્રમ છોડી દીધો હોય, તો ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આપેલા વચનને પાછું ખેંચી લેવાથી તેમના નુકસાન થાય તેવું કાર્ય કરવાની મંજૂરી આપી શકાતી નથી. JABના નિર્ણયના ગુણદોષનું અવલોકન કર્યા વિના, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ૫ નવેમ્બરથી ૧૮ નવેમ્બર, ૨૦૨૪ની વચ્ચે અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે નોંધણી કરાવવાની પરવાનગી આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે બે અરજીઓ પર સુનાવણી કરી રહી હતી, જેમાં ૨૨ ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલી એક અરજીનો સમાવેશ થાય છે, જેમાં JEE-એડવાન્સ્ડ માટે ઉમેદવારો માટે ઉપલબ્ધ પ્રયાસોની સંખ્યા ત્રણથી ઘટાડીને બે કરવાનો પડકાર હતો. સુનાવણી દરમિયાન, અરજદારો વતી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજની પ્રેસ રિલીઝમાં આપેલા વચનને કારણે, તેઓએ પ્રતિષ્ઠિત IITમાં પ્રવેશ માટે લેવામાં આવતી પરીક્ષા આપવા માટે કોલેજો છોડી દીધી હતી.

# દિલ્હીમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓના ધસારા માટે ભાજપ જવાબદાર : રાશિદ અલ્વી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના નેતા રાશિદ અલ્વીએ ભારતમાં અને ખાસ કરીને દિલ્હીમાં થઈ રહેલા રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓના ધસારા માટે ભાજપને જવાબદાર ગણાવ્યો હતો. આમ આદમી પાર્ટીએ કેન્દ્રીય મંત્રી હરદીપસિંઘ પુરી પર કરેલા આક્ષેપોને પગલે નવો રાજકીય વિવાદ ઊભો થવા પામ્યો છે. આપના વડા અરવિંદ કેજરીવાલે ભારતમાં રોહિંગ્યાઓ માટે વસાહતોની સ્થાપના કરાવનાર કેન્દ્રીય મંત્રી હરદીપસિંઘ પુરીની ધરપકડ કરવાની માગણી કરતા ભારે વિખવાદ થયો છે. કેજરીવાલે એવો દાવો કર્યો હતો કે ક્યાં અને કઈ રીતે રોહિંગ્યાઓને વસાવવામાં આવ્યા છે તેનો પૂરેપૂરો ડેટા પુરી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પાસે મોજુદ છે.

આ વિવાદનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના નેતા રાશિદ અલ્વીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં પોલીસ ઉપર પૂરેપૂરો અંકુશ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને લેફ. ગવર્નર વીકે સક્સેના જ ધરાવે છે. મને એ બરાબર યાદ છે કે હરદીપસિંઘ પુરીએ નિવેદન કરીને એવું કહ્યું હતું કે અમે રોહિંગ્યાઓને રહેવા માટેની જગ્યા આપીશું, તો પછી આ માટે જવાબદાર કોણ એવો સવાલ અલ્વીએ કર્યો હતો. તેમણે ભાજપ દંભી હોવાનો આક્ષેપ કર્યો હતો અને બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીના સાથેના તેના સારા સંબંધો તરફ નિર્દેશ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તમે હસીનાને રાજ્યાશ્રય આપ્યો છે તો કોની સરકારમાં ગેરકાયદે બાંગ્લાદેશીઓ ભારતમાં ઘૂસી ગયા હતા? તમે એ સરકારના જ વડા હતા જે હસીનાને બિરયાની અને કોરમા ખવડાવી રહ્યા છો. આ કયા પ્રકારનો રાષ્ટ્રવાદ છે?

૨૦૨૨માં હરદીપસિંઘ પુરીએ એક્સ હેન્ડલ પર એક પોસ્ટ મૂકીને કહ્યું હતું કે ભારતે દેશમાં આવીને આશરો માગનારાને હંમેશા આવકાર આપ્યો છે અને એક ચાવીરૂપ મહત્વપૂર્ણ નિર્ણય લઈને અહીં આવનારા તમામ રોહિંગ્યા લીલા ચરિત્રોને દિલ્હીના બકરવાલા વિસ્તારમાં બનાવેલા ફ્લેટમાં રહેવાની જગ્યા આપવામાં આવશે અને એમને તમામ પાયાની સુવિધાઓ તથા ૨૪ કલાકનું પોલીસ રક્ષણ પણ પ્રદાન કરવામાં આવશે. જોકે આ નિવેદનને બાદમાં ગૃહ મંત્રાલય દ્વારા નકારી કાઢવામાં આવ્યું હતું અને જાહેર કરાયું હતું કે આવી કોઈ નીતિ નથી.

અલ્વીએ કહ્યું હતું કે આરએસએસના વડા જે કહે છે તેનાથી ઉલટું ભાજપ કરતો હોય છે. તેઓ દિલ્હીમાં નાણાંનું વિતરણ કરી રહ્યા છે અને મુસ્લિમોના મતો કાપી રહ્યા છે અને એ માત્ર દિલ્હીમાં મળતું નથી. આખા ભારતમાં એમની આ પદ્ધતિ રહી છે અને મોટાભાગે આરએસએસ ચૂપ રહ્યો છે.

# દિલ્હીમાં લીકર પોલિસી રદ કરવાને કારણે ૨૦૨૬ કરોડનું નુકસાન થયું : કેગનો રિપોર્ટ

(એજન્સી) તા.૧૧

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન કથિત લિકર કૌભાંડ એક મોટો મુદ્દો બની ગયો છે. ભારતીય નિયંત્રક અને ઓડિટર જનરલ(CAG)ના અહેવાલને ટાંકીને ભાજપે આમ આદમી પાર્ટી(AAP)ને ઘેરી છે. ભાજપનો દાવો છે કે લિકર પોલિસી કૌભાંડને કારણે દિલ્હીને ૨ હજાર કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. આ ઉપરાંત ઘણા આપના નેતાઓએ લાંચ પણ લીધી હતી. જો કે, આપે આ મુદ્દા પર વળતો પ્રહાર કર્યો છે અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે પૂછ્યું કે, 'CAG રિપોર્ટ ક્યાં છે. આ દાવાઓ ક્યાંથી આવી રહ્યા છે.' અહેવાલો અનુસાર, ભાજપે CAGનો લીક થયેલો રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં ચોંકાવનારા તથ્યો પ્રકાશમાં આવ્યા છે. લિકર કૌભાંડથી સરકારી તિજોરીને ૨,૦૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ભાજપનો આરોપ છે કે, નીતિના અમલીકરણમાં ખામી રહી છે. આપ નેતાઓને પણ લાંચ મળી છે. દારૂ કૌભાંડને કારણે થયેલા નુકસાનનો આંકડો પહેલી વાર સામે આવ્યો છે. ભાજપે દાવો છે કે એક યુનિટમાં ખોટ દેખાઈ હતી, છતાં તેનું લાઈસન્સ રિન્યુ કરવામાં આવ્યું હતું. લાઈસન્સ આપવામાં ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને સજા કરવામાં આવી ન હતી. કિંમત નિર્ધારણમાં પણ પારદર્શિતાનો અભાવ હતો. ઘણાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો પર કેબિનેટની મંજૂરી કે લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી લેવામાં આવી ન હતી. લિકર કૌભાંડ અંગે ભાજપના દાવા પર AAP નેતા સંજય સિંહે જણાવ્યું હતું કે, આ CAG રિપોર્ટ ક્યાં છે ? આ દાવાઓ ક્યાંથી આવી રહ્યા છે ? શું આ ભાજપ કાર્યાલયમાં સુપરત કરવામાં આવ્યું હતું ? ભાજપના નેતાઓએ પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું છે. એક તરફ તેઓ દાવો કરે છે કે CAG રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો નથી, તો બીજી તરફ તેઓ આવા દાવા કરે છે ? લીક થયેલા CAG રિપોર્ટ પર દિલ્હી ભાજપના પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે, 'શીશ મહેલ પર ખર્ચવામાં આવેલા પૈસા લિકર પોલિસીમાંથી આવ્યા હતા. તેમણે (AAP) વિધાનસભા સત્ર બોલાવવું જોઈએ. તેઓ તેને ગૃહના ટેબલ પર કેમ નથી મૂકી રહ્યા ?'

# ૨૦૧૭ના ગૌરી લંકેશ હત્યા કેસમાં કસ્ટડીમાં રહેલા અંતિમ આરોપીના પણ જામીન

(એજન્સી) તા.૧૧

પત્રકાર ગૌરી લંકેશની હત્યામાં સંડોવાયેલા તમામ આરોપીઓને જામીન મળી ગયા છે. કોર્ટે પહેલાથી જ ૧૬ આરોપીઓને જામીન આપી દીધા હતા. ગઈકાલે જેલમાં બંધ છેલ્લા આરોપીને પણ જામીન મળ્યા. આ હત્યામાં સંડોવાયેલા તમામ આરોપીઓ હવે જેલની બહાર છે. આ કેસમાં કુલ ૧૮ આરોપીઓ છે. બીજો આરોપી વિકાસ પાટિલ હજુ પણ ફરાર છે અને તેની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. કેસની સુનાવણી કરતા, બેંગ્લુરૂની પ્રિન્સિપલ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના જસ્ટિસ મુરલીધર પાઈ બીએ જામીન મંજૂર કર્યા. સપ્ટેમ્બર ૨૦૧૮થી તે કસ્ટડીમાં હોવાથી ટ્રાયલ ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા ઓછી છે. ફરિયાદ પક્ષે અરજીનો વિરોધ કર્યો. આ સાથે એવી દલીલ કરવામાં આવી હતી કે જેલમાં બંધ આરોપી નરેન્દ્ર દાભોલકરની હત્યામાં પહેલાથી જ આરોપી હતો. જો તેને મુક્ત કરવામાં આવે તો તે ફરીથી ગુનો કરે તેવી શક્યતા છે. તેથી, તેને જામીન ન આપવા જોઈએ. કોર્ટે કહ્યું કે આ કોર્ટે પહેલાથી જ ૧૬૪ સાક્ષીઓની તપાસ કરી છે. ફરિયાદ પક્ષ દ્વારા લગભગ આટલો જ આંકડો રજૂ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે જુલાઈમાં કર્ણાટક હાઈકોર્ટે ગૌરી લંકેશ હત્યા કેસમાં ત્રણ આરોપીઓને જામીન આપ્યા હતા. એક મહિના પછી અન્ય ચાર આરોપીઓને પણ જામીન આપવામાં આવ્યા. આ બાબતોને ટાંકીને કોર્ટે જામીન મંજૂર કર્યા છે. ૫ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બેંગ્લુરૂમાં પત્રકાર ગૌરી લંકેશની તેમના ઘરની બહાર ત્રણ બંદૂકધારીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ મામલો લાંબા સમયથી કાનૂની પ્રક્રિયાનો ભાગ રહ્યો છે. આ હત્યાકાંડ બાદ દેશભરમાં વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૩માં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગૌરી લંકેશ હત્યા કેસોની ઝડપી સુનાવણી માટે એક વિશેષ કોર્ટની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસનો મુખ્ય સૂત્રધાર અમોલ કાલે હતો. બધા આરોપીઓ ૨૦૧૦માં એકબીજાને મળ્યા હતા, ત્યારબાદ તેઓ નિયમિતપણે એકબીજાને મળતા રહ્યા. એક ભાષણનો વીડિયો જોયો અને અહીંથી ગૌરી લંકેશની હત્યાનું આયોજન શરૂ થયું. ૨૦૧૭માં બધા આરોપીઓ મળ્યા પછી તેમણે બેંગ્લુરૂમાં લંકેશને ગોળી મારી દીધી. જ્યાં અમોલ કાલે આ હત્યા પાછળનો મુખ્ય સૂત્રધાર છે. પરશુરામ વાઘમારે ગોળીબાર કરનાર હતો અને ગણેશ મિસ્કીન ડ્રાઈવર હતો. બાકીના આરોપીઓએ અન્ય કામો કર્યા, પરંતુ તેમણે ગૌરી લંકેશની રેકી કરી, ગૌરી લંકેશના નિવાસસ્થાન સુધી પહોંચવા માટે વાહનોની વ્યવસ્થા કરી.

# ભાજપના પૂર્વ ધારાસભ્યના ઘર પર ઈન્કમટેક્સના દરોડા દરમિયાન ત્રણ મગરમચ્છ મળી આવ્યા

**મધ્યપ્રદેશના ભાજપ નેતાના ઘરે મગરમચ્છને પાળવામાં આવી રહ્યા હતા**

(એજન્સી) ભોપાલ, તા.૧૧

મધ્યપ્રદેશમાં ભાજપના એક પૂર્વ ધારાસભ્ય હરવંશસિંહ રાઠોડના નિવાસસ્થાન પર દરોડા પાડ્યા ત્યારે આંચકો ખાઈ ગયા હતા કેમકે રાઠોડના બંગલાના તળાવમાં ત્રણ મગરમચ્છ તરતા જોવા મળ્યા હતા. ભાજપના નેતાએ એમના બંગલામાં આ પાલતુ મગર રાખ્યા હતા. આથી તુરત જ આવકવેરા વિભાગના ખાતાએ વન વિભાગને જાણ કરી દીધી હતી. રાઠોડ અને ભાજપના પૂર્વ કાઉન્સિલર રાજેશ કેસરવાનીએ એમના બીડીના એમના ધંધામાં રૂા. ૧૫૫ કરોડની કરચોરી કરી હોવાની શંકાથી ઈન્કમટેક્સે દરોડા પાડ્યા હતા. કેસરવાનીના ઘરમાંથી રૂા. ૩ કરોડની રોકડ અને કરોડોનું સોના-ચાંદીની ઝવેરાત અને બેનામી ઈમ્પોર્ટેડ કારનો કાફલો મળી આવ્યો હતો. પણ અધિકારીઓને આંચકો રાઠોડના ઘરે જઈને લાગ્યો હતો. જ્યાં તળાવમાંથી ત્રણ મગરમચ્છ મળી આવ્યા હતા. આ અંગે વન વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

# AAP ધારાસભ્ય ગુરપ્રીત બસ્સી ગોગીનું ગોળી વાગવાથી મોત

(એજન્સી) લુધિયાણા, તા.૧૧

લુધિયાણાના પશ્ચિમ મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુરપ્રીત ગોગીનું માથામાં ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. એવી અટકળો ચાલી રહી છે કે મૃતક ધારાસભ્યએ પોતાને ગોળી મારી છે, પરંતુ હજુ સુધી કોઈ વહીવટી અધિકારીએ સત્તાવાર રીતે પુષ્ટિ કરી નથી કે તેમનું મૃત્યુ કેવી રીતે થયું, કોઈએ તેમને ગોળી અચાનક મારી હતી કે તેમણે જાતે ગોળી મારી હતી કે પછી કોઈ બીજાએ ગોળી ચલાવી હતી, તે અંગે હાલમાં કંઈ કહી શકાય નહીં. સંયુક્ત પોલીસ કમિશનર જસકરણ સિંહ તેજાએ AAP ધારાસભ્યના મૃત્યુની પુષ્ટિ કરી અને કહ્યું કે તેમને મૃત હાલતમાં DMC હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે શબઘરમાં રાખવામાં આવ્યો છે. આ ઘટના મોડી રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસ કમિશનર કુલદીપ ચહલ અને ડેપ્યુટી કમિશનર જીતેન્દ્ર જોરવાલ ડીએમસીએચ ખાતે હાજર છે. AAP ધારાસભ્યના મૃત્યુનું કારણ જાણવા માટે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) જસકરણ સિંહ તેજાએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે ધારાસભ્યના મૃત્યુ વિશે કંઈ પણ કહેવું વહેલુ ગણાશે. તપાસ ચાલુ છે. તમને જણાવી દઈએ કે ગોગી 2022 માં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. તેમણે પંજાબ વિધાનસભા ચૂંટણી દરમિયાન લુધિયાણાથી બે વખત કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભારત ભૂષણ આશુને હરાવ્યા હતા.આમ આદમી પાર્ટીના ધારાસભ્યના નિધન બાદ તેમના સમર્થકો લુધિયાણાની ડીએમસી હોસ્પિટલની બહાર એકઠા થવા લાગ્યા છે. ઘટનાને ધ્યાનમાં રાખીને, હોસ્પિટલની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલમાં પોલીસ આ મામલે કોઈ ખુલીને માહિતી આપી રહી નથી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમનું મોત ગોળી વાગવાથી થયું હતું. જોકે, પોલીસ એ જાહેર કરી રહી નથી કે તેને કયા સંજોગોમાં ગોળી વાગી હતી.

# શરમજનક અને કમનસીબ : ઝારખંડની ખાનગી શાળાની આચાર્યએ ૮૦ વિદ્યાર્થિનીઓને શર્ટ ઉતરાવવાની ફરજ પાડી અને માત્ર બ્લેઝર પહેરવા તાકીદ કરી, તપાસનો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

ઝારખંડના ધનબાદમાં આવેલી એક ખાનગી શાળામાં અત્યંત શરમજનક અને કમનસીબ ઘટના બની હતી જ્યાં પેન ડેની ઉજવણી દરમિયાન કન્યાઓ એક બીજાના શર્ટ પર ખાસ સંદેશા લખી રહી હતી ત્યારે પ્રિન્સીપાલે ૮૦થી ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીને એમના શર્ટ ઉતારવાની ફરજ પાડી હતી. ધનબાદની એક ખાનગી શાળામાં આ બનાવ બનતા તપાસ શરૂ કરવામાં આવી છે અને ખાસ સમિતિ બનાવવામાં આવી છે. વિદ્યાર્થિનીઓએ પરીક્ષા પુરી થઈ હોવાથી સામે સામે એક બીજાના શર્ટ પર વિદાયના સંદેશા લખ્યા હતા. એટલે પ્રિન્સીપાલે તમામને શર્ટ કાઢી નાખી અને માત્ર બ્લેઝર પહેરીને ઘરે જવાની ફરજ પાડી હતી. રોષે ભરાયેલા અનેક વાલીઓએ પ્રિન્સીપાલ સામે ફરિયાદ દાખલ કરી છે.



જિલ્લા સત્તાવાળાઓએ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને તપાસ માટે ખાસ સમિતિ બનાવવામાં આવી છે. ધનબાદના ડે.કમિશનર માધવી મિશ્રાએ જણાવ્યું હતું કે, કોઈપણ શાળાની આવી વર્તણૂક જરાય ચલાવી લેવાશે નહીં અને પગલા લેવામાં આવશે. ઝરીયા વિસ્તારના ધારાસભ્ય રાગીણી સિંઘ પણ ફરિયાદ કરવા દોડી ગયો હતા અને પ્રિન્સીપાલના કૃત્યને શરમજનક અને કમનસીબ ગણાવ્યું હતું.

# 'દુવાઓમેં યાદ રખના' : લખનૌમાં પોતાની જાતે પોતે ગોળી મારી દીધા પહેલા કેન્સર પીડિત સપા નેતા મુઝીબુર રહેમાનનો વોટ્સએપ પર આખરી સંદેશો

**સમાજવાદી પાર્ટીએ એમના નેતા બબલુના મૃત્યુથી ઘેરો શોક વ્યક્ત કર્યો અને ટ્વિટ કર્યું કે, લખનૌ સમાજવાદી પાર્ટીના પૂર્વ શહેર પ્રમુખ મુઝીબુર રહેમાનના નિધનથી અત્યંત દુઃખ થયું છે, ઈશ્વર બબલુજીના આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના, એમના પરિવાર પ્રતિ અમારી ઊંડી સંવેદના**

(એજન્સી) લખનૌ, તા.૧૧

લખનૌ સમાજવાદી પાર્ટીના પૂર્વ શહેર પ્રમુખ મુઝીબુર રહેમાન બબલુએ શુક્રવારે સવારે એમના મૌલવીગંજ ખાતેના નિવાસસ્થાને પોતાની જ રિવોલ્વરથી શરીરમાં ગોળી ધરબીને આત્મહત્યા કરી લીધી હતી. તેઓ લાંબા સમયથી કેન્સરની ભયંકર બીમારીથી પીડાઈ રહ્યા હતા. મૃત્યુની થોડી સંણો પહેલા બબલુએ વોટ્સગ્રુપ પર કરૂણતા ભરેલા આખરી સંદેશામાં બબલુએ લખ્યું કે "દુવાઓમેં યાદ રખના". રિવોલ્વરનો અવાજ સાંભળીને પડોશીઓએ એમના ઘરમાં દોડી ગયા હતા અને સપા નેતાને આ ગંભીર હાલતમાં જોયા હતા. જે લોકો એમના નજીક હતા એ બધાને એમની બીમારીની જાણ હતી પણ તેઓ આવું અંતિમ પગલું લઈ લેશે એવી કોઈને ધારણા ન હતી. એમની નજીકના લોકોએ જણાવ્યું હતું કે, સપા નેતા બબલુ લાંબા સમયથી શારીરિક અને માનસિક બીમારીથી લડી રહ્યા હતા જેના કારણે તેમણે આવો કરૂણ નિર્ણય લઈ લીધો. ઘટના બનતા જ પક્ષના કાર્યકરો મોટી સંખ્યામાં એમના નિવાસસ્થાને પહોંચી ગયા હતા અને પોલીસ કાફલો પણ ધસી ગયો હતો. સમાજવાદી પાર્ટીએ ભારે દુઃખ દર્શાવી ટ્વિટ કર્યું હતું કે, લખનૌના પૂર્વ શહેર પ્રમુખ મુઝીબુર રહેમાન બબલુજીના નિધન અત્યંત દુઃખી છે. ઈશ્વર એમની આત્માને શાંતિ આપે, એમના પરિવાર પ્રતિ અમારી ઊંડી દિલસોજી છે.

# લોસ એન્જલસના જંગલોમાં ભીષણ આગમાં મૃત્યુઆંક ૧૧, હજારો લોકો વિસ્થાપિત, ઘરે પાછા આવતા પરિવારો ઘરની હાલત જોતા આઘાતમાં

(એજન્સી) તા.૧૧

લોસ એન્જલસનાં જંગલોમાં છેલ્લા કેટલાક દિવસથી ભયાનક આગ લાગી છે, જેણે ઘણા ઘરોને ઝપેટમાં લીધા છે. રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૧૧ લોકોનાં મોત થયાં છે. હજારો લોકો વિસ્થાપિત થઈ ગયા છે. લાખો લોકોએ સ્થળાંતર કરી લીધું છે. ઘરે પાછા આવેલા અમુક લોકોએ જ્યારે પોતાના ઘરની આવી હાલત જોઇ તો તેઓ આઘાતમાં સરી ગયા હતા. ફાયરફાઈટરોનું કહેવું છે કે ભારે પવનને કારણે જ્વાળાઓ ફરીથી ભડકી શકે છે, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. લોસ એન્જલસના પોશ વિસ્તારોમાં ભીષણ આગથી હજારો ઘરો બળીને ખાક થઈ ગયા છે અને હોલીવૂડ હિલ્સ સુધી ફેલાઈ ગઈ છે. અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં મંગળવારે લાગેલી આગ ૫ દિવસ પછી પણ સંપૂર્ણ રીતે કાબૂમાં આવી નથી. આમાં અત્યારસુધીમાં ૧૧ લોકોના મોત થયા છે. કેલિફોર્નિયાના સાંતા મોનિકા શહેરમાં આગ સંકટ અને લૂંટફાટના અહેવાલો વચ્ચે વહીવટીતંત્રે કર્ફ્યુ જાહેર કરી દીધો છે. ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલ મુજબ, લોસ એન્જલસમાં આગ લાગવાથી અત્યારસુધીમાં ૧૬ લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થવાનો અંદાજ છે. લોસ એન્જલસમાં લાગેલી આગને અમુક અંશે કાબૂમાં લેવામાં આવી છે, પરંતુ નિષ્ણાતોને આશંકા છે કે આ વીકએન્ડમાં ફરીથી ભારે પવન ફૂંકાઈ શકે છે. ગુરૂવારે લોસ એન્જલસ કાઉન્ટીમાં લગભગ ૧૦ કરોડ લોકોને ખોટા એક્ઝિટ એલર્ટ મોકલવામાં આવ્યા હતા. શુક્રવારે પણ આ સિલસિલો ચાલુ રહ્યો હતો. આ અંગે ઈમર્જન્સી મેનેજમેન્ટ અધિકારીઓનું કહેવું છે કે સેલફોન ટાવરમાં આગ લાગવાને કારણે આ સમસ્યા થઈ રહી છે. કેલિફોર્નિયામાં ઘણી જગ્યાએ વોટર હાઈડ્રેન્ટ્સ ખાલી થઈ ગયા છે. NYT મુજબ, રાજ્યના ગવર્નર ગેવિન ન્યૂઝોમે શુક્રવારે વોટર હાઈડ્રેન્ટમાં આટલી ઝડપથી પાણી કેવી રીતે ખતમ થઈ ગયું તેની તપાસનો આદેશ આપ્યો હતો. બ્રિટની સ્પીયર્સે પણ પોતાનું ઘર છોડવું પડ્યું સિંગર બ્રિટની સ્પીયર્સ એ ઘણી સેલિબ્રિટીઓમાંની એક હતી, જેને પોતાનું ઘર છોડવું પડ્યું. લોસ એન્જલસમાં જંગલમાં લાગેલી આગને કારણે તેને પોતાનો આલીશાન હવેલી છોડીને સુરક્ષિત સ્થળોએ જવું પડ્યું. ગુરૂવારે રાત્રે, સિંગરે ખુલાસો કર્યો કે તેણે કેલિફોર્નિયાના થાઉઝન્ડ ઓક્સમાં પોતાનું ૭૪ લાખ ડોલરનું વૈભવી ઘર છોડી દીધું છે અને આગથી દૂર એક હોટલમાં આશરો લીધો છે. સ્પીયર્સે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'મને આશા છે કે તમે બધા સારા હશો. મારે મારૂં ઘર ખાલી કરવું પડ્યું અને હું ૪ કલાક ગાડી ચલાવીને હોટેલ જઈ રહી છું.' સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે એક વ્યક્તિએ જંગલમાં આગ લગાવવાનું શરૂ કર્યું, જે ઝડપથી ફેલાઈ ગઈ. આ કેસમાં લોસ એન્જલસ પોલીસે એક શંકાસ્પદની અટકાયત કરી છે. જો કે, ફાયર ચીફ ડેવિડ એકુનાએ આ દાવાને નકારી કાઢ્યો છે કે કોઈએ આગ લગાડવાના કારણે જંગલમાં આગ લાગી હતી. અકુનાએ કહ્યું કે આ આગને કોઈએ લગાવી હોવાના કોઈ પુરાવા નથી. કેલિફોર્નિયાના લોસ એન્જલસ શહેર પર્વતોની વચ્ચે આવેલું છે. અહીં જંગલો આવેલા છે. સુકા વૃક્ષો બળી જવાને કારણે મંગળવારે આગ લાગી હતી. આગલા કેટલાક કલાકોમાં આગએ લોસ એન્જલસના મોટા વિસ્તારને ઘેરી લીધો. શહેરની હવા ઝેરી બની ગઈ છે. અહીં AQI ૩૫૦ને પાર કરી ગયો છે. જંગલોમાં આગ ફાટી નીકળ્યા પછી લગભગ ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા 'સાંતા સના' પવનોએ આગને ફેલાવી દીધી હતી. આ પવનો જે સામાન્ય રીતે પાનખરની ઋતુમાં ફૂંકાય છે તે ખૂબ જ ગરમ હોય છે. આ સધર્ન કેલિફોર્નિયાને સૌથી વધુ અસર કરે છે. અહેવાલો અનુસાર, પવનની ગતિ હજુ પણ ઘણી વધારે છે, જેના કારણે આગ સતત ફેલાઈ રહી છે.

# લેખક દિલીપ મંડલે ફાતિમા શેખની જીવનગાથાને 'કાલ્પનિક'ગણાવતા ભારે હોબાળો મચી ગયો

**મંડલના નિવેદનને પગલે તુરંત જ ધ પ્રિન્ટ સમાચાર સંસ્થાએ મંડળનો લેખ કાઢી નાખ્યો અને તપાસ શરૂ કરી**

(એજન્સી) તા.૧૧

લેખક દિલીપ મંડલે ગુરૂવારે ભારે મોટો વિવાદ ઊભો કરી દીધો. દિલીપ મંડલે ધ પ્રિન્ટ સમાચાર લેખ પર એક એવો લેખ લખ્યો હતો અને દાવો કર્યો હતો કે દેશના સર્વ પ્રથમ મુસ્લિમ શિક્ષણશાસ્ત્રી તરીકે ખ્યાતિ ધરાવતા ફાતિમા શેખ એ કાલ્પનિક અને ટભું કરેલું પાત્ર છે.

મંડલે શ્રેણીબદ્ધ ટ્વિટ કરીને એવો દાવો કર્યો કે, દેશમાં કન્યા શિક્ષણનો પ્રારંભ કરનાર પહેલા મહિલા સામાજિક સુધારક સાવિત્રીબાઈ ફુલેના સહયોગી ગણાતા ફાતિમા શેખ એ કાલ્પનિક પાત્ર છે. મંડલે આગળ લખ્યું કે, મને માફ કરજો પણ શેખએ વાસ્તવિક પાત્ર નથી કે ઐતિહાસિક વિભૂતિ નથી. મેં ખુદ એ પાત્ર ઉભું કર્યું છે એ મારૂં કામ છે. એક સમયે મે એકાએક નવું પાત્ર ઊભી કર્યું હતું એ મારી ભૂલ અને મારો ગુનો છે.

બીજી એક પોસ્ટમાં લેખક મંડલે એવો દાવો કર્યો કે, મેં આ પાત્ર ઊભું કર્યું એ પહેલાના સમયમાં કોઈ લેખ, પુસ્તક કે ગૂગલ સર્ચમાં ફાતિમા શેખનો ઉલ્લેખ મળતો ન હતો. મેં મહિલા સશક્તિકરણના પાત્ર તરીકે આ નામ ઉપજાવી કાઢ્યું હતું એટલે તેને લોકપ્રિયતા મળી ગઈ હતી. હકીકત એ છે કે, ગૂગલે ખુદ ફાતિમા શેખની જન્મજયંતી પર એમનું ડૂડલ મૂકીને એમનું સન્માન કર્યું છે. આંધ્રપ્રદેશ સરકારે તો ફાતિમા શેખની જીવનગાથા અને એમના કાર્યોનો પાઠ્યપુસ્તકોમાં સમાવેશ કર્યો છે. એમના વિશે અનેક લેખ પણ લખાયા છે અને એ યુગમાં શિક્ષણ ક્ષેત્રના એમના યોગદાનને વધાવી લેવામાં આવ્યું છે. ભારત સરકારે પણ એમના યોગદાનની પણ કદર કરી છે અને ઉર્દૂના પાઠ્યપુસ્તકોમાં એમના પ્રકરણ ઉમેરવામાં આવ્યા છે. મંડલના વિવાદાસ્પદ નિવેદન પગલે તુરત જ ધ પ્રિન્ટ સમાચાર સંસ્થાએ તેમનો ૨૦૧૯નો આર્ટિકલ કાઢી નાખ્યો છે અને આ બાબતમાં તપાસ શરૂ કરી છે. મંડલની પોસ્ટ સામે આકરી પ્રતિક્રિયાઓ આવી છે. સોશિયલ મીડિયા પર અનેક લોકોએ લખ્યું છેકે મંડળના આ કૃત્યથી ઈતિહાસ અને પત્રકારત્વનો વ્યવસાય બંનેને બદનામ કરવામાં આવ્યા છે. મંડલની વિચારધારામા અચાનક ફેરફારો થયા છે તેવો અગાઉ સામાજિક ન્યાય માટેના જોરદાર હિમાયતી રહ્યા હતા અને હિન્દુત્વની રાજનીતિના ટીકાકાર હતા પરંતુ કેન્દ્રના માહિતી અને પ્રસારણમાં મીડિયા એડવાઈઝર બનાવાયા બાદ મંડલે ટોપી ફેરવી છે

# રાજકારણમાં બધું શક્ય છે... RSSની પ્રશંસા કરતાં શરદ પવારની ટિપ્પણી પર મહારાષ્ટ્રના CM દેવેન્દ્ર ફડણવીસની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે NCP-SP (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર) પ્રમુખ શરદ પવારના તાજેતરના એ નિવેદન પર કટાક્ષ કર્યો છે, જેમાં તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની પ્રશંસા કરી હતી. ફડણવીસે કહ્યું કે, 'શરદ પવાર ચાણક્ય' છે. તેમને પણ અનુભવ થયો હશે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહાવિકાસ અઘાડી દ્વારા પ્રચાર કરવામાં આવેલ ફેક નેરેટિવ વિધાનસભા ચૂંટણીમાં કેવી રીતે પંચર થઈ ગયું. શરદ પવારના ધ્યાનમાં આવ્યું હશે આ શક્તિ (RSS) નિયમિત રાજનીતિ કરનારી નથી, તે રાષ્ટ્ર નિર્માણ કરનારી શક્તિ છે. અંતે વ્યક્તિએ પોતાના વિરોધીના પણ વખાણ કરવા પડે છે. એટલા માટે તેમણે RSSની પ્રશંસા કરી હશે. NCP (શરદચંદ્ર પવાર) અને NCP (અજિત પવારના ફરી નજીક આવવા અથવા એક થવાની સંભાવના પર દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'હું તમને જણાવી દઉં કે તમે ૨૦૧૯ પછી મારા નિવેદનો સાંભળ્યા હશે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી જે ઘટનાઓ ઘટી છે, તેનાથી મને એ તો સમજાઈ ગયું છે કે રાજ્યમાં કંઈ પણ અશક્ય નથી. કોઈએ એવું વિચારીને આગળ ન વધવું જોઈએ કે આ વસ્તુ ન થઈ શકે. કંઈ પણ થઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે ત્યાં જઈ શકે છે, અજિત પવાર અહીં આવી શકે છે. રાજકારણમાં કંઈ પણ થઈ શકે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જ્યારે આપણે છાતી ઠોકીને બોલી દઈએ કે આવું નહીં થશે, ત્યારે રાજનીતિક પરિસ્થિતિઓ તમને ક્યાં લઈ જઈને



બેસાડી દેશે તેનો કોઈ ભરોસો નથી. દેવેન્દ્ર ફડણવીસ નાગપુરમાં વરિષ્ઠ RSS નેતા વિલાસ ફડણવીસની સ્મૃતિમાં આયોજિત એવોર્ડ સમારોહમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, 'RSSએ મહારાષ્ટ્રની ચૂંટણીમાં અરાજકતાવાદી શક્તિઓ સામે લડવા માટે રાષ્ટ્રીય દળોને એકત્ર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. મહારાષ્ટ્રની ચૂંટણીમાં અમે RSS વિચાર પરિવારને વિનંતી કરી હતી કે રાષ્ટ્રીય દળોએ અરાજકતાવાદી દળો સામે એક સાથે આવવાની જરૂર છે.' આરએસએસ વિચારધારા પરિવારના વિવિધ વર્ગોના લોકોએ પોતપોતાના વિસ્તારોમાં અરાજકતા સામે લડવા માટે પોત-પોતાના ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવી છે.' દેવેન્દ્ર ફડણવીસે આગળ કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એક ખોટા નેરેટિવમાં સફળ રહી. તેનાથી તેમને વધુ પડતો આત્મવિશ્વાસ આવી ગયો કે તેઓ આ પ્રકારના ફેક નેરેટિવ ફેલાવીને સત્તામાં આવી શકે છે. અમને બધાને લોકસભાની ચૂંટણીમાં ખૂબ જ વિશ્વાસ હતો. અમને લાગ્યું કે અમે જીતી રહ્યા છીએ. તેથી અમને લાગ્યું કે વિપક્ષ દ્વારા બંધારણ બદલવા વગેરેની વાતોનો જનતા પર કોઈ પ્રભાવ પડશે નહીં. અમને લાગતું હતું કે વોટ જેહાદની કોઈ અસર નહીં થાય, પરંતુ કમનસીબે અમે તેની અસર જોઈ. તમને જણાવી દઈએ કે, પાર્ટી કાર્યકરો સાથેની મુલાકાત દરમિયાન શરદ પવારે મહારાષ્ટ્રમાં ભાજપની જીતનો શ્રેય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આપતા કહ્યું હતું કે, 'આરએસએસ કેડર સંગઠનની વિચારધારા પ્રત્યે મજબૂત નિષ્ઠા દર્શાવે છે. આપણી પાસે પણ એવો કેડર બેઝ હોવો જોઈએ જે છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા ફુલે, બીઆર આંબેડકર અને યશવંતરાવ ચવ્હાણની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હોય.' વાસ્તવમાં NCP-SPના પ્રમુખ શરદ પવાર જૂથની આજે યોજાયેલી બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં હાર સહિત અનેક મુદ્દાઓ પર મંથન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની NCP-SPની શરમજનક હાર થઈ હતી, પરંતુ હવે શરદ પવારે આરએસએસની ભરપૂર પ્રશંસા કરી છે. આ ઉપરાંત શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આરએસએસના કાર્યકર્તાઓની મહેનતથી ખુશ થયા છે. બેઠકમાં ઉપસ્થિત રહેલા શરદ પવારે મહાવિકાસ અઘાડીની હાર માટે RSSને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘે ચૂંટણીમાં જોરદાર કામ કર્યું હતું. ભાજપ અને સંઘના મેન્જમેન્ટના કારણે જ તેમની જીત થઈ છે. સંગઠનનું પ્લાનિંગ સારું હતું. તેઓએ ઘરે-ઘરે જઈને પ્રચાર કર્યો. આ જ કારણે મહાયુતિને જીત મળી અને મહાવિકાસ અઘાડીની હાર થઈ.

# બાબરનામા પુસ્તકના 'જૂઠાણા'નો આશરો લઈને હવે સંભલને બીજું અયોધ્યા બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે?

**ઉત્તર પ્રદેશ દેશના સૌથી ગરીબ રાજ્યો પૈકી એક છે અને દેશમાં ચાલી રહેલી આર્થિક મંદીને જોતાં આ સ્થિતિમાં ટૂંક સમયમાં કોઈ ફેરફાર થવાની કોઈ આશા નથી. સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી ઈતિહાસને જોવો અને તેનો પ્રચાર કરવો એ વર્તમાન દુર્દશા તરફ આંખ આડા કાન કરવાનો ભાજપનો એક માર્ગ છે**

(એજન્સી) તા.૧૧

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાવો કર્યો છે કે બાબરે હરિહર મંદિર તોડીને સંભલની જામા મસ્જિદ બનાવી હતી. તેમણે દાવો કર્યો કે આનો ઉલ્લેખ 'બાબરનામા'માં છે. આ પુસ્તક મુઘલ શાસનનો પાયો નાખનાર આ સમ્રાટની આત્મકથા છે. એક સમય હતો જ્યારે સત્તામાં રહેલા લોકોના દાવાઓની તપાસ કરવામાં આવતી હતી. પણ ઓછામાં ઓછું કહેવાતા મુખ્ય પ્રવાહના મીડિયા હવે આવી 'ભૂલ' નથી કરતા. તેમણે યોગી આદિત્યનાથના ઈતિહાસના જ્ઞાનને 'બ્રહ્મવાક્ય' તરીકે રજૂ કર્યું છે. અયોધ્યાની બાબરી મસ્જિદ અંગે પણ કંઈક આવું જ કરવામાં આવ્યું હતું. ૧૮૫૭માં, હિન્દુ-મુસ્લિમ એકતા પર આધારિત ક્રાંતિના મોજાઓએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનને ઉથલાવી દીધું. ભારત સીધા બ્રિટિશ મહારાણી રાણી વિક્ટોરિયાના શાસન હેઠળ આવ્યું. અંગ્રેજો સમજી ગયા હતા કે તેઓ ફક્ત હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાગલા પાડીને જ શાસન કરી શકે છે. અયોધ્યામાં રામ મંદિરની વાર્તા આ પછી જ શરૂ થઈ હતી. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન આ વિવાદ સ્થાનિક રહ્યો, પરંતુ સ્વતંત્રતા પછી તેનો ઉપયોગ અખિલ ભારતીય સ્તરે ધર્મનિરપેક્ષ અને લોકશાહી ભારતના પાયાને હચમચાવી નાખવા માટે કરવામાં આવ્યો. જેમણે આ કર્યું તેમણે લખનૌથી દિલ્હી સુધી સત્તા કબજે કરી ત્યારે પણ એવો દાવો કરવામાં આવ્યો હતો કે બાબરનામામાં તેનો ઉલ્લેખ છે. આ 'બનાવટી' પ્રચારની અસર એટલી મજબૂત છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય પણ થોડા વર્ષોમાં ભૂલી જવામાં આવ્યો છે. આજે મોટાભાગના લોકો માને છે કે બાબરે અયોધ્યામાં રામ મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. જ્યારે સુપ્રીમ કોર્ટના નિર્ણયમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે આના કોઈ પુરાવા નથી. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે ૧૯૪૯માં મસ્જિદમાં બળજબરીથી મૂર્તિઓ મૂકવાનો ગુનો આચરવામાં આવ્યો હતો અને બાબરી મસ્જિદ શહીદી કરવી પણ એક ગુનાહિત કૃત્ય હતું. આ બધા છતાં, સુપ્રીમ કોર્ટે 'એક જ' જગ્યાએ મંદિર અને બીજી જગ્યાએ મસ્જિદ બનાવવાનો 'પંચાયતનો નિર્ણય' લીધો અને રામ મંદિર બનાવવામાં આવ્યું. ભાજપને આશા હતી કે રામ મંદિરના નિર્માણના બદલામાં તેને મતો મળશે, તેથી શંકરાચાર્યોના વિરોધ છતાં, ચૂંટણીના થોડા મહિના પહેલા રામ મંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહનું આયોજન કરવામાં આવ્યું. પરંતુ આશ્ચર્ય ત્યારે થયું જ્યારે લોકસભા ચૂંટણીમાં ભાજપ અયોધ્યા બેઠક હારી ગઈ અને યુપીમાં ઓલ ઈન્ડિયા



એલાયન્સે તેને પાછળ છોડી દીધી. આ આઘાતમાંથી બહાર આવવા માટે, બીજી અયોધ્યાની શોધ હતી જે સંભલમાં પૂર્ણ થઈ છે. સંભલ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છે જે ખેડૂતોના આંદોલનથી પ્રભાવિત થયું છે. ખેડૂતોની વર્ગ એકતાને તોડવા માટે ભાજપની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ સાંપ્રદાયિક પ્રચાર રહ્યો છે. સંભલની જામા મસ્જિદનો સર્વે અને ત્યારબાદ તેના પર ફાટી નીકળેલી હિંસા અને તણાવ આ બધાના પરિણામો છે. પૂજા સ્થળો અધિનિયમ, ૧૯૯૧, જે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ તમામ પૂજા સ્થળોને જેમ હતા તેમ જાળવવા માટે કાયદેસર રીતે બંધનકર્તા બનાવે છે, તેને સ્પષ્ટપણે લક્ષ્ય બનાવવામાં આવે છે. પહેલા અયોધ્યા અંગે બાબરનામામાં માહિતી મળી આવી હતી અને હવે સંભલનું પણ એવું જ બતાવવામાં આવી રહ્યું છે. એવું લાગે છે કે બાબરની આત્મકથા ભાજપની જરૂરિયાત મુજબ વાંચવામાં આવી રહી છે. નહિંતર, જ્યારે અયોધ્યાની શોધ થઈ, ત્યારે સંભલની ઘટના પણ તે જ સમયે વાંચી શકાઈ હોત. સત્ય એ છે કે બાબરનામામાં અયોધ્યામાં રામ મંદિર તોડી પાડવાનો કે સંભલમાં હરિહર મંદિર તોડી પાડવાનો અને મસ્જિદ બનાવવાનો કોઈ ઉલ્લેખ નથી. આ 'હકીકત' હિન્દુત્વવાદીઓને બાબરનામાના અંગ્રેજી અનુવાદક દ્વારા ફૂટનોટ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. વીસમી સદીની શરૂઆતમાં બ્રિટિશ અનુવાદક એનેટ બેવરેજએ બાબરનામાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. આમાં તેમણે ફૂટનોટમાં ટિપ્પણી કરી હતી કે બાબરના સેનાપતિ હિન્દુ બેગે સંભલમાં એક મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. ફૂટનોટનો અર્થ એ છે કે બાબરે આવું કંઈ લખ્યું નથી, પરંતુ અનુવાદકે વાચકોના જ્ઞાનમાં વધારો કરવા માટે આ માહિતી આપી છે જેનો કોઈ સ્ત્રોત ન હતો. બીબીસીના તાજેતરના અહેવાલમાં, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર અને પ્રખ્યાત ઈતિહાસકાર હરબંશ મુખિયાએ આ છેતરપિંડી વિશે વાત કરી છે. તેમણે કહ્યું કે 'બેવરેજને ફૂટનોટ્સ ઉમેરવાની આદત હતી. તેમણે અયોધ્યા અંગે પણ આવું જ કર્યું. બાબરનામામાં મંદિર તોડી પાડવાનો કોઈ ઉલ્લેખ નથી. પાણીપતના યુદ્ધ પછી બાબર ફક્ત ચાર વર્ષ જીવ્યો હતો. ૧૫૨૬માં તેણે દિલ્હીના સુલતાન ઈબ્રાહિમ લોદીને હરાવ્યો. બાબરનું રાણા સાંગા સાથે યુદ્ધ બીજા વર્ષે એટલે કે ૧૯૨૭માં થયું. બાબર પોતાની આત્મકથામાં લખે છે કે રાણા સાંગાનો સંદેશવાહક તેને કાબુલમાં મળ્યો અને સંદેશ આપ્યો કે જ્યારે તે દિલ્હી પર હુમલો કરશે, ત્યારે રાણા આગ્રા પર હુમલો કરશે. પણ એવું કંઈ બન્યું નહીં. બાબર આનાથી ગુસ્સે થયો હતો. હિન્દુત્વવાદીઓની નજરમાં, ભારતમાં દરેક મુસ્લિમ બાબરનો વંશજ છે, જ્યારે બાબરે જેનો નાશ કર્યો તે પ્રથમ વ્યક્તિ ઈબ્રાહિમ લોદી અને તેની સલ્તનત હતી, જે પણ મુસ્લિમ હતી. લોદી સેનાના હજારો મુસ્લિમ સૈનિકોએ બાબર સામે લડતા પોતાના જીવ ગુમાવ્યા. મુસ્લિમ સેનાપતિ હસન ખાન મેવાતીએ રાણા સાંગાને ટેકો આપતા બાબર સામે લડ્યા હતા. સત્તા માટેના સંઘર્ષમાં, હિન્દુઓ અને મુસ્લિમો નહીં, પણ સ્વાર્થ હતો. પ્રાચીન અને મધ્યયુગીન ઈતિહાસમાં, ઘણા રાજાઓ, સુલતાનો અને સમ્રાટો થયા છે જેમણે પોતાના દુશ્મનોના 'પૂજા સ્થાનો'નો નાશ કર્યો હતો. દિલ્હીમાં સલ્તનતની સ્થાપના પહેલા પણ આ પરંપરા હતી. જૈન અને બૌદ્ધ મંદિરો તોડી પાડનારા મુસ્લિમ શાસકો ન હતા. કલ્હાણની રાજતરંગિનીમાં કાશ્મીરના શાસક હર્ષદેવનો ઉલ્લેખ છે, જેમણે મૂર્તિઓનો નાશ કરવા માટે ખાસ એક અધિકારીની નિમણૂક કરી હતી. રાહુલ સાંકૃત્યાયન બૌદ્ધ મઠના બદ્રીનાથમાં રૂપાંતરનું વિગતવાર વર્ણન કરે છે. મુસ્લિમ શાસકોએ પણ આ જ પરંપરાનું પાલન કર્યું. તેઓએ કેટલીક જગ્યાએ મંદિરોનો પણ નાશ કર્યો, ખાસ કરીને જો કોઈ બળવા સાથે સંકળાયેલું હોય. જો કે, ઔરંગઝેબ જેવા શાસકોના આદેશો કટ્ટરપંથી હતા, અને ચિત્રકૂટથી ઉજ્જૈન અને આસામ સુધીના મંદિરોમાં તેઓએ દાન પણ આપ્યું છે. ઔરંગઝેબે ગોલકોંડાની જામા મસ્જિદ પણ તોડી પાડી હતી કારણ કે તેમને માહિતી મળી હતી કે સ્થાનિક શાસકે તેની નીચે ખજાનો છુપાવ્યો છે. પ્રાચીન અને મધ્યયુગીન સમયમાં રાજા એ 'ભગવાનનો પડછાયો' હતો. તેમની ઈચ્છા જ કાયદો હતો. તે સમયે ન તો લોકશાહી હતી, ન તો બંધારણ, ન તો ધર્મનિરપેક્ષતાનો ખ્યાલ હતો. તેથી, આધુનિક રાજ્યના સિદ્ધાંતોના પાયા પર તે શાસકોનું મૂલ્યાંકન કરવું અર્થહીન છે. દુઃખદ વાત એ છે કે પોતાના રાજકીય હિતો માટે, RSS અને BJP એકવીસમી સદીના હિન્દુઓને સોળમી સદીના યુદ્ધમાં ધકેલી દેવા માંગે છે.

**-પંકજ શ્રીવાસ્તવ** **(સૌ.: સત્યહિન્દી.કોમ)**

# નાની ઉંમરે માતા ગુમાવનાર ASIની પુત્રીએ અખિલ ભારતીય ક્રમાંક ૨૬ સાથે UPSC CSE પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

UPSC સિવિલ સર્વિસ પરીક્ષા (CSE) પાસ કરવી એ સરળ કાર્ય નથી. દર વર્ષે, પરીક્ષા ખંડો વિદ્યાર્થીઓની વહીવટી ક્ષેત્રમાં જોડાવાની આકાંક્ષાઓ અને સ્વપ્નોથી છલકાઈ જાય છે. આ લેખમાં, આપણે રૂપલ રાણાની સફર વિશે જાણીશું, જેણે ૨૦૨૪માં UPSC પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૨૬ મેળવ્યો હતો, જે મુશ્કેલીઓનો સામનો કરીને સફળ થઈ હતી. તેની માતાને ગુમાવ્યા પછી, રૂપલ માટે આ સફર ક્યારેય સરળ નહોતી. આમ છતાં, તેણીએ તેના સ્વપ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેના પિતા અને ભાઈ-બહેનોના સમર્થનથી સફળતાપૂર્વક તેનો ધ્યેય પ્રાપ્ત કર્યો. ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાની વતની, રૂપલ રાણાએ તેનું પ્રાથમિક શિક્ષણ ત્યાંની JP પબ્લિક સ્કૂલમાંથી મેળવ્યું. દસમા



ધોરણમાં સંપૂર્ણ ૧૦ CGPA મેળવ્યા પછી, તેણીએ બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (BITS) પિલાનીમાંથી ઉચ્ચ શિક્ષણ પસંદ કર્યું. બાદમાં, રૂપલએ દિલ્હી યુનિવર્સિટીની દેશબંધુ કોલેજમાંથી સ્નાતક પૂર્ણ કર્યું. રૂપલના પિતા, જસવીર રાણા, દિલ્હી પોલીસમાં આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) તરીકે ફરજ બજાવે છે. નોંધનીય છે કે, UPSC પાસ કરવાની તેની ઈચ્છા તેના પિતાના સેવા પ્રત્યેના સમર્પણથી ઉદ્ભવી છે. india.comના અહેવાલ મુજબ, રૂપલ રાણાએ ખૂબ જ નાની ઉંમરે તેની માતા ગુમાવી હતી. આ દુર્ઘટનાથી તેણી ચકનાચૂર થઈ ગઈ હતી, છતાં તેણીએ તેનું લક્ષ્ય ક્યારેય છોડ્યું નહીં. તેના પરિવારના સતત સમર્થનથી, તેણીએ પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. રૂપલે તેની UPSC તૈયારીઓ શરૂ કરી હતી અને બે અસફળ પ્રયાસો કર્યા હતા. પડ્યા. આખરે ૨૦૨૪માં તેણીની મહેનત ફળીભૂત થઈ. રૂપલની વાર્તા સમર્પણ અને સખત મહેનતની શક્તિનું ઉદાહરણ આપે છે.

# દિલ્હી રમખાણોના કેસમાં ઉમર ખાલિદ, શર્જિલ ઈમામ અને ખાલિદ સૈફીની જામીન અરજીઓ : હાઈકોર્ટે પોલીસને પૂછ્યું કે શું વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવું એ UAPA આરોપો માટે પૂરતું કારણ છે?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

૨૦૨૦ના દિલ્હી રમખાણોમાં મોટા કાવતરાના કેસમાં ત્રણ દિવસની સતત સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે દિલ્હી પોલીસને કડક પ્રશ્નો પૂછ્યા હતા, જેઓ જાણીતા કાર્યકર્તાઓ ઉમર ખાલિદ, શર્જિલ ઈમામ અને ખાલિદ સૈફીની જામીન અરજીઓનો વિરોધ કરી રહ્યા હતા.

જસ્ટિસ નવીન ચાવલા અને જસ્ટિસ શાલિન્દર કૌરની ડિવિઝન બેન્ચે પ્રશ્ન કર્યો કે શું નાગરિકતા (સુધારા) કાયદા (CAA) સામે માત્ર વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવાથી આરોપીઓ સામે કડક UAPA આરોપો લાગુ કરવા માટે પૂરતું છે? આરોપો ઘડ્યા વિના પાંચ વર્ષ વીતી ગયા છે, અને આરોપીએ મુખ્યત્વે ટ્રાયલ વિલંબના આધારે જામીન માંગ્યા છે. આ મામલાને ૨૧ જાન્યુઆરી સુધી મુલતવી રાખતા બેન્ચે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (SPP)ને આરોપો સ્થાપિત કરતા આરોપીઓ સામેની તેમની દલીલો પર ટૂંકી નોંધ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો, અને ફરિયાદીને કડક સૂચના આપી કે કોર્ટ જામીન અરજીઓ પર સુનાવણી કરી રહી છે, અંતિમ ટ્રાયલ પર નહીં. બેન્ચે SPP અમિત પ્રસાદને પૂછ્યું કે શું ફક્ત વિરોધ સ્થળ ઊભું કરવું કે હિંસા તરફ દોરી જવાનું સ્થળ UAPA લાગુ કરવા માટે પૂરતું છે? બેન્ચે ટિપ્પણી કરી કે લોકો CAA/NRC સામે વિરોધ કરી રહ્યા હતા અને કદાચ તેઓ માનતા હશે કે ''ચક્કાજામ'' (રસ્તા રોકો) પણ વિરોધનું એક માન્ય સ્વરૂપ છે. SPP અમિત પ્રસાદે કોર્ટમાં વિવિધ વોટ્સએપ ચેટ્સ રજૂ કર્યા, જેમાં આરોપીઓ દ્વારા રમખાણોનું કાવતરું અને આયોજન સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રસાદે રજૂઆત કરી કે જાહેર મેળાવડા અને વિરોધ પ્રદર્શનોના વીડિયો સહિત ૨,૦૦૦થી વધુ વોટ્સએપ સંદેશાઓ છે, જે આરોપીઓ વિરોધ પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા હોવાનો દાવો કરે છે, ત્યારે બેન્ચે જવાબ આપ્યો કે, આપણે બધા જાણીએ છીએ કે આવું થયું હતું, પરંતુ તે તમે જે વોટ્સએપ ચેટ્સનો ઉલ્લેખ કરી રહ્યા છો તેની સાથે કેવી રીતે જોડાયેલું છે? કોર્ટે પોલીસને વોટ્સએપ ચેટ્સના આધારે કાવતરાના કેસમાં વોટ્સએપ ગ્રુપના સભ્યોને પસંદગીપૂર્વક આરોપી તરીકે નામ આપવા બદલ પણ પ્રશ્ન કર્યો હતો. પ્રસાદે આરોપી તરીકે નામ ન આપેલા બે વ્યક્તિઓ વચ્ચેની ચેટ્સનો ઉલ્લેખ કર્યો, ત્યારે બેન્ચે પૂછ્યું કે, તમે આ બેને કેવી રીતે છોડી શકો છો અને હજુ પણ તેમના સંદેશાઓ પર આધાર રાખો છો, જ્યારે તમારા મતે, આ કાવતરાને ખરેખર તેમના સંદેશાઓ દ્વારા પુરાવા મળે છે? ફરિયાદીની એવી દલીલનો ઉલ્લેખ કરતા કે મુખ્ય કાવતરું JACT જેવા વોટ્સએપ ગ્રુપ્સમાં આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં ચક્કાજામ જેવી ક્રિયાઓ માટે ઉશ્કેરણી કરવામાં આવી હતી, જેમાં હિંસા તરફ દોરી જતી ક્રિયાઓ માટે ઉશ્કેરણી કરવામાં આવી હતી, તે અંગે બેન્ચે SPP અમિત પ્રસાદને પૂછ્યું કે, હા, જો તેઓ સામેલ હોય, તો તમે કહી શકો છો કે UAPAનો આરોપ મૂકી શકાય છે. પરંતુ જ્યારે તમે JACT (WhatsApp ગ્રુપ) જેવી કોઈ બાબત તરફ ધ્યાન દોરો છો અને તમારી પોતાની દલીલ છે કે તેઓ વિરોધ સ્થળોનું આયોજન કરી રહ્યા હતા. બેન્ચે ફરિયાદીને સ્પષ્ટતા પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું, અને પૂછ્યું કે આરોપીઓ ફક્ત વિરોધ પ્રદર્શનનું આયોજન કરવાને બદલે હિંસા ભડકાવી રહ્યા હતા તે દર્શાવવા માટે કયા પુરાવા છે. આ ષડયંત્ર પર, SPP પ્રસાદે દલીલ કરી કે શાહીન બાગ વિરોધ એક સુનિયોજિત ઘટના હતી, અને તેમણે દાવો કર્યો કે સ્થાનિક લોકોએ પણ તેને સમર્થન આપ્યું ન હતું.

SPP પ્રસાદે ઉમર ખાલિદ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, અને દાવો કર્યો કે તેની રમખાણો દરમિયાન દિલ્હીની બહાર રહેવાની સંગઠિત યોજના હતી જેથી તે તેમાં ફસાઈ ન શકાય. પ્રસાદે દલીલ કરી કે ખાલિદ બિહારમાં ભાષણ આપી રહ્યો હતો. તેમણે કાવતરાના પોતાના દાવાઓને સમર્થન આપવા માટે સાક્ષીઓના નિવેદનો અને વોટ્સએપ ચેટ્સનો ઉલ્લેખ કર્યો, અને આરોપ લગાવ્યો કે ખાલિદે વિરોધ સ્થળોએ હિંસક પ્રવૃત્તિઓ માટે લોકોને પરિવહન કરવાનું આયોજન કર્યું હતું. જામિયાના વિદ્યાર્થીઓ વિરોધ સ્થળોનું નિરીક્ષણ કરતા હતા અને JACT અને JCC જેવા



વોટ્સએપ જૂથો ખાલિદની સૂચનાઓ હેઠળ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આરોપીઓના ભાષણો, જામિયાના વિદ્યાર્થીઓ (SOJ) દ્વારા શેર કરાયેલા વિવિધ પત્રિકાઓ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સનો ઉલ્લેખ કરતા, સરકારી વકીલે દાવો કર્યો કે તેઓએ NRC-CAA, ટ્રિપલ તલાક, બાબરી મસ્જિદ અને કાશ્મીર જેવા મુદ્દાઓ અંગે શ્રોતાઓમાં ડરની ભાવના ઉભી કરી. CAA NRC મુસ્લિમો સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે. ટ્રિપલ તલાકમાં મુસ્લિમો સામેલ હોઈ શકે છે, બાબરી મસ્જિદમાં મુસ્લિમો સામેલ હોઈ શકે છે, પરંતુ તમે કેવી રીતે કહી શકો કે કાશ્મીર મુસ્લિમ મુદ્દો છે? તે ભારતનો અભિન્ન ભાગ છે. બેન્ચે પ્રસાદને યાદ અપાવ્યું કે આ કોઈ ટ્રાયલ નથી, અને કોર્ટે આરોપી સામે તેમની પાસે રહેલા પુરાવાઓની સંક્ષિપ્ત ઝાંખી માંગી હતી અને કહ્યું કે, અમે ફક્ત તમારી પાસે રહેલા પુરાવાઓ પર નજર રાખવા માંગતા હતા, એવું નહીં કે તમે દરેક વસ્તુ પર આ રીતે ટિપ્પણી કરી રહ્યા છો. ગુરુવારે, બેન્ચે આ મામલાને ૨૧ જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યો, અને દિલ્હી પોલીસને તેમની દલીલો પર ટૂંકી નોંધ તૈયાર કરવા સૂચના આપી છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ દ્વારા ૨૦૨૦માં નોંધાયેલી એફઆઈઆર નંબર ૫૯માં, ૨૦૨૦ના રમખાણોમાં ''મોટા કાવતરા''ની યોજના બનાવવાના આરોપસર ૧૮ આરોપીઓ પર ભારતીય દંડ સંહિતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ હેઠળ આરોપો લગાવવામાં આવ્યા હતા. આ મોટા કાવતરાના કેસમાં, આરોપીઓમાં તાહિર હુસૈન, ઉમર ખાલિદ, ખાલિદ સૈફી, ઈશરત જહાં, મીરાં હૈદર, ગુલ્ફીશા ફાતિમા, શિફા-ઉર-રહેમાન, આસિફ ઈકબાલ તન્હા, શાદાબ અહેમદ, તસ્લીમ અહેમદ, સલીમ મલિક, મોહમ્મદ સલીમ ખાન, અતહર ખાન, સફૂરા ઝરગર, શર્જિલ ઈમામ, ફૈઝાન ખાન અને નતાશા નરવાલ જેવા અગ્રણી કાર્યકરો અને વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જ્યારે કેટલાકને જામીન મળી ગયા છે, મોટાભાગના લોકો લગભગ ૫ વર્ષથી જેલમાં છે, મુખ્ય ટ્રાયલ હજુ શરૂ થવાની બાકી છે. માનવાધિકાર કાર્યકરો અને નાગરિક સમાજ જૂથોએ આ કેસમાં વિલંબ અને JNUના વિદ્વાન ઉમર ખાલિદની જામીન અરજીને વારંવાર નકારી કાઢવાની ઘણી વખત ટીકા કરી છે, અને નોંધ્યું છે કે આરોપો ઘડ્યા વિના લગભગ પાંચ વર્ષ વીતી ગયા છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ધરપકડ કરાયેલ ખાલિદને તાજેતરમાં એક સંબંધીના લગ્નમાં હાજરી આપવા માટે એક અઠવાડિયા માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. વચગાળાના જામીનનો સમયગાળો પૂરો થયા પછી તે ગયા અઠવાડિયે જેલમાં પાછો ફર્યો હતો. માર્ચ ૨૦૨૨માં ટ્રાયલ કોર્ટે તેની પ્રારંભિક જામીન અરજી નામંજૂર કરી હતી, અને ઓક્ટોબર ૨૦૨૨માં દિલ્હી હાઈકોર્ટે આ નિર્ણયને સમર્થન આપ્યું હતું. એપ્રિલ ૨૦૨૩માં દાખલ કરાયેલ ખાલિદની સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (SLP) ફેબ્રુઆરી ૨૦૨૪માં પાછી ખેંચી લેવામાં આવી હતી. ત્યારબાદ તેણે ટ્રાયલ કોર્ટમાં બીજી નિયમિત જામીન અરજી દાખલ કરી હતી, જે ગયા વર્ષે ફગાવી દેવામાં આવી હતી, અને હવે તે દિલ્હી હાઈકોર્ટ સમક્ષ તેને પડકારી રહી છે. ડિવિઝનલ બેન્ચ હાલમાં તેની બીજી જામીન અરજી પર સુનાવણી કરી રહી છે.

# ઉદ્ધવ સેનાએ મુંબઈમાં સ્થાનિક એકમોની ચૂંટણી એકલા હાથે લડવાનું જાહેર કરતાં ઈન્ડિયા ગઠબંધનમાં મતભેદો ઘેરાયા

(એજન્સી) તા.૧૧

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે શનિવારે કહ્યું કે અમારો પક્ષ મહારાષ્ટ્રમાં સ્થાનિક એકમો એટલે કે BMCની આગામી ચૂંટણીઓ એકલા હાથે લડશે. પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેએ પણ પાર્ટીને સંકેત આપ્યો હતો કે આ વખતે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના એકલા હાથે ચૂંટણી લડે. પત્રકારો સાથે વાત કરતા શિવસેના (UBT) રાજ્યસભા સાંસદ રાઉતે કહ્યું કે 'I.N.D.I.A. બ્લોક' અને 'મહાવિકાસ આઘાડી' ગઠબંધન લોકસભા અને વિધાનસભા ચૂંટણી પૂરતું જ છે. ગઠબંધનમાં વ્યક્તિગત પક્ષોના કાર્યકરોને તક મળતી નથી અને આ રાજકીય પક્ષોના સંગઠનાત્મક વિકાસમાં અવરોધ થાય છે. અમે મુંબઈ, થાણે, નાગપુર અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા પરિષદો અને પંચાયતોમાં અમારી તાકાતના આધારે ચૂંટણી લડીશું. આ ચૂંટણીઓમાં અમે અમારા કાર્યકરોને તક આપીશું. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં MVAની કારમી હાર બદલ આરોપ-પ્રત્યારોપમાં સંપડાયેલા કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવાર પર કટાક્ષ કરતા સંજય રાઉતે કહ્યું, જે લોકો સર્વસંમતિ અને



સમાધાનમાં માનતા નથી તેમને ગઠબંધનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી પછી I.N.D.I.A. બ્લોકની એક પણ બેઠક યોજાઈ નથી. સંજય રાઉતે કહ્યું, 'અમે I.N.D.I.A. બ્લોક માટે કોઓર્ડિનેટર પણ નિયુક્ત કરી શક્યા નથી. આ સારૂં ન કહેવાય. ગઠબંધનમાં સૌથી મોટા પક્ષ તરીકે બેઠક બોલાવવાની જવાબદારી કોંગ્રેસની હતી.

# IAS અધિકારી બનવાના ત્રીજા પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરનાર મહિલાની પ્રેરણા IAS અધિકારી રોશન જેકોબ હતા, જેઓ એક સમયે ગોંડાના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપી ચૂક્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

માત્ર ૨૬ વર્ષની ઉંમરે, ઉત્તરપ્રદેશના ગોંડાની વૈષ્ણવી પોલે અત્યંત સ્પર્ધાત્મક યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE) ૨૦૨૨માં ૬૨મો ક્રમ મેળવ્યો. તેની સિદ્ધિએ તેના પરિવાર અને સમુદાયને અપાર ગૌરવ અપાવ્યું છે, જે દ્રઢતા અને ખંતનું પ્રતીક છે. IAS અથવા IPS અધિકારી બનવાનું સ્વપ્ન ઘણાં લોકો ઉમેદવારો માટે પ્રિય છે પરંતુ UPSC પ્રક્રિયાની કઠિનતાને કારણે બહુ ઓછાં લોકો તેને સફળતા પૂર્વક પાસ કરી શકે છે, જેમાં પ્રારંભિક પરીક્ષાઓ, મુખ્ય પરીક્ષાઓ અને અંતિમ ઈન્ટરવ્યૂનો સમાવેશ થાય છે. વૈષ્ણવીની સફળતા તેના ચોથા પ્રયાસમાં મળી, જે તેની સ્થિતિસ્થાપકતા અને નિશ્ચયનો પુરાવો છે. એક પરિવારમાંથી આવતી વૈષ્ણવીનો માર્ગ સરળ હતો. તેણીની સફરમાં અવિરત ધ્યાન અને આત્મવિશ્વાસની જરૂર હતી, જે એક સિવિલ સેવક તરીકે અર્થપૂર્ણ અસર કરવાની તેણીની મહત્વાકાંક્ષાથી પ્રેરિત હતી. સિવિલ સર્વિસીસ પ્રત્યે તેણીનો આકર્ષણ તેના બાળપણમાં શરૂ થયો હતો. તેના પિતાને સમાચારોમાં ડૂબેલા અને



અખબારો વાંચતા જોઈને તેણીને વહીવટી ભૂમિકાઓ વિશે જિજ્ઞાસા જાગી. જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓના કાર્યથી પ્રેરિત થઈને, તેણીએ સિવિલ સર્વિસને સમાજમાં યોગદાન આપવાના માર્ગ તરીકે જોઈ. તેણીની યાત્રા પર એક મહત્વપૂર્ણ પ્રભાવ IAS અધિકારી રોશન જેકબનો હતો, જેમણે એક સમયે ગોંડાના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપી હતી. વૈષ્ણવીની શૈક્ષણિક યાત્રા ગોંડાની ફાતિમા સ્કૂલથી શરૂ થઈ હતી. ત્યારબાદ તેણી દિલ્હી ગઈ, ત્યાં લેડી શ્રી રામ કોલેજમાંથી અર્થશાસ્ત્રની ડિગ્રી મેળવી અને બાદમાં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાંથી તેણીએ માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી. તેણીના UPSC ઈન્ટરવ્યુમાંથી એક યાદગાર ક્ષણ જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે મુખ્ય અધિકારીઓ વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને સંચાલિત કરવા વિશેનો પ્રશ્ન હતો. તેણીએ તેના આત્મવિશ્વાસ અને વિચારશીલ પ્રતિભાવથી પેનલને પ્રભાવિત કરી, વિશ્વાસ અને સહકાર પુનઃનિર્માણ કરવા માટે સહયોગી અભિગમના મહત્વ પર ભાર મૂક્યો. વૈષ્ણવીનો સફળતાનો માર્ગ દ્રઢતા અને નિષ્ફળતાઓમાંથી શીખવા દ્વારા ચિહ્નિત થયેલ હતો. તેણીએ તેના પ્રથમ પ્રયાસમાં પ્રિલિમ્સ પાસ કરી પરંતુ મુખ્ય પરીક્ષાઓમાંથી આગળ વધી શકી નહીં. તેણીના ત્રીજા પ્રયાસમાં તેણીએ પ્રિલિમ્સ અને મુખ્ય પરીક્ષાઓ બંને પાસ કરી પરંતુ ઈન્ટરવ્યુમાં તે નિષ્ફળ ગઈ. નિરાશ થવાને બદલે, તેણીએ પોતાની વ્યૂહરચનાનું પુનર્મૂલ્યાંકન કરવા માટે સમય કાઢ્યો, અને ચોથા પ્રયાસમાં શ્રેષ્ઠતા મેળવવા માટે નવા જોશ સાથે પાછી ફરી. વૈષ્ણવીની વાર્તા એક શક્તિશાળી યાદ અપાવે છે કે દ્રઢતા અને સ્પષ્ટ દૃષ્ટિ સપનાને વાસ્તવિકતામાં ફેરવી શકે છે.

### કેટલાક લોકો પ્રાંતવાદ અને જાતિવાદ ફેલાવવાની વાત કરે છે : મંત્રીના પ્રહારો

# અલગ ભીલ પ્રદેશની માંગણી કરતા 'આપ' MLA ચૈતર વસાવાને મંત્રીએ ગણાવ્યા છેતર વસાવા !

## PMને કહી અલગ પ્રદેશ તો કાલે બનાવી દઈએ પણ એને ચલાવીશું કઈ રીતે : શિક્ષણમંત્રી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૧

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની અલગ ભીલ પ્રદેશની માગણી વચ્ચે રાજયના શિક્ષણમંત્રીએ એક કાર્યક્રમમાં નિવેદન આપતાં કહ્યું હતું કે ચૈતર વસાવા તો છેતર વસાવા છે, કોઈ ભરમાશો નહીં. PM મોદીને કહીને અલગ ભીલ પ્રદેશ તો કાલે બનાવી દઈએ, પણ એને ચલાવીશું કઈ રીતે, રેવન્યુ ક્યાંથી લાવીશું? પ્રાંતવાદમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાનની હાલત જુઓ. ગત રાત્રે રાજપીપળાની સ્કૂલના વાર્ષિક સંમેલનમાં રાજયના શિક્ષણમંત્રી કુબેર ડિંડોર હાજર રહ્યા હતા, જેમની સાથે સાંસદ મનસુખ વસાવા, પૂર્વ ધારાસભ્ય પી. ડી. વસાવા, સહિત આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સંબોધન દરમિયાન શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે પ્રહાર કરતા કહ્યું હતું કે કેટલાક લોકો પ્રાંતવાદ અને જાતિવાદ ફેલાવવાની વાત કરી રહ્યા છે. યુવાનોએ આવા લોકોથી ભ્રમિત થવું નહીં. આપણે સાચી હકીકત જાણવાની જરૂર છે. રાજકારણમાં પણ અનામતનો અમલ થઈ રહ્યો છે. ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા અને જિલ્લા પંચાયત તેમજ ધારાસભ્યો પણ આદિવાસી છે. હું પણ આદિવાસી છું અને સરકારમાં મંત્રી છું. આ દેશના રાષ્ટ્રપતિ પણ આદિવાસી છે. તેમણે કહ્યું હતું કે ચૈતર વસાવા છેતર વાસાવા છે. તે લોકોને ભ્રમિત કરવાનું કામ કરે છે. તે અલગ ભીલ પ્રદેશની માગણી કરે છે અને કેવડિયાને રાજધાનની બનાવવાની વાત કરે છે. અલગ ભીલ પ્રદેશ તો અમે અને મનસુખ વસાવા વડાપ્રધાન મોદીને મળીને કાલે જાહેર કરાવી દઇએ અને એક અલગ જ રાજય માગી લઈએ, પરંતુ શાસનને ચલાવવાનું કઇ રીતે? રેવન્યુ ક્યાંથી લાવવાની? આપણે કેટલા લોકો ટેક્સ ભરીએ છીએ? ૧૪૦ કરોડ લોકોમાંથી માત્ર ૮ કરોડ લોકો જ ટેક્સ ભરે છે. આદિવાસી સમાજના લોકો ક્યાં ઉદ્યોગપતિઓ છે? આપણે ક્યાં ટેક્સ ભરીએ છીએ? પ્રાંતવાદના નામે પાકિસ્તાન અને બાંગ્લાદેશ અલગ થયા, જુઓ આજે તેમની શું દશા છે. કુબેર ડિંડોરે વધુમાં કહ્યું હતું કે વડાપ્રધાન મોદી ઉદ્યોગપતિઓ અને કર્મચારીઓ પાસેથી ટેક્સ લઈને ગરીબો માટેની યોજનાઓ અને શિક્ષણ માટે ખર્ચ કરી રહ્યા છે. આપણે તો ઘર ચલાવી શકતા નથી ને અલગ ભીલ પ્રદેશની માગણી કરી રહ્યા છે. આપણી પાસે શું ખૂટે છે? બધી વ્યવસ્થા દેશ અને રાજયની સરકાર દ્વારા કરાઇ છે, પરંતુ કેટલાક લોકો પોતાનો રાજકીય રોટલો શેકવા જનતાને ભ્રમિત કરી રહ્યા છે તેમ વધુમાં તેમણે કહ્યું છે.

# શાળામાં ફાયર સેફટીના નિયમોની પુનઃ વિચારણા કરી હળવા કરવા માગણી

## સંચાલક મંડળ દ્વારા રાજ્યના કમિશનર ઓફ સ્કૂલને પત્ર લખીને પોતાના પ્રશ્નો રજૂ કરાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૧

રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા ફાયર સેફ્ટીને લઈને રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફાયર સેફ્ટીના નિયમોની પુનઃ વિચારણા કરી નિયમો હળવા કરવામાં આવે તેવી માંગણી કરી છે. આ ઉપરાંત ફાયર સેફ્ટીના સાધનો ખુબ જ મોંઘા આવતા હોવાથી સરકાર દ્વારા સાધનો લગાવી આપવામાં આવે અથવા તો ગ્રાન્ટમાંથી લગાવવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માગણી કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંચાલક મંડળ દ્વારા ફાયર સેફ્ટીને લઈને કમિશનર ઓફ સ્કૂલને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ફાયર NOC સંદર્ભે રાજયની ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક શાળા માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે. રાજ્યશાળા સંચાલક મહામંડળે રાજયની ગ્રાન્ટેડ શાળાઓના ફાયર NOC સંદર્ભે રાજયના મુખ્યમંત્રીને રૂબરૂ મળીને છેલ્લા ૪ મહિનામાં ૪ વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરેલી છે. દરમિયાન, સંચાલક મંડળે ફરી ફાયર સેફ્ટીને લઈને રજૂઆત કરી છે. જેમાં રાજય સરકારના શિક્ષણ વિભાગે તાજેતરમાં સ્માર્ટ બોર્ડ અને કોમ્પ્યુટર ગ્રાન્ટેડ શાળામાં ઈન્સ્ટોલ કરી આપ્યા છે, તે જ રીતે શાળામાં ફાયરના સાધનો ઈન્સ્ટોલ કરી આપવામાં આવે તેવી માંગણી કરાઈ છે. સ્થાનિક ધારાસભ્ય- સંસદ સભ્યની વિકાસ ગ્રાન્ટમાંથી રાજયની ગ્રાન્ટેડ શાળાઓને ફાયર સાધનો વસાવી આપે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવાયું છે. રાજયની સમગ્ર શિક્ષા કચેરી દ્વારા પ્રતિવર્ષ ધોરણ-૯થી ૧૨માં રજીસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારમાંથી કમ્પોઝિટ ગ્રાન્ટ મળતી હોય છે. જેથી કમ્પોઝિટિવ ગ્રાન્ટમાંથી ગ્રાન્ટેડ શાળાઓને ફાયરના સાધનો વસાવી આપવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી છે. રાજય અગ્નિશામક કચેરી દ્વારા રાજયની શૈક્ષણિક સંસ્થાઓના મકાનોનો સેમ્પલ સર્વે કરીને રાજયની શૈક્ષણિક સંસ્થાઓ માટે અલગ- અલગ સલામતીના નિયમો બનાવવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. જેમાં શૈક્ષણિક સંસ્થામાં સાધનો વસાવવા ખૂબ જ મોંઘા છે. જેથી ફાયર સલામતીના નિયમોની પુનઃવિચારણા કરી અને થોડાક હળવા કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

### રાજ્યના ચેરીટી તંત્રની કામગીરીમાં પારદર્શિતા વધારવા સરકારનો નિર્ણય

# ચેરીટી કચેરીઓના અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવેથી પક્ષકારોને મળશે

## અત્યાર સુધી માત્ર સારાંશની નકલ અપાતી; હવે પોસ્ટથી પણ નકલ મોકલાશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા ચેરીટી તંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં અંતિમ હુકમોની નકલોને લઇ રાહત રૂપ નિર્ણય લેવાયો છે.

ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. સાથોસાથ આ નકલ પક્ષકારોને રજીસ્ટર્ડ એ.ડી.પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે.

આ અંગે વધુ વિગતો આપતા કાયદામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજીસ્ટર્ડ એ.ડી.પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ પહેલના અમલથી ચેરીટી તંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમજ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. પોતાના કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત ચેરીટીતંત્રના અધિકારીઓને પોતાના હુકમમાં આ વ્યવસ્થાનો ઉલ્લેખ કરવાનું અચૂકપણે પાલન કરવાની સૂચના પણ અપાઈ છે.

### ખોટી રીતે PMJAY કાર્ડ કઢાવવાના મામલાની તપાસ

# ખ્યાતિકાંડ : ચિરાગ રાજપુતના પાંચ દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૧

ખ્યાતિ હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલા આયુષમાન કાર્ડના સ્કેમને લઈને આજે ખ્યાતિ હોસ્પિટલના ડાયરેકટર ચિરાગ રાજપુતને મેટ્રો કોર્ટમાં રજૂ કરાયા હતા. જયાં ક્રાઈમ બ્રાન્ચે ચિરાગ રાજપુતના ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જે બાદ મેટ્રો કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, ખ્યાતિ હોસ્પિટલકાંડમાં આયુષ્માન કાર્ડ કઢાવવાની યોજનામાં વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, જે લોકો આ કાર્ડ કઢાવવા માટેની પાત્રતા ધરાવતા નહોતા, તેઓના પણ આયુષ્માન કાર્ડ નીકળ્યા હતા. ખ્યાતિ હોસ્પિટલ દ્વારા એક દર્દીને આયુષ્માન કઢાવવા ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા વસૂલવામાં આવતા હતા. સરકારી પોર્ટલનો દુરુપયોગ કરીને આ કાર્ડ કાઢવામાં આવતા હતા. ક્રાઈમ બ્રાન્ચે રિમાન્ડ માંગતા મુદ્દા રજૂ કર્યા હતા કે, આ કેસમાં કાર્તિક પટેલની ધરપકડ બાકી છે, જેથી ચિરાગ પટેલની પૂછપરછની જરૂર છે. આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલું છે કે કેમ તેની તપાસ જરૂરી છે. આરોપી ખ્યાતિ હોસ્પિટલની આસપાસના ક્લિનિકના ડોક્ટરો અને એજન્ટોને ૫૦થી વધુ વર્ષની ઉંમરના વ્યક્તિઓને ખ્યાતિ હોસ્પિટલ માટે મોકલવા કમિશન આપતા હતા. PMJAY કાર્ડના રેકેટમાં વ્હોટ્સએપ અને ટેલિગ્રામ ચેનલ પર ગ્રુપ બન્યા હતા. તેમાં કોણ-કોણ જોડાયેલું હતું તેની તપાસ કરવાની છે. આરોપીના વકીલે રિમાન્ડ ન આપવા દલીલો કરી હતી કે, જે ફરિયાદ નોંધાઈ છે તે આરોપીના નિવેદનને આધારે જ નોંધાઇ છે એટલે તેની તપાસ કરવા આરોપીના રિમાન્ડ આપવાની જરૂર નથી. ક્રાઈમ બ્રાન્ચ કાર્તિક પટેલને પકડી શકતી નથી એટલે આરોપીને પકડીને તપાસ કરવા માંગે છે. આરોપી ૨૪ કલાક પોલીસ કસ્ટડીમાં રહ્યો છે તે દરમિયાન શું પૂછપરછ થઈ કે તપાસ કરાઈ તેને કોર્ટ સમક્ષ મૂકવામાં આવેલ નથી. પોલીસ આરોપીના મિકેનિકલ રિમાન્ડ માગી શકે નહીં. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળીને આરોપીના પાંચ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

# મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના હેડ કોન્સ્ટેબલોની પીએસઆઇ પરીક્ષામાં બેસવા દેવાની પિટીશનો હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર દેસાઈએ પોલીસ વિભાગના મોટર ટ્રાન્સપોર્ટ (MT) વિભાગના હેડ કોન્સ્ટેબલો દ્વારા દાખલ કરાયેલી અનેક અરજીઓ ફગાવી દીધી હતી જેમાં અનામત અથવા સશસ્ત્ર પોલીસ સબ ઈન્સ્પેક્ટરના પ્રમોશનલ પદ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવાની મંજૂરી ન આપવાની પોલીસ વિભાગની કાર્યવાહીને પડકારવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે એક નિયમ બનાવ્યો છે કે MT વિભાગના કર્મચારીઓને સામાન્ય દળ કરતાં વિશેષ લાભો મળતા હોવાથી તેઓ આવી પરીક્ષાઓમાં હાજર રહી શકતા નથી. હાઈકોર્ટે નિયમને સમર્થન આપ્યું હતું અને અરજી ફગાવી દીધી. અદાલતે આ અરજીઓને ફગાવી દેતા નોંધ્યું હતું કે, સંબંધિત સમયે, M.T. વિભાગમાં સમાવિષ્ટ થવાની સંમતિ આપતી વખતે હાલના અરજદારોએ તે લાભો પસંદ કર્યા હતા અથવા તેમની પ્રાથમિકતા ઉપરોક્ત લાભો મેળવવાની હતી અને તેથી, એ હકીકતને ધ્યાનમાં રાખીને કે M.T. વિભાગમાં સમાવિષ્ટ થયા પછી, તેમને ચોક્કસ લાયકાત છોડી દેવાની જરૂર પડશે અથવા તેઓ ચોક્કસ પરીક્ષાઓમાં ભાગ લેવા માટે લાયક બનવાની સ્થિતિમાં રહેશે નહીં તેવી સંમતિ સાથે તેમાં જાણકારી સાથે જોડાયા હતા. અને હવે તેઓ સમાન્ય દળોને મળતા લાભો લેવાની વાત કરી છે. હાઈકોર્ટે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલી દલીલોની પણ નોંધ લીધી કે, ૨૦૧૦થી એમ.ટી. વિભાગમાં સમાવિષ્ટ હોવા છતાં, આજ સુધી તેમણે એમ.ટી. વિભાગમાં તેમની નિમણૂક તેમજ લેખિત સંમતિ પર કોઈ પ્રશ્ન ઉઠાવ્યો નથી જે રેકોર્ડ પર છે. હાઈકોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, દરેક કારણોસર અરજદારો એમ.ટી. વિભાગ હેઠળ કામ કરતા વ્યક્તિ છે અને તેથી, તેમને અનામત પોલીસ સબ-ઈન્સ્પેક્ટર/સશસ્ત્ર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર વર્ગ IIIના પદ પર નિમણૂકના હેતુ માટે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવાથી બાકાત રાખવામાં આવ્યા છે તે યોગ્ય નિયમાનુસાર છે.

### રાજ્યમાં પોઝિટિવ કેસનો આંક પાંચ પર પહોંચ્યો

# કચ્છના ૫૯ વર્ષીય આધેડનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૧

HMPVના હાહાકાર વચ્ચે આજે ૧૧ જાન્યુઆરીના મૂળ કચ્છના રહેવાસી ૫૯ વર્ષીય આધેડનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે રાજ્યમાં છેલ્લા ૭૨ કલાકમાં ચોથો કેસ નોંધાયો છે. આ સાથે જ દેશભરમાં ગુજરાતના કેસનો આંક સૌથી વધુ ૫ થઈ ગયો છે, જ્યારે દેશમાં કુલ ૧૫ કેસ નોંધાયા છે.

હાલ અમદાવાદમાં HMPVના કેસો દરરોજ નોંધાઈ રહ્યા છે, ત્યારે ૧૧ જાન્યુઆરીના શનિવારે પણ વધુ

#### અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ

એક કેસ નોંધાયો છે. મૂળ કચ્છના રહેવાસી ૫૯ વર્ષીય આધેડનો HMPV પોઝિટિવ આવ્યો હતો. જેના પગલે તેઓને સારવાર અર્થે અમદાવાદના થલતેજની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દર્દીની કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી.બોપલના ૯ માસના બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામમાં ૭ વર્ષના બાળકનો શંકાસ્પદ HMPV વાઈરસનો રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય વિભાગે સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલ્યાં છે. ગુજરાત સહિત ભારતનાં ચાર રાજ્યમાં આ વાઈરસના કેસ નોંધાયા છે. HMPVની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતનો આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે અને રાજ્યની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.૧૦ જાન્યુઆરીના અમદાવાદના સાઉથ બોપલમાં રહેતા ૯ માસના બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. ૬ જાન્યુઆરીના રોજ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું, જેનો રિપોર્ટ ૯ જાન્યુઆરીના રોજ પોઝિટિવ આવ્યો છે. તેને છેલ્લા કેટલાય સમયથી શરદી-ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સારવાર માટે દાખલ કરવામાં આવ્યું હતું. દર્દીની વિદેશ કે અન્ય કોઈ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીના સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

# પ્રિ-સ્કૂલ રજિસ્ટ્રેશનમાં ભાડા કરાર-નોંધણી ફી અંગે ઠરાવ ન થતાં મૂંઝવણ

## ૧ જાન્યુઆરીએ સરકાર અને પ્રિ-સ્કૂલ સંચાલકો વચ્ચે બેઠકમાં ચર્ચા બાદ ઠરાવની ખાતરી અપાઈ હતી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૧

રાજયની પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનને લઈને સંચાલકો દ્વારા સરકારમાં અનેક રજૂઆતો કર્યા બાદ તાજેતરમાં સરકાર અને પ્રિ-સ્કૂલ સંચાલકોની મિટીંગ મળી હતી. જેમાં સમાધાનની ફોર્મ્યુલા અપનાવી અમુક મુદ્દાઓ પર છુટછાટ આપવાનું નક્કી કરાયું હતું. જે અંગે સરકાર દ્વારા ટૂંકમાં જ ઠરાવ બહાર પાડશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. જોકે, આ મિટીંગ મળ્યાને પણ ૧૦ દિવસ જેટલો સમય થયો હોવા છતાં હજુ સુધી ઠરાવ બહાર પાડવામાં આવ્યો નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત ઈન્ડિપેન્ડન્ટ પ્રિ.સ્કૂલ એસોસીએશન દ્વારા પ્રિ-સ્કૂલ નોંધણી નિયમમાં રહેલી વિસંગતતા દૂર કરવા રાજય સરકારમાં વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. પ્રિ-સ્કૂલ સંચાલકોના ત્રણ મુખ્ય મુદ્દાઓને લઈને રજૂઆત કરાઈ હતી. જેમાં રેસીડેન્સીયલ, કોમર્શિયલ, એજયુકેશનલ બી.યુ. પરમિશન માન્ય રાખવામાં આવે, ૧૫ વર્ષના રજીસ્ટર્ડ ભાડા કરારને બદલે સાદો નોટરાઈઝડ ભાડા કરારની મંજૂરી આપવામાં આવે તથા ટ્રસ્ટ, નોન પ્રોફિટ કંપની, સહકારી મંડળીની સાથે સાથે પ્રોપરાઈટર કે ભાગીદારીનો ઓપ્શન પણ પ્રિ-સ્કૂલની નોંધણી માટે હોવો જોઈએ. આ રજૂઆતને ધ્યાનમા રાખીને સરકારે ૧ જાન્યુઆરીના રોજ બપોરે મિટીંગ બોલાવી હતી. આ મિટિંગમાં સરકાર તરફથી મંત્રી કુબેર ડીંડોર અને શિક્ષણ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા, તથા પ્રિ-સ્કૂલ એસોસીએશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ મિટિંગમા મુખ્ય ૩ મુદ્દાની સાથે બીજા પણ મુદ્દાઓની મૌખિક ચર્ચા થઇ હતી. આ મિટિંગમા ઘણા એવા મુદ્દા ઉપર સરકારે પ્રિ-સ્કૂલને રાહત થાય એવી રીતે વચ્ચેનો રસ્તો આપીને મુદ્દાનું મૌખિક રીતે નિરાકરણ લાવવામાં આવ્યું હતું અને આગામી દિવસમાં તે અંગે લેખિત ઠરાવ બહાર પાડવામાં આવશે તેવી બાંહેધરી પણ આપવામાં આવી હતી. જો કે, હવે આ મિટીંગ મળ્યાને પણ ૧૦ દિવસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં સરકાર દ્વારા હજુ સુધી સત્તાવાર ઠરાવ બહાર પાડ્યો ન હોવાનું સામે આવ્યું છે. જેથી રાજયના પ્રિ-સ્કૂલ સંચાલકો ફરી મુંઝવણ અનુભવી રહ્યા છે. સરકાર દ્વારા મિટીંગમાં ચર્ચા થયા મુજબની બાંહેધરી અંગેનો સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

### મોલ પાસે ઉભા રહેલ શખ્સ પર તલવારો લઈ કર્યો હુમલો

# અમદાવાદના પોશ વિસ્તારમાં મોલ પાસે જાહેરમાં લુખ્ખાઓએ મચાવ્યો આતંક

## હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી; વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સામે સવાલ ઉઠાવતી અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના પોશ વિસ્તારમાં એસ. જી. હાઈવે પર આવેલા પેલેડિયમ મોલ ખાતે ગઈ કાલે શુક્રવારે કેટલાંક લુખ્ખાઓએ જાહેરમાં તલવારો વડે આતંક માચાવ્યો હતો. વાહનોમાં તોડફોડ કરીને હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી.

અમદાવાદના એસ. જી. હાઈવે પર આવેલા પેલેડિયમ મોલ પાસે ૧૦થી વધુ અસામાજિક તત્ત્વોએ તલવાર અને લાકડીઓ સહિતના હથિયાર વડે જાહેરમાં આતંક મચાવ્યો હતો. રાત્રે ૧ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. લુખ્ખાઓ દ્વારા ખુલ્લેઆમ તલવાર સહિતના હથિયાર લઈને આવીને હુમલો કરાતાં સ્થાનિકોમાં ભય ફેલાયો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી. પોલીસ ફરિયાદ મુજબ, તલવાર વડે હુલમો કરનારા શખસો ફોર્ચ્યુનર, ક્રેટા અને સ્કોર્પિયોમાં આવીને પેલેડિયમ મોલ પાસે ઊભા રહેલા વિજય ભરવાડ નામના શખ્સ સહિત તેના મિત્રોને નિશાનો બનાવ્યો હતો. જેમાં આરોપી પ્રિન્સ અને મિહિર દેસાઈ સહિતના હુમલાખોરોએ પીડિતો પર તલવારો અને લાકડીઓથી હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર ઘટનામાં વિજય ભરવાડને પીઠના ભાગે ઈજા પહોંચી હતી. જયારે અન્ય કેટલાક શખ્સો પણ ઈજાગ્રસ્ત થયા હતા. હુમલો કરીને આરોપીઓ ભાગી ગયા હતા. સમગ્ર ઘટના અંગે ખુલાસો થયો હતો કે, બંને જૂથો વચ્ચે અગાઉના ઝઘડાને લઈને આરોપીએ હુમલો કર્યો હતો. લગભગ બે અઠવાડિયા પહેલા આરોપી પ્રિન્સે બાંધકામ સામગ્રીના વ્યવસાયના મતભેદના કારણે વિજય ભરવાડ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં વિજયને જામીન મળ્યા પછી પ્રિન્સ અને તેના મિત્રોએ બદલો લેવાની ધમકી આપી હોવાના અહેવાલ છે. એ ડિવિઝનના એસીપી જે. ડી. બ્રહ્મભટ્ટે ક્હ્યું હતું કે, 'અમે આ મામલે કેસ નોંધીને કેસમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ ટીમ બનાવી છે. હાલમાં બંને આરોપીઓના સેલ ફોન બંધ છે. અમારી ટેકનિકલ ટીમ સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કરીને ગુનામાં સંડોવાયેલા આરોપીઓ શોધવાનો પ્રયાસ કરી રહી છે.'

### ભાજપમાં પ્રમુખોની નિમણૂંકમાં જૂથબંધીની ખેંચતાણથી વિલંબ ?

# ભાજપના સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે લોબિંગ-સેટિંગ જોરશોરમાં

## સંગઠનમાં હોદ્દો મેળવવા માટે આંતરિક ડખાં; નજીકમાં જાહેરાતની શક્યતા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ભાજપમાં ગમે ત્યારે શહેર-જિલ્લા પ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જોકે, આ વચ્ચે એક ચર્ચા શરૂ થઈ છે કે, આ જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. કારણ કે, આંતરિક વિખવાદ જોતા વાત દિલ્હી હાઈકમાન્ડમાં પહોંચી છે અને દિલ્હી દરબારમાં હામી ભરાયા બાદ નામોની જાહેરાત થશે. જો કે, આ વચ્ચે કમલમમાં પોતાના માણસો ગોઠવવા માટે નેતાઓમાં દોડધામ મચી ગઈ છે.

તાજેતરમાં જ મહાનગરપાલિકા, જિલ્લા પ્રમુખોની વરણીને લઈ સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા થઈ હતી. એક પદ માટે ઢગલાબંધ દાવેદારોએ કાર્યાલય ખાતે પોતાની દાવેદારી નોંધાવી હતી. બીજી તરફ જોઈએ તો પ્રમુખ બનવા માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. જેને કારણે નિરીક્ષકોની ટીમ પણ ગૂંચવાઈ હતી. મજબૂત દાવેદારોએ પદ મેળવવા માટે છેક કમલમ સુધી લોબિંગ કરી રહ્યા છે. તો અનેક શહેરોમાં કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. બીજી તરફ, સંગઠનમાં હોદ્દો મેળવવા માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ જોવા મળી રહી છે. ધારાસભ્યોથી લઈને નેતાઓ સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે પોતાની વગ લગાવી રહ્યાં છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે કોનું નામ જાહેર થાય છે. સમગ્ર મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યો છે. આંતરિક ડખા બહાર આવતા અને ખેંચતાણ શરૂ થતા હવે જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. ફાઈનલ લિસ્ટ માટે ભાજપ પ્રદેશના નિરીક્ષકો દિલ્હી જઈને પરત આવ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. જાણવા મળ્યું છે કે, અટવાયેલા મામલાને કારણે તેમનો પ્રવાસ પણ લંબાવાયો છે. દિલ્હીમાં ચર્ચાવિમર્શ કર્યા બાદ જ નામોની જાહેરાત કરવામાં આવશે. ત્યારે કમુરતા બાદ પણ નામોની જાહેરાત થઈ શકે છે તેવો અંદાજ માંડવામાં આવી રહ્યો છે.

# હજ-૨૦૨૫ માટે બીજુ વેઈટિંગ લિસ્ટ જાહેર

અમદાવાદ, તા.૧૧

હજ કમિટી ઓફ ઈન્ડિયાના તા.૧૦-૦૧-૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક-૨૫ મુજબ હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા બીજું વેઈટિંગ લીસ્ટ રીલીઝ કરવામાં આવ્યું છે. જેમાં વેઈટિંગ નંબર-૧૭૨૪થી ૨૨૦૭ સુધીના ઉમેદવારોની પસંદગી થયેલ છે. જેઓની યાદી હજ કમિટીની વેબસાઈટ પર રાખેલ છે. પ્રત્યેક હજ યાત્રી દીઠ એડવાન્સ હજ એમાઉન્ટ પ્રથમ હપ્તા પેટે રૂા.૧,૩૦,૦૦૦/- તથા બીજા હપ્તા પેટે રૂા.૧,૪૨,૦૦૦/- મળીને કુલ રૂા.૨,૭૨,૩૦૦ હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં તા.૨૩-૦૧-૨૦૨૫ સુધીમાં જમા કરાવી શકાશે. હજ કમિટી ઓફ ઈન્ડિયા મુંબઈના એકાઉન્ટમાં સ્ટેટ બેંક ઓઈ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની કોઈપણ બ્રાન્ચમાં ગુજરાત રાજ્ય હજ કમિટી વેબસાઈટ પર આપેલ Download Printed Pay-Slipના ઓપ્શનમાં કવર નંબર નાંખી વિગતો SBI અથવા UBI પ્રિન્ટેડ સ્લીપ ડાઉનલોડ કરી શકાશે અથવા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર આપેલ જનરેટ પે-સ્લીપના ઓપ્શનમાં પોતાના કવર નંબર નાંખી નિયત નમૂનાની પ્રિન્ટેડ પે-ઈન-સ્લીપ ડાઉનલોડ કરી શકાશે. વેઈટિંગમાંથી પસંદગી પામેલા હજ યાત્રાળુઓએ ઉક્ત રકમ ભરી ડોક્યુમેન્ટ પોતાના જિલ્લામાં હજ કમિટી દ્વારા નિયુક્ત ફીલ્ડ ટ્રેનર (FT) અને આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનર (AFT)ને તા.૨૫-૦૧-૨૦૨૫ સુધી જમા કરાવવાના રહેશે. જેઓની યાદી હજ કમિટીની વેબસાઈટ પર રાખેલ છે. તેમ ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને આઈ.એમ. ઘાંચીએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઈઝરાયેલી સુરક્ષા મંત્રીએ બંધક સોદો નિષ્ફળ થવા પર હમાસની 'સંપૂર્ણ હાર'ની યોજના બનાવવાનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે શુક્રવારે તેમના કાર્યાલયમાંથી જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું કે જો ૨૦ જાન્યુઆરી સુધીમાં બંધકોને મુક્ત કરવાની ડીલ પર હસ્તાક્ષર કરવામાં ન આવે તો ઈઝરાયેલી સૈન્યને હમાસની 'સંપૂર્ણ હાર' માટે યોજના તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. કાત્ઝે જણાવ્યું કે જો હમાસ અમેરિકન પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા સંભાળે ત્યાં સુધીમાં બંધકોને મુક્ત નહીં કરે તો 'ગાઝામાં



હમાસની સંપૂર્ણ હાર માટેની યોજના' લાગુ કરવામાં આવશે. તેમણે સૈન્યને 'માનવતાવાદી ચિંતાઓ અને અન્ય મુદ્દાઓ સહિત યોજનાના અમલીકરણમાં સંભવિત અવરોધોને ઓળખવા' નિર્દેશ આપ્યો, જેથી રાજકીય નેતૃત્વ 'જરૂરી નિર્ણયો' લઈ શકે. સિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, કાત્ઝે ગુરૂવારે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (આઈડીએફ) ચીફ ઓફ સ્ટાફ હરઝી હલેવી સાથે સુરક્ષા મૂલ્યાંકન બેઠક દરમિયાન આ નિર્દેશ આપ્યો હતો. તેમણે 'યુદ્ધ' માં સામેલ થવાને બદલે હમાસને વધુ બળવાન ફટકો મારવા માટે આહવાન કર્યું. કાત્ઝે જણાવ્યું કે હમાસની 'સંપૂર્ણ હાર' યુદ્ધ પછી ગાઝાના પુનઃનિર્માણની યોજનાઓથી સ્વતંત્ર રીતે આગળ વધવી જોઈએ. તેમણે જણાવ્યું કે, 'કોઈપણ રાજકીય ઉકેલ વર્તમાન આયોજન અને જરૂરી ક્રિયાઓ માટે અપ્રસ્તુત છે, કારણ કે જ્યાં સુધી હમાસને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ અરબ અથવા અન્ય સંસ્થાઓ ગાઝામાં નાગરિક જીવનનું સંચાલન કરવાની જવાબદારી લેશે નહીં.' આ ટિપ્પણી ગાઝામાં યુદ્ધવિરામ હાંસલ કરવા અને ત્યાં રાખવામાં આવેલા બાકીના ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવાના હેતુથી કતારની રાજધાની દોહામાં ચાલી રહેલી વાતચીતના નવા રાઉન્ડ વચ્ચે આવી છે. દક્ષિણ ઈઝરાયેલ પર હમાસની આગેવાની હેઠળના હુમલા બાદ ઈઝરાયેલે ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા પટ્ટી પર મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું જેમાં લગભગ ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા છે અને લગભગ ૨૫૦ બંધકો લીધા હતા. ઈઝરાયેલે જણાવ્યું કે તેનો ધ્યેય હમાસ પર 'સંપૂર્ણ વિજય' હાંસલ કરવાનો અને બંધકોની મુક્તિ સુનિશ્ચિત કરવાનો છે. ત્યારથી, ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યાં અનુસાર, એન્ક્લેવમાં ૪૬,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે.

ચાલો કાશ્મીર જઈએ સ્નો ફોલનો મજા માણવા
DEC 15-23 | JAN 05-12-19 | FEB 02-16 | APR 02-06-20
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ કાશ્મીર
ટ્રેન દ્વારા 18,500/-
ફ્લાઇટ દ્વારા 33,500/-
FEB 02-09-16 | APR 02-13-27 MAY 04-11-18-25 | JUN 01-08
શિમલા કુલ્લુ-મનાલી
ટ્રેન દ્વારા 15,500/-
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 997 40 40 880 | 9909029072 SHRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અમદાબાદ

અલ સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
અમદાવાદથી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
દિવસ 18 ફેબ્રુઆરી શબે બારાત મદીનામાં
રવાનગી : ૦૫-૦૨-૨૦૨૫ રીટર્ન તા.૨૨-૦૨-૨૦૨૫
મક્કા હોટલ : 350થી 400 મીટર મદીના હોટલ : 250 થી 300 મીટર ડિલક્ષ પેકેજ
ફક્ત રૂા. ૯૫,૦૦૦
દિવસ 35 ફક્ત રૂા. 1,85,000 ડિલક્ષ પેકેજ
રમઝાન ઉમરાહ રવાનગી : 26-02-2025 રીટર્ન તા.02-04-2025
મક્કા હોટલ : ૩૫૦થી ૪૦૦ મીટર ● મદીના હોટલ : ૨૫૦થી ૩૦૦ મીટર
હેડ ઓફિસ : લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અહમદાબાદ - 380 001
હાજી કાસમભાઈ (ચા વાળા) 8401226544, 9725058828
મો.સહદ 8347063437 મો.બિલાલ 8154041646 મો.અતા 9978659664

Safar HAJ TOURS IATA
ચલો ચલે બગદાદ....
અમદાવાદ થી અમદાવાદ ઈન્શા અલ્લાહ
દિવસ 11 થી 12 ખર્ચ 75,000/- તારીખ દર મહિને
કરબલા, નઝફ કુફા, સામરા, બલદ બગદાદની એતરાફની ઝિયારતો
હોટલમાં રોકાણ
Al Haj Salim Safar M: 9558313786

# ઈઝરાયેલ ગાઝા સુધી મહત્ત્વપૂર્ણ સહાયતા પહોંચાડવાથી ઈન્કાર કરી રહ્યું છે : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૧

સંયુક્ત રાષ્ટ્રએ શુક્રવારે અહેવાલ આપ્યો કે ઈઝરાયેલી દરોડાઓ ગાઝા પટ્ટીમાં ધાર્મિક સ્થળોએ પહોંચતી 'નોંધપાત્ર સહાય'ને અવરોધિત કરી છે, સત્તાવાળાઓએ ગાઝા પટ્ટીના વધુ ભાગોમાં માનવતાવાદી સહાયને રોકવાના સંકેત આપ્યાના એક દિવસ પછી. 'ઈઝરાયેલી અધિકારીઓ ગાઝા ગવર્નરિટને મહત્ત્વપૂર્ણ સહાય પહોંચાડવા માટે સંયુક્ત રાષ્ટ્રના નેતૃત્વના પ્રયત્નોને આશ્વાસન આપવાનું ચાલુ રાખે છે,' સ્ટેફન દુજારિક, માનવતાવાદી બાબતોના સંકલન માટેના કાર્યાલય (ઓસીએચએએમ)ના યુએન પ્રવક્તા, એક બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, 'આમાં ગઈકાલે ગાઝા પટ્ટીમાં અમારા સૌથી નિરર્થક પ્રયાસનો સમાવેશ થાય છે. યુએન-નોમિનેટેડ માનવતાવાદી ઈમારતોમાંથી, ફક્ત ૧૦ ઈઝરાયેલ સત્તાવાળાઓ દ્વારા સુવિધા આપવામાં આવી હતી, સાતને સીધા જ કહેવામાં આવ્યું સુધારેલ, ત્રણ વિક્ષેપિત થયા, અને એક સુરક્ષા અને રસીદને કારણે રદ કરવામાં આવી.' તેમણે જરુરી સેવાઓ પર પ્લાન્ટ સપ્લાયમાં ઘટાડાની અસર અંગે OCHAની ઊંડી ચિંતા પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, 'પેલેસ્ટીની કાનૂની પ્રદાતાઓ હવે ચેતવણી આપી રહ્યા છે કે જેલની અછતને કારણે આવતીકાલથી તેમના વ્યવસાયો બંધ થઈ શકે છે, કારણ કે તેમને તેમના સાધનો માટે બિલ્ડરોની જરૂર પડશે.'



દુજારિકે ઉમેર્યું કે કબજાવાળા વેસ્ટ બેંકમાં 'આ વર્ષના પ્રથમ સપ્તાહમાં હિંસક છબીઓ ઉભરી આવી છે'. તેમણે જણાવ્યું કે 'ઈઝરાયેલી દળોએ પૂર્વ જેરૂસલેમ પર કબજો મેળવ્યો અને વેસ્ટ બેંકમાં એક બાળક સહિત ત્રણ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા અને અન્ય ૩૮ લોકોને ઘાયલ કર્યા. દુજારિકે જણાવ્યું કે રામલ્લા ગવર્નરિટમાં નવ સહિત વેસ્ટ બેંકમાં ગેરકાયદેસર ઈઝરાયેલી-કબજાવાળા વ્યવસાયો પરના ક્રેકડાઉનમાં ઓછામાં ઓછા ૧૮ પેલેસ્ટીની ઘાયલ થયા. તેમણે જણાવ્યું કે ૨૦૨૫ના પ્રથમ અઠવાડિયા દરમિયાન 'વેસ્ટ બેંકમાં ૫૦થી વધુ પેલેસ્ટીનીઓના ઘરોને તોડી પાડવાના કારણે બંધક બનાવવામાં આવ્યા.' ઈઝરાયેલી દળોએ ગાઝા પર નરસંહારનું યુદ્ધ ચાલુ રાખ્યું છે, જેમાં ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના આક્રમણથી ૪૬,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે તાત્કાલિક યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. નવેમ્બરમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ માટે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. ઈઝરાયેલને ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# ઈઝરાયેલે યમનમાં પાવર સ્ટેશન, બંદરો પર હવાઈ હુમલા શરૂ કર્યા

(એજન્સી) તા.૧૧

સ્થાનિક મીડિયા અનુસાર, યમનના હોથી-નિયંત્રિત વિસ્તારોમાં ઈઝરાયેલી યુદ્ધવિમાનોના હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. હોથી સંલગ્ન અલ-મસિરાહ ટીવી પ્રસારણકર્તાએ શુક્રવારે અહેવાલ આપ્યો કે હવાઈ હુમલાઓ પશ્ચિમી બંદરો રાસ ઈસા અને હોદેદાહ, સના નજીકના હિજાઝ સેન્ટ્રલ પાવર સ્ટેશન અને અમરાન રાજ્યના હાર્ફ સુફયાન જિલ્લાને ફટકાર્યા હતા. રાસ ઈસા પોર્ટ પર એક કામદારનું મૃત્યુ થયું હતું અને અન્ય છ ઘાયલ થયા હતા. ષમસિરાહના અહેવાલો અનુસાર, હેજાઈ પાવર પ્લાન્ટ પર થયેલા ૧૩ હુમલાઓમાં એક કર્મચારી સહિત ત્રણ લોકો ઘાયલ થયા છે અને ઘણા મકાનોને નુકસાન થયું છે. ઈઝરાયેલી સૈન્યએ તેના હુમલાઓને સ્વીકારતા એક નિવેદન બહાર પાડ્યું, દાવો કર્યો કે પાવર પ્લાન્ટ 'તેની લશ્કરી પ્રવૃત્તિઓમાં હોથી



આતંકવાદી શાસન માટે ઊર્જાના કેન્દ્રિય સ્ત્રોત તરીકે સેવા આપે છે'. 'ઈઝરાયેલ રાજ્યને પોતાનો બચાવ કરવાનો અધિકાર અને જવાબદારી છે,' નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. તેમાં હોથિઓ દ્વારા ઈઝરાયેલ પર ડ્રોન અને મિસાઈલ હુમલાઓ અને ઈઝરાયેલ સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવતા લાલ સમુદ્રમાં જહાજો પરના હુમલાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# સાંસદો, હસ્તીઓ, અધિકાર સમૂહો અને કાર્યકર્તાઓએ પેલેસ્ટીન માર્ચ પર બ્રિટન પોલીસના પ્રતિબંધની ટીકા કરી

(એજન્સી) તા.૧૧

યુકેના સાંસદો અને ક્રોસ-પાર્ટી સમૂહના સાસાથીદારો, ટ્રેડ યુનિયનના જનરલ સેક્રેટરીઓ, સાંસ્કૃતિક વ્યક્તિઓ અને સેલિબ્રિટીઓ, લેખકો, પત્રકારો, આરોગ્ય કાર્યકરો અને નાગરિક સમાજ સંગઠનો અને કાર્યકરોએ ૧૮ જાન્યુઆરીએ પેલેસ્ટીન માટે આયોજિત વિરોધને રોકવા માટે બીબીસીનો વિરોધ કર્યો હતો ટીકા કરવામાં આવી હતી. નેશનલ પેલેસ્ટીન માર્ચની પાછળ છ સંસ્થાઓ દ્વારા આજે બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં અને લિબર્ટી, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ ત્રકે અને ગ્રીનપીસ સહિત ઓછામાં ઓછા ૧૫૦ હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, મેટ્રોપોલિટન પોલીસને જાહેર હુકમની શક્તિઓથી સુરક્ષિત કરવામાં આવી છે. લોકતાંત્રિક તપાસમાંથી બીબીસી પર દુરૂપયોગનો આરોપ છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 'પોલીસ સાથે લગભગ બે મહિના પહેલા કૂચ માટેના રૂટની ખાતરી દકરવામાં આવી હતી અને, તેમની સાથે સંમત થયા મુજબ, ૩૦ નવેમ્બરના રોજ જાહેરમાં જાહેરાત કરવામાં આવી હતી. જવાની મિનિટો બાકી છે, મેટ્રોપોલિટન પોલીસ કરારમાંથી પાછી ખેંચી રહી છે અને આયોજન મુજબ વિરોધને આગળ વધતો અ ટકાવવાનો તેમનો ઈરાદો જાહેર કર્યો છે.' નિવેદન પર હસ્તાક્ષર કરનારાઓમાં સંગીતકાર બ્રાયન ઈનો, ગાયક-ગીતકાર ચાર્લોટ ચર્ચ, અભિનેતા માર્ક રાયલેન્સ, ખાલિદ અબ્દુલ્લા, નાદિયા સવાલહા અને જુલિયટ સ્ટીવેન્સન, લેખક સુઝાન અબુલહવા અને અર્થશાસ્ત્રી યાનિસ




વરોફાકિસનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે 'એબીબીસી એ એક મોટી સંસ્થા છે - તે સાર્વજનિક રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ રાજ્ય પ્રસારણકર્તા છે અને તે જનતા માટે જવાબદાર છે. પોલીસે બીબીસીને લોકશાહી તપાસથી બચાવવા માટે જાહેર વ્યવસ્થાની સત્તાનો દુરૂપયોગ ન કરવો જોઈએ.' 'ગાઝામાં ચાલી રહેલા નરસંહારને પગલે લોકોને વિરોધ કરતા અટકાવવા લોકશાહી સમાજમાં સ્વીકાર્ય નથી.' લેબર, ઈન્ડિપેન્ડન્ટ, ગ્રીન, પ્લેઈડ સિમરૂ, સિન ફેઈન અને SNP સાંસદોએ પણ પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા, જ્યારે ટ્રેડ યુનિયનના નેતાઓમાં PCS જનરલ સેક્રેટરી ફ્રેન હીથકોટ, RMT જનરલ સેક્રેટરી મિક લિન્ચ, NEUના ડેનિયલ કેબેડે અને FBU લીડર મેટ રેકનો સમાવેશ થાય છે.

# પેલેસ્ટીની પત્રકાર સઈદ અબુ નભાનની ઈઝરાયેલી સેના દ્વારા હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૧૧

ગાઝામાં ફ્રીલાન્સ અનાદોલુ કેમેરામેન સઈદ અબુ નભાન શુક્રવારે ઈઝરાયેલી સૈન્યની લાંબા અંતરની રાઈફલ દ્વારા કરવામાં આવેલા હુમલામાં મૃત્યુ પામ્યા છે.

ઈઝરાયેલી દળોએ પહેલા સેન્ટ્રલ ગાઝા પટ્ટીના નુસરત વિસ્તારમાં સ્થિત અલ-જાદીદ શરણાર્થી કેમ્પના વિસ્તારને ઘેરી લીધો હતો, જ્યાં ઘણા પત્રકારો હાજર હતા, ત્યારબાદ આ વિસ્તારમાં હાજર લોકોને નિશાન બનાવ્યા હતા.

ઘટનાસ્થળના ફૂટેજમાં એક ઘાયલ વ્યક્તિને સહાયક કાર્યકરોની મદદથી સ્ટ્રેચર પર ઘરની બહાર લઈ જવામાં આવી રહ્યો છે. નજીકમાં, અબુ નભાન તેના સાધનો સાથે ઘટનાને આવરી લેતા ભાગી જવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. તે જ સમયે, તેને લાંબા અંતરની રાઈફલમાંથી છોડવામાં આવેલી ગોળી દ્વારા નિશાન બનાવવામાં આવે છે.

અબુ નભાન જમીન પર પડે છે અને બેભાન રહે છે. નજીકના લોકો ડરથી તેની પાસે જવાનો પ્રયાસ કરે છે કારણ કે તેમને ડર છે કે તેઓ ઈઝરાયેલી ગોળીઓથી વાગી શકે છે.

સત્તાવાર પેલેસ્ટિનિયન સમાચાર એજન્સી, વફાએ હુમલાની જાણ કરી, અબુ નભાનના મૃત્યુની ખાતરી કરી.

ઉપરાંત, ગાઝાના શુજૈયા પડોશમાં એક ઘર પર ઈઝરાયેલી હવાઈ હુમલા પછી ઓછામાં ઓછા એક વ્યક્તિના મૃત્યુની જાણ કરવામાં આવી હતી, મૃતકો અને ઘાયલોને અલ-અહલી બાપ્ટિસ્ટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.અબુ નભાનના મૃત્યુ સાથે, ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામેલા પેલેસ્ટિનિયન પત્રકારોની કુલ સંખ્યા ૨૦૩ પર પહોંચી ગઈ છે. અહેવાલોએ પણ સૂચવે




છે કે ૩૯૯ પત્રકારો ઘાયલ થયા છે અને ૪૩ અન્યને પકડવામાં આવ્યા છે.

ઈઝરાયેલી દળોએ ગાઝા પર નરસંહારનું યુદ્ધ ચાલુ રાખ્યું છે, જેમાં ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના આક્રમણથી ૪૬,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે તાત્કાલિક યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે.

નવેમ્બરમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ વિરૂદ્ધ ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# સ્મોટ્રિચે ટ્રમ્પના સત્તામાં આવ્યા પછી ગાઝા પર સંપૂર્ણ નિયંત્રણ અને સહાયતામાં કાપની માંગ કરી

(એજન્સી) તા.૧૧

દૂર-દક્ષીણપંથી ઈઝરાયેલના નાણા મંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે ગઈકાલે ઈઝરાયેલને 'ગાઝા પટ્ટીનું સંપૂર્ણ નાગરિક સંચાલન' લાદવા વિનંતી કરી અને યુએસ પ્રમુખ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે આ મહિનાના અંતમાં સત્તા સંભાળ્યા પછી આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ માનવતાવાદી સહાય પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે નિર્ધારિત લઘુત્તમ મર્યાદામાં ઘટાડો. ટાઈમ્સ ઑફ ઈઝરાયેલ અનુસાર, ફેસબુક લાઈવ સત્ર દરમિયાન, જમણેરી ધાર્મિક ઝાયોનિઝમ પાર્ટીના નેતા સ્મોટ્રિચે પણ 'વ્યવસાય' શબ્દ પર ભાર મૂક્યો, જણાવ્યું કે 'હા, વ્યવસાય, આપણે ડરવાની જરૂર નથી. તટ સમગ્ર પ્રસારણ દરમિયાન, તેમણે વારંવાર ચેતવણી આપી કે ઈઝરાયેલ 'હમાસ પર નરકના દરવાજા ખોલવા' માટે તૈયાર છે, અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે ટ્રમ્પ વહીવટીતંત્ર હુમલાઓ માટે લશ્કરી અને રાજદ્વારી બંને સમર્થન આપશે. તેમણે જણાવ્યું કે 'અમે ગાઝા પટ્ટી પર વિજય મેળવવા, તેના પર નિયંત્રણ જાળવી રાખવા, તેને પ્રાદેશિક બ્રિગેડમાં વિભાજીત કરવા માટે એક નવો અભિગમ તૈયાર કરી રહ્યા છીએ, 'ખૂબ લાંબા સમય સુધી આ પ્રદેશને પકડી રાખવા માટે ઈઝરાયેલને વિનંતી કરવામાં આવી છે.'



તદુપરાંત, સ્મોટ્રિચે બંધક-યુદ્ધવિરામ કરારને સુરક્ષિત કરવાના હેતુથી હમાસ સાથે ચાલી રહેલી મંત્રણાની ટીકા કરી હતી. તેમણે દલીલ કરી કે ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પાછા ફર્યા પછી ઈઝરાયેલને મંત્રણામાં વધુ ફાયદો થશે. તેમણે જણાવ્યું કે 'લશ્કરી દબાણ વધુ મજબૂત બનશે- પ્રવેશ અને બહાર નીકળવાનું નહીં, પરંતુ પ્રદેશ કબજે કરવું. સ્મોટ્રિચે ઈઝરાયેલી ન્યાયિક પ્રણાલીની પણ ટીકા કરી હતી અને દાવો કર્યો કે તેણે 'સંપૂર્ણપણે તેનો નિર્ણય ગુમાવ્યો છે.' તેમણે વડાપ્રધાન કાર્યાલયથી સંબંધિત વર્ગીકૃત ઈઝરાયેલી લશ્કરી ગુપ્ત માહિતીની ચોરી અને લીક સાથે સંકળાયેલા ચાલુ કેસને પ્રણાલીગત નિષ્ફળતાના મુખ્ય ઉદાહરણ તરીકે વર્ણવ્યું હતું. તેમણે જણાવ્યું કે, 'હું ૭ ઓક્ટોબરની તપાસનું આ મહત્વપૂર્ણ કાર્ય એવી સિસ્ટમને સોંપવા તૈયાર નથી કે જેના પર મને વિશ્વાસ ન હોય.' 'હું એક સ્વતંત્ર તપાસ સમિતિની તરફેણમાં છું જે દરેક પથ્થરને ફેરવશે.'

# ઈરાને પરમાણુ એકમ નજીક હવાઈ સુરક્ષા અભ્યાસ શરૂ કર્યો

(એજન્સી) તા.૧૧

ઈરાનના સશસ્ત્ર દળોએ મંગળવારે મધ્ય ઈસ્ફહાન રાજયમાં નતાન્ઝ યુરેનિયમ સંવર્ધન સુવિધા નજીક મોટા પાયે સંયુક્ત હવાઈ સંરક્ષણ કવાયત શરૂ કરી, IRIB ટીવીએ અહેવાલ આપ્યો કે 'ઈક્તેદાર' (પાવર) ૧૪૦૩ કવાયત ખાતમ અલ-ની નજીક હાથ ધરવામાં આવી છે. અંબિયા એર બેઝ બેઝ કમાન્ડર કાદર રહીમઝાદેહના આદેશ પર શરૂ કરવામાં આવ્યું હતું.

IRIB અનુસાર, પ્રથમ તબક્કામાં ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સ (IRGC)ના એરોસ્પેસ ફોર્સ યુનિટ્સ 'મુશ્કેલ ઈલેક્ટ્રોનિક યુદ્ધ પરિસ્થિતિઓમાં બહુવિધ હવાઈ જોખમો સામે પરમાણુ સ્થળની સર્વાંગી સંરક્ષણ' કરશે.

IRGCના પ્રવક્તા અલી-મોહમ્મદ નૈનીએ સોમવારે જણાવ્યું કે વાર્ષિક કવાયતનો હેતુ સૈન્ય તૈયારીઓને જાળવી રાખવા અને સુધારવાનો છે, સંભવિત સૈન્ય જોખમો અને તોડફોડ પ્રવૃત્તિઓનો



સામનો કરવો અને રાષ્ટ્રીય મનોબળ વધારવાનો છે.

યુએસની ન્યૂઝ વેબસાઈટ એક્સિઓસે ગયા અઠવાડિયે અહેવાલ આપ્યો કે યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને યુએસ પ્રમુખ જો બિડેનને ઈરાની પરમાણુ કેન્દ્રો પર સંભવિત અમેરિકન હુમલા માટેના વિકલ્પો રજૂ કર્યા પછી આ કવાયત કરવામાં આવી છે 'જો ઈરાન ૨૦૨૫ પહેલા પરમાણુ હથિયારો તરફ આગળ વધે છે.'

સોમવારે, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાગીસે જણાવ્યું કે દેશ તેના પરમાણુ કાર્યક્રમ અંગેની ચિંતાઓને દૂર કરવા અને પ્રતિબંધો હટાવવા માટે 'સન્માન અને ગૌરવના આધારે' મંત્રણા માટે તૈયાર છે. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે મંત્રણાની સંભાવના અંગેના પ્રશ્નના જવાબમાં તેણે તેહરાનમાં સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી.

તેમણે જણાવ્યું કે, ઈરાન હંમેશા સંવાદમાં માને છે, ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનના વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટપણે દેશની તાજેતરની સ્થિતિ જાહેર કરી છે કે 'અમે પ્રતિબંધો હટાવવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમની પ્રકૃતિ માટે પ્રતિબદ્ધ છીએ.' ચિંતાઓને દૂર કરવા માટે આદર અને ગૌરવ.' ''આ અમારી નિશ્ચિત સ્થિતિ છે.

જો કે, (કોઈપણ સંભવિત) મંત્રણાનું ફોર્મેટ અન્ય પક્ષોના દૃષ્ટિકોણ અને પ્રદર્શન સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં લીધા પછી જ નક્કી કરવું જોઈએ, ''બધાઈએ જણાવ્યું હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# જંગલમાં મળી આવેલો મૃતદેહ તેમજ ઘાયલ બાળકો, બસ્તર એન્કાઉન્ટરના ઘણા વણઉકેલ્યા પ્રશ્નો ઊભા કરે છે

૧૯ ડિસેમ્બરે, છત્તીસગઢ પોલીસે નારાયણપુર જિલ્લાના જંગલોમાં સાત માઓવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યાના એક અઠવાડિયા પછી, મેં, જ્યાં ચાર મોત થયા હતા તે કુમ્મામ ગામની મુલાકાત કરી હતી. જો કે મારા આગમન સુધીમાં તેમના મૃતદેહને દફનાવી દેવામાં આવ્યા હતા. પૂછપરછ કરતાં તેમના પરિવારો તરફથી જાણવા મળ્યું કે, તેઓ માઓવાદીઓ નહીં પણ સામાન્ય ગ્રામીણ હતા અને તેઓને તેમના ખેતરની નજીકની ઝાડીઓમાં સુરક્ષા દળોએ મારી નાખ્યા હતા. પોલીસે ૧૨ ડિસેમ્બરે બળવાખોરો સાથે ગોળીબારના એન્કાઉન્ટરનો દાવો કર્યો હતો, ગામ લોકો મને જ્યાં હત્યાઓ થઈ હતી તે સ્થળે લઈ ગયા હતા. આ જગ્યા કાલ્હાજા-ડોન્ડરબેડાના જંગલોથી અઢી કલાકની અંતરે હતી. જ્યારે અમે આ વિસ્તારમાં ફરી રહ્યા હતા ત્યારે માથું ફાટી જાય તેવી દુર્ગંધ અમને આવી. દુર્ગંધની દિશામાં અમે વાદળી ટી-શર્ટ અને ચડ્ડી પહેરેલા એક યુવકની સડી ગયેલી લાશ જોઈ. આ લાશનું માથું એક તરફ વળી ગયેલું તેમજ તેના હાથ પગ શરીરથી છુટા પડી ગયેલા હતા. તેના માથામાં એક મોટું કાણું પડી ગયું હતું અને તેની આંખોને અસંખ્ય કીડાઓથી ઢંકાયેલી હતી. મારી સાથે રહેલા ગામલોકોએ આ લાશની ઓળખ, કુમ્મમ ગામના પટેલ ગુડસા ઓયમના પુત્ર નેવરુ ઓયમ તરીકે કરી હતી. ૧૨ ડિસેમ્બરે પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા ગામના ચાર લોકોમાં ગુડસાનો પણ સમાવેશ થતો હતો. ગુડસા ઓયમના પુત્રનો મૃતદેહ મળી આવતાની સાથે આ વિવાદાસ્પદ એન્કાઉન્ટરમાં થયેલા મૃતકોની સંખ્યા આઠ પર પહોંચી ગઈ છે. જેને કારણે પોલીસ થીયરી સામે ઘણા પ્રશ્નો ઊભા થયા છે. કુમ્મમ ગામ એ નારાયણપુરના ઓરછા બ્લોકની રેકવાયા પંચાયતનો એક ભાગ છે. જે અબુઝમાદમાં અજાણી ટેકરીઓ પાસે આવેલો છે. મોટાભાગે આ પ્રદેશનો સર્વે કરાયેલો ન હોવાને કારણે આ પ્રદેશનો ઉપયોગ પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ના ગેરિલા કરે છે. ૨૦૨૪માં, છત્તીસગઢ પોલીસે 'માડ બચાવો અભિયાન' હેઠળ માઓવાદી વિરોધી આક્રમણ શરૂ કર્યું હતું. આ અભિયાન હેઠળ, પોલીસે અબુઝમાદ અને તેની આસપાસ ૧૦૦થી વધુ માઓવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. ૨૦૨૪માં બસ્તરમાં પોલીસે વિદ્રોહી હત્યાઓ તરીકે જાહેર કરેલા ૨૧૭ મૃત્યુમાંથી આ આંકડો લગભગ અડધો છે. સ્ક્રોલના અગાઉના અહેવાલ મુજબ, આમાંના ઘણા મૃત્યુ, માર્યા ગયેલા લોકોના પરિવારો દ્વારા પડકારવામાં આવ્યા છે. પરંતુ ૧૨ ડિસેમ્બરના એન્કાઉન્ટરને લીધે વ્યાપક લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પોલીસ ગોળીબારમાં ઘાયલ ચાર બાળકોને આદિવાસી નેતા અને કાર્યકર સોની સોરી નજીકની હોસ્પિટલમાં લાવ્યા હતા. શરૂઆતમાં હોસ્પિટલે નોંધ્યું હતું કે બાળકોને કોઈ અજાણી વિદેશી ચીજને કારણે ઈજાઓ થઇ હતી. ત્યારબાદ, જ્યારે એક સગીર રામલી ઓયમને રાયપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવી, ત્યારે ત્યાંના ડૉક્ટરોએ તેની ગરદનમાં ફસાયેલી બુલેટ બહાર કાઢી હતી. ઈજાગ્રસ્ત બાળકો પરના રોષનો જવાબ આપતા, ૧૭ ડિસેમ્બરે બહાર પાડવામાં આવેલા એક અખબારી નિવેદનમાં, પોલીસે દાવો કર્યો હતો કે ઈજાઓ માઓવાદીઓ દ્વારા ફાયર કરવામાં આવેલા ક્રૂડ ગ્રેનેડના સ્પ્લિન્ટરના કારણે થઈ હતી. નિવેદનમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે માઓવાદીઓએ વરિષ્ઠ કેડર કાર્તિક ઉર્ફે દસરુની આસપાસ માનવ સુરક્ષા રિંગ ફેંકી હતી અને બાળકો તે રિંગનો ભાગ હતા. ૧૩ ડિસેમ્બરના રોજ માઓવાદીઓએ સ્વીકાર્યુ હતું કે, કાર્તિક ૬૨ વર્ષની વયના CPI (માઓવાદી)ના વરિષ્ઠ નેતા હતા, તેઓ બીમાર હોવાથી તેમને રામલી મડકમ નામની પરિચારિકા આપવામાં આવી હતી. નિવેદન મુજબ માર્યા ગયેલા સાતમાંથી માત્ર કાર્તિક અને રામલી જ માઓવાદી હતા. બાકીના પાંચ સામાન્ય ગ્રામીણ હતા. આ દાવાઓની સ્વતંત્ર રીતે તપાસ કરવા માટે, મેં ડુંગરાળ જંગલોવાળા પ્રદેશમાંની કઠિન મુસાફરી કરીને કુમ્મમ અને લેકાવાડા ગામની મુલાકાત કરી, જ્યાં પોલીસ ગોળીબારમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. અહિયાં પોલીસે રજૂ કરેલી કહાનીથી વિપરીત કહાની બહાર આવી હતી. બંને ગામોના લોકોએ કહ્યું કે સુરક્ષા દળોએ નિઃશસ્ત્ર લોકો પર અત્યંત નજીકથી ગોળીબાર કર્યો હતો.

**ઘાસમાં છુપાઈ ગયા :** કુમ્મામ એ લગભગ ૧૩ ઘરોનું નાનું ગામ છે, ત્યાં બધા ઓયમ કુળના સભ્યોના છે. બસ્તરના આ ભાગમાં રહેતા અન્ય આદિવાસી ખેડૂતોની જેમ, તેઓ દર બે વર્ષે જંગલની જમીનનો નવો ભાગ સાફ કરીને 'પેંડા ખેતી' તરીકે ઓળખાતી સ્થળાંતરીત ખેતી કરે છે. દર વર્ષે સપ્ટેમ્બરમાં, વરસાદની ઋતુ પૂરી થતાં ગામના સભ્યો જમીનના આ પેચમાં, અસ્થાયી ઘર બાંધીને માર્ચ સુધી ત્યાં રહે છે. અહી તેઓ બાજરી જેવા કોસરાના પાક વાવે છે, જે બાદ આ પાકના અનાજની કાપણી, થ્રેસીંગ અને સાફ કરે છે. પચાસની ઉંમરનો આયતુ ઓયમના જણાવ્યા અનુસાર, ૨૦૨૪માં વરસાદનો વિલંબ થતાં એક દિવસ ૧૦ ડિસેમ્બરની મોડી સાંજે, તે અન્ય ગ્રામજનો સાથે તેના કાચા મકાનની ઘરની બાજુમાં એક ખડક પર બેઠો હતો ત્યારે તેમણે પાંચથી સાત મિનિટના અંતરે ત્રણ વિસ્ફોટો સાંભળ્યા હતા. જેથી આ વિસ્તારમાં સુરક્ષા દળોની હાજરીનો પહેલો સંકેત મળ્યો હતો. બીજી તરફ ગ્રામજનો ચિંતાતુર બની ગયા હતાં. બીજે દિવસે સવારે, તમામ ગ્રામવાસીઓ કાપણી લેવામાં વ્યસ્ત હતા ત્યારે અંધાધૂંધ ગોળીબારોનો અવાજ સંભળાયો અને એક ગોળી પેંડાની નજીક રમી રહેલા આઠ વર્ષના છોકરા સોનુ ઓયમના માથામાં વાગી ગઈ હતી. સુરક્ષા દળો ગામ લોકોને બળવાખોરોના સમર્થકો સમજીને ટાર્ગેટ ન બનાવી દે તેવા ભયને કારણે કેટલાક યુવાનોએ નજીકના જંગલમાં જઈને છુપાઈ જવાનું નક્કી કર્યું હતું. જંગલમાં ભાગી ગયેલા સોળમાંથી નવ છોકરીઓ હતી. અન્ય સાતમાં નેવરુ ગુડસા ઓયમ, મોટું આયતુ ઓયમ અને પાંચ, ચાર અને બે વર્ષના ત્રણ બાળકોના પિતા કોહલા ઓયામનો સમાવેશ થાય છે. મારી સાથે જંગલમાં આવેલા લોકોમાં એક ૧૯ વર્ષનો મનીષ ઓયમ પણ હતો. મનીષ મને જંગલમાં રહેલી કમર-ઉંચી ખજૂરીની ઝાડીઓ (છિંદ ઘાસ)ના એક પૅચમાં લઈ ગયો હતો. તેણે મને આ જગ્યા બતાવીને કહ્યું કે, તે દિવસે તેણે અહી અન્ય ૧૬ લોકો સાથે સુરક્ષા દળો જોઈ ન શકે તે રીતે છુપાઈને ઘાસમાં આશરો લઈને રાત વિતાવી હતી. બીજા દિવસે સવારે, સુરક્ષા દળોએ ડ્રોન ઉડાડીને આ તમામને શોધીને ઘેરી લીધા હતા. મનીષે દાવો કર્યો છે કે તેણે નજીક આવી રહેલા બે સુરક્ષાકર્મીઓ જે ગોંડી ભાષામાં વાતચીત કરી રહ્યા હતા તેમાંથી એક સુરક્ષા કર્મચારીએ બીજાને પૂછ્યું હતું કે, આ ઘાસમાં છુપાયેલા લોકોને પકડવા જોઈએ કે મારી નાખવા જોઈએ ત્યારે બીજા સુરક્ષા કર્મચારીએ જવાબ આપ્યો હતો કે, "દરેકને ગોળી મારી દેવી જોઈએ." મનીષના જણાવ્યા મુજબ, તેમની આ વાતચીત સાંભળીને મોટું ગભરાઈ ગયો હતો અને ડાબી બાજુના ઓપનિંગ તરફ દોડ્યો હતો. જે બાદ સુરક્ષા કર્મચારીઓએ તેને ખભાના પાછળના ભાગે ગોળી મારી હતી. મોટુંની પાછળ ભાગી રહેલા કોહલાને એક ગોળી છાતીમાં મારવામાં આવી હતી અને બીજી ગોળી પેટમાં મારવામાં આવી હતી. જોકે મનીષ બીજી દિશામાં દોડ્યો હોવાને લીધે તે કોઈ ઈજા વિના નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.



જ્યારે ઘાયલ બાળકો હોસ્પિટલમાં દાખલ કરાયા ત્યારે છત્તીસગઢ પોલીસે આ કૃત્ય માટે માઓવાદીઓને જવાબદાર ઠેરવ્યા હતા પરંતુ ગ્રામજનો કંઈક બીજું જ કહે છે

**જો કે અન્ય મનિષ જેટલા નસીબદાર ન હતા :** મનીષે જણાવ્યું હતું કે, સોમારી નામની એક યુવતીને દળોએ પકડીને મારી નાખી હતી. બાદમાં, નેવરુ ઓયમનો મૃતદેહ સ્થળથી લગભગ ૨૦૦ મીટર દૂરથી મળી આવ્યો હતો. મનીષે કહ્યું કે, તેની પણ ભાગતી વખતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હશે. જ્યારે ગુડસાની હત્યા કેવી રીતે કરવામાં આવી તેવું પૂછતા મનીષે કહ્યું કે, નેવરુના પિતા, ગુડસા ઓયમ, ઝાડીઓમાં છુપાયેલા સોળમાં નહોતા તેમ છતાં તે પણ અસ્થાયી વતન છોડીને ભાગ્યા હતા પણ આખરે તેમનો ટ્રેક ગુમાવી બેઠા હતા. ઝાડીઓમાં છૂપાયેલા જે લોકોને મારવામાં આવ્યા હતા તે લોકોમાં અયતુ ઓયામનો મોટું પણ સામેલ હતો. અન્ય ઘાયલ લોકોમાં આઠ વર્ષીય સોનુ અને ૧૭ વર્ષીય રામલી હતી જે સુદ્રી, સુનિલા અને તુલસી નામની અન્ય ત્રણ છોકરીઓ સાથે ગોળીબારના સ્થળેથી ભાગી ગયા હતા. રામલી રાયપુરની હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી. પરંતુ હું કુમ્મામમાં અન્ય ત્રણ છોકરીઓને મળવા પહોંચી ગયો હતો જે ગોળીથી બચી ગઇ હતી. જોકે ભાગતી વખતે તેઓના શરીર પર પડેલા ઉઝરડાના નિશાન સાફ દેખાતા હતા. આ છોકરીઓએ મને તેમની ઈજાઓ બતાવીને થયેલા ગોળીબારનું વર્ણન કર્યું હતું, જેને પાછળથી મનીષ અને ગામના અન્ય લોકોએ સમર્થન આપ્યું હતું. તુલસીએ કહ્યું, "જો અમે ભાગ્યા ના હોત તો અમે માર્યા ગયા હોત." આશ્ચર્યજનક રીતે, છોકરીઓએ યાદ કર્યું કે જ્યારે તેઓ ભાગી રહ્યા હતા, ત્યારે તેઓ એક ગણવેશધારી પોલીસકર્મી અને એક પોલીસ મહિલાની વચ્ચેથી પસાર થયા હતા. પણ સદનસીબે બંનેમાંથી કોઈએ તેમને રોક્યા નહીં કે તેમને કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં. સુદ્રીએ કહ્યું કે, "અમે ફક્ત ઊંધું ઘાલીને ઝડપથી ચાલીને નીકળી ગયા હતા." ગોળીબારથી ભાગતી વખતે છોકરીઓને નાના ચીરા અને ઉઝરડા પડ્યા હતા.

**બાળકોને ત્યજી દેવા પડ્યા :** કોહલાએ ઝાડીઓમાં ભાગી જતા પહેલાં તેના બાળકો, ૫ વર્ષીય બિમલા, ચાર વર્ષીય સુકલાલ અને ૨ વર્ષીય રૈનુને તેમના પડોશીઓના બે મોટા બાળકો, ૭ વર્ષીય બિનેશ અને ૯ વર્ષના કોંડા સાથે છોડી દીધા હતા.

મનીષ ઓયમે યાદ કર્યું કે, "તેમણે બાળકોને તેઓ જ્યાં હતા ત્યાં જ રહેવા કહ્યું અને પોલીસ જતાની સાથે જ પાછા આવવાનું વચન આપ્યું હતું." પિતાએ સંભવતઃ ધાર્યું હતું કે, જો સુરક્ષા દળો તેમના પેંડા પર દરોડા પાડશે અને બાળકોને જોશે તો તેઓ તેમને નુકસાન વિના છોડી દેશે. જોકે, ગોળીબારનો અવાજ સાંભળતા જ બાળકો ગભરાઈને ભાગી ગયા હતા. રૈનુને સાથે લઇ જવામાં અસમર્થ હોવાથી તેઓ તેને જંગલમાં છોડીને ભાગી નિકળ્યા હતા. જ્યારે ગોળીબાર બંધ થયો ત્યારે બાળકો સહિત તમામ ગુમ થયેલા લોકોની શોધમાં મહિલાઓ અને વૃદ્ધો તેમના ખેતરમાંથી બહાર દોડી આવ્યા હતા. ૧૩મી ડિસેમ્બરે બીજા દિવસે બાળકો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેઓ મળી આવ્યા હતા. આ બાળકોએ ડરના કારણે જંગલમાં રાત વિતાવી હતી. કોહલાની પત્ની બુદ્રીએ બાળકોને તેની સોડમાં ખેંચતા કહ્યું, "તેઓએ એક જંગલી રીંછનો પણ સામનો કર્યો જે તેમને નુકસાન પહોંચાડ્યા વિના તેમની પાસેથી પસાર થઈ ગયું હતું." પરંતુ, ૧૩ ડિસેમ્બરે, કોહલાની જેમ રૈનુ હજુ પણ ગુમ હતો. કુમ્મમ સુધી વાત પહોંચી કે લેકાવાડામાં એક ત્યજી દેવાયેલ બાળક મળી આવ્યું હતું અને તેને તાડોપોટ ગામમાં લઈ જવામાં આવ્યું હતું. બુદ્રી ફટાફટ બે કલાકના અંતરે આવેલા પલ્લી ગામ પહોંચી હતી જ્યાં તેને તેનું બાળક રૈનુ મળી આવ્યો હતો. પરંતુ બુદ્રીને તેનું બાળક મળી આવ્યાનો આનંદ ક્ષણિક હતો. ટેડોપોટ ખાતે લોકોએ તેને સોશિયલ મીડિયા પર ફરતું પોલીસનું નિવેદન બતાવ્યું હતું. જેમાં મળેલા મૃતદેહોના ફોટા હતા. તેમાંથી એક તેનો પતિ કોહલા હતો. જો કે બુદ્રી ઓયમને તેના બાળકો તો મળી ગયા હતા પણ તેણે તેના પતિ કોહલાને પોલીસ ગોળીબારમાં ગુમાવ્યો હતો. બુદ્રીએ ગોંડી ભાષામાં કલ્પાંત કરતા કહ્યું કે, "મેં સરકારનું શું બગાડ્યું હતું કે તેણે મારી પાસેથી આટલું બધું લૂંટી લીધું છે? હવે હું મારૂં જીવન કેવી રીતે આગળ વિતાવીશ? જો મને કોઈ સંતાન ન હોત, તો હું હજી પણ કોઈની સાથે રહી શકત પણ મારા ત્રણ બાળકો સાથે મને કોણ સ્વીકારશે?"



બણબણતી માખીઓથી ભરેલું એક ફૂલેલું શરીર ઝાડીઓમાં પડ્યું હતું

**નાળા પાસે ગોળીબાર :** લેકાવાડા ગામના, પચાસ વર્ષીય માસા ઓયમે, રૈનુને એક પોલીસકર્મીએ તેને સોંપી અને તેણે કેવી રીતે તેની સંભાળ રાખી તે વાત વર્ણવી હતી. તેમણે યાદ કર્યું હતું કે, "હું ૧૨મી તારીખે ખેતરમાં હતો...જ્યારે એક પોલીસકર્મીએ લગભગ ૪ વાગ્યાની આસપાસ એક બાળક મને સોંપ્યું હતું." હિન્દીમાં વાત કરી રહેલા પોલીસકર્મીએ માસાને કહ્યું કે, તેને બાળક જંગલમાં મળ્યું છે. માસા, ગોંડી ભાષામાં તેને કહ્યું કે, આ બાળક તેનું નથી. પણ પોલીસકર્મીએ બાળકને માસાના હાથમાં મુકીને ચાલતી પકડી હતી. કુમ્મામની જેમ, લેકાવાડા પણ ગાઢ જંગલમાં બે કલાકના રસ્તે આવેલું લગભગ દસેક ઘરોનું એક નાનું ગામ છે. અહીના રહેવાસીઓ પણ શિફ્ટિંગ ખેતી અથવા પેંડા ખેતીનો અભ્યાસ કરે છે. એક યુવાન છોકરા લચ્છુ ઓયમે જણાવ્યું હતું કે, વિવિધ સ્થળોએ ફેલાયેલા તેમના પેંડા ખેતરોમાં પહોંચવા માટે પહાડોમાંથી એક કલાકનો સમય લાગે છે. તેમના પરિવારનું પેંડાનું ખેતર અયનેલ નામની જમીનના પેચ પર આવેલું હતું. ૧૨ ડિસેમ્બરે લચ્છુ ઓયમના પિતા, જેમનું નામ પણ માસા ઓયમ છે, તેની માતા સુદની અને તેનો નાનો ભાઈ સીથરામ સવારે ૬ વાગ્યા સુધીમાં આયનેલ પહોંચવા માટે વહેલા ઘરેથી નીકળી ગયા હતા. ગામના ૨૦ જેટલા અન્ય લોકો ત્યાં કામ કરતા હતા. માસા, તેના ૧૪ વર્ષના પુત્ર સીથરામ સાથે, માટી-પ્લાસ્ટરિંગના કામ માટે પાણી લેવા માટે નજીકના નદીના પેંગુડા નાળા પર ગયા હતા. તેમની સાથે લક્કે અને પુસે નામની બે સાળી અને સાળો ગોરા ગોપ્પા જોડાયા હતા. લક્કે જણાવ્યું હતું કે, જ્યારે તેઓ નાળા પર પહોંચ્યા ત્યારે તેઓને ૫૦૦ મીટર દૂર રહેલા સુરક્ષા દળોએ ઘેરી લીધા હતા. તેઓ ગભરાઈ ગયા હતા. એકાદ સેકન્ડ પછી માસાને, એક તેની છાતીના ભાગે અને બીજી થોડી નીચે એમ બે ગોળી મારવામાં આવી હતી. ગોળી વાગતા જ માસા ફસડાઇ પડ્યો અને તે જોઈને અન્ય લોકો બને તેટલી ઝડપથી ભાગવા લાગ્યા હતા. ભાગતી વખતે, સીથરામને તેના નિતંબમાં ગોળી વાગી હતી. લક્કેએ કહ્યું કે તેણે સુરક્ષા કર્મચારીઓની ગોળીથી તેના જીજાજીને મોતને ઘાટ ઉતારતા જોયા છે. ઈજાગ્રસ્ત બાળક તે રાત્રે જંગલમાં રહ્યો, બીજા દિવસે સવારે તેની માતા પાસે પાછો ફર્યો, જે તેના પતિના મૃત્યુથી દુઃખી હતી.

કુમ્મમના અન્ય ઘાયલ બાળકોની જેમ, તેને આદિવાસી નેતા સોની સોરી દ્વારા ભૈરમગઢમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલ રજીસ્ટરમાં નોંધ છે કે, ચૈત્રમ નામના બાળકને ૧૪ ડિસેમ્બરે તેના 'નિતંબ અને જાંઘ'માં 'કેટલાક અજાણ્યા વિદેશી કણ' સાથે દાખલ કરવામાં આવ્યો હતો.

અન્ય ઘાયલ બાળકોમાં કુમ્મામનો આઠ વર્ષનો સોનુ ઓયમ પણ સામેલ છે. ભૈરમગઢ હોસ્પિટલના રેકોર્ડમાં જણાવવામાં આવ્યું છે કે, તેને માથામાં વિદેશી કણ મારવામાં આવ્યો હતો. ત્રીજો દિવાલુરનો ૧૭ વર્ષનો સગીર છોકરો રાજુ બંદમ હતો, જે તેની પેંડા ખેતીમાં મદદ કરવા કુમમમાં તેની બહેનના ઘરે આવ્યો હતો. જમણા હાથની આંગળીઓમાં ફ્રેકચર થયેલા પગની ઘૂંટી અને ઈજાઓ સાથે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે તે ખેતરમાં બાજરો ભેગો કરી રહ્યો હતો ત્યારે તેની પાસેથી ગોળી પસાર થઈ ગઈ હતી. ચોથી રામલી ઓયમ, કુમ્મામની ૧૭ વર્ષની સગીર છોકરી છે. રામલીને પહેલા ભૈરમગઢ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. તેના ડિસ્ચાર્જ રજીસ્ટરમાં 'ગરદનના પાછળના ભાગમાં અજાણ્યા કણ'ની હાજરી દર્શાવવામાં આવી હતી. રાયપુરની ભીમરાવ આંબેડકર હોસ્પિટલના એક્સ-રે અને મેડિકલ રિપોર્ટમાં તેની ગરદનમાં ગોળી વાગી હોવાનું જણાયું હતું. તેની ૨૦ ડિસેમ્બરે સર્જરી કરવામાં આવી હતી, હોસ્પિટલ રેકોર્ડ જણાવે છે કે, "તેનું ઓપરેશન કરીને ૨.૫ mm x ૫ mmની ગોળી બહાર કાઢવામાં આવી હતી."

**એક વિશાળ વિસ્તાર :** જ્યાં સુધી આ ઘાયલ બાળકોને ભૈરમગઢ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ન હતા, ત્યાં સુધી તો પોલીસે આ ઘટનાને સિફ્તપૂર્વક અખબારી નિવેદનો થકી વાળી દઈને પોતાની છબી સ્વચ્છ રાખી હતી. ૧૨ ડિસેમ્બરની સાંજે જાહેર કરાયેલી પ્રથમ અખબારી નિવેદન અનુસાર, દક્ષિણ અબુઝમાદમાં સવારે ૩ વાગ્યે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું પણ કયા સ્થળે થયું તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. ૧૪ ડિસેમ્બરના બીજા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, છત્તીસગઢ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની સંયુક્ત ટીમ ૧૦ ડિસેમ્બરે સુરક્ષા કામગીરી માટે રવાના કરવામાં આવી હતી અને માઓવાદીઓ સાથે કાલ્હાજા-ડોન્ડરબેડાના જંગલોમાં સવારે ૩ વાગ્યે ગોળીબાર શરૂ થયો હતો. જે મોડે સુધી ચાલુ રહ્યો હતો.

૧૮ ડિસેમ્બરે, ત્રીજા નિવેદનમાં દાવો કરવામાં આવ્યો હતો કે એન્કાઉન્ટર સવારે ૮ વાગ્યે શરૂ થયું હતું અને બપોરે ૩ વાગ્યા સુધી ચાલ્યું હતું, અને સ્થળ તરીકે લેકાવાડા-કલ્હાજા-કોંડાકોટીના જંગલો દર્શાવાયા હતા. જો કે, મેં ગ્રામજનોના જણાવ્યા અનુસાર નોંધ્યું હતું કે, કુમ્મામ લેકાવાડાથી લગભગ ત્રણ કલાકના અંતરે છે. જ્યારે કલ્હાજા અને ડોન્ડરબેડા વચ્ચેના જંગલો, જ્યાં એન્કાઉન્ટર થયું હોવાનું કહેવાય છે, તે તેમના ગામ કુમ્મમથી લગભગ ચાર કલાકના અંતરે છે.

કુમ્મમ અને લેકાવાડાના ગ્રામજનોના અહેવાલો સૂચવે છે કે, જે બન્યું તે એક એન્કાઉન્ટર નહીં પરંતુ બે દિવસમાં અનેક સ્થળોએ ગોળીબારના અનેક રાઉન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે કુમ્મામના આઠ વર્ષીય સોનુને ૧૧ ડિસેમ્બરે ઈજા થઈ હતી, જ્યારે અન્ય લોકો ૧૨ ડિસેમ્બરે ગોળીબારમાં માર્યા ગયા હતા અને ઘાયલ થયા હતા. મેં ગ્રામજનોને પૂછ્યું કે શું આ વિસ્તારમાં સશસ્ત્ર માઓવાદીઓ હાજર હતા અને શું તેમની અને પોલીસ વચ્ચે ગોળીબાર થયો હતો. દરેક જગ્યાએ, પ્રતિસાદ સમાન હતોઃ તેઓએ કંઈપણ જોયું ન હતું. કુમ્મામમાં અયતુ ઓયમે જણાવ્યું હતું કે, ૧૦ ડિસેમ્બરે, તેણે દૂરથી વિસ્ફોટો સાંભળ્યા હતા. જ્યારે મેં તેને પૂછ્યું કે શું તેઓએ આ વિસ્તારમાં કોઈ સશસ્ત્ર બળવાખોરોને જોયા હતા, તો તેણે નકારમાં માથુ હલાવીને કહ્યું કે, "નક્સલ ઈલ્લા" (કોઈ નક્સલી ન હતા). લેકાવાડા ગામમાં, લક્કેને પૂછવામાં આવ્યું કે, જ્યારે સુરક્ષા દળોએ તેના જીજાજી પર ગોળીબાર કર્યો ત્યારે તેઓ કેટલા દૂર હતા ત્યારે તેણે અમે બેઠા હતા તે સામુદાયિક કેન્દ્રથી લગભગ ૫૦૦ મીટર દૂર એક આંગણા તરફ ઈશારો કર્યો હતો. જ્યારે મેં તેને પૂછ્યું કે શું આ વિસ્તારમાં માઓવાદીઓ હતા? ત્યારે તેણે પણ નકારમાં માથું હલાવ્યું હતું. આઠ મૃતકો અને ચાર ઘાયલ બાળકો સિવાય, કુમ્મામ ગામના રામલ ઓયમ, એડવા ગામમાંથી મંગુડુ ઓયમ અને રેંગવાયા ગામમાંથી હિડમા પારસા, એમ ત્રણ પુરુષો ૧૨ ડિસેમ્બરથી તેમના ગામોમાંથી ગુમ થયા હતા. મંગુડુની પત્ની, આયતી ઓયમે, તેના પતિને શબઘર અને પોલીસ સ્ટેશન બંનેમાં શોધવા માટે ભૈરમગઢ સુધી પહોંચી હતી પણ તે તેને શોધી શકી હતી નહીં. અધિકારીઓએ તેને નારાયણપુર જિલ્લાના મુખ્ય મથક પર તપાસ કરવા કહ્યું હતું પરંતુ યુવતીએ મને કહ્યું કે તેને તેના બાળક સાથે મુસાફરી કરવા માટે ખૂબ દૂર છે.

**પોલીસ માટે પ્રશ્નો :** ગ્રામજનોના હિસાબે પોલીસની વર્તણૂક સામે અનેક સવાલો ઉભા થાય છે. જો કુમ્મમના ગ્રામજનોની વાત પર વિચાર કરીએ તો, ડ્રોને સુરક્ષા દળોને ઝાડીઓમાં તેમની હાજરી શોધવામાં મદદ કરી હતી. તો શું ડ્રોને તેની છબીઓમાં એવું દર્શાવ્યું નહી હોય કે ઝાડીઓમાં છુપાયેલા લોકો નિઃશસ્ત્ર ગ્રામીણ હતા? અને જો વરિષ્ઠ અધિકારીઓ ડ્રોનની છબીઓ પર દેખરેખ રાખતા હતા, તો તેઓએ ગ્રાઉન્ડ કર્મચારીઓને તેમને બચાવી લેવાની સૂચના આપી નહોતી?

ગ્રામજનોએ એવો પણ દાવો કર્યો હતો કે, 'તેઓને પકડવા જોઈએ કે મારવા જોઈએ' તે અંગે સુરક્ષા કર્મચારીઓ વચ્ચેની વાતચીત સાંભળી હતી. શું તેમના પર ગોળીબાર કરવાનો નિર્ણય તેના સૈનિકોને ભારે નાણાંકીય ઈનામો આપવાની પોલીસની પ્રથાથી પ્રભાવિત હતો? સત્તાવાર રીતે, કર્મચારીઓ ૧૨ ડિસેમ્બરના ઓપરેશન માટે ૪૦ લાખ રૂપિયાના પુરસ્કારોના હકદાર છે - કાર્તિક માટે રૂા.૨૫ લાખ, રામલી મડકામ માટે રૂા.૫ લાખ, અને બાકીના પાંચ માટે રૂા.૨ લાખ જેઓ ગામલોકોના કહેવા અનુસાર નિર્દોષ, નિઃશસ્ત્ર નાગરિકો છે. જો નેવરુ ઓયામનો મૃતદેહ સુરક્ષા દળોને મળી ગયો હોત તો કદાચ તેમણે તેને એક બક્ષિસ વહન કરનાર માઓવાદી હોવાનું જાહેર કર્યું હોત ? બસ્તરના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પેટીલિંગમે આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું હતું કે, "તે અમારા હિતમાં છે કે અમે માઓવાદીઓને મારી નાખવાના બદલે તેમની ધરપકડ કરીએ કારણ કે અમને ધરપકડ કરાયેલા માઓવાદીઓ પાસેથી સારી માહિતી મળતી હોય છે. માઓવાદી કેડર ત્યારે જ માર્યા જાય છે જ્યારે તેઓ અમારા જવાનો પર ગોળીબાર કરે છે. અમારા જવાનોને પણ સ્વ-બચાવનો અધિકાર છે." સુંદરરાજે જણાવ્યું હતું કે, ઘાયલ બાળકોને ઉત્તમ સારવાર આપવામાં આવી હતી અને તેઓ ક્રોસફાયરમાં ફસાયા હતા કે કેમ તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. તેમણે ગ્રામજનો દ્વારા ઓળખવામાં આવેલ સ્થાન અને પોલીસ નિવેદનમાં ઉલ્લેખિત એન્કાઉન્ટરના સ્થળ વચ્ચેના તફાવત અંગે ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, "મામલો તપાસ હેઠળ હોવાથી હું કોઈ ચોક્કસ માહિતી જાહેર કરી શકતો નથી."

- માલિની સુબ્રમણ્યમ (સૌ. : સ્ક્રોલ.ઈન)

# સચિન તેન્ડુલકર કરતાં હેરી બ્રુક સારો બેટસમેન : ગ્રેગ ચેપલ

સિડની, તા.૧૧

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર ગ્રેગ ચેપલે ઈંગ્લેન્ડના યુવા સટાર બેટસમેન હેરી બ્રુકની મહાન સચિન તેન્ડુલકર સાથે તુલના કરી છે. તેમણે હેરી બ્રુકની ઈન્ટરનેશનલ કારકિર્દીમાં દમદાર શરૂઆતની પ્રશંસા કરી છે. તેમનું માનવું છે કે બ્રુકનો શરૂઆતનો પ્રભાવ તે જ સ્તરે તેન્ડુલકરથી વધારે રહ્યો છે. ભારતના પૂર્વ કોચ ગ્રેગ ચેપલે સિડની મોર્નિંગ હેરાલ્ડ માટે પોતાની કોલમમાં લખ્યું કે હેરી બ્રુક એક એવો યુવા બેટસમેન જેનું પ્રદર્શન અને એપ્રોચની તુલના હું દિગ્ગજ સચિન તેન્ડુલકર સાથે કરૂં છું. જોવા જઈએ તો બ્રુકની શરૂઆતની કારકિર્દીના આંકડા બતાવે છે કે તેણે તે જ સ્તરે પ્રભાવના મામલામાં ભારતીય દિગ્ગજને પણ પાછળ પાડી દીધા છે. બ્રુકે ૨૦૨૨માં દ.આફ્રિકા વિરૂદ્ધ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ માટે ડેબ્યુ કર્યું હતું. ત્યારબાદ તેણે ૨૪ મેચોમાં ૨૨૮૧ રન બનાવ્યા છે. તેની સરેરાશ ૫૮.૪૮ની રહી છે. બ્રુકે ગત વર્ષ ડિસેમ્બરમાં ટેસ્ટ બેટિંગની રેન્કિંગમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચેપલે જણાવ્યું હતું કે બંને બેટ્સમેનોની શરૂઆતની ૧૫ ટેસ્ટ મેચોની તુલના કરીએ તો સચિને ૪૦ની નીચેની સરેરાશથી ૮૩૭ રન બનાવ્યા હતા જ્યારે બ્રુકે ૬૦ની આસપાસ સરેરાશથી ૧૩૭૮ રન બનાવ્યા છે. ચેપલે કહ્યું કે સાચું કહું તો સચિન ત્યારે ઘણા યુવા હતા જ્યારે બ્રુક ૨૦ની આસપાસ છે.

# યશસ્વી જયસ્વાલને ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક મળવી જ જોઈએ



## ફોર્મમાં છે અને રોહિત સાથે ઓપનિંગમાં લેફટી-રાઈટીનું સારૂં કોમ્બિનેશન રહેશે

નવી દિલ્હી, તા.૧૦

ICC ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારતીય ટીમની જાહેરાત ટૂંક સમયમાં થનાર છે. સિલેક્ટર્સ સામે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની હાર બાદ એક એવી ટીમ પસંદ કરવાની જવાબદારી છે, જે હારના ડાગને ધોઈ શકે. ઓસ્ટ્રેલિયામાં શાનદાર પ્રદર્શન કરનાર યશસ્વી જયસ્વાલને ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક આપવામાં આવે તેવા સમાચારે જોર પકડ્યું છે. ૨૩ વર્ષનો ઓપનર રોહિત શર્મા સાથે ઈનિંગની શરૂઆત કરવા માટે પહેલી પસંદ બની શકે છે. તેને ઓસ્ટ્રેલિયામાં રન બનાવવા માટે સંઘર્ષ કરનાર શુભમન ગિલ કરતા વધુ મહત્વ આપવામાં આવી શકે છે.

ભલે ટીમ ઈન્ડિયાએ હાલની સિરીઝમાં સારૂં પ્રદર્શન કર્યું ન હોય, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને દાવેદાર માનવામાં આવી રહી છે. કેપ્ટન રોહિત શર્મા બોર્ડર ગાવસ્કર ટ્રોફીની હારને ભૂલાવીને આગળ વધવા માંગશે. ટેસ્ટમાં ભલે તે સારૂં પ્રદર્શન કરી શક્યો નહીં પરંતુ વન-ડેમાં તે ઘાતક સાબિત થઈ શકે છે. આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં શુભમન ગિલે કેપ્ટન સાથે ઈનિંગની શરૂઆત કરી હતી, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની જગ્યા જોખમમાં જોવા મળી રહી છે. ૨૫ વર્ષના શુભમન ગિલનું પ્રદર્શન છેલ્લા કેટલાક મહિનામાં સારૂં રહ્યું નથી. તેનાથી વિપરીત ૨૩ વર્ષના યશસ્વી જયસ્વાલે શાનદાર બેટિંગ કરી છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝમાં ભારત તરફથી સૌથી વધુ રન બનાવ્યાં હતા. ૫ મેચની ૧૦ ઈનિંગમાં ૧ સદી અને ૨ અડધી સદીના આધારે ૩૯૧ રન બનાવ્યાં હતા. તે સિવાય કોઈ ભારતીય ૩૦૦ રન પણ બનાવી શક્યો નહોતો. ઈન ફોર્મ યશસ્વીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત શર્માની સાથે ઓપનિંગમાં તક મળી શકે છે. યશસ્વી જયસ્વાલે ભલે વન-ડેમાં ભારત માટે ડેબ્યુ કર્યું નથી પણ તેનો રેકોર્ડ લિસ્ટ-એમાં શાનદાર રહ્યો છે. તેણે ૩૨ મેચોમાં પાંચ સદી અને સાત અર્ધસદીની મદદથી ૧૫૧૧ રન બનાવ્યા છે. વન-ડેમાં રોહિત શર્મા ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલ એક સારૂં લેફ્ટ હેન્ડ કોમ્બિનેશન રહેશે.

# શ્રીલંકાએ અંતિમ વન-ડેમાં ન્યુઝી.ને ૧૪૦ રને કારમો પરાજય આપ્યો

ઓકલેન્ડ, તા.૧૧

શ્રીલંકાએ ત્રીજી અને અંતિમ વન-ડેમાં ન્યુઝીલેન્ડને ૧૪૦ રને કારમો પરાજય આપ્યો છે. જો કે ન્યુઝીલેન્ડને શરૂઆતની બે વન-ડે જીત્યા બાદ સિરીઝ પહેલા જ પોતાના નામે કરી લીધી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ૮ વિકેટે ૨૯૦ રન બનાવ્યા હતા. શ્રીલંકાએ પાથુમ નિસાંકા (૬૬), કુસલ મેન્ડીસ (૫૪) અને લિયાંગે (૫૩)એ અર્ધસદી ફટકારી મેન્ડીસે પણ ૪૬ રનની ઈનિંગ રમી. ન્યુઝીલેન્ડ માટે મેટ હેનરીએ ચાર જ્યારે સેન્ટનરે બે વિકેટ ઝડપી ૨૯૧ રનના ટાર્ગેટનો પીછો કરતા ન્યુઝીલેન્ડ ટીમની બેટિંગ પૂરી રીતે નિષ્ફળ ગઈ અને તે ફકત ૨૯.૪ ઓવરમાં ૧૫૦ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ. કીવી ટીમ માટે સૌથી વધારે ૮૧ રન માર્ક ચેપમેને બનાવ્યા જ્યારે વિલ યંગ, ટોમ લાથમ અને ફિલિપ્સ પોતાનું ખાતું પણ ખોલી શકયા નહીં. શ્રીલંકા માટે અસિથા ફર્નાન્ડો, મહીશ તીક્ષણા અને ઈશન મલિંગાએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યુઝીલેન્ડે પ્રથમ વન-ડેમાં શ્રીલંકાને નવ વિકેટે હરાવ્યું હતું જ્યારે બીજી વન-ડેમાં ૧૧૩ રને પરાજય આપ્યો હતો.

# બેટ્સમેનોની મનમાની નહીં ચાલે, આઈસીસી બોલરોને ગિફ્ટ આપશે

ડરબન, તા.૧૧

દ.આફ્રિકાના દિગ્ગજ ક્રિકેટર અને પૂર્વ કપ્તાન શોન પોલોકે કહ્યું છે કે આઈસીસી ક્રિકેટ સમિતિ બોલરોને વાઈડ પર થોડી વધારે છૂટ આપવાની દિશામાં કામ કરી રહી છે કારણ કે હાલનો નિયમ તેમના માટે ખૂબ જ કડક છે. ખાસ કરીને વન-ડે અને ટી-૨૦માં બેટ્સમેન બોલરની લાઈન અને લેન્થ બગાડવા માટે ક્રિઝ પર અંતિમ ક્ષણોમાં મુવમેન્ટ કરે છે. જેના કારણે મોટાભાગે બોલ વાઈડ થઈ જાય છે. પોલોકે કહ્યું કે હું આઈસીસી ક્રિકેટ સમિતિનો હિસ્સો છું અને અમે વાઈડ બોલ પર બોલરો માટે અમુક છૂટ આપવા વિચાર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે હું ઈચ્છું છું કે એક બોલરને રનઅપના સમયે ખબર હોવી જોઈએ કે તેને ક્યારે, કેમ અથવા કેવો બોલ ફેંકવો છે. આ મુખ્ય મુદ્દો છે જેના પર અમે ચર્ચા કરી રહ્યા છે.

**હદીસ બોધ**

મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાય તે પહેલા ચૂકવો.

- હદીસ બોધ

**બોધ વચન**

ડાહ્યો માણસ જરૂરિયાત હોય એના કરતાં વધારે તકો ઊભી કરશે.

- બેકન

**આજની આરસી**

૧૨ જાન્યુઆરી રવિવાર ૨૦૨૫
૧૧ રજબ હિજરી ૧૪૪૬
પોષ સુદ ચૌદસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૫૯
ખત્મે ઝવાલ ૧૨-૪૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૩

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**બાગ-એ-બહિશ્તસે મુઝે હુકમ-એ-સફર દિયા થા કયું, કાર-એ-જહાં દરાઝ હૈ, અબ મેરા ઈન્તોજાર કર**

**મને જન્નતમાંથી દુનિયામાં જવાનો કેમ તેં હુકમ આપ્યો હતો ? દુન્યવી જિંદગી લાંબી છે, હવે મોત પછી આવીશ ત્યાં સુધી મારી રાહ જો અય અલ્લાહ !**

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# બુમરાહ કેપ્ટન બને તો મને આશ્ચર્ય થશે નહીં : ગાવસ્કર

## તેમનામાં કેપ્ટનના ગુણ છે અને તે એવા વ્યક્તિ નથી કે તમારા પર બિનજરૂરી રૂપથી દબાણ બનાવે : ગાવસ્કર



નવી દિલ્હી, તા.૧૧

ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ટીમ ઈન્ડિયાના આગામી ટેસ્ટ કેપ્ટનને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. સુનીલ ગાવસ્કરનું માનવું છે કે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરનાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ રોહિત શર્મા બાદ ભારતીય ટેસ્ટ ટીમની કેપ્ટનશિપ કરશે. જસપ્રીત બુમરાહે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ૫ ટેસ્ટ મેચોમાં ૩૨ વિકેટ ઝડપી છે. આ ઓસ્ટ્રેલિયામાં કોઈ વિદેશી ફાસ્ટ બોલરનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ પ્રદર્શન છે. બુમરાહની કેપ્ટનશિપમાં પર્થમાં રમાયેલી આ સીરિઝની પહેલી મેચમાં જીત હાંસલ કરી હતી. સુનીલ ગાવસ્કરે ચેનલ ૭ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે (બુમરાહ) ટીમ ઈન્ડિયાના આગામી કેપ્ટન હોઈ શકે છે. તે જવાબદારીઓની સાથે ટીમની કેપ્ટનશિપ પણ કરે છે, જેની છબી ખૂબ જ સારી છે. તેમનામાં કેપ્ટનના ગુણ છે અને તે એવા વ્યક્તિ નથી કે તમારા પર બિનજરૂરી રૂપથી દબાણ બનાવે. ક્યારેય ક્યારેક તમારી પાસે એવા કેપ્ટન હોય છે જે તમારા પર ખૂબ જ દબાણ નાંખે છે. બુમરાહને જોઈને એવું લાગે છે કે તે બીજા પાસેથી એવું જ ઈચ્છે છે જે તેનું કામ છે. તેણે તે કામ કરવું જોઈએ જેના માટે તે રાષ્ટ્રીય ટીમમાં છે પરંતુ તેના માટે કોઈના પર દબાણ નાંખતો નથી. જસપ્રીત બુમરાહ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય ફાસ્ટ બોલિંગનું આક્રમણની આગેવાની કરી રહ્યો છે, તેના માર્ગદર્શનતી મોહમ્મદ સિરાજ જેવા ખેલાડીઓને એક ફાસ્ટ બોલરના રૂપમાં વિકસિત થવામાં મદદ કરે છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, જસપ્રીત બુમરાહ મિડ ઓફ, મિડ ઓન પર ઉભા રહે છે અને ફાસ્ટ બોલરો માટે તેમની હાજરી ફાયદાકારક રહે છે. તે બોલરો પાસેથી પોતાના વિચારો શેર કરવા માટે હંમેશાં તત્પર રહે છે. સુનીલ ગાવસ્કરે કહ્યું, મને લાગે છે કે તે એકદમ બ્રિલિયન્ટ હતો અને તેની ભૂમિકા ખૂબ જ સારી રીતે નિભાવે છે. જો તે કેપ્ટન બને તો મને આશ્ચર્ય થશે નહીં.

# જાતિવાદી ટિપ્પણીથી રોષે ભરાયેલા દલિત સમાજે પોલીસ કમિશનરને આવેદનપત્ર આપ્યું, કાર્યવાહીની માંગ કરી



(એજન્સી) ઈન્દોર, તા.૧૧

ઈન્દોર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા ભાજપ કાઉન્સિલર વિવાદમાં, એક તરફ, જ્યાં જૂની ઈન્દોર પોલીસે કાઉન્સિલર કમલેશ કાલરાના ઘર પર હુમલાના કેસમાં છ આરોપીઓની ધરપકડ કરી છે, તો બીજી તરફ, દલિત સમુદાયના હજારો લોકો ઈન્દોર પોલીસ કમિશનરની ઓફિસે પહોંચ્યા અને પૂર્વ કાઉન્સિલર રાજુ કુવાલ સાથે મેયર કાઉન્સિલ સભ્ય જીતુ યાદવ પર કરવામાં આવેલી જાતિવાદી ટિપ્પણી અંગે આવેદનપત્ર આપ્યું. હવે ભાજપ કાઉન્સિલર કમલેશ કાલરા, પૂર્વ કાઉન્સિલર રાજુ કુવાલ અને એમઆઈસી સભ્ય જીતુ યાદવ વચ્ચેના વિવાદમાં જાતિવાદી ટિપ્પણીનો મુદ્દો પણ સામેલ થઈ ગયો છે, આજે દલિત સમુદાયે જાતિવાદી ટિપ્પણી પર આક્રોશ વ્યક્ત કર્યો અને હજારોની સંખ્યામાં ઈન્દોરની શેરીઓમાં ભેગા થઈને પ્રદર્શન કર્યું. હજારો લોકો દલિત સમુદાય માટે રસ્તા પર ઉતરી આવ્યા. જીતુ યાદવની આગેવાની હેઠળના પ્રદર્શનમાં, દલિત સમુદાયે કહ્યું કે, તેમના સમુદાયના કોઈ પણ વ્યક્તિ વિશે અપમાનજનક વાતો અને જાતિવાદી ટિપ્પણીઓ દલિત સમુદાય સ્વીકારશે નહીં. પ્રદર્શનકારીઓ જય ભીમ જય ભીમ અને જબ તક સૂરજ ચંદ રહેગા બાબા સાહેબ કા નામ રહેગાના નારા લગાવી રહ્યા હતા. એફઆઈઆરની માંગ, પોલીસનું તપાસ બાદ કાર્યવાહીનું વચન પોલીસ કમિશનરને સંબોધિત મેમોરેન્ડમ ડેપ્યુટી કમિશનર અંકિત સોનીને સોંપતી વખતે, જીતુ યાદવ અને અન્ય લોકોએ કહ્યું કે અમે કોઈપણ સમુદાયના વિરોધી નથી, અમે કોઈપણ જાતિના વિરોધી નથી. અમે ઈચ્છીએ છીએ કે જાતિવાદી ટિપ્પણી કરનાર વ્યક્તિ સામે એફઆઈઆર નોંધવામાં આવે. ડેપ્યુટી કમિશનરે કહ્યું કે મેમોરેન્ડમમાં ઉલ્લેખિત મુદ્દાઓની તપાસ કરવામાં આવશે અને તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અતુલ સક્સેના :** પત્રકારત્વ મારા માટે એક મિશન છે, જોકે આજનું પત્રકારત્વ ન તો બ્રહ્માંડના પ્રથમ પત્રકાર દેવર્ષિ નારદ જેવું છે કે ન તો ગણેશ શંકર વિદ્યાર્થી જેવું, છતાં હું માનું છું કે જો સમાચારને માત્ર સમાચાર જ રહેવા દેવામાં આવે, તો આ ખરા અર્થમાં પત્રકારત્વ છે અને હું ત્રણ દાયકાથી વધુ સમયથી આ મિશન પર કામ કરી રહ્યો છુંપ.પત્રકારત્વના આ ભૌતિકવાદી યુગમાં, મારા જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે, મને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો છે પરંતુ આ પછી પણ હું ડર્યો નથી કે હું મારા માર્ગથી ભટકી ગયો નથીપ.પત્રકારત્વ મારા જીવનનો તે ભાગ છે જેમાં સાચા અને માત્ર સાચા સમાચાર મારી ઓળખ છે....

# યુનિવર્સિટીઓમાં જાતિવાદ સામે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય



(એજન્સી) તા.૧૧

યુનિવર્સિટીઓમાં SC-ST યુવાનો સાથે જાતિવાદ પર સુપ્રીમ કોર્ટમાં દલીલ કરતી વખતે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે ૨૦૦૪થી, IIT અને અન્ય સંસ્થાઓમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. તેમાંથી મોટાભાગના SC-ST વિદ્યાર્થીઓ છે. ૧૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ રોહિત વેમુલાની આત્મહત્યા, જેને સંસ્થાકીય હત્યા કહેવામાં આવી હતી, અને ૨૨ મે ૨૦૧૯ના રોજ પાયલ તડવીની આત્મહત્યાએ મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ સાથે જાતિવાદ પર મોટી ચર્ચા શરૂ કરી હતી. રોહિત વેમુલા અને પાયલ તડવીની આત્મહત્યા હેડલાઈન્સમાં હતી. તેમની માતાઓએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ ભેદભાવની ફરિયાદ કરતી PIL દાખલ કરી હતી. આ અંગે, સુપ્રીમ કોર્ટે હવે ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ UGC પાસેથી જવાબ માંગ્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાનની બેન્ચે આ સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિવાદનો સામનો કરવા માટે એક અસરકારક પદ્ધતિ બનાવશે. યુનિવર્સિટીઓમાં SC-ST યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા જાતિવાદ પર સુપ્રીમ કોર્ટમાં દલીલ કરતી વખતે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે ૨૦૦૪ થી, IIT અને અન્ય સંસ્થાઓમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. તેમાંથી મોટાભાગના SC-ST વિદ્યાર્થીઓ છે. ડૉ. વિક્રમ હરિજને યુનિવર્સિટીઓમાં જાતિવાદ સામે સુપ્રીમ કોર્ટના મોટા નિર્ણય વિષે દલિત દસ્તકના સંપાદક અશોક દાસ સાથેની વાતચીતમાં ઘણા સવાલો ખડા કર્યા છે.

# કર્ણાટકમાં આંતરજ્ઞાતીય સંબંધોને કારણે દલિત યુવાનની હત્યા



(એજન્સી) તા.૧૧

શબપરીક્ષણ દરમિયાન, પીડિતના સંબંધીઓએ આરોપીની ધરપકડની માગણી સાથે હોસ્પિટલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. કર્ણાટકના બિદર જિલ્લામાં એક છોકરી કે જેની સાથે તે સંબંધમાં હતી તેના પરિવાર દ્વારા તેને નિર્દયતાથી માર મારવામાં આવતા દલિત સમુદાયના ૧૯ વર્ષીય બીએસસી વિદ્યાર્થીનું મોત નીપજ્યું. અહેવાલો અનુસાર, બેડાકુંડા ગામના વતની સુમિત નામના યુવાન પર ૫ જાન્યુઆરીના રોજ રક્ષિયાલ ગામમાં રાહુલ તરીકે ઓળખાતા છોકરીના ભાઈ અને તેના પિતા કિશનરાવે હિંસક હુમલો કર્યો હતો. હુમલાખોરોએ દાવો કર્યો હતો કે તેઓએ સુમિતને તેમની પુત્રી ઘરે એકલી હતી ત્યારે તેની સાથે જોયો હતો જેના કારણે તેઓએ અણધાર્યો હુમલો કર્યો હતો. હુમલા પછી, હુમલાખોરોએ સુમિતના પિતા વિજયકુમારને ફોન કરીને ઘટનાની જાણ કરી. ત્યારબાદ, વિજયકુમાર, તેના મિત્ર વીરશેટ્ટી હુગર સાથે ઘટનાસ્થળે દોડી ગયા અને સુમિતને ગામની બહાર ગંભીર હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો જોયો હતો. તેઓ તાત્કાલિક તેને ઉદગીરની નજીકની હોસ્પિટલમાં લઈ ગયા અને પછી મહારાષ્ટ્રના લાતુર લઈ ગયા. વિજયકુમારે ૬ જાન્યુઆરીએ સ્થાનિક કુશનૂર પોલીસમાં રાહુલ અને કિશનરાવ વિરૂદ્ધ FIR નોંધાવી અને તેમનું નિવેદન નોંધ્યું. ફરિયાદના આધારે, પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમો હેઠળ આરોપીઓ વિરૂદ્ધ કેસ નોંધ્યો. તબીબી પ્રયાસો છતાં, સુમિથનું ૭ જાન્યુઆરીએ સાંજે ૭ વાગ્યાની આસપાસ મોત નીપજ્યું. બિદર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં શબપરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યારે સુમિથના સંબંધીઓએ આરોપીની ધરપકડની માગણી સાથે હોસ્પિટલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.


# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

જુહાપુરા ફલકનુમામાં ક્લિનિક માટે અનુભવી નર્સિંગ સ્ટાફ જોઈએ છે સંપર્ક : 8511786880

**જોઈએ છે એકાઉન્ટન્ટ**
Tallyના જાણકાર લેડીઝ/જેન્ટસ સમય 11થી 5 નારોલ વિસ્તાર માટે 9825071096

**વેચવાનું છે**

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK વેલ ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે, TP 85 સરખેજ અમદાવાદ મો. 9898038775 9624426367

**ફાર્મ હાઉસ માટે જગ્યા વેચવાની છે**
30 ગુંઠા જૂની શરત દસ્તાવેજ ટાઈટલ, સિમરન ફોર્મથી નજીક, ખેડા રતનપુર આંત્રોલી ડામર રોડ ટચ 9727230625

**ફ્લેટ વેચવાનો છે**
A, રોયલ એપાર્ટમેન્ટ, ગુજરાત ટુડેની બાજુમાં 3 BHK (બે ફ્લેટનો એક કરેલ છે) બીજા માળે, વોટસઅપ કરવો 9173462065

**દુકાન વેચવાની છે**
માણેકચોકમાં રોડ ટચ મોટી દુકાન 51- લાખમાં દસ્તાવેજવાળી બ્રોકર અશોકભાઈ 9825151710

**વેચવાનો છે પ્લોટ સ્કીમલાયક (T.P.) કલોલમાં M: 99242 43622**

**Flat For Sale Furnished**
178 vaar + 100 vaar tarrace Falaknuma Call 9825415296

**Under Construction flat**
available for sale, 2/3 BHK Call Broker 9825415296

**Office For Rent/Sale**
west bank, Ashram Road, Mehta 531 V.S. Paldi Call 9825415296

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK 143 વાર TP 85 9510162150

**જગ્યા વેચવાની છે**
સ્કીમ લાયક 436-વાર આસ્ટોડિયા રોડ ટચ એક લાખ રૂપિયા વાર દસ્તાવેજવાળી બ્રોકર અશોકભાઈ 9825151710

**ફ્લેટ વેચવાના છે**
ઢાલગરવાડમાં નવી સ્કીમમાં બે ફ્લેટ લોન થઈ શકે બે બેડ, હોલ, કિચન બ્રોકર અશોકભાઈ 9825151710

**પ્રોપર્ટી વેચવાની છે**
રાયખડ આઈપી મિશન સ્કૂલની સામે રોડ ટચ ત્રણ મકાન જમીનથી 50 ફૂટ ફ્રન્ટ કોમર્શિયલ સ્કીમ માટે એક કરોડ વીસ લાખ બ્રોકર અશોકભાઈ 9825151710

**પ્લોટ વેચવો છે**
અલ-આયના સોસાયટી ફતેહવાડીમાં NA પ્લોટ વેચવા છે સંપર્ક કરો મો.7043541926

**મકાન વેચવાનું છે**
330 વાર નેટ કાર્પેટ એરિયા નવજીવન બેકરીની પાછળ લાલ બંગલો શાહઆલમ દરગાહ પાસે, મેઈન રોડ કિંમત 5 કરોડ 80 લાખ કિંમત રાખેલ છે. અરજન્ટ વેચવાનુંછે. ફુલ્લી ફર્નિશ્ડ મોબાઈલ 9978657060

**ફ્લેટ વેચવાનો છે**
136 ચો.વાર, બ્લીસ રેસિડેન્સી, કુરેશીનગર સામે, જોવાનો સમય : શનિવાર તથા રવિવાર બપોરે 3થી 6 (M) 9898141487 9824066241

**વેચવાનું છે**
કોરિયન સેરાજમનું સ્પાઈન રિપેર કરવાનું તદ્દન નવું મશીન ફાયદાકારક ભાવમાં સમય : સવારે ૧૦થી ૧૨માં 9601742747

**મકાન વેચવાનું છે**
ફકત મુસ્લિમ માટે ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ એરિયા 125 ચો.વાર, બાંધકામ 210 વાર દિલ્હી દરવાજા, અમદાવાદ 8141264631

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
TP 85 અહેમદાબાદ Title Clear 9428329786 (I am Owner)

**દુકાન વેચવાની છે**
ટ્યુટોરિયલ માર્કેટની સામે, ત્રણ દરવાજા 9898000474

**મકાન/ગોડાઉન વેચવાનું છે**
RCC બાંધકામ પથ્થરકુવા, રિલીફ રોડ 9328911236

**ખાનપુરમાં ફ્લેટ વેચવાનો છે**
ગ્રાઉન્ડ ફ્લોરનો, કોમર્શિયલ ઉપયોગ લાયક, ડબલ હાઉઈટનો, પાર્કિંગની સગવડવાળો 9825875577

**સ્કીમ લાયક પ્લોટ વેચવાનો છે**
કાલુપુર, દાંડીગરાની પોળમાં ૧૩૫ વારનો 9825875577

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી TP 85 સરખેજ, લે-વેચ માટે મળો 9106087987

**વેચવાના છે**
જુહાપુરા વેલ મેઈન્ટેન સોસાયટીમાં 3 BHK, 4 BHK ફ્લેટ તેમજ 4 BHK પેન્ટ હાઉસ એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ) 9227777881

**પ્લોટ વેચવાનો છે**
250 વાર ટાઈટલ ક્લિયર ખેડા રતનપુર લઝીઝ હોટલ પાસે 9714601160

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK 126 વાર ફલકનુમા 9510162150

**વેચવાનું છે**
ફ્લેટ 2 BHK, 164 વાર આયાત-અંબર ટાવરની સામે સરખેજ રોડ મોબાઈલ નં. 7486893252

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ભાડે આપવાનો છે**
ઢાલગરવાડમાં શો-રૂમ લાયક મોટી દુકાન 30,000 હજાર ભાડામાં બ્રોકર અશોકભાઈ 9825151710

**વેચાણ આપવાનો છે**
બાગે ફાતીમા 2 BHK ફ્લેટ 7મે માળે ટાઈટલ BU TP 85 રોડ (48 લાખ) 8141837313 ગુલુચાચા

**૧૨ લાખ હેવી ડિપોઝિટમાં આપવાનું છે**
ઈન્વેસ્ટર માટે 2 BHK ફ્લેટ TP 85માં ભાડું 10 હજાર 8141837313 ગુલુચાચા

**ભાડે આપવાનો છે**
3 BHK બંગ્લોઝ ફુલ્લી ફર્નિશ્ડ-ફર્નિચર સરખેજ રોડ ટચ (38 હજાર) 8141837313 ગુલુચાચા

**હબીબી એસ્ટેટ બ્રોકર**
જુહાપુરા-સરખેજ વિસ્તારમાં ટાઈટલ ક્લિયર પ્રોપર્ટી લેવા તથા આપવા માટે સંપર્ક કરો ઝહીર શેખ 8734007181

**વેચાણ આપવાનો છે**
બંગલો, ઘાંચી હોલ પાસે, 5 બેડરૂમ હોલ, કિચન, ફર્નિચર સાથે 470 = વાર પ્લોટ 400 = વાર બાંધકામ ઈમ્પેક્ટ ફી ભરેલ 9925519490 બ્રોકર ઈખ્તીયારભાઈ

**ફ્લેટ, ડુપ્લેક્ષ ભાડે આપવાના છે**
3 = 2 BHK 9925519490

**વેચાણ આપવાનું છે**
ટેનામેન્ટ, ડુપ્લેક્ષ ટાઈટલમાં 120 વાર પ્લોટ જુહાપુરા 9925519490

**તાત્કાલિક ફ્લેટ ભાડે તથા વેચાણથી આપવાના છે**
નવરંગપુરા તથા પાલડીમાં (Genuine Work) કોઈપણ પ્રોપર્ટી ભાડે/લે-વેચ માટે તાત્કાલિક મળો. Urgent Contact 9327646982 www.yourpropertysolution.in

**Apex Property Solution**
વિશાલાથી સરખેજ સુધી દુકાન ભાડેથી જોઈએ છે જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ, દુકાન ભાડે વેચાણ લે-વેચ માટે મળો Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ ભાડે-લે-વેચ 8141837313 ગુલુચાચા

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી લેવા-વેચવા તેમજ ભાડા માટે મળો એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ) 9227777881

**ફ્લેટ ભાડે આપવાના છે**
2 BHK, 1 BHK પાલડીમાં પ્રિન્સ બ્રોકર 9662196776

**લગ્ન વિષયક**

મુસ્લિમ યુવક Very Handsome Age 26 BE Mechanical Engineer Doing Government Job માટે યુવતીના વાલી સંપર્ક કરો 9825091851

**મુસ્લિમ મેરેજ બ્યુરો**
તાંદલજા, વડોદરા દેશ/વિદેશમાં મનપસંદ જીવનસાથી મેળવવા સંપર્ક સાધો 9265746142

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

**VIP Muslims Marriage Bureau**
Since 2009 (Online - Offline) www.vipmuslimsmarriagebureau.com Doctor, NRI, Highly Educated, Business Class Families Can Contact to us Only. (Age 18 to 55) Urgent WhatsApp 9327071001

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**નામ બદલેલ છે**
મારૂં નામ વિનોદકુમાર ભાનુમલ ભાવનાણીથી બદલી વિનોદકુમાર બાનામલ ભાવનાણી રાખેલ છે. ૬૫ દેવભૂમિ બંગલો, બેરણા રોડ હિંમતનગર, સા.કાં.૩૮૩૦૦૧

**નામ બદલેલ છે**
મારૂં નામ મોહીબમીયા ઈન્નુદમીયા મલેકથી બદલી મોહીબમીયા ઈન્નુસમીયા મલેક રાખેલ છે. મુ.વીરાવાડા, મલેકવાસ, તા. હિંમતનગર, સા.કાં.૩૮૩૦૦૧

**નામ બદલેલ છે**
મારૂં નામ આલીયા અબ્દુલરહેમાન સરેશવાલાથી બદલી આલીયાબેગમ મહંમદઆરીફ મારફતીયા રાખેલ છે. મુબારકખાન સ્ટ્રીટ, પાડાનો મોહલ્લો, વહોરવાડ, પ્રાંતિજ, સા.કાં.૩૮૩૨૦૫


**અગત્યની સૂચના**

લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - **વ્યવસ્થાપક**

# ડિસેમ્બર ૨૦૨૪ બાદથી CJPએ NCSC સમક્ષ દલિત વિરોધી અત્યાચારોમાં વધારો થવા અંગે ચિંતા વ્યક્ત કરી

## સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ NCSCને ફરિયાદ મોકલી જેમાં દેશભરમાં વ્યાપક દલિત વિરોધી અત્યાચારો પર પ્રકાશ પાડવામાં આવ્યો અને પ્રણાલીગત ભેદભાવનો ભોગ બનેલા લોકો માટે ન્યાયની હાકલ કરવામાં આવી

(એજન્સી) તા.૧૧

ફરિયાદમાં પીડિતોને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે કમિશનના હસ્તક્ષેપની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪થી, અસંખ્ય દલિત વિરોધી ઘટનાઓ બની છે, જે બધી આ ફરિયાદમાં વિગતવાર છે. આ ઘટનાઓ જાતિ ભેદભાવ હેઠળ રહેલી ચિંતાજનક માનસિકતાને પ્રતિબિંબિત કરે છે અને આવા કિસ્સાઓમાં સજા વધારવાની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરે છે. આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, મધ્યપ્રદેશ, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ રાજ્યોમાંથી દલિત વિરોધી ઘટનાઓ નોંધાઈ રહી છે. તેલંગાણાના એક શાંત ગામમાં, નવા વર્ષની સવાર રામુ માટે કોઈ ઉજવણી લાવી નહીં. ૩૧ ડિસેમ્બરે, જ્યારે દુનિયા આનંદ કરી રહી હતી, ત્યારે તેના જીવનમાં ભયાનક વળાંક આવ્યો. તેના ઘરની બહાર નિર્દોષ રીતે ઉભા રહેલા, રામુ પર બે પોલીસ અધિકારીઓએ આરોપ મૂક્યો. તેનો એકમાત્ર ગુનો ? પોતાની જ જગ્યામાં રહેવું, જે ખાખી વરદીધારીઓને અસ્વીકાર્ય લાગતું હતું. શાબ્દિક ઝઘડાથી જે શરૂ થયું તેનો અંજામ એક ભયાનક હુમલામાં આવ્યો. તેના હાથ અને પગ પરના ઉઝરડા પીડા અને અપમાનની વાર્તા કહેતા હતા, પરંતુ રામુનો અવાજ શાંત થવાનો ઈન્કાર કરતો હતો.. પોતાની અગ્નિપરીક્ષા વર્ણવવાની તેની હિંમતે જવાબદારીની આગ ફેલાવી. ઉત્તરપ્રદેશમાં થોડાક સો કિલોમીટર દૂર, રાહુલ એક અલગ પ્રકારના અત્યાચારનો ભોગ બન્યો. ગ્રામજનોને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાના આરોપમાં, તેને શેરીઓમાં ફરાવવામાં આવ્યો, જૂતા પહેરાવવામાં આવ્યા અને માર મારવામાં આવ્યો. ન્યાય માટેનો તેમનો પોકાર સમગ્ર દેશમાં ગુંજ્યો કારણ કે તેની અને તેના ત્રાસ આપનારાઓ સામે એફઆઈઆર નોંધાઈ. તે જ રાજ્યમાં, અન્ય એક દલિત, શિવબદન, ને તેના સંપ્રદાય માટે આવી જ ક્રૂરતાનો સામનો કરવો પડ્યો. ધર્માંતરણનો પ્રયાસ કરવાનો આરોપ લગાવીને, તેને પાઠ ભણાવવાનો દાવો કરનારા ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો. તેનું ગૌરવ ચકનાચૂર થઈ ગયું હતું, પરંતુ કાનૂની વ્યવસ્થા દ્વારા ન્યાય માંગતી વખતે તેનો આત્મા અખંડ રહ્યો. ઉત્તરપ્રદેશના બસ્તીમાં, વાર્તા દુઃખદ બની. ૧૭ વર્ષનો એક દલિત છોકરો ખુશીની આશામાં જન્મદિવસની ઉજવણીમાં ગયો, પણ ઘાયલ અને અપમાનિત થઈને ઘરે પાછો ફર્યો. તેના સાથીઓએ તેને કપડાં ઉતારી દીધા, માર માર્યો અને તેના પર પેશાબ કર્યો, તેની ગરિમા સૌથી ક્રૂર રીતે લૂંટાઈ ગઈ. શરમ સહન ન કરી શકવાને કારણે, તેણે પોતાનું જીવન ટૂંકાવી દીધું, જેના કારણે તેના પરિવારજનો દુઃખ અને ગુસ્સાથી ઝઝૂમી રહ્યા. ન્યાય માટેની તેમની લડાઈને કારણે તેમણે ધરણા પ્રદર્શન કર્યા, જેના કારણે અધિકારીઓને કાર્યવાહી કરવાની ફરજ પડી. દક્ષિણમાં, તમિલનાડુમાં, એક યુવાન દલિત છોકરો ધૂળ




ભરેલી કાર પર લખાણ લખવા જેવા પોતાને એક નજીવા કૃત્ય બદલ ગુસ્સે ભરાયેલા એક માણસનો ભોગ બન્યો. તેને ઘરમાં ઘુસીને નિર્દયતાથી માર મારવામાં આવ્યો, તેના રડવાથી તેની માતા તેના બચાવમાં આવી. પરંતુ જ્યારે તે ગુનેગારનો સામનો કરતી હતી, ત્યારે તે પણ તેનો ભોગ બની હતી. આ ઘટનાએ દલિતો દ્વારા કરવામાં આવતી નાની ભૂલોને પણ સજાપાત્ર ગુના તરીકે જોતા મૂળ પૂર્વગ્રહ પર ભાર મૂક્યો. આંધ્રપ્રદેશમાં, શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીનું પ્રતિષ્ઠિત મેદાન એક ભયાનક હુમલાનું પૃષ્ઠભૂમિ બન્યું. ડૉ. ચંગૈયા, એક આદરણીય દલિત પ્રોફેસર, સામાજિક ન્યાય માટેના તેમના હિમાયત સામે નારાજગી વ્યક્ત કરનારાઓના ગુસ્સાનો ભોગ બન્યા. આ હુમલો એ યાદ અપાવે છે કે શૈક્ષણિક સ્થળો પણ જાતિ આધારિત નફરતથી મુક્ત નથી. આ દરમિયાન, મધ્યપ્રદેશમાં, મુકેશ લોંગરે નામનો એક દલિત વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં ગયો અને મડદું બની બહાર આવ્યો. પોલીસે દાવો કર્યો કે તે આત્મહત્યા હતી, પરંતુ તેના પરિવારે અધિકારીઓ પર લાંચ માંગવાનો અને હિંસાનો આશરો લેવાનો આરોપ લગાવતા, કૌભાંડનો આરોપ લગાવ્યો. તેમનું મૃત્યુ માત્ર એક દુર્ઘટના નહોતી પરંતુ એક એવી વ્યવસ્થાનો ભયંકર આરોપ હતો જે રક્ષણ આપવા માટે બનાવવામાં આવી હતી પરંતુ ઘણીવાર સતામણી કરે છે. કર્ણાટકમાં, ડૉ. બી.આર. આંબેડકરની ઉજવણી કરતું ગીત હિંસાનું કારણ બન્યું. દીપુ, એક યુવાન દલિત, દૂધની વાનમાં ગીત વગાડ્યું, તે જાણતો ન હતો કે તે ઉચ્ચ જાતિના હિન્દુઓનો ગુસ્સો ભડકાવશે. ત્યારબાદ જે થયું તે ક્રૂર હુમલો હતો, જેમાં તેને ગંભીર ઈજાઓ થઈ. આ ઘટનાએ દેશને સતત સતાવતી ઊંડાણપૂર્વકની અસહિષ્ણુતાને ઉજાગર કરી. આ ઘટનાઓમાં પ્રણાલીગત નિષ્ફળતાનો દોર ચાલે છે - એક ન્યાય વ્યવસ્થા જે ડગમગી રહી છે, એક સમાજ જે આંખ આડા કાન કરે છે, અને એક રાષ્ટ્ર જે હજુ પણ જાતિ આધારિત ભેદભાવના પડછાયાઓ સાથે સંઘર્ષ કરી રહ્યું છે.

# જો સાથીઓને લાગતું હોય કે ઈન્ડિયા ગઠબંધન તૂટી રહ્યું છે તો કોંગ્રેસે જવાબદારી સ્વીકારવી જોઈએ : સંજય રાઉત

## શિવસેના ઉદ્ધવના નેતાએ ચેતવણી આપી છે કે ૨૦૨૪ની સંસદીય ચૂંટણી પહેલા રચાયેલું ગઠબંધન જો તૂટી જશે તો ફરીથી ઊભું કરી નહીં શકાય

(એજન્સી) મુંબઈ, તા.૧૧

શિવસેના ઉદ્ધવના નેતા સંજય રાઉતે ગઈકાલે જણાવ્યું હતું કે ઈન્ડિયા ગઠબંધનને અતૂટ રાખવાની જવાબદારી કોંગ્રેસની છે કેમ કે વિપક્ષના જોડાણમાં એ સૌથી મોટો પક્ષ છે. ઈન્ડિયા ગઠબંધનની નેતાગીરી અને એજન્ડા વિશે સ્પષ્ટતા ન હોવા અંગે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વ્યક્ત કરેલી નિરાશા અને ચિંતા અને એમના સૂચન કે જો સંસદીય ચૂંટણી માટે જ ગઠબંધન રચાયું હોય તો હવે તેને વિખેરી નાખવું જોઈએ એવા ઉમરના નિવેદનના સંદર્ભમાં શિવસેનાના નેતાનું આ નિવેદન આવ્યું છે. સંજય રાઉતે આગળ જણાવ્યું હતું કે જો વિપક્ષી જોડાણના સાથીઓને એવું લાગતું હોય કે આ જોડાણની રચના માત્ર લોકસભાની ચૂંટણીઓ માટે જ થઈ થઈ હતી અને હવે તેનું અસ્તિત્વ રહ્યું નથી તો પછી આ માટેની જવાબદારી કોંગ્રેસે સ્વીકારવી જોઈએ. પરસ્પર સાથી પક્ષો વચ્ચે કોઈ સંવાદ થતો નથી. કોઈ ચર્ચા વિચારણા નથી કે કોઈ સંપર્કો થતા નથી. આપણે લોકસભાની ચૂંટણીઓ સાથે મળીને લડ્યા અને તેના સારા પરિણામ પણ આવ્યા એટલે ભાવિ રાજકીય યોજનાઓ માટે આપણે બેઠકો કરવી જોઈએ અને એ દિશામાં પહેલ કરવાની જવાબદારી કોંગ્રેસની રહે છે. વિપક્ષ જોડાણમાં સાથીઓ વચ્ચે સંપર્કનો અભાવ હોવાથી એવી છાપ ઊભી થઈ રહી છે કે ઈન્ડિયા બ્લોકમાં કશું સારું થઈ રહ્યું નથી. આ જોડાણ બે ડઝનથી વધુ પક્ષોનું છે પણ તેમાં કશી ભલીવાર રહી નથી એવી છાપ ઊભી થઈ રહી છે એવું રાજ્યસભાના સાંસદનું માનવું છે. તેઓ કહે છે કે વાતચીતનો અભાવ અને સંવાદો તથા ચર્ચાઓનો અભાવ હોવાથી જોડાણમાં દરેકના મનમાં એક ગૂંચવાડો એવો ઊભો થયો છે કે જોડાણમાં કશું સારું થઈ રહ્યું નથી. તેમણે કહ્યું હતું કે જો આ વિપક્ષી ગઠબંધન માત્ર લોકસભાની ચૂંટણીઓ માટે હતું તો પછી હવે તેનું અસ્તિત્વ નથી એવું જાહેર થઈ જવું જોઈએ જેથી કરીને દરેક સાથી પક્ષો પોતાનો માર્ગ નક્કી કરી શકે. જોકે બધાને સાથે રાખવાની જવાબદારી કોંગ્રેસે વહન કરવી જોઈએ અને જો આ ગઠબંધનનું વિસર્જન કરવું પડે તો એ છેવટનું પગલું હશે. મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે જ્યારે મહારાષ્ટ્રનું કોંગ્રેસનું ઘટક બેઠક સમજૂતી માટે આ થાક પ્રયાસો કરી રહ્યો



હતો ત્યારે પણ કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીએ રસ લીધો નહોતો ત્યારે ઘણી બધી બેઠકો એવી હતી જ્યાં એનસીપી શરદ પવાર અને શિવસેના ઉદ્ધવ ઠાકરેના સારા ઉમેદવારો હતા પણ કોંગ્રેસે એ બેઠકો પરનો દાવો જતો કર્યો ન હતો. આવા એકલો જાણે રે અભિગમને બદલે જો બેઠક સમજૂતીમાં આગળ વધ્યા હોત તો આપણે સારી રીતે એ સમજૂતી કરી શક્યા હોત. તેના કારણે જ વિધાનસભાની ચૂંટણીઓમાં નબળું પરિણામ આપણે ભોગવવું પડ્યું. રાષ્ટ્રીય સ્તરે જે પ્રકારે સંકલન હતું એવું મહારાષ્ટ્રમાં જોડાણના સાથી પક્ષો વચ્ચે રહ્યું નહોતું. કોંગ્રેસના કેટલાક નેતાઓના મંતવ્ય કે કેજરીવાલ રાષ્ટ્રવિરોધી છે તેની સાથે રાઉત બિલકુલ સંમત નથી. તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં રાષ્ટ્રીય વિપક્ષી જોડાણમાં બે સાથી પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે મળીને ચૂંટણી લડે તો એ સારું જ હતું. બંને પક્ષોએ સંતુલન રાખવાની જરૂર છે. મહારાષ્ટ્રના સ્થાનિક કોંગ્રેસ નેતાઓને પણ એવી શંકા છે કે એમવીએમ બેઠક સમજૂતીઓ થાય નહીં એવું કાવતરું ઘડાયું હતું એવું લાગે છે કેમ કે બેઠક સમજૂતી કરવામાં ઘણો સમય વેડફી નાખવામાં આવ્યો અને ચૂંટણી પહેલા સીએમના હોદ્દા માટે અંદરોઅંદર ઝઘડા થતા રહ્યા. એ રીતે આપણે નિર્ણાયક પ્રચાર માટેના ૨૦ કીમતી દિવસ વેડફી નાખ્યા હતા.

# મધ્યપ્રદેશમાં વિવાહિત યુવકે લિવ ઈન પાર્ટનરની હત્યા કરી, મૃતદેહને ૮ મહિના સુધી ફ્રીજમાં ગોંધી રાખ્યો

(એજન્સી) તા.૧૧

દેશમાં વધુ એક લિવ ઈન રિલેશનનો ખોફનાક અંજામ સામે આવ્યો છે. મધ્ય પ્રદેશના દેવાસમાં એક મહિલાનો મૃતદેહ ૮ મહિના બાદ ફ્રિજમાંથી નીકળ્યો છે. હત્યાના આરોપમાં તેના વિવાહિત પ્રેમીની ધરપકડ કરી લેવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે, જે રૂમમાં મૃતદેહ રાખ્યો હતો એ જ રૂમની બાજુમાં એક ભાડૂતી પરિવાર રહે છે પરંતુ આટલા ટાઈમમાં તેમને આ હત્યાની અને મૃતદેહની બિલ્કુલ જાણ નહોતી થઈ. જોકે, ફ્રીજ બંધ જ રહેવાના કારણે હવે દુર્ગંધ ફેલાતા આ સમગ્ર હત્યાકાંડનો પર્દાફાશ થયો છે. પીડિતાની ઓળખ પિંકી ઉર્ફે પ્રતિભા પ્રજાપતિના રૂપમાં થઈ છે. પોલીસે તેના પ્રેમી સંજય પાટીદારની ધરપકડ કરી લીધી છે અને આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. દેબાસના વૃંદાવન ધામમાં કારોબારી ધીરેન્દ્ર શ્રીવાસ્તવનું બે માળનું ઘર છે. તે છ મહિનાથી દુબઈમાં જ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર એક બાજુ એક રૂમ, કિચન અને ટોઈલેટ છે અને તેની જમણી બાજુ બે બેડરૂમ અને હોલ છે. ઉપર જવા માટે બંને વચ્ચે એક સીડી છે. પોલીસ અધિકારીઓએ આ સમગ્ર મામલે જણાવ્યું કે, ગત વર્ષે જુલાઈમાં બલવીર રાજપૂત નામના વ્યક્તિએ ગ્રાઉન્ડ ફ્લોર ભાડે લીધો હતો. પરંતુ તે જૂના ભાડૂઆત દ્વારા તાળા લગાવેલા બે રૂમનો ઉપયોગ ન કરી શક્યો. પાટીદારે જૂન મહિનામાં જ ફ્લેટ ખાલી કરી દીધો હતો પરંતુ તેણે ફ્રિજ સહિતની કેટલીક વસ્તુઓ બે રૂમમાં બંધ રાખી હતી. તે ફોન પર મકાનમાલિકને કહેતો રહ્યો કે હું ટૂંક સમયમાં મારો સામાન લેવા માટે પાછો આવીશ. બીજી તરફ બલવીરને તે રૂમોની જરૂર હતી તેથી તેણે મકાનમાલિક સાથે વાત કરી તો મકાનમાલિકે તાળું તોડીને રૂમનો ઉપયોગ કરવાનું કહ્યું. ત્યારબાદ જ્યારે બલવીરે ગુરૂવારે સાંજે તાળું તોડ્યું ત્યારે તેણે જોયું કે ફ્રિજ હજુ પણ ઓન જ હતું. તેણે એવું માની લીધું કે, પહેલાના ભાડૂઆત બેદરકારીથી ફ્રિજ ચાલુ રાખીને જતો રહ્યો હશે. ત્યારબાદ તેણે ફ્રિજ બંધ કરીને રૂમ બંધ કરી દીધો અને વિચાર્યું કે બીજા દિવસે સવારે બાકી રહેલો સામાન હટાવી દઈશ. શુક્રવારે સવારે રૂમમાંથી અસહ્ય દુર્ગંધ આવવા લાગી ત્યારે કેટલાક લોકોએ પોલીસને ફોન કર્યો. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ફ્રિજ ખોલીને જોયું તો તેમાં સડી ગયેલી લાશ પડી હતી. પિંકીનો મૃતદેહ ચાદરમાં લપેટાયેલો હતો. પોલીસે પડોશીઓની પૂછપરછ કરી ત્યારે સંજય પાટીદારનું નામ સામે આવ્યું. લોકોએ કહ્યું કે માર્ચ ૨૦૨૪થી તે અહીં જોવા નથી મળ્યો. પોલીસે પાટીદારની તલાશ કરીને તેને ઝડપી પાડ્યો અને ધરપકડ કરી લીધી. પૂછપરછ દરમિયાન પાટીદારે જણાવ્યું કે, હું પ્રતિભા સાથે પાંચ



વર્ષથી લિવ ઈન રિલેશનશિપમાં રહેતો હતો. અમે ત્રણ વર્ષ ઉજ્જૈનમાં પણ રહ્યા હતા. પાટીદારે જણાવ્યું કે હું પરિણીત છું અને મારા બે બાળકો છે. પણ પ્રતિભા મારા પર લગ્ન માટે દબાણ કરી રહી હતી. હત્યાના દિવસે મેં પ્રતિભાને મનાવવાનો ઘણો પ્રયાસ કર્યો હતો પરંતુ પ્રતિભા પોતાના નિર્ણય પર અડગ રહી અને સંમત ન થઈ, તેથી મેં તેનું ગળું દબાવીને હત્યા કરી નાખી. આરોપીએ કહ્યું કે, મેં મારા એક સાથી વિનોદ દવે સાથે મળીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. દુર્ગંધથી બચવા માટે મૃતદેહને ફ્રિજમાં રાખીને હાઈ મોડ પર કરી દીધું હતું. વિનોદ બીજા એક ગુનાહિત કેસમાં રાજસ્થાનની જેલમાં બંધ છે. પોલીસ તેની પૂછપરછ કરવાની પણ તૈયારી કરી રહી છે.

# નામ બદલવાની ગેમ; મોદી પોતાના પુરોગામીની યોજનાઓના નામ કેમ બદલી રહ્યા છે અને ફરીથી નવી બ્રાન્ડ તરીકે કેમ રજૂ કરી રહ્યા છે?

## આની શરૂઆત રાષ્ટ્રીય સ્તરે મનમોહનસિંહના વારસા સાથે થઈ અને ભાજપ શાસનવાળા રાજ્યોમાં અન્ય પક્ષોના વારસાને પોતાના નામે કરવાની આ રમત ચાલુ જ રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

સસ્તા ભાવની દવાઓ આમ જનતાને મળી રહે એ માટે મનમોહનસિંહની સરકારે નવેમ્બર ૨૦૦૮માં યોજના શરૂ કરી હતી અને આ પહેલનો હેતુ દેશભરમાં જેનેરીક દવાઓનું વેચાણ કરી શકે એવા શ્રેણીબદ્ધ સ્ટોરની સ્થાપના કરવાનો હતો. ઓછા ભાવની દવાઓ પૂરી પાડવા ઉપરાંત આ પહેલની પાછળ એક બીજો હેતુ પણ હતો. ૧૯૭૦થી દવાઓના જથ્થાબંધ ઉત્પાદનનો વ્યવસાય ભારતમાં નોંધપાત્ર રીતે આગળ વધી રહ્યો હતો અને ૧૯૯૦ના દાયકામાં જ્યારે મનમોહનસિંહ નાણામંત્રી હતા ત્યારે તેમણે પરવાનાની પ્રથા નાબૂદ કરી હતી. જેના કારણે આ ક્ષેત્રનો ખૂબ જ વિકાસ થયો હતો. સસ્તા ભાવની દવાની દુકાનો અને તેના સ્ટોરને કારણે દેશમાં દવાઓના સ્થાનિક ઉત્પાદકોને એમની દવાઓ વેચાણ કરવા માટેનો મંચ પણ મળ્યો હતો. શરૂઆતથી જ આ યોજના ખૂબ લોકપ્રિય બની રહી અને ૨૦૧૦ સુધીમા જન ઔષધી કેન્દ્રો દેશભરમાં ખુલવા લાગ્યા. નરેન્દ્ર મોદી ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા એટલે એમણે આ યોજનાનું સાવ નવીનીકરણ કરીને નવી બ્રાન્ડ તરીકે નામ આપ્યું અને તેને પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરિયોજના એવું નવું નામ આપવામાં આવ્યું. આ યોજનાનું નામ બદલવા પાછળના બે વ્યૂહાત્મક હેતુઓ હતા. એક તો એ કે આ યોજનાનું પ્રધાનમંત્રી રાખવામાં આવ્યું હોવાથી દરેક સ્ટોરમાં નવા પ્રધાનમંત્રીની તસવીર સાથે યોજનાઓના હેતુઓ અને કારણોના બેનર લગાડવામાં આવ્યા હતા અને દરેક બેનરમાં નવા પ્રધાનમંત્રીની તસવીર હતી જે પ્રચારનો ભાગ બની હતી બીજું એ કે ભારતીય જન ઔષધી પરિયોજનાનું ટૂંકું નામ કરીએ તો બીજેપી થતું હતું અને નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી રાજકીય પાર્ટીનું ટૂંકું નામ પણ બીજેપી થાય છે એટલે તેની સાથે મેળ ખાઈ જતો હતો. આજે આ સ્ટોર ભાજપ અને તેની નેતાગીરી બંનેનો પ્રચાર કરી રહ્યા છે અને રાજકીય રીતે દેખાતા રહેવા માટેના સરકારી પ્રાયોજિત વાહક બની ગયા છે. ચૂંટણી વખતે પણ ચૂંટણી પંચે આ પ્રવૃત્તિઓની તરફ જોયું નહોતું અને નજરઅંદાજ કરી હતી. મનમોહનસિંહ સરકારની બીજી મહત્વપૂર્ણ પહેલ શું હતી એ જોઈએ. ૨૦૦૫માં સરકારે દરેક નાગરિકને વિધિસરની બેન્કિંગ સિસ્ટમ સાથે જોડી દેવા નાણાકીય સર્વ સમાવેશનો સિદ્ધાંત હાંસલ કરવા માટેની મહત્વકાંક્ષી યોજના અમલમાં મૂકી હતી. આ પહેલના સમર્થનમાં રિઝર્વ બેન્ક દ્વારા બહુ જ મામુલી ડિપોઝિટ સાથે બેંક ખાતા ખોલી શકાય તે માટેની સુવિધા શરૂ કરવામાં આવી હતી અને ઝીરો બેલેન્સ હોય તો પણ એકાઉન્ટ ચાલુ રહેતું હતું અને દરેક નાગરિક આ પ્રકારે ખાતા ખોલી શકતો હતો એ નાગરિકની નાણાકીય સ્થિતિ કોઈપણ પ્રકારની હોય તેને આ ખાતું ખોલવાની સુવિધા મળતી હતી. દેશભરની બેંકોને આદેશ આપી દેવામાં આવ્યો હતો. પ્રયોગને જબ્બર સફળતા મળી હતી અને આ યોજનાને બેઝિક સેવિંગ બેન્ક ડિપોઝિટ એકાઉન્ટ યોજના એવું નામ આપવામાં આવ્યું હતું. આધારકાર્ડ પર આ સમયે આવી ગયા હતા અને દેશના મોટાભાગના લોકોને મળી પણ ગયા હતા. જેથી કરીને બેંકના ખાતાઓમાં લોકોને સીધા નાણા ટ્રાન્સફર કરવાની સુવિધા મળી હતી. ૩૪ સરકારી યોજનાઓ અંતર્ગત સરકારી સહાય સીધી બેંકમાં ટ્રાન્સફર કરવાની યોજનાને પણ આખરી રૂપ આપી દેવામાં આવ્યું હતું. દેશભરમાં એકાઉન્ટ ખુલી શકે તે માટે તમામ રાજ્યોના જિલ્લા કલેકટરોની પરિષદ બોલાવવામાં આવી હતી. અત્રે નોંધવું રહ્યું કે તે સમયે ભાજપશાસિત બે રાજ્યો હતા એ બંને રાજ્યો ગુજરાત અને હિમાચલ પ્રદેશ દ્વારા આ કોન્ફરન્સનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી હતા. બે વર્ષ પછી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા અને દેશભરમાં જઈને ભાષણો આપ્યા અને મનમોહનસિંહની આ યોજનાની વાત કરીને તેનો આખો યશ પોતે લેવા લાગ્યા. તેમણે માત્ર મનમોહન સરકારની યોજનાનું નામ જ બદલ્યું હતું એ સિવાય આ પહેલ મનમોહન સરકારની હતી પણ નરેન્દ્ર મોદીએ તેનું નામ પ્રધાનમંત્રી જનધન યોજના એવું કર્યું અને



પોતે તેની ક્રેડિટ લીધી. નરેન્દ્ર મોદી સરકારે સૌથી વધુ જે યોજના પાછળ મહેનત કરી અને ખૂબ પ્રચાર કર્યો એ સ્વચ્છ ભારત મિશન યોજના છે પણ હકીકતે એ યોજના ૨૦૧૩માં મનમોહનસિંહની સરકારે નિર્મલ ભારત અભિયાન એ નામ સાથે શરૂ કરી જ દીધી હતી પણ તેને મોદી સરકારે રી બ્રાન્ડ કરીને તેનું નામ સ્વચ્છ ભારત અભિયાન આપ્યું. એ વખતે સ્વચ્છ ભારત યોજનાના એમ્બેસેડર તરીકેની જાહેર ખબરોમાં અભિનેત્રી વિદ્યા બાલન ચમકતી રહેતી હતી અને મોદી સરકાર વખત વખતે મુકાયેલી જાહેર ખબરોમાં પણ લાંબો સમય એ દેખાતી રહી હતી. આવી યોજના મોદી સરકારે જે પ્રસિદ્ધિ સાથે શરૂ કરી તે મેક ઈન ઈન્ડિયા યોજના હતી એ હકીકતે મનમોહનસિંઘ સરકારની રાષ્ટ્રીય ઉત્પાદન નીતિનું નવું નામકરણ જ છે. મોદી સરકારે માત્ર એટલું કર્યું હતું કે આ યોજનાનું નવું નામ આપીને તેનો એક ધ્યાન આકર્ષક લોગો બનાવવામાં આવ્યો હતો જે દેશભરમાં જાણીતો થયો હતો અને જર્મનીમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળામાં પણ વિદેશી રોકાણકારોને લોગો એ આકર્ષિત કર્યા હતા પણ એના વિશે પણ બાદ ઊભો થઈ ગયો હતો અને એવું બહાર આવ્યું હતું કે એક ટ્રેન પ્રોજેક્ટ માટે સ્વીઝરલેન્ડના ડિઝાઈનરે આ લોગો બનાવ્યો હતો અને યોજના માટેનું જે પ્રતીક છે તે એની નકલ છે અને એ ચિત્ર ભારતમાં બન્યું નથી જોકે મેક ઈન ઈન્ડિયા એટલી સફળ થઈ નથી અને એક જાણીતા ઉદ્યોગપતિ રાજીવ બજાજે એવું કહ્યું હતું કે મેક ઈન ઈન્ડિયાનું સૂત્ર એ ખાલી સૂત્ર રહ્યું છે અને પોકળ પુરવાર થયું છે કેમ કે વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે ઉત્પાદન માટે કુશળ કારીગરો તથા સ્ટાફ અને પાયાનું માળખું આવશ્યક છે. મોહન સરકારે રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશન શરૂ કર્યું હતું અને મોદી સરકાર આવ્યા પછી તેને કૌશલ્ય ઈન્ડિયા એવું નવું નામ જ આપવામાં આવ્યું હતું. બાકી યોજના એ જ છે. મનમોહન સરકારે ૨૦૧૦માં ગરીબીની રેખાથી નીચે જીવતા પરિવારોને એલપીજી સિલિન્ડર નિશુલ્ક આપવાની યોજના બનાવી હતી તેને મોદી રાજમાં પ્રધાનમંત્રી ઉજવલા યોજના એવું માત્ર નામ જ નવું અપાયું હતું એટલે રાજકીય લાભ ખાટવા માટે જૂની યોજનાઓને નવા નામ સાથે રજૂ કરવામાં આવી છે એવું જાણકારો કહે છે એટલે પુરોગામીઓના એ કાર્યક્રમને રી બ્રાન્ડ કરીને એટલે કે નવા નામ આપીને ભાજપ સરકારે પોતે તેનો યશ મેળવવાની કોશિશો કરી છે જે હજુ પણ ભાજપ શાસિત રાજ્યોમાં ચાલુ જ છે. અન્ય ઉદાહરણો જોઈએ તો ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના ને પ્રધાનમંત્રી માતૃત્વ વંદન યોજના નામ આપી દેવાયું અને રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાને દીન દયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના આપી દેવાયું. જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશનને અટલ મિશન એવું નામ આપી દેવાય. આ યોજનાઓના નામ સંસ્કૃત શબ્દો પરથી રાખવામાં આવ્યા અને કેટલાકના નામો આરએસએસના કેટલાક જૂના નેતાઓના નામ પરથી રાખવામાં આવ્યા અને તેનું રાજકીયકરણ કરવામાં આવ્યું છે. ઈન્દિરા આવાસ યોજના પણ હવે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના બની ગઈ છે એકમાત્ર મનમોહનસિંહ સરકાર સમયની મનરેગા યોજના કેમ નવા નામકરણથી બચી ગઈ એ પણ એક સવાલ છે.

# બેંગ્લુરૂમાં ૭૨ વર્ષીય કેન્સરના દર્દીની આત્મહત્યા, આયુષ્માન ભારત હેઠળ લાભ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો

## રાજ્ય સરકાર દ્વારા યોજનાનો અમલ અટકાવી દેવામાં આવ્યો છે, જેના પરિણામે વરિષ્ઠ નાગરિકોને ખાનગી હોસ્પિટલોમાં મોટી રકમ ચૂકવવાની ફરજ પડી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

બેંગ્લુરૂના ૭૨ વર્ષીય રહેવાસીએ ગેસ્ટ્રિક કેન્સર હોવાનું નિદાન થયાના ૧૫ દિવસ પછી ૨૫ ડિસેમ્બરના રોજ આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હોવાનું કહેવાય છે. મીડિયાના અહેવાલ મુજબ, નિવૃત્ત રાજ્ય સરકારી કર્મચારીને એ જાણીને આઘાત લાગ્યો કે હોસ્પિટલે તેમને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ ૫ લાખ રૂપિયાનું વીમા કવર આપવાનો ઈન્કાર કર્યો હતો, જેમાં તેમણે વરિષ્ઠ નાગરિક તરીકે નોંધણી કરાવેલ હતી. મૃતક વ્યક્તિના પરિવારના સભ્યએ જણાવ્યું હતું કે, અમે ૫ લાખ રૂપિયાનું વાર્ષિક કવર પૂરૂં પાડતું AB PM-JAY સિનિયર સિટીઝન કાર્ડ બનાવ્યું હોવા છતાં, કિડવાઈ મેમોરિયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓન્કોલોજી (KMIO)એ લાભનો ઈન્કાર કરતા કહ્યું કે રાજ્ય સરકારના આદેશો હજુ સુધી આવ્યા નથી. જો કે, તેમણે અમને ૫૦% ડિસ્કાઉન્ટ આપ્યું,'' આરોગ્ય વીમા યોજના ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે ૫ લાખ રૂપિયાનું કવર પૂરૂં પાડે છે. પરિવારના સભ્યએ કહ્યું, અમે તાજેતરમાં જ પરીક્ષણો અને સ્કેન શરૂ કર્યા હતા અને ૨૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. કીમોથેરાપી પછી સારવારમાં મોટી સર્જરીનો સમાવેશ થતો હતો. અમે કિડવાઈ ખાતે જ કીમોથેરાપીના બે રાઉન્ડ શરૂ કરવાનું આયોજન કર્યું હતું. અમે પૈસા ચૂકવવા તૈયાર હતા, પરંતુ પછી અમે તેને માત્ર બે દિવસમાં આત્મહત્યામાં ગુમાવી દીધા. હું એમ નથી કહેતો કે આ સીધું લાભ ન મળવાને કારણે થયું હતું, પરંતુ



તે જાણતા હતા કે તે લાભ મેળવવામાં સફળ થયા નથી અને પહેલાથી જ તણાવમાં હતા''. રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના મડાગાંઠને કારણે કર્ણાટકમાં યોજનાનો અમલ અટક્યો આયુષ્માન ભારત વરિષ્ઠ નાગરિકો યોજનાના ભંડોળને લઈને કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર અને કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર વચ્ચેની હુંસાતુંસીને કારણે ઘણા વરિષ્ઠ નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. મીડિયાના અહેવાલ મુજબ,રાજ્ય સરકારે આ યોજનાનો અમલ અટકાવી દીધો છે, જેના પરિણામે વરિષ્ઠ નાગરિકોને ખાનગી હોસ્પિટલોમાં મોટી રકમ ચૂકવવાની ફરજ પડી છે. કર્ણાટકના આરોગ્ય પ્રધાન દિનેશ ગુંડુ રાવે કહ્યું છે કે રાજ્યએ ૭૫ ટકા ચૂકવવાનો રહેશે જ્યારે કેન્દ્રનો હિસ્સો ૨૫ ટકા છે. રાવે કહ્યું, 'તે રાજ્ય પર બોજ છે,'. આ યોજના વરિષ્ઠ નાગરિકોને પેનલવાળી હોસ્પિટલોમાં કેશલેસ હોસ્પિટલાઈઝેશનનો લાભ મેળવવા સક્ષમ બનાવે છે.

# ભડિયાદ ખાતે દરગાહ પર પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ચાદર પેશ કરાઈ




પીર શહીદ હઝરત મહેમુદશાહ બુખારી (ર.અ.)ના ઉર્સ શરીફની ઉજવણી નિમિત્તે પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ભડિયાદ ખાતે દરગાહ પર ચાદર પેશ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દર વર્ષે પીર શહીદ હઝરત મહેમુદશાહ બુખારીની દરગાહ પર આવે છે. આ તેમની સતત ૨૯મી મુલાકાત છે. જ્યારે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મંત્રી હતા ત્યારે તેઓ ઉર્સની ઉચિત ઉજવણી માટે કલેક્ટર કચેરીમાં મીટિંગનું આયોજન પણ કરતા હતા.

### સારવાર અર્થે લઈ જતાં ચકમો આપી આરોપી ગયો ને પોલીસ ફાંફાં મારતી રહી

# ગુજરાતની સૌથી સુરક્ષિત ગણાતી જેલમાંથી આરોપી ફરાર થઈ ગયો

### હત્યા કેસના ફરાર કેદી વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

ગુજરાત પોલીસ બેડામાંથી એક શરમજનક ઘટના સામે આવી છે. સાબરમતી સેન્ટ્રલ જેલ ગુજરાતની સૌથી મોટી સુરક્ષિત જેલ હોવાના દાવા કરવામાં આવે છે. ત્યારે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલો આરોપી ચકમો આપી જેલમાંથી ફરાર થઈ જતાં પોલીસ બેડાનું નાક કપાયું છે. ફરાર કેદી વિરૂદ્ધ રાણીપ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ ખાતે આવેલી સાબરમતી સેન્ટ્રલ જેલમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલો આરોપી બિમાર હોવાથી જેલની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. આ દરમિયાન તે પોલીસને ચકમો આપી જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો. મનુજી ઠાકોર નામનો આરોપી હારીજમાં હત્યાના કેસમાં સજા ભોગવી રહ્યો હતો. જેને લઈને રાણીપ પોલીસે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલાં રાજકોટમાં જેલમાં બંધ આરોપીના કેસની ટ્રાયલ શરૂ થતાં પોલીસ જાપ્તા સાથે અમદાવાદ ખાતે આવેલી સિટી સેસન્સ કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. ત્યારે પાકા કામનો આ આરોપી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. રાજકોટ જેલમાં બંધ રાધેશ્યામ ઉર્ફે ગોપાલ ઉર્ફે કુલદીપ રાજદેવ વિરૂદ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ બળાત્કારનો ગુનો નોંધાયો હતો. કોર્ટની કાર્યવાહી પૂરી થતાં તેને રાજકોટ લઈ જવાની તૈયારી ચાલી રહી હતી. ત્યારે લાલ દરવાજા પાસે ભીડનો લાભ લઈને ફરાર થઈ જતાં પોલીસે શોધખોળ શરૂ કરી હતી. આ અંગે કારંજ પોલીસે ગુનો નોંધ્યો હતો. આમ બે દિવસમાં જ રાજ્યમાં બે આરોપીઓ નાસી છૂટવાના બનાવો બનતા ચર્ચા વ્યાપક બની છે.

### જૂનાગઢના પરિવાર પર આભ ફાટ્યા જેવી સ્થિતિ

# પોલીસ ભરતીની દોડમાં નાપાસ થતાં યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

### છેલ્લા ૮ વર્ષથી પરીક્ષાની તૈયારી કરતો યુવક નાપાસ થતાં મનમાં લાગી આવતા જીવન ટૂંકાવ્યું

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૧

માણાવદાર તાલુકાના દગડ ગામના ૨૯ વર્ષીય પરેશ હમીરભાઈ કાનગડ નામનો યુવક ૯/૧/૨૦૨૫ના પોલીસ ભરતીની પરીક્ષા આપવા માટે જામનગર ગયો હતો. છેલ્લા ૮ વર્ષથી પરીક્ષાની તૈયારી કરતો યુવક પોલીસ ગ્રાઉન્ડમાં સમયસર દોડ પૂરી ન કરતા નાપાસ થયો હતો. જેથી યુવકને મનમાં લાગી આવતા બાંટવા નજીક જંગલમાં જઈ યુવકે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરતા પરિવાર પર આભ ફાટ્યું છે. આ અંગે મૃતકના સગા સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે પરેશ છેલ્લા ઘણા સમયથી અલગ અલગ પરીક્ષાની તૈયારી



કરતો હતો. ત્યારે ગત ૯/૧/૨૦૨૫ના જામનગર ખાતે પોલીસ ભરતી પ્રક્રિયા માટે ગયો હતો જ્યાં દોડમાં પરેશ નાપાસ થયો હતો. આ બાદ પરેશ જામનગરથી ઘરે આવવા નીકળ્યો હતો ત્યારે બાંટવા નજીક આવેલા જંગલમાં જઈ પ્લાસ્ટિકની દોરી બાવળ સાથે બાંધી ગળાફાંસો ખાઈ આત્મહતયા કરી હતી. મૃતકના સગાએ વધુમા જણાવ્યું કે ઘણા કલાકો સુધી પરેશ ઘરે ન ફરતા અમે તેને ફોન કરતા તેનો મોબાઈલ પણ બંધ આવતો હતો. જેથી અમે પરેશના પરિવાર અને મિત્રો સાથે શોધખોળ હાથ ધરી હતી. જ્યાં રાત્રે પરેશનું બાઈક રોડ પર જોવા મળ્યું હતું અને જંગલ વિસ્તારમાં બાવળ પર દોરી બાંધેલી હાલતમાં પરેશ લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરી હતી અને ત્યારબાદ મૃતક પરેશના મૃતદેહને પીએમ માટે માણાવદર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### જૂનાગઢના ઉમેદવારના આપઘાત અંગે GPSC ચેરમેને વ્યક્ત કર્યું દુઃખ

# કોઈ પણ નિષ્ફળતા કાયમી હોતી નથી વધારે સારી તકના દરવાજા ખૂલે છે

### હસમુખ પટેલે ટવીટમાં 'જીંદગી બહુ મૂલ્યવાન' હોવાનું પણ જણાવ્યું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

જૂનાગઢમાં પોલીસ ભરતીમાં નિષ્ફળ ઉમેદવારની આત્મહત્યા મામલે જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે ટ્વીટ કરીને કહ્યું હતું કે, કોઈ પણ નિષ્ફળતા કાયમી હોતી નથી, નિષ્ફળતાના કારણે ક્યારેક પ્રયત્ન કરી રહ્યા છે તેના કરતાં વધારે સારી તકના દરવાજા ખૂલે છે.

રાજ્યમાં આત્મહત્યાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી છે. ત્યારે જૂનાગઢમાં પોલીસ ભરતીની તૈયારી કરતા આશાસ્પદ યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. દોડની પરીક્ષામાં નાપાસ થતાં ઝાડ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યાનાં પ્રાથમિક અહેવાલ છે. આ મામલે બાંટવા પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આગળની કાર્યાવાહી હાથ ધરી છે. ઉમેદવારના આપઘાત મામલે હસમુખ પટેલે ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કરવા સાથે કહ્યું હતું કે, કોઈપણ નિષ્ફળતા કાયમી નથી હોતી. પોલીસ ભરતીની તૈયારી કરતા આશાસ્પદ યુવાનાઆપઘાત પર GPSC ચેરમેન હસમુખ પટેલે દુઃખ વ્યક્ત કર્યું હતું. જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે ટ્વીટ કરીને કહ્યું હતું કે, પોલીસ ભરતીની શારીરિક કસોટીમાં નિષ્ફળ જતા એક યુવાને આત્મહત્યા કર્યાના સમાચાર મીડિયામાં પ્રકાશિત થયા છે. કોઈપણ નિષ્ફળતા કાયમી હોતી નથી ઘણીવાર તો નિષ્ફળતાને કારણે આપણે જેના માટે પ્રયત્ન કરી રહ્યા હોય તેનાથી વધારે સારી તકો માટેના દરવાજા ખુલી જતા હોય છે. જિંદગી બહુ મૂલ્યવાન છે. પરીક્ષાની તાણ કે પરીક્ષામાં નિષ્ફળતાને કારણે નિરાશા કે ઉદાસીનતાનો અનુભવ થતો હોય અથવા તો જિંદગી જીવવા જેવી નથી તેવું લાગે તો જીવન આસ્થા હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૩૩૩૦ને સંપર્ક કરો. ગાંધીનગર જિલ્લા સુરક્ષા સોસાયટી દ્વારા આ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે. તેને કારણે ઘણા લોકોને જીવ બચી ગયા છે.

# એફ.ડી. હાઈસ્કૂલ મક્તમપુર ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો



અમદાવાદ, તા.૧૧

આજ રોજ મક્તમપુર વિસ્તારમાં સ્થિત એફ.ડી. ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શાળાના કેમ્પસ સુપરવાઈઝર નિયાઝમહંમદ શેખ તેમજ ગુજરાતી મીડીયમ હાઈસ્કૂલના આચાર્ય યુસુફભાઈ ખટુંબરા ઉપસ્થિત રહ્યા. તેઓએ બાળકોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું અને જીવનમાં રમતોનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શાળાની આચાર્ય ફિરદોશબેન જંબુસરવાળા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેઓએ બાળકોને જીવનમાં રમતગમતના મૂલ્ય વિશે પ્રેરણાદાયી વચનો પાઠવ્યા. ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને આ રમતોત્સવને ભવ્ય સફળતા અપાવી. શાળાના શિક્ષકમંડળે કાર્યક્રમને સફળ બનાવવા માટે અવિરત મહેનત કરીને અનોખું યોગદાન આપ્યું. અંતે આચાર્યએ તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમના સફળ આયોજન માટે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

### નામાંકિત બ્રાન્ડના ડુપ્લીકેટ ઘીના કૌભાંડમાં ૨૫ ટનનો જથ્થો ઝડપાયો

# અલગ અલગ બ્રાન્ડના નામે ડુપ્લીકેટ ઘી બનાવતું કારખાનું-ગોડાઉન ઝડપાયું

### ઓલપાડની જી.આઈ.ડી.સી. માંથી વધુ એક નકલી ઘીની ફેકટરી સાથે ચાર શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

સુરત જિલ્લામાંથી વધુ એકવાર નકલી ખેલનો ભાંડો ફૂટ્યો છે. સ્ટેટ વિઝીલન્સ ટીમે દરોડા પાડી અલગ અલગ બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી બનાવતું કારખાનું-ગોડાઉન ઝડપી પાડ્યું છે. પોલીસે ઘી બનાવવાની મશીનરી, ઘી, ડબ્બાઓ સહિત સાધન સામગ્રી જપ્ત કરી ચાર જેટલા ઈસમને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં અસલીના નામે નકલીનો કારોબાર ફૂલી ફાલ્યો છે. ક્યારેક ડુપ્લિકેટ અધિકારી ક્યારેક ડુપ્લીકેટ ટોલનાકા તો ક્યારેક ડુપ્લીકેટ ખાદ્ય ચીજ પદાર્થોનું કારખાનું અથવા તો ગોડાઉન ઝડપાતું રહે છે. બે નંબરીયાઓ હવે લોકોના આરોગ્ય સાથે પણ ચેડા કરવામાં અચકાતા નથી અને લોકોના સ્વાસ્થ્ય સાથે મનફાવે તેમ ખીલવાડ કરી રહ્યા છે. ત્યારે સુરત જિલ્લામાંથી વધુ એક ડુપ્લિકેટ ઘીનું કારખાનું ઝડપી પડ્યું છે.

રોજિંદા ખાણીપીણી વપરાશમાં અનેક ખાદ્ય પદાર્થો સેવન કરવામાં આવે છે. ત્યારે કેટલાક લેભાગુ તકસાધુઓ બ્રાન્ડ નામનો ઉપયોગ કરીને તેનું ડુપ્લિકેશન ઉપયોગ કરતા હોય છે. અને તેનું બજારમાં વેચાણ પણ કરતા હોય છે. થોડા સમય પહેલાં ડુપ્લીકેટ વિમલ ગુટકાનું કારખાનું સુરત જિલ્લા પોલીસે ઝડપી પાડ્યું હતું. થોડા દિવસ પહેલા કામરેજ પોલીસ એક મકાનની અંદર ચાલતું સુમુલ ડેરી બ્રાન્ડનું ડુપ્લિકેશન ઝડપી પાડ્યું હતું. બે ફરી એકવાર ઓલપાડની માસમાં જી.આઈ.ડી.સી માંથી વધુએક નકલી ઘીની ફેકટરી સ્ટેટ વિઝીલન્સની ટીમે ઝડપી પાડી છે. મસમોટી ફેક્ટરીમાં ઘીના ડબ્બાઓ, મશીનરી, ઘીનો મોટો પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો. પામ ઓઈલ તેમજ વેજીટેબલ ઓઈલ કલરનું મિશ્રણ કરી ઘી બનાવી ડબ્બામાં પેકિંગ કરી માર્કેટમાં વેચાણ કરતા હતા. સ્ટેટ વિઝીલન્સની ટીમે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઘી તેમજ અન્ય પદાર્થોના સેમ્પલો લઈ વધી તજવીજ હાથ ધરી છે. આ સાથે સાથે પોલીસે નજીકમાંથી જ એક ગોડાઉન પણ ઝડપી પાડ્યું છે. પોલીસ દ્વારા મોટી માત્રામાં નકલી ઘીનો જથ્થો તેમજ મુદ્દામાલ જપ્ત કરી ચાર જેટલા ઈસમોની ધરપકડ કરી હોવાની માહિતી સામે આવી હતી. ઓલપાડની વીર મિલ્ક પ્રોડક્ટસ અને આ.કે. એન્ટરપ્રાઈઝ દ્વારા નકલી ઘી બનાવવાનું કૌભાંડ ઝડપી લેવાયું છે. ટીમ દ્વારા ૭.૪ ટન બનાવટી ઘી વેજફેટ ફરી એસિડ વગેરેનો ૧૭.૫ ટનનો જથ્થો જપ્ત કરી પાંચ નમૂના તપાસ અર્થે લેવામાં આવ્યા છે. આ જથ્થાની કિંમત રૂા.૬૯ લાખની થવા જાય છે. સુરત જિલ્લામાંથી અવારનવાર બ્રાન્ડના નામે ડુપ્લીકેટ ખાણી પીણીની ચીજ વસ્તુઓનું વેચાણ કરવાના કારોબારનું પોલીસ પર્દાફાશ કરતી રહે છે. પરંતુ કેટલાક આરોગ્ય માફીઆઓ પૈસા કમાવાની લાલચમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ત્યારે આવા આરોગ્ય માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# મહીસાગરમાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા બે બોગસ તબીબ ઝડપાયા

લુણાવાડા, તા.૧૧

મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ કરતા વધુ એક બોગસ ડોક્ટર અને કમ્પાઉન્ડરને એસઓજી પોલીસે ઝડપી પાડ્યા છે. રેન્જ આઈજી આર.વી. અસારી અને જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી કાર્યવાહીમાં આ સફળતા મળી છે.

એસઓજી પીઆઈ પી.આર.કરેણને મળેલી બાતમીના આધારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના મોકમજીના મુવાડા મોતીપુરા ગામના રાજેન્દ્રસિંહ જાલમસિંહ સોલંકી અને કમ્પાઉન્ડર અંબાલાલ રાયભણસિંહ ઝાલાને ઈચ્છાના મુવાડા ચોકડી પરથી ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બંને શખ્સો કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી કે સર્ટિફિકેટ વગર બીમાર લોકોને તપાસી એલોપેથિક દવાઓ અને ઈન્જેકશન આપતા હતા. પોલીસે મેડિકલ ઓફિસર અને ફાર્માસિસ્ટની હાજરીમાં કાર્યવાહી કરી બંને આરોપીઓ પાસેથી રૂા.૧૨,૮૮૭ની કિંમતની એલોપેથિક દવાઓ જપ્ત કરી હતી. આ મામલે બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત રજિસ્ટર મેડિકલ પ્રેક્ટિસ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ તથા બીએનએસની કલમ ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### હાઈકોર્ટની ટકોર બાદ પોલીસ એક્શનમાં

# ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ માંજા અને કાચની દોરીઓ વેચનારા સામે કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

મકરસંક્રાતિના તહેવારને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારમાં ચાઈનીઝ દોરી, ચાઈનીઝ તુક્કલ વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી તો કરવામાં આવી જ રહી છે. સાથે કાચ પાયેલા દોરા, ગ્લાસકોટેડ દોરીનું વેચાણ કરતા વેપારીઓ સામે પણ કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. હાઈકોર્ટની ટકોર બાદ પોલીસ એક્શન મોડમાં આવી છે અને ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ માંજા અને કાચના દોરાના વેચાણના ૪૮ કેસ કરવામાં આવ્યા છે. તો સાયબર ક્રાઈમ દ્વારા ઓનલાઈન ચાઈનીઝ દોરી કે તુક્કલના વેચાણ અંગે વોચ રાખવામાં આવી રહી છે.

મકરસંક્રાતિના તહેવારને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારમાં ચાઈનીઝ દોરી, ચાઈનીઝ તુક્કલ વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી તો કરવામાં આવી જ રહી છે. સાથે કાચ ચઢાયેલા દોરા, ગ્લાસકોટેડ દોરીનું વેચાણ કરતા વેપારીઓ સામે પણ કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. ઉત્તરાયણને લઈને હાઈકોર્ટની ટકોર બાદ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસના કંટ્રોલરૂમના ડીસીપી રીમા મુનશીએ જણાવ્યું કે, ગત ૨૧ ડિસેમ્બરથી અત્યાર સુધી કાર્યવાહી કરવામાં આવી છે. તેમાં ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ માંજા અને કાચના દોરા બાબતે કેસ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલાક લોકો દ્વારા ઓનલાઈન પણ દોરા અને તુક્કલનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે સાયબર ક્રાઈમ દ્વારા ઓનલાઈન ચાઈનીઝ દોરી કે તુક્કલના વેચાણ અંગે વોચ રાખવામાં આવી રહી છે.

### ૪૯ જેટલા શખ્સોની ધરપકડ

અત્યાર સુધીમાં ૪૮ જેટલા કેસ અમદાવાદ શહેરમાં આ બાબતે કરવામાં આવ્યા છે. જેમાં ૪૯ જેટલા શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની આ ડ્રાઈવ દરમિયાન ૯૭ ચાઈનીઝ દોરીની રીલ, ૩ ચરખા સહિત ૨૭,૯૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઉતરાયણના તહેવારને લઈને ૧૫ DCP, ૧૯ ACP, ૮૬ PIનો બંદોબસ્ત રહેશે. ૨૯૧ PSI, ૭૮૪૦ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ અને ૧૮ SRPની કંપની બંદોબસ્તમાં તૈનાત રહેશે. મહત્વનું છે કે ઉત્તરાયણના બાકીના દિવસો દરમિયાન પણ પોલીસની અલગ અલગ ટીમ શહેરના પતંગ અને દોરીના વેપારીઓને ત્યાં ચેકીંગ કરી કાર્યવાહી કરશે.

### BRTS બસોમાં હેરાન થતાં મુસાફરો માટે જવાબદાર કોણ ? : અતિક સૈયદ

# BRTS બસોને ચલાવતા ખાનગી કોન્ટ્રાક્ટરો ઉપર નિયમ ભંગ બદલ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી

### છેલ્લા ૪ વર્ષમાં મુસાફરો દ્વારા ડ્રાઈવરો વિરૂદ્ધ કરાયેલ ફરિયાદોની સંખ્યા કુલ-૭૯૨ : આ ડ્રાઈવરો સામે શું કાર્યવાહી કરાઈ તેની BRTSને જ ખબર નથી

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા નાગરિકોને પરિવહન સેવા સમયસર મળી રહે તે માટે BRTS બસ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ BRTSએ અમદાવાદ જનમાર્ગ લિ. અર્ધ સરકારી કંપની દ્વારા સંચાલન થતું હોવાથી BRTS બસોને ચલાવતા ખાનગી કોન્ટ્રાકટરો ઉપર નિયમ ભંગ, શરતો ભંગ બદલ કોઈ જ કાર્યવાહી કાર્યવાહી કરવામાં આવતી નથી. તેમ અમદાવાદ શહેર કોંગ્રેસના લઘુમતી વિભાગના કાર્યવાહી પ્રમુખ એડવોકેટ અતીક સૈયદે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદ શહેરમાં ૮૯ કિલોમીટરના રોડ રસ્તા ઉપર BRTS બસો પરિવહન કરે છે, આ બસોમાં લાખો મુસાફરો દરરોજ મુસાફરી કરે છે. BRTS બસોનું સંચાલન ખાનગી કોન્ટ્રાકટરો કરે છે જેમાં તેઓ બસના ડ્રાઈવરની નિમણૂક કરી બસો હંકારવા માટે આપે છે. અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા BRTS બસોના ડ્રાઈવરો વિરૂદ્ધ ફરિયાદ કરવા માટે વિવિધ ટોલ ફ્રી નંબરો મુસાફરો માટે જાહેર કરવામાં આવ્યા છે.

BRTS/AJLને વિવિધ ટોલ ફ્રી નંબરથી BRTS બસોના ડ્રાઈવરો વિરૂદ્ધ છેલ્લા ૪ વર્ષમાં કુલ-૭૯૨ ફરિયાદો મળી છે. આ ફરિયાદો ઉપર ડ્રાઈવર્સ વિરૂદ્ધ સજાના ભાગરૂપે BRTSના ઓપેરેશન બ્રાન્ચ દ્વારા ડ્રાઈવરને ૧ દિવસ /૨ દિવસ માટે ટ્રાફિક જંકશન / ચાર રસ્તા ઉપર સોશિયલ ડ્યૂટી અને ગંભીર ગુનો જણાય તો ડ્રાઈવરને ફરજ ઉપરથી દૂર કરવામાં આવે છે. પરંતુ ડ્રાઈવરો વિરૂદ્ધ BRTSને મળેલ ફરિયાદો ઉપર કરેલ કાર્યવાહીનો કોઈ રેકર્ડ જ રાખવામા આવતો નથી. ઉપરોક્ત મુસાફરો દ્વારા કરવામાં આવેલ ડ્રાઈવરો વિરૂદ્ધની ફરિયાદમાં BRTS દ્વારા ડ્રાઈવરો વિરૂદ્ધ શું કાર્યવાહી કરવાંમાં આવેલ છે તે BRTSને જ ખબર નથી. વધુમાં BRTS દ્વારા ડ્રાઈવરો વિરૂદ્ધ મળેલ ફરિયાદોમાં છેલ્લા ૪ વર્ષ માત્ર ૧ ડ્રાઈવર-પ્રમોદ ભાઈને ફરજ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે. એડવોકેટ અતીક સૈયદે પશ્નો ઉઠાવ્યા કે, હવે પ્રશ્નએ ઊભો થાય છે કે જો બીઆરટીએસ બસોના ડ્રાઈવરો વિરૂદ્ધ કોઈ કાર્યવાહી જ કરવામાં આવતી ન હોય તો પ્રજા / બીઆરટીએસના મુસાફરો માટે ડ્રાઈવરો વિરૂદ્ધ ફરિયાદ કરવા માટે વિવિધ ટોલ ફ્રી નંબર કેમ જાહેર કરવામાં આવ્યા છે ? શું BRTS અને AMCના અધિકારીઓ ટોલ ફ્રી નંબર જાહેર કરી પ્રજાને મૂર્ખ બનાવવાનું કાર્ય કરી રહ્યા છે? કયા કારણોસર BRTSના પ્રાઈવેટ બસોના કોન્ટ્રાકટરો કે જેઓને પ્રતિ માસ ૧૧ કરોડ રૂપિયા BRTS દ્વારા ચૂકવવામાં આવે છે તેમના વિરૂદ્ધ કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી? કયા કારણોસર BRTSના પ્રાઈવેટ બસોના ઓપરેટરો વિરૂદ્ધ પેનલ્ટી કરવામાં આવતી નથી? કયા કારણોસર બીઆરટીએસ અને AMCના ઉચ્ચ અધિકારીઓ બસ ઓપરેટરોને પેનલ્ટીની રકમ ન વસૂલી મદદ કરી રહ્યા છે?

અતીક સૈયદ માંગ કરતા જણાવ્યું કે, મેયર અને મ્યુ. કમિશનરને માંગણી કે છે BRTS બસોના ડ્રાઈવરો વિરૂદ્ધ ફરિયાદ કરવા માટે નાગરિકો માટે જે ટોલ ફ્રી નંબેરો જાહેર કરવામાં આવ્યા છે તે ટોલ ફ્રી નંબરો ઉપર મુસાફરો દ્વારા જે ફરિયાદ કરવામાં આવે તે ફરિયાદની કાર્યવાહીના ભાગરૂપે જે સજા આપવા આવે છે તે માટે અલગથી રેકર્ડ નિભાવવામાં આવે, એક જ નામના ડ્રાઈવરો વિરૂદ્ધ ૧થી વધુ વખત ફરિયાદો મળતા એ ડ્રાઈવરને ફરજ ઉપરથી દૂર કરવામાં આવે અને જે ઓપરેટરો દ્વારા ડ્રાઈવરોની સેવા બીઆરટીએસમાં લેવામાં આવે છે તે ઓપરેટરોના ડ્રાઈવરો વિરૂદ્ધ મળેલ ફરિયાદના અમલ પ્રમાણે પેનલ્ટીની રકમ નક્કી કરવામાં આવે તેવી માંગણી છે.


**My Old Name**

**VHORA RUKSANAKHATUN SHARIFMIYAN** To New Name **VORA RUKSANABEN MOHAMEDSHARIF**

C/2, Gulmohar Society, Near Memon Hall, Maktampura, Juhapura, Sarkhej Road, Ahmedabad 380055, Gujarat, India

**નામ બદલેલ છે**

**રહીમભાઈ ઓસમાણભાઈ મેમદાણી** તે નામ બદલીને નવું નામ **રહીમભાઈ ઓસમાણભાઈ મેમણ** રાખેલ છે.

**રહેવાસી :- ૦૦ રાણા સોસાયટી, ગોલ્ડન હાઉસ સામે, સરખેજ**

**મારું જૂનું નામ**

વ્હોરા **રુકસનખાતુન શરીફમિયાં** નવા નામ માટે **વોરા રૂકસાનાબેન મોહમ્મદશરીફ**

સી/૨, ગુલમહોર સોસાયટી, મેમણ હોલ પાસે, મકતમપુરા, જુહાપુરા, સરખેજ રોડ, અમદાવાદ-380055, ગુજરાત, ભારત

**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**
Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
under Wakf Act, 1995 (Central Act - 43 )

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr. jivrajbhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"આગામી પીરની દરગાહ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **કુરેશી મોહમ્મદ સરફરાઝ મોહમ્મદ કમાલ** મુ.પો. વેસ્મા, જિ.નવસારીનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત/જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જેના રેવન્યુ રેકોર્ડની ચકાસણી કરતા સદર સંસ્થાના નામની સ્પષ્ટ નોંધ થયેલ છે.

| ગામ/મુ.પો./ઠે. | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં./મિલકત નં. | હે-આરે-ચો.મી. |
|---|---|---|---|---|
| મુ.પો. સંદલપોર, | તા. જલાલપોર, જિ. નવસારી | ખેતીલાયક ઉપયોગ | સર્વે નં.૧૦૪ | ૦-૮૮-૦૫ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ- ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# ‘બિન-જૈવિક’ વડાપ્રધાન મોદી માનવીમાં કેવી રીતે પરિવર્તિત થઈ ગયા ? : ભૂલનો સ્વીકાર કે પછી ડેમેજ કંટ્રોલ?

(એજન્સી) તા.૧૧

શું વડાપ્રધાન મોદી ‘ભગવાન’ છે કે માનવ છે? શું વડાપ્રધાન મોદી પોતે આ બાબતે મૂંઝવણમાં છે? કે પછી તે લોકોને મૂંઝવી રહ્યા છે? ક્યારેક તે પોતાને બિન-જૈવિક કહે છે અને ક્યારેક તે કહે છે, ‘હું તો માણસ છું, ભગવાન નથી.’ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા, મોદીએ પોતાને બિન-જૈવિક ગણાવ્યા હતા, પરંતુ ચૂંટણી જીત્યા પછી, તેઓ હવે કહી રહ્યા છે કે ‘ક્યારેક ભૂલો થાય છે, હું પણ માણસ છું, ભગવાન નહીં’. વડાપ્રધાન મોદીના આ તાજેતરના નિવેદનની તુલના હવે લોકસભા ચૂંટણી પહેલા આપેલા તેમના નિવેદન સાથે કરવામાં આવી રહી છે જેમાં તેમણે પોતાને બિન-જૈવિક ગણાવ્યા હતા. કોંગ્રેસે પણ હવે મોદીના બંને નિવેદનો પર કટાક્ષ કર્યો છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, ‘આ તે જ વ્યક્તિ કહી રહ્યા છે જેમણે આઠ મહિના પહેલા જ પોતાને ભગવાનનો સ્વ-ઘોષિત અવતાર જાહેર કર્યો હતો.

કોંગ્રેસ નેતા દ્વારા શેર કરાયેલ આ જૂનો વિડીયો ક્લિપ લોકસભા ચૂંટણી પહેલાનો છે. ત્યારે પીએમ મોદી ચૂંટણી પ્રચારમાં હતા અને આ ક્રમમાં તેઓ એક પછી એક ટીવી ચેનલોને ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા. આ મુલાકાતમાં એક પ્રશ્નના જવાબમાં, પીએમ મોદીએ કહ્યું હતું કે, ‘પહેલાં, જ્યાં સુધી મારી માતા જીવિત હતી, ત્યાં સુધી હું વિચારતો હતો કે હું કદાચ જૈવિક રીતે જન્મ્યો છું. મારી માતાના અવસાન પછી, જ્યારે મેં આ બધા અનુભવોને એકસાથે જોયા તો મને લાગે છે અને મને ખાતરી છે, કે હું ખોટો હોઈ શકું છું, ડાબેરીઓ મારી મજાક કરશે..., પણ મને ખાતરી છે કે ભગવાને મને મોકલ્યો છે. તે ઉર્જા જૈવિક શરીરમાંથી મળી ન હતી. ભગવાન મારી પાસે કંઈક કામ કરાવવા ઈચ્છે છે. ભગવાને પોતે મને કોઈ કામ માટે મોકલ્યો છે. મોદીએ આગળ કહ્યું હતું કે, ‘ભગવાને ભારતની ભૂમિ પસંદ કરી. ભગવાને મને પસંદ કર્યો. અને એક રીતે, બધા બંધનોથી અલિપ્ત થઈને, હું દરેક કાર્યને ભગવાનની પૂજા માનીને



કરું છું. પીએમ મોદીના આ નિવેદન બાદ ઘણો હોબાળો થયો હતો. વિપક્ષી પાર્ટીઓએ આને મુદ્દો બનાવ્યો અને દરેક મુદ્દા પર પીએમ મોદીને બિન-જૈવિક કહીને તેમની ટીકા કરવાનું શરૂ કર્યું હતું. જયરામ રમેશ અને પવન ખેરા જેવા નેતાઓ પીએમ મોદીના નામને બદલે “બિન-જૈવિક” શબ્દનો ઉપયોગ કરીને તેમની ટીકા કરતા રહ્યા હતા. દરમિયાન, લોકસભા ચૂંટણીના પરિણામો ભાજપની અપેક્ષાઓ મુજબ આવ્યા ન હતા. ભાજપે NDA માટે ૪૦૦ પાર કરવાનો નારો આપ્યો હતો અને તેનું માનવું હતું કે ભાજપ એકલા હાથે ૩૫૦થી વધુ બેઠકો જીતશે. જો કે આવું બન્યું નહીં.

ભાજપ પોતાના દમ પર સરકાર બનાવવાની સ્થિતિમાં પણ ન હતું. એનડીએના દમ પર ભાજપ બહુમતીનો આંકડો હાંસલ કરવામાં સફળ રહ્યું. ઉત્તર પ્રદેશમાં, જ્યાં ભાજપ હિન્દુત્વની પ્રયોગશાળા હતી, તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. તે સમાજવાદી પાર્ટી કરતા ઘણું પાછળ રહી ગયું. મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં ભાજપ ઘણું પાછળ રહી ગયું. ઘણા રાજ્યોમાં ભાજપની સ્થિતિ સારી ન હતી. એવું લાગતું હતું કે ભાજપનો ગઢ તૂટી ગયો છે.

આરએસએસ અને મોહન ભાગવત તરફથી પણ એવા નિવેદનો આવ્યા કે જાણે તેઓ પીએમ મોદીના તાજેતરના નિવેદનોથી ખુશ ન હોય. ચૂંટણી પરિણામોના થોડા મહિના પછી જુલાઈમાં, મોહન ભાગવતે કહ્યું હતું કે, માનવ બન્યા પછી, કેટલાક લોકો સુપરમેન બનવા માંગે છે, પછી તેઓ ‘દેવતા’ અને પછી ‘ભગવાન’ અને પછી ‘વિશ્વરૂપ’ બનવા માંગે છે. ભાગવતે કહ્યું કે આજકાલ માણસ અલૌકિક બનવા માંગે છે, પણ ત્યાં પણ અટકતો નથી. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોમાં મોહન ભાગવતે કહ્યું હતું કે, ‘કેટલાક લોકો માનવી કરતાં સુપર હ્યુમન બનવા માંગે છે, જેને સુપરમેન કહેવામાં આવે છે.’ જેમની પાસે અલૌકિક શક્તિઓ હોય છે, પછી માણસ અલૌકિક બનવા માંગે છે. સુપરમેન બનવા માંગે છે. સુપર હ્યુમન બનવા માંગે છે. પણ વાત આટલેથી અટકતી નથી. તેને લાગે છે કે તેણે ભગવાન બનવું જોઈએ. તે ભગવાન બનવા માંગે છે. અને પોતાને દેવતા કહે છે. તે ભગવાન બનવા માંગે છે. અને ભગવાન કહે છે કે હું બ્રહ્માંડનું સ્વરૂપ છું. ...આકાર વગરનું સ્વરૂપ છે. તે અનંત છે.

ભાગવતે આ નિવેદન સાથે કોઈનું નામ લીધું ન હતું, પરંતુ વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયા યુઝર્સે ભાગવતના નિવેદનને પીએમ મોદીના બિન-જૈવિક નિવેદન સાથે જોડ્યું હતું. સોશિયલ મીડિયા પર સંકેતો મળ્યા કે, શું મોહન ભાગવતે મોદીને ટ્રોલ કર્યા છે? કોંગ્રેસના નેતા જયરામ રમેશે સીધો આરોપ લગાવ્યો કે મોહન ભાગવતે પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ‘મને ખાતરી છે કે સ્વ-ઘોષિત બિન-જૈવિક વડાપ્રધાનને આ નવીનતમ અગ્નિ મિસાઈલના સમાચાર મળ્યા હશે જે નાગપુરથી ઝારખંડના લોક કલ્યાણ માર્ગને નિશાન બનાવીને છોડવામાં આવી છે.

જોકે, હવે મોદીનું ભગવાન અંગેનું અન્ય તાજેતરનું એક નિવેદન સામે આવ્યું છે. આ તેમનો પ્રથમ વખત પોડકાસ્ટ પર દેખાવ છે. એક પ્રશ્નના જવાબમાં પીએમ મોદીએ કહ્યું કે, ‘ભૂલો થાય છે.’ મને પણ આવું થાય છે. હું પણ એક માણસ છું, હું ભગવાન નથી. તેમના આ નિવેદનથી પ્રશ્ન ઉભો થાય છે કે પીએમ મોદીએ આ નિવેદન કેમ આપ્યું? શું તે ડેમેજ કંટ્રોલ કરી રહ્યા છે? શું તેમણે લોકસભા ચૂંટણી માટે બિન-જૈવિક તરીકે પોતાની છબી બનાવી હતી અને ચૂંટણી હાર્યા પછી, તેમનું ગૌરવ ચકનાચૂર થઈ ગયું છે? એક પ્રશ્ન એ છે કે શું પોતાને બિન-જૈવિક કહેવું તેમની ભૂલ હતી, જેને તેઓ હવે સુધારી રહ્યા છે?

# જાણીતા કોમેડી કલાકાર ટીકુ તલસાણિયાને હૃદયરોગનો હુમલો, ગંભીર હાલત

## તાજેતરમાં ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’એ ફિલ્મમાં ચમકેલા તલસાણિયાને ગંભીર હાલતમાં દવાખાને ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ

(એજન્સી) મુંબઈ, તા.૧૧

બોલિવૂડના પીઢ અભિનેતા અને જાણીતા કોમેડી કલાકાર અને અનેક યાદગાર ભૂમિકાઓ ભજવી ચૂકેલા ટીકુ તલસાણિયાને હૃદય રોગનો હુમલો આવતા દવાખાને ખસેડવામાં આવ્યા છે જયાં એમની હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. ફિલ્મ અને ટેલિવિઝન બંને માધ્યમોમાં એમનું યાદગાર યોગદાન રહ્યું છે અને ખૂબ જ સફળ થયેલી ફિલ્મો અંદાજ અપના અપના, દેવદાસ, સ્પેશિયલ ૨૬, તેમજ લોકપ્રિય ટેલિવિઝન શો ઉત્તરણમાં પણ તેમણે યાદગાર ભૂમિકાઓ ભજવી છે. પ્રાપ્ત થતા અહેવાલો જણાવે છે કે તેમને હૃદય રોગનો



ભારે હુમલો આવતા કોકીલાબેન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને હાલ આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. સવારે તેઓ તેમના નિવાસસ્થાને ગુજરાતી ફિલ્મ મન તને ના સમજે એ જોઈ રહ્યા હતા ત્યારબાદ તેમને થોડી બેચેની શરૂ થઈ હતી અને ઉલટીઓ ચાલુ થઈ ગઈ હતી એટલે એમને વ્હીલચેર પર તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમણે અનેક યાદગાર ફિલ્મોમાં અને ટેલિવિઝન શોમાં અભિનયના અજવાળા પાથર્યા છે. દીપ્તિ તલસાણિયાને પરણેલા ટીકુ તલસાણિયાને સંતાનમાં પુત્ર રોહન તલસાણિયા અને પુત્રી શિખા તલસાણિયા છે. એમની દીકરી પણ ત્રણ ફિલ્મોમાં અભિનય કરી ચૂકી છે. ફિલ્મ અને ટીવી જગતના એમના ચાહકો અને કલાકારો અને સર્જકો તેઓ ઝડપથી સાજા થાય એવી પ્રાર્થના કરી રહ્યા છે.

# મલ્લિકાર્જુન ખડગેએ લાલ બહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપી

(એજન્સી) તા.૧૧

ભારતના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૫૯મી પુણ્યતિથિ ગઈકાલે હતી. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત અનેક નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ લાલ બહાદુર શાસ્ત્રીને યાદ કર્યા અને તેમને મહાન ગાંધીવાદી કહ્યા. ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, “અમે જય જવાન, જય કિસાન” પાછળની પ્રેરણા, મહાન ગાંધીવાદી, આપણા આદર્શ, પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીને તેમની પુણ્યતિથિ પર હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેમણે દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. જમીન સુધારાથી લઈને દૂધ ક્રાંતિનો પાયો નાખવા સુધી, રેલવેમાં ત્રીજા વર્ગને નાબૂદ કરવાથી લઈને ૧૯૬૫ના



યુદ્ધ સુધી શાસ્ત્રીજી પોતાની સાદગી અને વિનમ્ર જીવનથી દરેક માટે પ્રેરણારૂપ બન્યા, તેમણે હંમેશા દેશની પ્રગતિ માટે કામ કર્યું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લાલ બહાદુર શાસ્ત્રીને યાદ કરતા તેમને ગરીબ પરિવારના પુત્ર ગણાવ્યા. તેમણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, ‘હું પૂર્વ વડાપ્રધાન, ભારત રત્ન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરૂં છું. સાદગી અને પ્રામાણિકતાના પ્રતીક લાલ બહાદુર શાસ્ત્રીએ પોતાના કાર્યથી દેશના રાજકીય ઈતિહાસ પર અમીટ છાપ છોડી. અને વ્યક્તિત્વ. ‘જય જવાન’ ‘જય કિસાન’ના નારા સાથે તેમણે દેશના ખેડૂતો અને સૈનિકોમાં નવી ઉર્જાનો સંચાર કર્યો. ગુડ્ડી કે લાલ શાસ્ત્રીજીનું કુશળ નેતૃત્વ અને હિંમત હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણાસ્ત્રોત રહેશે.’ પૂર્વ પ્રધાનમંત્રીને શ્રદ્ધાંજલિ આપતાં, કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે શાસ્ત્રીજીના વારસાનું પેઢી દર પેઢી સન્માન કરવામાં આવશે. શિવકુમારે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું, ‘પૂર્વ વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી, જે સાદગી, નમ્રતા અને દેશભક્તિના પ્રતિક હતા, તેમને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ. તેમનું સૂત્ર ‘જય જવાન, જય કિસાન’ એ દેશની સેવા કરતા હાથો પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ હતી. ‘આ સંદેશ શક્તિશાળી છે અને તેમણે જે વારસો છોડી દીધો છે તેનું પેઢી દર પેઢી સન્માન કરવામાં આવશે.’

# દિલ્હી પોલીસ IT એક્ટ મુજબ હવે સોશિયલ મીડિયા કંપનીઓને “ગેરકાનૂની અહેવાલો અને વૃત્તાંત” કાઢી નાખવાનો આદેશ આપી શકશે

## દિલ્હીના ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલા જાહેરનામામાં દર્શાવ્યું છે કે LGએ સિનિયર પોલીસ અધિકારીઓને સોશિયલ મીડિયા એપ અને કંપનીઓ પરના ગેરકાનૂની અહેવાલો કાઢી નાખવાનો આદેશ આપવાની સત્તા આપી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર અને એપ પર મુકાતા ગેરકાયદે અહેવાલો અને વૃતાંતને કાઢી નાખવાનો આદેશ આપવાની દિલ્હીના લેફ. એન્ડ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હી પોલીસના ૨૧ સિનિયર અધિકારીઓને સત્તા આપી છે. આઈટી ધારા મુજબ પોલીસ અધિકારીઓ હવે આવા કોઈપણ ‘‘ગેરકાયદે વૃતાંતો અને અહેવાલો’’ કાઢી નાખવાનું સોશિયલ મીડિયા કંપનીઓને આદેશ આપી શકશે. આ કાયદા મુજબ LGએ એમને સત્તા આપી છે. ૨૬ ડિસેમ્બરે બહાર પડેલા જાહેરનામામાં એલજીએ આ કામગીરી કરવા માટેની દિલ્હીના એનસીટીની લોડલ એજન્સી તરીકે દિલ્હી પોલીસને કામગીરી સોંપી છે. દિલ્હીના ગૃહ વિભાગ દ્વારા બહાર પડેલા



જાહેરનામામાં દર્શાવ્યું છે કે, તમામ જિલ્લાના ડીસીપી, આઈએફએસઓ, આર્થિક અપરાધ શાખા, સ્પેશિયલ સેલ અને સ્પેશ્યલ બ્રાન્ચ, ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, રેલવે અને દિલ્હી મેટ્રોના સત્તાવાળાઓને તેમના પોતપોતાના વિસ્તારોમાં જો આવા કેસો જોવા મળે તો તે પ્રકારના અહેવાલો કઢાવી નાખવા માટે જે તે સોશિયલ મીડિયા કંપનીને નોટિસ આપવા માટે અધિકૃત કર્યા છે. આવા કોઈપણ પ્લેટફોર્મ પર જે તે કંપની દ્વારા સંચાલિત કે અંકુશિત હોય એવા કોમ્પ્યુટર સાથે સંકળાયેલ કે તેમાં રહેલ કોઈ પણ માહિતી કે ડેટા કે સંદેશા વ્યવહારનો ગેરકાનૂની કાર્ય માટે ઉપયોગ થયો હોય તો એવા ઉદાહરણોની જાણ કરવાની અને તેની નોંધ લેવાની સત્તા પણ દિલ્હી પોલીસને અને તેના ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવી છે.

# મંદિર-મસ્જિદ અંગેની ચર્ચામાં યોગી આદિત્યનાથે કહ્યું કે, વારસો પાછો મેળવવામાં કંઈ ખોટું નથી

## આજતકના ધર્મ સંસદ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એવા દાવાઓની પણ ટીકા કરી હતી કે જ્યાં મહાકુંભનું આયોજન થઈ રહ્યું છે તે વિસ્તાર વકફ મિલકત છે

(એજન્સી) તા.૧૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દેશમાં અનેક મંદિર-મસ્જિદ વિવાદોના પુનરુત્થાન પર ભાર મૂકતા કહ્યું કે હિન્દુઓએ વારસો પાછો મેળવવો એ અયોગ્ય નથી. મહાકુંભ મેળા પહેલા આજતકના ધર્મ સંસદ કાર્યક્રમમાં આદિત્યનાથે એવા દાવાઓની પણ ટીકા કરી કે જ્યાં ધાર્મિક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે તે વિસ્તાર વકફ મિલકત છે. આદિત્યનાથે ઉત્તરપ્રદેશ શહેરમાં ગયા વર્ષે હિંસા અને શાહી જામા મસ્જિદ વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વારસો પાછો મેળવવો એ ખરાબ બાબત નથી. સનાતન પુરાવા હવે સંભલમાં દેખાય રહ્યા છે. વિવાદિત માળખાઓને મસ્જિદો ન કહેવી જોઈએ. ભારત મુસ્લિમ લીગ માનસિકતા પર નહીં ચાલે. આદિત્યનાથની આ ટિપ્પણી RSS વડા મોહન ભાગવતે મંદિર-મસ્જિદ વિવાદો પર ચિંતા વ્યક્ત કર્યાના થોડા દિવસો પછી આવી છે. શાહી જામા મસ્જિદના કોર્ટ દ્વારા ફરજિયાત સર્વેક્ષણ પર સંભલમાં થયેલી હિંસા પર બોલતા, આદિત્યનાથે ભાર મૂક્યો કે પુરાણોમાં સંભલનો ઉલ્લેખ ભગવાન વિષ્ણુના દસમા અવતાર કલ્કીના જન્મસ્થળ તરીકે કરવામાં આવ્યો છે. ૧૫૯૬માં સંભલમાં એક હરિહર મંદિર તોડી પાડવામાં આવ્યું હતું અને એક માળખું બનાવવામાં આવ્યું હતું. આઈન-એ-અકબરીમાં પણ તેનો ઉલ્લેખ છે. આ અરજદારોએ દાવો કર્યો છે કે ‘બાબરનામા’ અને ‘આઈન-એ-અકબરી’માં ઉલ્લેખ છે કે જામા મસ્જિદ જ્યાં છે ત્યાં હરિહર મંદિર હતું. આઈન-એ-અકબરી અકબર હેઠળના મુઘલ સામ્રાજયના વહીવટ પરનો દસ્તાવેજ છે. તે તેમના દરબારના ઈતિહાસકાર અબુલ ફઝલ દ્વારા લખવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ગંગાની સ્વચ્છતા અંગે સમાજવાદી પાર્ટી પર પણ કટાક્ષ કર્યો અને દાવો કર્યો કે મોરિશિયસના પ્રધાનમંત્રીએ ૨૦૧૩માં કુંભની મુલાકાત લીધી ત્યારે વિસ્તારમાં ગંદકી જોઈને પવિત્ર નદીમાં ડૂબકી મારવાનું ટાળ્યું હતું. ૨૦૧૩માં જ્યારે મોરિશિયસના પ્રધાનમંત્રી ગંગામાં પવિત્ર ડૂબકી મારવા માટે ભારત આવ્યા હતા, ત્યારે તેઓ કુંભ દરમિયાન પ્રદૂષણ, ગંદકી અને



ગેરવહીવટ જોઈને પાછા ફર્યા હતા. ૨૦૧૩માં રાજ્યમાં સમાજવાદી પાર્ટી સત્તામાં હતી અને અખિલેશ યાદવ મુખ્યમંત્રી હતા. તેમણે કહ્યું કે ડબલ-એન્જિન સરકારના કામને કારણે ગંગા હવે સ્વચ્છ થઈ ગઈ છે. ૨૦૧૯માં જ્યારે મોરેશિયસના પીએમ વારાણસીની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેઓએ પ્રયાગરાજની મુલાકાત લીધી હતી જ્યાં કુંભ ચાલી રહ્યો હતો. છ વર્ષમાં થયેલા પરિવર્તનને જોઈને તેમણે પોતાના પરિવાર સાથે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. આદિત્યનાથ વક્ફ બોર્ડ પર હુમલો કરતા કહ્યું કે, એક મૌલવીએ દાવો કર્યો હતો કે પ્રયાગરાજમાં મહાકુંભ વક્ફ જમીન પર યોજાઈ રહ્યો છે અને આદિત્યનાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વકફના બહાને કબજે કરાયેલી દરેક ઈંચ જમીન પાછી મેળવશે. કુંભ હજારો વર્ષોથી ભારતના વારસાનું પ્રતીક રહ્યું છે અને હંમેશા અહીં યોજાય છે. તે વક્ફ બોર્ડ નથી પરંતુ જમીન માફિયાઓનું બોર્ડ છે. આદિત્યનાથે એમ પણ કહ્યું કે સરકાર આવી બધી કબજાવાળી જમીનની તપાસ કરી રહી છે અને કાયદામાં સુધારા કરવામાં આવ્યા છે. જ્યાં પણ ‘વક્ફ’ શબ્દ દેખાશે, ત્યાં તપાસ કરવામાં આવશે કે જમીન મૂળ કોના નામે નોંધાયેલી હતી અને તેને તેના હકદાર માલિકોને પરત કરવાના પ્રયાસો કરવામાં આવશે.

# ડોનાલ્ડ ટ્રમ્પના ટેકેદારો દ્વારા સોશિયલ મીડિયા એક્સ પર ભારત વિરોધી નફરતની આંધી પદ્ધતિસર ચગાવવામાં આવી રહી છે જેનાથી રંગભેદ અને બિનનિવાસી લોકો તરફ નફરત અને ઘૃણાની લાગણીઓમાં થઈ રહ્યો છે વધારો : ખાસ અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

વોશિંગ્ટન સ્થિત એક સ્વૈચ્છિક સંસ્થા સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ઓર્ગેનાઈઝડ હેટ દ્વારા બહાર પાડવામાં આવેલા એક ખાસ અહેવાલમાં એવું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે કે અગાઉ ટ્વીટર પરંતુ હવે એક્સ તરીકે ઓળખાતા સોશિયલ મીડિયા હેન્ડલ પર છેલ્લા થોડા સમયમાં ભારતીયોને નિશાન બનાવીને ટૂંક સમયમાં જ નફરત ભરી ૧૨૮ જેટલી પોસ્ટ મૂકવામાં આવી છે અને ભારત વિરોધી નફરત અને હિંસાના આ અહેવાલોને કારણે રંગભેદ તથા બિન નિવાસીઓ પ્રત્યે હિંસા અને નફરત તથા ઘૃણાનું પ્રમાણ બેવડાઈ રહ્યું છે એવો અહેવાલ જણાવે છે. ભારત વિરોધી નફરત તથા રંગભેદ અને બિનનિવાસી ભારતીયો તથા અન્ય લોકો પ્રતિ હિંસક વલણમાં ચિંતાજનક રીતે ઉછાળો આવી રહ્યો છે. નવા




## અગાઉ ટ્વીટર અને હવે એક્સ તરીકે ઓળખાતા હેન્ડલ પર એકાએક ભારત વિરોધી નફરતના પ્રમાણમાં બેવડો વધારો થયો છે અને નવા ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એચવન- બી વિઝા કાર્યક્રમનો વિરોધ કરીને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે જે દર્શાવે છે કે શક્તિશાળી સત્તાધીશો દ્વારા ખૂબ જ પદ્ધતિસર રીતે અને સુઆયોજિત રીતે નફરતની આગ ભડકાવવામાં આવી રહી છે, એટલું જ નહીં પરંતુ એલોન મસ્કની માલિકીના શ્વેત સર્વોત્તમ છે એવી વિચારધારાનું પ્રભુત્વ ધરાવતા પ્લેટફોર્મ આ માટે કારણભૂત છે

રચાનારા ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રમાં ભારતીય મૂળના ટેકનોલોજી નિષ્ણાંત શ્રીરામ કૃષ્ણનની નિમણૂક તથા એઆઈના સલાહકાર તરીકે જાણીતા નિષ્ણાંત વિવેક રામસ્વામીની નિમણૂક પછી નફરતના આ પોસ્ટમાં ભારે વધારો થઈ રહ્યો છે. વળી વિવેક રામાસ્વામીએ જે પોસ્ટ મૂકી હતી અને અમેરિકી શિખાઉપણું એવી વાત કરી હતી તેના પગલે નફરત વધુ ઉછાળો મારી ગઈ છે. એક સપ્તાહ પહેલા સુધી આવી ૧૨૫ પોસ્ટ સક્રિય રહી હતી જ્યારે આઠ પોસ્ટને સંવેદનશીલ ગણાવવામાં આવી હતી હજુ એક પોસ્ટ એવી છે જે આ પ્લેટફોર્મના નફરત નહીં ફેલાવવાના અને ભય નહીં પ્રસરાવવાના નીતિ નિયમોનો ભંગ કરે છે. પાત્ર એ છે કે આ ડેટા બેઝમાં આવેલા ૮૫ એકાઉન્ટમાંથી માત્ર એક એકાઉન્ટને જ એક્સ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. અહેવાલમાં એ નોંધ પણ લેવામાં આવી છે કે આ તમામ પોસ્ટમાં માત્ર ચોક્કસ અમેરિકા કે ભારતીય હિન્દુઓ નહીં પણ ભારતીય મૂળના શીખ સહિતના તમામ વર્ગને નિશાન બનાવીને નફરત ફેલાવવામાં આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેકેદાર અને કટ્ટર જમણેરીવાદી લોરા લુમરે ભારતીય અમેરિકનોને નિશાન બનાવીને પોસ્ટનો મારો ચલાવ્યો છે અને ખાસ કરીને જ્યારથી શ્રીરામકૃષ્ણની નિમણૂક થઈ છે અને વિવેક રામાસ્વામીને હોદ્દો આપવામાં આવ્યો છે ત્યારથી ભારતીય તરફની નફરતભરી પોસ્ટમાં ભારે ઉછાળો આવ્યો છે. એમાં પણ રામાસ્વામીની પોસ્ટને કારણે જમણેરીઓને ભારતીયોને નિશાન બનાવવાનો વધુ મોકો મળ્યો છે. અમેરિકામાં કુશળ ટેકનિકલ કાર્યકરો તૈયાર થઈ રહ્યા નથી એ બદલ અમેરિકી સંસ્કૃતિની વિવેક સ્વામીએ ટીકા કરી હતી ત્યારથી ભારતીય વિરોધી પોસ્ટમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે અને એક્સ પ્લેટફોર્મ ભારત વિરોધી અભિગમતી અને ટીકા પ્રહારો તથા કટાક્ષથી ઉભરાયેલું રહે છે આ તમામ પોસ્ટ ભારત વિરોધી રંગભેદનો ચૂકાવી દેનારો પુરાવો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લા ન સ્થાપક મસ્ત દ્વારા એચવન બી કાર્યક્રમને ટેકો જાહેર કરવામાં આવ્યો છે ત્યારથી રંગભેદી અને નફરતભરી પોસ્ટમાં ઉછાળો આવ્યો છે અને તેમાં કોઈ ઘટાડો થઈ રહ્યો નથી એટલે એવું માનવું જરૂરી છે કે શક્તિશાળી માથાઓએ ખૂબ જ સુઆયોજન રીતે પદ્ધતિસર ભારતીય વિરોધી નફરતનું વાતાવરણ ભડકાવી દીધું છે અને પ્રસરાવી દીધું છે તેમાં અનેક ટોચના માથાઓ કારણભૂત છે. ૧૨૮માંથી ૪૭ પોસ્ટમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે વસાહતી કારીગરોને સ્થાને ગોરા કારીગરોને ભરતી કરવા જોઈએ જે અહીં રહેતા બિનનિવાસીઓ તરફની કટુ લાગણીનું પ્રદર્શન કરે છે. બીજી ૩૫ પોસ્ટમાં તો વળી એવા સૂચનો હતા કે ભારતીય ગંદા છે અને બિલકુલ ચોખ્ખા રહેતા નથી તો બીજા કેટલાક પોસ્ટમાં તો જાહેરમાં કરવામાં આવતી શૌચક્રિયા, ગૌમૂત્ર અને ગાયનું છાણ વગેરે ચીજોનો ઉલ્લેખ કરીને એવું બતાવવામાં આવ્યું કે ભારતીય સ્વચ્છતામાં માનતા નથી.

# ભાજપ અને તેના નેતાઓ ચૂંટણી પંચને છેતરવાનો પ્રયાસ કરી રહ્યા છે, દિલ્હીની ચૂંટણીઓમાં ઘાલમેલ થઈ રહી હોવાનો આમ આદમી પાર્ટીનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

આમ આદમી પાર્ટીએ આજે ભાજપની ટોચની નેતાગીરી અને કેન્દ્રીય મંત્રીઓ પર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મતદારોની યાદીઓમાં મોટા પ્રમાણમાં ગેરરીતિઓમાં ટોચની નેતાગીરી અને કેન્દ્રીય મંત્રીઓ સંડોવાયા હોવાનો આમ આદમી પાર્ટીએ ગંભીર આક્ષેપ કર્યો છે. આપના નેતા અને રાજયસભાના સભ્ય સંજયસિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભાજપના નેતાઓ જેમાં ટોચના નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ છે તેઓ રાજધાનીમાં અલગ અલગ સરનામું બતાવીને બનાવટી મતદારોની નોંધણી કરાવી રહ્યા છે અને આ રીતે ચૂંટણી પંચની સાથે છેતરપિંડી કરવાનો અને ચૂંટણી પંચની સત્તાની અવહેલના કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના સાંસદો અને નેતાઓ ચૂંટણી પંચની આંખમાં ધૂળ નાખીને તેની પ્રતિષ્ઠા સાથે રમત કરી રહ્યા છે. એ લોકો ચૂંટણી કૌભાંડો અને ગોટાળા કરી રહ્યા છે. નવી દિલ્હી બેઠક પરના ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્મા એ પૂર્વ સાંસદ છે. કોઈ વર્તમાન સાંસદ નથી છતાં આઠ મહિનાથી સંસદનો બંગલો પચાવીને બેઠા છે. સંજયસિંહ આગળ કહે છે કે એટલું જ નહીં તેમણે જે નવા ૩૩ મતદારોની અરજીઓ આપી છે તેમાં સરનામું પોતાના એ સંસદના બંગલાનું લખ્યું છે. જ્યારે બીજું નામ કેન્દ્રના નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીનું છે. તેમણે પોતાના નામ પર રહેનારા ૨૬ ઉમેદવારોના નામ પાસે પોતાના બંગલાના સરનામા



આપ્યા છે એ જ રીતે કેન્દ્રના મંત્રી કમલેશ પાસવાને જે ૨૬ મતદારોના નામ આપ્યા છે એમાં પોતાનું જ સરનામું આપ્યું છે. ગઈકાલે દિલ્હી ભાજપના પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ એવો આક્ષેપ કર્યો હતો કે આપના નેતા અરવિંદ કેજરીવાલ ચોક્કસ મતવિસ્તારોમાં એમના પોતાના પક્ષના કાર્યકરોના સરનામા સાથે મોટા પ્રમાણમાં નવા મતદારોના નામોની નોંધણી કરાવી રહ્યા છે. એ બધા નામ એવા છે જે દિલ્હીમાં રહેતા નથી અને અચાનક જ મતદાનના દિવસે મતદાન કરવા માટે પ્રગટ થશે. ભાજપના આક્ષેપના જવાબમાં આજે આમ આદમી પાર્ટીએ વળતા આક્ષેપો કર્યા છે. ભાજપે પણ આ અંગે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવાનું નક્કી કર્યું છે અને પંચનો સમય માંગ્યો છે.

## 'અત્યંત આઘાતજનક' : મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેના EVM અંગેના વિધાનો સામે શશી થરૂરની પ્રતિક્રિયા

### શશી થરૂરે કહ્યું કે, ચોક્કસ કોઈ સમાજને નિશાન બનાવવાનું ખોટું છે, દેશના દરેક નાગરિકને સમાન અધિકારો છે અને માત્ર એ માર્ગે દેશ આગળ વધી શકે

**ન્યુઝ GT પોઈન્ટ** ઉપરોક્ત સમાચાર વાંચ્યા બાદ તો કોઈ ફરિયાદ કરશે ! જ્યાં સુધી ફરિયાદ કરી ન્યાયના દ્વાર નહીં ખખડાવો ત્યાં સુધી જુલમ ચાલુ રહેશે. વળી મહારાષ્ટ્રના મંત્રીએ નફરતી ભાષણ આપ્યું તો શશી થરૂર વિરોધ કરે છે પરંતુ એક ય મુસ્લિમ નેતાએ ફરિયાદ તો ઠીક પણ રાજીનામું ય માંગ્યું નથી ! નેતા રાજકારણીઓની સંખ્યા નહીં પરંતુ ક્વોલિટી મહત્ત્વ છે.

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૧

કોંગ્રેસના સાંસદ શશી થરૂરે મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ EVM અંગે કરેલા વિધાનોને સખત રીતે વખોડી કાઢી રાણેના ઉચ્ચારણોને આઘાતજનક તથા ભારતના આઝાદી સંગ્રામ દરમિયાન જાણવવામાં આવેલા સર્વસમાવેશના સિદ્ધાંતોથી વિપરિત ગણાવ્યા હતા. થરૂરે જણાવ્યું હતું કે, કોઈ ચોક્કસ સમુદાયને કે કોમને નિશાન બનાવવાનું ખોટું ગણાય દેશના દરેક નાગરિકને સમાન અધિકારો છે અને એ તમામ દેશના સમાન નાગરિકો છે અને એ માર્ગે દેશ વિકાસ કરી શકે. તેમણે ઉમેર્યું કે, આવા પ્રકારની વાતો ઘણી આઘાતજનક છે આપણે આઝાદીની લડાઈમાંથી મળેલો પાયાનું બોધપાઠ સમજવા જેવો છે ત્યારે એક વર્ગના લોકોએ એમના રાષ્ટ્ર માટે ધર્મને આધાર બનાવ્યો અને એ લોકોએ અલગ થઈને પાકિસ્તાનની રચના કરી પણ મહાત્મા ગાંધીજી અને આપણા નેતાઓએ કહ્યું કે, આપણે બધા માટે આઝાદીની લડાઈ લડ્યા એટલે એવા દેશની રચના કરવાની છે જે બધા માટે હોય. એવું બંધારણ લખશું જે બધા માટે હોય અને અહીં રહેનારા દરેકને સમાન અધિકાર હશે. શશી થરૂરે ઉમેર્યું કે, કોઈપણ એક સમાજ એ મુસ્લિમ હોય કે હિન્દુ હોય કે ખ્રિસ્તી હોય તેને નિશાન બનાવવાનું ખોટું છે. આ દેશમાં રહેનારા દરેકને સમાન અધિકાર છે. માર્ક્સવાદી પક્ષના નેતા વૃંદા કરાતે કહ્યું હતું કે, આવું નફરતભર્યું ભાષણ આપનારની ધરપકડ થવી જોઈએ કેમ કે આ માણસ દેશ માટે ખતરારૂપ છે. અગાઉ પણ આ માણસે અત્યંત કોમવાદી નિવેદનો કર્યા છે અને એ હજી મંત્રી તરીકે ચાલુ છે એ ભાજપ અને RSSનો દમ ખુલ્લો પાડે છે. વડાપ્રધાન બંધારણની વાતો કરે છે અને એમનો એક મંત્રી બંધારણના પાયામાં જ ઘા કરીને તેનો નાશ કરવાના પ્રયત્ન કરે છે.

## દક્ષિણ કોરિયા વિમાન દુર્ઘટના: ક્રેશ થયાના ચાર મિનિટ પહેલા બ્લેક બોક્સ રેકોર્ડ થવાનું બંધ થઈ ગયું, મુખ્ય ડેટા ગુમ

### બોઈંગ ૭૩૭-૮૦૦ ૨૯ ડિસેમ્બરે થાઈલેન્ડથી દક્ષિણ કોરિયાના મુઆન જઈ રહ્યું હતું, જેમાં ૧૮૧ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા, જ્યારે તે મુઆન એરપોર્ટ પર પેટભર લેન્ડિંગ થયું અને કોંક્રિટ બેરિયર સાથે અથડાયા પછી વિસ્ફોટ સાથે આગના ગોળામાં પરિવર્તિત થઈ ગયું

(એજન્સી) તા.૧૧

દક્ષિણ કોરિયાના મુઆન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ વખતે જેજુ એર ફ્લાઈટ દિવાલ સાથે અથડાયા પછી આગમાં ભસ્મીભૂત થઈ ગયું. દક્ષિણ કોરિયાના મુઆન એરપોર્ટ પર જેજુ એર ફ્લાઈટ ક્રેશમાં ૧૭૯ લોકોના મોત થયાના થોડા દિવસો પછી, દેશના પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે દુર્ઘટનાના ચાર મિનિટ પહેલા બ્લેક બોક્સ રેકોર્ડ થવાનું બંધ થઈ ગયું હતું. દક્ષિણ કોરિયાના પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે, ફ્લાઈટ માટે ફ્લાઈટ ડેટા અને કોકપીટ વોઈસ રેકોર્ડર ધરાવતા બ્લેક બોક્સે દુર્ઘટનાના ચાર મિનિટ પહેલા રેકોર્ડ થવાનું બંધ કરી દીધું હતું. પરિવહન મંત્રાલયે બે રેકોર્ડિંગ ઉપકરણોનો ઉલ્લેખ કરતા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે વિમાન લોકલાઈઝર સાથે અથડાયાના ચાર મિનિટ પહેલા CVR અને FDR બંને ડેટા રેકોર્ડ કરવામાં આવ્યા ન હતા.' અધિકારીઓ હવે વિશ્લેષણ કરવાની યોજના બનાવી રહ્યા છે કે બ્લેક બોક્સ રેકોર્ડિંગ બંધ થવાનું કારણ શું છે. આ માટે, બોક્સ યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

**૨૯ ડિસેમ્બરે શું થયું ?**

૨૯ ડિસેમ્બરે બોઈંગ ૭૩૭-૮૦૦ ૧૮૧ મુસાફરો અને ક્રૂને લઈને થાઈલેન્ડથી દક્ષિણ કોરિયાના મુઆન જઈ રહ્યું હતું, ત્યારે તે મુઆન એરપોર્ટ પર પેટભર લેન્ડિંગ થયું અને કોંક્રિટ બેરિયર સાથે અથડાયા પછી વિસ્ફોટ સાથે આગના ગોળામાં પરિવર્તિત



થઈ ગયું હતું. દક્ષિણ કોરિયાની ભૂમિ પર આ સૌથી ખરાબ ઉડ્ડયન દુર્ઘટના હતી. છેલ્લી વખત દક્ષિણ કોરિયામાં ૧૯૯૭માં મોટા પાયે હવાઈ દુર્ઘટના થઈ હતી, જ્યારે કોરિયન એરલાઈન્સનું વિમાન ગુઆમમાં ક્રેશ થયું હતું, જેમાં ૨૨૮ લોકો માર્યા ગયા હતા. લેન્ડિંગ પહેલાં, કંટ્રોલ ટાવરે પાઈલટ્સને પક્ષી અથડાવાની ચેતવણી જારી કરી હતી. પક્ષી અથડાવાની ચેતવણી પછી તરત જ, પાઈલટ્સે મે ડે જાહેર કર્યો અને વિરૂદ્ધ દિશામાંથી મુઆન આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે પર ઉતરાણ કરવાનો પ્રયાસ કર્યો. જો કે, વિમાન રનવે પરથી લપસી ગયું, કોંક્રિટની દિવાલ સાથે અથડાયું અને આગમાં ભડથું થઈ ગયું.અહેવાલો અનુસાર, ઉતરાણ સમયે વિમાનના લેન્ડિંગ ગિયર્સ નિષ્ફળ ગયા હતા.

## યુપીમાં મહાકુંભ મેળા સામે વાંધાજનક ટકોર કરવા બદલ મુસ્લિમ યુવાનની ધરપકડ : બાદમાં યુવાને માફી માંગી લીધી

(એજન્સી) બરેલી શરીફ, તા.૧૧

સોશિયલ મીડિયા પર મહાકુંભ મેળા સામે કથિત રીતે વાંધાજનક વિધાનો કરવા બદલ ૩૦ વર્ષના મુસ્લિમ યુવાન મૈઝાન રઝાની ધરપકડ કરવામાં આવી હતી. તેણે ફેસબૂક ઉપર એવી પોસ્ટ કરી હતી કે, ગમે તેટલા લોકોના માથા ધડથી જુદા કરવા પડે પણ મહાકુંભ મેળો થવા નહીં દેવાય.

આ યુવાને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું ડોકું ઉડાવી દેવાની પણ



ધમકી આપી હતી એટલે બરેલી પોલીસે એમની ધરપકડ કરી હતી. બાદમાં એક વીડિયોમાં જોવા મળ્યું હતું કે, એ લંગડાઈને ચાલી રહ્યા હતો અને માફી માંગી રહ્યો હતો અને પોતની ભુલ સ્વીકારી રહ્યો હતો. તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. તેણે લખેલી પોસ્ટ અંગે હિન્દુ સંગઠનો અને કેટલાક સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી અને આવી ઉશ્કેરણી બદલ પોલીસે તેની સામે કડક કાર્યવાહી કરી હતી.

## રૂપિયાનું સખત અવમૂલ્યન, ઈતિહાસમાં ડોલરની સામે સૌથી નીચલી સપાટી પર રૂપિયો પહોંચ્યો, ડોલરની સામે નવો વિનિમયદર રૂપિયા ૮૬.૦૪

### બ્લૂમબર્ગની આગાહી રૂપિયાનું હજુ પતન થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

ડોલરની સામે રૂપિયાનું એકધારૂ અવમૂલ્યન થવાનું સતત ચાલુ રહ્યું છે અને હવે તો રૂપિયો ઐતિહાસિહ એવી નિચલી સપાટી પર પહોંચી ગયો છે. આજે જાહેર થયેલા દર મુજબ અમેરિકી ડોલર સામે વિનિમયદર રૂપિયા ૮૬.૦૪ થઈ જતા



અત્યાર સુધીના ઈતિહાસમાં રૂપિયો સૌથી નીચેની સપાટી પર પહોંચી ગયો છે. એટલું જ નહીં બ્લૂમબર્ગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, ડોલરની સામે રૂપિયાના ચલણનું હજુ વધુ પતન થશે. આજે વધુ ૧૮ પૈસા ઘસારો લાગતા અર્થતંત્રના નિષ્ણાંતોના કહ્યા મુજબ રૂપિયાનું મૂલ્ય ડોલરની સામે મનોવૈજ્ઞાનિક રીતે નોંધપાત્ર રૂા.૮૬ના આંક પર પહોંચી ગયું છે. ક્રુડ ઓઈલના ભાવમાં વધારો અને સ્થાનિક શેર બજારમાં વિશ્વાસના અભાવને કારણે રૂપિયો સતત ઘસાઈ રહ્યો છે. બ્લૂમબર્ગની આગાહી છે કે, માર્ચના અંત સુધીમાં વધુ અવમુલ્યન થઈને ડોલર સામે રૂપિયા ૮૭નો દર થઈ જવાની શક્યતા છે.

## હલ્દવાની હિંસાનો કેસ : અટકાયતમાં લેવાયેલી મુસ્લિમ મહિલાઓ સાથે જેલમાં અમાનવીય વર્તનની ગંભીર ફરિયાદો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં ઉત્તરાખંડના હલ્દવાની ખાતે એક મસ્જિદ અને મદ્રેસાના ડિમોલિશન બાદ ભારે હિંસા ફાટી નીકળી હતી એ દરમિયાન અટકાયતમાં લેવાયેલી છ મહિલાઓને જેલમાં નાખવામાં આવી હતી. તાજેતરમાં જામીન પર છૂટેલી આ છ મુસ્લિમ મહિલાઓએ જેલમાં એમની સાથે અમાનવીય વર્તન થયાની ગંભીર ફરિયાદો કરી હતી. તેમણે કહ્યું હતું કે, જેલના મેન્યુલ મુજબ અમારા ભાગમાં ન આવતું કામ કરાવવામાં આવ્યું હતું. શૌચાલય સાફ કરવાની અને ખોલીઓમાં પોતા કરવાની અમને ફરજ પાડવામાં આવી હતી. સાત મહિના સુધી મુસ્લિમ મહિલાઓ જેલમાં હતી ત્યારે એમની પાસે મજુરી કામ કરાવવામાં આવ્યું હતું.

મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, બળજબરીથી મજુરી કરાવીને અમારા બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવામાં



આવ્યું છે. ખુબ જ પ્રતિકુળ અને અપમાનજનક વાતાવરણમાં રહેવું પડ્યું છે. હલ્દવાનીમાં હિંસા થઈ ત્યારે સાત લોકો માર્યા ગયા હતા અને લગભગ ૧૫૦ લોકો ઘાયલ થયા હતા. પોલીસે આડેધડ ધરપકડ કરી હતી અને આ મહિલાઓને પણ ખોટી રીતે સંડોવી દીધાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. જેલવાસ ભોગવનાર એક મહિલા રેશમાને ડાયાબિટીસ અને કીડનીની બિમારી હોવા છતાં શૌચાલય સાફ કરવાની ફરજ પાડી હતી. મેં ઈન્કાર કર્યો તો મને માર મારવામાં આવ્યો હતો. બીજી મહિલા સલમાની પણ ખોટી રીતે પોલીસે ધરપકડ કરી હતી અને કેસ ચલાવ્યા વિના તેને જેલમાં રાખવામાં આવી હતી. રમઝાન દરમિયાન રોઝા રાખવાની અને નમાઝ પઢવાની પણ તકલીફો પડી હતી. સહેરી અને ઈફતાર માટે કશું આપવામાં આવતું નહતું. ઉલટામાં જેલનો સ્ટાફ ધમકીઓ આપતો રહેતો એટલે સતત ડરમાં જીવવું પડતું હતું. આવી રીતે જેલમાં જનાર વિધવા શહેનાઝે કહ્યું કે, અમને ફાટેલા ટૂટેલા અને ગંદા ગાદલા અને બ્લેનકેટ અપાયા હતા. કલાકો સુધી મજુરી કરાવવામાં આવી હતી. છેવટે જમિયતે ઉલમાએ હિન્દ એની મદદે આવી હતી અને એમના માટે કાનૂની લડાઈ લડી હતી. આ તમામ મહિલાઓ નબળા મધ્યમ વર્ગની છે એટલે એમને વધુ સહન કરવું પડ્યું છે.

## ડોલર સામે રૂપિયો અત્યાર સુધીની સૌથી નીચી સપાટી પર ઉતરી જતાં NDA સરકારને સવાલો પૂછતા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી

### કોંગ્રેસ નેતાએ કહ્યું કે, મનમોહન સિંઘના કાર્યકાળમાં ડોલર સામે રૂપિયાનું મૂલ્ય રૂા.૫૮ થયું ત્યારે નરેન્દ્ર મોદીએ રૂપિયાનું મૂલ્ય સરકારની પ્રતિષ્ઠા સાથે જોડી દીધું હતું



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધીએ અમેરિકી ડોલર સામે રૂપિયો ઈતિહાસની સૌથી નીચી સપાટી પર ઉતરી જતા NDA સરકારનો જવાબ માગ્યો છે. પહેલીવાર એક ડોલર સામે રૂપિયાનો દર ૮૬.૦૪ થઈ ગયો છે. પ્રિયંકા ગાંધીએ આ અંગે સરકારને સવાલો પૂછ્યા છે તેમણે કહ્યું કે, મનમોહન સિંઘના કાર્યકાળમાં જ્યારે ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ૫૮થી ૫૯ રૂપિયા થયું ત્યારે નરેન્દ્ર મોદીએ રૂપિયાના મૂલ્યને સરકારની પ્રતિષ્ઠા સાથે જોડી દીધું હતું. મોદી ત્યારે એવું કહેતા કે, કોઈપણ દેશના ચલણનું આવી રીતે પતન થવું ન જોઈએ પ્રિયંકાએ ઉમેર્યું કે, આજે ખુદ મોદી વડાપ્રધાન છે ત્યારે રૂપિયાના અવમૂલ્યનના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. તેઓ દેશની જનતાને જવાબ આપે.

## મહારાષ્ટ્રમાં એક્સપાયરી ડેટ બદલતી વખતે પરફ્યુમની બોટલ ફાટતાં ચાર લોકો ઘાયલ

(એજન્સી) મુંબઈ, તા.૧૧

ગુરૂવારની મોડી રાત્રે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ફ્લેટમાં થયેલા વિસ્ફોટમાં બે સગીરો સહિત એક પરિવારના ચાર સભ્યો ઘાયલ થયા હતા. પ્રારંભિક અહેવાલો અનુસાર, વિસ્ફોટ ત્યારે થયો જ્યારે તેઓ પરફ્યુમની બોટલો પરની સમાપ્તિ તારીખ બદલવાનો પ્રયાસ કરી રહ્યા હતા, આ પ્રક્રિયામાં જ્વલનશીલ પદાર્થોનો સમાવેશ થઈ શકે છે. એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું,આ ઘટના મુંબઈની બહારના નાલા સોપારામાં રોશની એપાર્ટમેન્ટના રૂમ નંબર ૧૧૩ માં બની હતી. પીડિતોની ઓળખ મહાવીર વાદર (૪૧), સુનિતા વાદર (૩૮), કુમાર હર્ષવર્ધન વાદર (૯) અને કુમારી હર્ષદા વાદર (૧૪) તરીકે થઈ છે. અધિકારીઓએ ઉમેર્યું હતું કે,કુમાર હર્ષવર્ધનને નાલા સોપારાની લાઈફ કેર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે અન્ય લોકોની સારવાર તે જ વિસ્તારની ઓસ્કાર હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે.

## આમરણાંત ઉપવાસના ૪૭માં દિવસે કિસાન નેતા જગજીત સિંઘ ડલ્લેવાલની તબીયત ગંભીર બની, ડોક્ટરો કહે છે હૃદય બંધ પડી જવાનો ખતરો

### તબીબોની ટુકડીએ જણાવ્યું હતું કે, એમના મહત્ત્વના અંગોને હવે ખરાબ અસર થઈ રહી છે અને શરીરમાં કિટોન તથા યુરીક એસિડનું પ્રમાણ ભયજનક હદે વધી રહ્યું છે

(એજન્સી) ચંદીગઢ, તા.૧૧

કિસાનોની માગણીઓ માટે આમરણાંત ઉપવાસ કરી રહેલા કિસાન નેતા જગજીત સિંઘ ડલ્લેવાલની તબીયત આજે ઉપવાસના ૪૭મા દિવસે એકદમ ગંભીર બની ગઈ છે અને તબીબોએ જણાવ્યું છે કે, એમનું બ્લડ પ્રેશર નીચે જઈ રહ્યું છે, મહત્ત્વના અંગો પર ખરાબ અસર થઈ રહી છે અને હૃદય બંધ પડી જવાનો ખતરો છે. તબીબોએ જણાવ્યું કે, કિસાન નેતાના કિટોન અને યુરીક એસિડનું પ્રમાણ ભયજનક હદે વધી રહ્યું છે. એમના શરીરમાં પોટેશિયમ, સોડિયમ ક્લોરાઈડ અને પ્રોટિનનું પ્રમાણ અત્યંત ઓછું થઈ ગયું છે એટલે એમની તબીયત એકદમ ખરાબ થઈ રહી છે. મેડિકલ ટીમના વડા ડો.અવતાર સિંઘે કહ્યું હતું કે, આટલી કાળઝાળ ઠંડીમાં એક ટ્રેક્ટર ટ્રોલીમાં તંબુની અંદર ૭૫ વર્ષના નેતા ઉપવાસ પર છે. એટલે ગમે ત્યારે કંઈ પણ બની શકે છે. પટિયાલામાં યોજાનારી સરકાર સાથેની બેઠક આવતી કાલે જ બોલાવી લેવા કિસાન નેતાઓએ સંયુક્ત કિસાન મોરચાને અપીલ કરી છે અને કહ્યું કે, પસાર થતી એક એ એક મિનિટ કટોકટીભરી છે.

## ઈમામ અલીની જન્મજયંતિની ઉજવણી માટે હૈદરાબાદ સજ્જ

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૧

હૈદરાબાદના જૂના શહેરમાં પયગંબર સાહેબ મુહમ્મદ(સ.અ.વ)ના જમાઈ ઈમામ અલીના યૌમએ વિલાદતએ ઈમામ અલી (જન્મ જયંતિ) ઉજવણી માટે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે, જે ઈસ્લામિક કેલેન્ડરનો સાતમો મહિનો રજબ ૧૩ના રોજ છે, જે ૧૪ જાન્યુઆરીને અનુરૂપ છે. આ આનંદદાયક પ્રસંગની ઉજવણી માટે, હૈદરાબાદના જૂના શહેરમાં રજબ ૧૩ના યૌમએ વિલાદતએ ઈમામ અલીના આગમન પહેલા ઘણા શિયા જૂથો કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. નૂર ખાન બજાર, મંડી મીર આલમ અને દબિરપુરા જેવા શિયા વિસ્તારો ઉજવણીમાં આગેવાની લઈ રહ્યા છે. શિયા યુવા પરિષદ આ પ્રસંગને નિમિત્તે ૧૧ જાન્યુઆરી, શનિવારના રોજ હુસૈની અલી ઈબ્નુલ હુસૈન (ઝૈદી મંઝિલ) ખાતે ૩૩મા આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરી રહી છે. આ પ્રસંગની ઉજવણી માટે અન્ય ઘણાં જૂથો આગામી એક અઠવાડિયામાં જૂના શહેરમાં કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. પરંપરાગત પ્રથા તરીકે, શિયા અને સુન્ની જૂથો રજબ ૧૩ના રોજ જૂના શહેરથી મૌલા અલી પહાડ સુધી જુલુસ કાઢશે. મૌલા અલી સુધી વિવિધ જૂથો દ્વારા ઘણી બધી જુલુસ કાઢવામાં આવશે. ફક્ત જૂના શહેરમાં જ પાંચ મોટા જુલુસ કાઢવાની અપેક્ષા છે. આમાં રજબ ૧૩ ના રોજ પંજેશાહ ખાતે સેહરા અને ચંદન જુલુસ, દીવાન દેવધીમાં બરગાહ-એ-હઝરત અબ્બાસ, બાદશાહી આશુરખાના, કુતબીગુદામાં આશુરખાના અને બીબી કા અલાવા શામેલ છે. આ પ્રસંગે મલ્કજગીરીમાં કોહ-એ-મૌલા અલી ખાતે વિશાળ મેળાવડા જોવા મળે છે. રાજ્યભરમાંથી લોકો ત્યાંના ઉત્સવોની ઝલક જોવા અને નમાઝ અદા કરવા માટે દરગાહની મુલાકાત લે છે. AIMIM MLC, રિયાઝ ઉલ હસન એફેન્ડીએ જણાવ્યું હતું કે,મુલાકાતીઓની સુવિધા માટે, કોહે-મૌલા અલી, LED લાઈટ્સ અને GHMC જંગલી વનસ્પતિને સાફ કરી રહ્યા છે.

## દલિત એથ્લીટ યુવતી પર પાંચ વર્ષ સુધી તમામ કોચનો બળાત્કાર, જઘન્ય ઘટનામાં કુલ ૧૫ની ધરપકડ

### ૧૬ વર્ષની ઉંમરથી યુવતીનું શોષણ થઈ રહ્યું હોવાની અને ૬૪ લોકો બળાત્કાર કાંડમાં સામેલ હોવાની ફરિયાદ

(એજન્સી) કોચી, તા.૧૧

કેરેલાના પથનમઠિટ્ટા શહેરમાં ૧૮ વર્ષની વયની એક દલિત યુવતીનું રમત ગમતના કોચ દ્વારા પાંચ વર્ષથી જાતિય શોષણ કરવામાં આવી રહ્યાના ચોંકાવી દેનારા પ્રકરણમાં પોલીસે આજે વધુ ૯ લોકોની ધરપકડ કરી હતી. અત્યાર સુધીમાં ૧૫ લોકોની ધરપકડ થઈ ચૂકી છે. આ યુવતી એથ્લીટ છે. એટલે અલગ-અલગ કોચ સહિત પાંચ વર્ષમાં ૬૦થી વધુ લોકોએ તેના પર દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ થઈ છે. પથનમઠિટ્ટા પોલીસ મથકમાં પાંચ FIR નોંધાઈ છે. યુવતીએ પોલીસમાં જણાવ્યા મુજબ ૧૬ વર્ષની ઉંમરથી તેના પર અલગ-અલગ કોચ, સાથી ખેલાડીઓ અને તેના ક્લાસમાં ભણતા સાથી વિદ્યાર્થીઓએ તેનું જાતિય શોષણ કર્યું છે. પોલીસે અત્યાર સુધીમાં ૪૦ લોકોની ઓળખ કરી દીધી છે. બધાની એક પછી એક ધરપકડો કરવામાં આવશે તેવું પોલીસે જણાવ્યું હતું. ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કેરેલાના આ સૌથી મોટા બળાત્કાર કાંડમાં પોક્સોની કલમો તથા એટ્રોસિટી ધારા મુજબની કલમો પણ લગાવવામાં આવશે. રાજ્યની બાળ કલ્યાણ સમિતિએ એના રાબેતા મુજબના કાર્ય મુજબ જ્યારે આ યુવતીની મુલાકાત લીધી ત્યારે આ કાંડ બહાર આવ્યું હતું. આ જિલ્લાની બહારના લોકો પણ સંડોવાયા હોય એવી શંકા છે. આ કેસની તપાસ માટે પોલીસે ખાસ ટીમ બનાવી છે.

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

# દેશભરના પતંગ માર્કેટમાં આજે ૬૫ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાત રાજ્યનો

## ૪૭ દેશોના ૧૪૩ અને અન્ય રાજ્યોના ૫૨ તથા ગુજરાતના ૪૧૭ પતંગબાજોએ ભાગ લીધો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ના પ્રારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ ઉત્તરાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. એટલું જ નહીં પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથો સાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. આમ, આ પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીએ કહ્યું કે, દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા



દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે. આ ઉત્સવ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ ધારકોને લાખો રૂપિયાની આવક થાય છે. એટલું જ નહિ, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ગયા વર્ષે સાડા પાંચ લાખથી વધુ લોકો જોડાયાં હતા. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવથી થયેલા ગુજરાતના પ્રવાસનના વિકાસ અને ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમજ સુરત કાઈટ મેન્યુફેક્ચરીંગના હબ બન્યા છે. એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એક્સપોર્ટ પણ થાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસતિ રાષ્ટ્ર બનાવવાની વડાપ્રધાનની નેમ છે, ત્યારે આ નેમને સાકાર કરવા ગુજરાતના વિકાસ પતંગને પર્યાવરણ અને પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને વિકાસ વિશ્વમાં ઊંચી ઊડાન ભરાવવાની સાથે જીવમાત્રની સુરક્ષા માટે સંવદેના દર્શાવીને આ પર્વને સુરક્ષિત રીતે ઉજવવા તથા પતંગ ઉડાડવામાં ખૂબ કાળજી રાખવાની તેમણે અપીલ કરી હતી. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજ્યોમાંથી ૫૨ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. જેમાં ૫૫ દેશોના ૧૫૩ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૨ રાજ્યોના ૬૮ રાષ્ટ્રીય પતંગબાજો, ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજોએ ભાગ લીધો છે.

રાજ્યમાં નકલી અધિકારીઓનો સિલસિલો જારી રહેતા વધુ એક છેતરપિંડી થઈ !

# દાહોદમાં ઈન્કમટેક્ષના નકલી અધિકારીએ રેડ કરી વેપારી પાસે રૂા. ૨૫ લાખની કરી માગણી

## કેસ રફેદફે કરવા છેવટે રૂા.બે લાખ લીધા : પોલીસને જાણ કરાતાં બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી નકલી અધિકારીઓથી લઈને નકલી કોર્ટ-કચેરી વગેરે ઝડપાવવામાં કઈ બાકી રહ્યું નથી ત્યારે હવે રાજ્યમાં વધુ નકલી અધિકારીએ છેતરપિંડી કર્યાની વિગતો બહાર આવી છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ગામમાં લાયસન્સધારી નાણાં ધીરધાર વેપારીને ત્યાં નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બની આવેલા ૬ ઈસમોએ વેપારીની દુકાનમાં દરોડો પાડવાનું નાટક કરી મામલો રફેદફે કરવા માટે ૨૫ લાખની માંગણી કરી હતી, જે પેટે વેપારીએ ડરથી બે લાખ આપી દીધા હતા. જો કે, બાદમાં આ નકલી ઈન્કમટેક્ષના માણસો હોવાનું વેપારીને જણાઈ આવતાં વેપારી દ્વારા તાત્કાલિક નજીકના પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ચાર પૈકી બે ઈસમોને ઝડપી પાડ્યા છે. જ્યારે ચાર ઈસમો હજી ફરાર છે.

ફતેપુરાના સુખસરમાં મેઈન બજારમાં રહેતાં અને પોતાના જ વિસ્તારમાં લાયસન્સથી નાણાં ધીરધારનો વેપાર કરતાં અલ્પેશભાઈ ઉકારભાઈ પ્રજાપતિની દુકાનમાં ગત તા.૧૦મી જાન્યુઆરીના રોજ બપોરના ૨ વાગ્યાના આસપાસ ૬ જેટલા નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બની આવ્યા હતા. આ નકલી અધિકારીઓ વેપારીને કહેવા લાગ્યા કે, અમે ઈન્કમટેક્ષ ઓફિસર છીએ, તમારી દુકાન અને ઘર સર્ચ કરવાનું છે, તમારી વિરૂદ્ધ અરજી આવેલી છે. તેમ કહી, આ ઈસમોએ દુકાનમાં મુકી રાખેલા દાગીના તપાસ કરતાં હતાં. આ દરમિયાન નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બનીને આવેલા ઉપરોક્ત ચારેય ઈસમોએ દાગીના જપ્ત નહીં કરવા રૂપીયા ૨૫ લાખની માંગણી કરી હતી, પરંતુ અલ્પેશભાઈએ પોતાની પાસે આટલા નાંણા ન હોવાનું જણાવી પોતાની પાસે રહેલા ૨ લાખ રોકડા ઉપરોક્ત નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બનીને આવેલા ઈસમોને આપી દીધાં હતાં.

ત્યારબાદ અલ્પેશભાઈ પર પોતાના સંબંધીનો ફોન આવ્યો હતો જેમણે જણાવ્યું હતું કે, તમારી દુકાને જે માણસો આવેલા છે તે નકલી ઈન્કમટેક્ષના માણસો છે. જેથી અલ્પેશભાઈ સુખસર પોલીસ મથકે ફરિયાદ આપવા પહોંચી ગયાં હતાં. સુખસર પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બનીને આવેલા ૬ પૈકી ભાવેશ બીપીનચંદ્ર આચાર્ય અને અબ્દુલ સુલેમાનને ઝડપી પાડ્યાં હતાં. આ સાથે પોલીસ ભાગી છૂટેલ અન્ય શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પોલીસકર્મી બન્યો બુટલેગર ! અરવલ્લીમાં કોન્સ્ટેબલના ઘરેથી દારૂનો જથ્થો ઝડપાયો

## અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર ઓપરેશન પાર પાડતાં સ્થાનિક પોલીસ પર સવાલો ઊઠ્યા

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારી થતી હોય તેવું સ્પષ્ટ લાગે છે. છેલ્લા ઘણાં સમયથી વિવિધ વિસ્તારોમાંથી દારૂની હેરાફેરી પર પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે અને બુટલેગરોના મનસુબા પર જાણે પાણી ફેરવી દેતી હોય તેવો ઘાટ ઘડયો છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં હવે કેટલાક પોલીસ કર્મચારીઓ પણ બુટલેગરની ભૂમિકા ભજવતા હોય છે, જોકે નિષ્ઠાવાન પોલીસ આવા બુટલેગરોનો પર્દાફાશ કરે છે. આવી જ એક ઘટના અરવલ્લી જિલ્લામાં સામે આવી છે, જ્યાં બુટલેગર પોલીસ કર્મચારીના ઘરેથી અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એચ.પી.ગરાસીયાની સૂચનાથી પી.એસ.આઈ. વી.જે.તોમર તેમજ ટીમ ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રહીયોલ ફાટક પાસે જતાં બાતમીદારથી ચોક્કસ બાતમી મળી હતી કે, રહીયોલ મુકામે રહેતો વિજયકુમાર છનાભાઈ પરમારે પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. ચોક્કસ બાતમીના આધારે અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિજયકુમારના રહેણાંક ઘરે જઈ, આસપાસના વિસ્તારમાં તપાસ કરતા, કોઈ મળી આવ્યું નહોતું. પોલીસને ઘરના રસોડામાં ભોયતળીયે જુદી જુદી બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ તથા છુટી બોટલો અને ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ કિં.રૂા.૧,૭૬,૬૮૦/- રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો, બુટલેગર પોલીસ કર્મચારી વિજયકુમાર છનાભાઈ પરમાર (રહે.રહીયોલ તા.ધનસુરા જી.અરવલ્લી) ઘરેથી ઝડપી પાડ્યો હતો. પહેલા અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતો વિજય છનાભાઈ પરમારને ડિસ્ટ્રિક્ટ આઉટમાં પોરબંદર ધકેલી દેવાયો હતો. હાલ પોલિસ કર્મી પોરબંદર ખાતે ફરજ બજાવતો હોવાની પોલીસ સૂત્રો તરફથી વિગતો મળી છે. ધનસુરા પોલીસ અને ધનસુરા ડી સ્ટાફની મીઠી નજર હેઠળ અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂનો જથ્થો પકડી પાડતા સ્થાનિક પોલિસ પર સવાલો ઉઠી રહ્યા છે.

અમદાવાદ, સુરત સહિતની હાલની છ મહાપાલિકા એક વર્ષ સુધી નવી મહાપાલિકા સંભાળશે

# રાજ્યની નવી રચાયેલ ૯ મહાપાલિકામાં હાલની મહાપાલિકાઓ મેન્ટર તરીકે કાર્ય કરશે

## નવી મહાપાલિકાઓ નગર વિકાસનો રોડમેપ તૈયાર કરે : મુખ્યમંત્રીએ યોજી કાર્યશાળા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યના ઈતિહાસમાં એક સાથે ૯ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય આયોજનબદ્ધ શહેરી વિકાસની ગતિ માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં તાજેતરમાં રચાયેલી ૯ મહાપાલિકાના કમિશનરો, વહીવટદારો તેમજ અન્ય અધિકારીઓની ગાંધીનગરમાં યોજાયેલી એક દિવસીય કાર્યશાળામાં અધ્યક્ષીય સંબોધન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, લોકોમાં હવે વિકાસ માટેની જાગૃતિ આવી છે. એટલું જ નહિં, તેમને આજના બદલાતા યુગમાં પબ્લિક ડિલિવરી અને સર્વિસીસ પણ અસરકારક રીતે જોઈએ છે. સંદર્ભમાં રાજ્ય સરકારે આયોજનબદ્ધ શહેરી વિકાસને વેગ આપવા નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરી છે. આ નવી મહાપાલિકાઓનું નગરપાલિકામાંથી રૂપાંતરણ થયું છે એટલે આ ટ્રાન્ઝિશનલ સમયગાળા દરમિયાન નાગરિકોને મળતી તમામ સેવા-સુવિધાઓ યથાવત મળતી રહે તે સુનિશ્ચિત કરવાની તેમણે ખાસ હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ આ હેતુસર નવી રચાયેલી મહાપાલિકાઓની વહીવટી ક્ષમતા વૃદ્ધિ તેમજ રોજબરોજની વહીવટી કામગીરીમાં યોગ્ય માર્ગદર્શન અને મેનપાવર ટ્રેનિંગ માટે હાલની પાંચ મોટી મહાપાલિકાઓને ૧ વર્ષ સુધી નવી મહાપાલિકાઓના મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, અમદાવાદ મહાપાલિકા નવરચિત નડિયાદ અને સુરેન્દ્રનગર મહાપાલિકા માટે, વડોદરા મહાપાલિકા આણંદ મહાપાલિકા માટે, સુરત મહાપાલિકા વાપી અને નવસારી માટે તથા રાજકોટ મહાપાલિકા મોરબી અને ગાંધીધામ માટે તેમજ જામનગર મહાપાલિકા પોરબંદર માટે અને ગાંધીનગર મહાપાલિકા મહેસાણા માટે મેન્ટર તરીકે કાર્યરત રહેશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મહાપાલિકાની રચના થયા બાદ નાગરિકોને સ્પષ્ટ દેખાઈ આવે તેવો બદલાવ રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા બાગ-બગીચા જેવા સુવિધાકારી કામોથી હાથ ધરવાનું દાયિત્વ નવનિયુક્ત કમિશનરોએ નિભાવવાનું છે. તેમણે ઉમેર્યું કે નવી મહાપાલિકાઓ પોતાના નગરોના વિકાસનો રોડ મેપ તૈયાર કરે. એટલું જ નહિં, વિકાસ કામો માટે નાણાંની જરૂરિયાત અંગે પણ રાજ્ય સરકારમાં રજૂઆત કરે. મુખ્યમંત્રીએ નવી રચાયેલી પ્રત્યેક મહાપાલિકાઓને વહીવટી ક્ષમતા વૃદ્ધિ, ઓફિસ સ્ટ્રેન્થનીંગ તથા અન્ય સુવિધાઓ માટે રૂ.૧૦ કરોડ અને શહેરી સફાઈ સહિતના સિટી બ્યુટીફિકેશન કામો માટે રૂા.૧૦ કરોડ મળીને કુલ ૨૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી પણ આ તકે આપી હતી. તેમણે કહ્યું કે, આ મહાપાલિકાઓમાં વિકાસ કામોની સ્પર્ધા થાય. એટલું જ નહિં, શહેરી જન સુખાકારી કામો માટે નાગરિકોની અપેક્ષા સંતોષાય તેવું વાણી-વર્તન-વ્યવહાર પણ નવી ટીમ પાસે અપેક્ષિત છે.

બેટ દ્વારકામાં ગૌચરની જમીન પર દબાણનો મુદ્દો

# ગેરકાયદે મિલકતો તોડી પાડવા અપાયેલ નોટિસ અંગે યથાસ્થિતિ જાળવવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૧

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ મૌના ભટ્ટે દ્વારકા જિલ્લામાં બેટ દ્વારકા ખાતેના બાંધકામો માટે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલ ડિમોલિશન નોટિસ પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ જારી કર્યો છે. હાઈકોર્ટ ૨૦ જાન્યુઆરીએ વધુ સુનાવણી હાથ ધરશે. ગયા અઠવાડિયે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલી નોટિસને પડકારતી કાદરભાઈ પટેલ અને અન્ય લોકો દ્વારા દાખલ કરાયેલી ત્રણ અલગ અલગ અરજીઓની સુનાવણી હાઈકોર્ટ કરી રહી હતી, જેમાં તેમને સંબંધિત મિલકતો ખાલી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેમાં જો નિષ્ફળ જવાથી યોગ્ય કાર્યવાહીનો સંકેત આપવામાં આવ્યો હતો. અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રસ્તુત મિલકતનું કોઈ વર્ણન કર્યા વિના, તેમજ કાયદાની કોઈપણ જોગવાઈઓ ટાંક્યા વિના નોટિસ જારી કરવામાં આવી છે. વધુમાં, વિષય મિલકત વકફ ટ્રસ્ટની છે, જે દસ્તાવેજો પરથી સ્પષ્ટ થાય છે. કરવેરાના હેતુ માટે નગરપાલિકા પણ વિષય મિલકતને વકફ ટ્રસ્ટ મિલકત તરીકે આકારણી કરી રહી છે. તેથી, અતિક્રમણ અંગે નોટિસમાં કરવામાં આવેલા આરોપ ખોટા છે. દરમિયાન સરકારી વકીલે રજૂઆત કરી હતી કે આવી મિલકતો ગૌચર જમીન પર ગેરકાયદેસર રીતે ઉભી કરવામાં આવી છે. કાયદા મુજબ ગૌચર જમીન પર કોઈ બાંધકામ કરી શકાતું નથી. દલીલો સાંભળ્યા પછી, હાઈકોર્ટે ઓખા નગરપાલિકા અને અન્ય લોકોને નોટિસ જારી કરીને ૨૦ જાન્યુઆરી પર વધુ સુનાવણી મુલતવી રાખી. જ્યાં સુધી તેમની સ્થિતિ યથાવત સ્થિતી જાળવી રાખવાની રહેશે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૨ જાન્યુઆરી-૨૦૨૫ | રૂા. | ૪૯.૦૦ |

# દૃઢ નિર્ધાર અને અથાક પરિશ્રમથી સફળતા મેળવવાનું પ્રેરક દૃષ્ટાંત એટલે આસિ. સબ ઈન્સ્પેક્ટર નગ્મા રિઝવાનઅલી

**(અલમદાર બુખારી)**

અમદાવાદ,તા.૧૧

કોઈપણ સમાજની દીકરીઓએ અભ્યાસ હોય કે સરકારી નોકરી હોય કે બીજું કોઈપણ ક્ષેત્ર હોય એમાં આગળ આવવા માટે વિના સંકોચે મહેનત કરવી જોઈએ અને મનમાં અડગનિર્ધાર કરી લો તો પછી સફળતા મળીને જ રહેશે. મુસ્લિમ સમાજની દીકરીઓ પણ મનમાં ઘર કરી ગયેલી ગ્રંથિઓને દૂર કરી કોઈપણ ક્ષેત્રમાં સફળતા માટે પરિશ્રમ કરશે તો તેમને ઈન્શાહઅલ્લાહ સિદ્ધિ મળીને જ રહેશે એમ અનેક પડકારો-અવરોધોનો સામનો કરીને જેણે પોતાના અભ્યાસને બાજુએ રાખીને પિતાના ડ્રાઈવીંગના વ્યવસાયમાં જોડાઈ ગયો કે જેથી ઘરનું ગુજરાન સરળતાથી ચલાવી શકાય અને બહેનને વધુ ભણાવી શકાય... સામે બેન પણ એટલી મજબૂત કે જેણે પોતાના માતા-પિતા અને ભાઈનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું અને પોતે પણ ખાનગી ટ્યુશન કરી પોતાના અભ્યાસ અને ઘર ખર્ચમાં સહાયરૂપ થતી રહી.

પોલીસ દળમાં જ જોડાવાનો વિચાર કેમ આવ્યો ? તેના જવાબમાં નગ્મા કાનાણીએ કહ્યું કે હું ભાવનગર જિલ્લાના તળાજાની વતની છું અને ગ્રામ્ય પૃષ્ઠભૂમિમાંથી આવું છું. મારા પરિવારની આર્થિક



દાખલો બેસાડીને આ અવરોધને પાર કરવો છે કે જેથી સમાજની બીજી દીકરીઓને પણ પ્રેરણા મળે. એટલે મનમાં એક ઝનૂન આવી ગયું કે પોલીસ જ બનવું છે અને પછી બીજા પ્રયત્નમાં હું દોડમાં પણ પાસ અને આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર બની... પણ હજી મારૂં સ્થાયી ડીવાયએસપી બનવાનું છે અને એની પરીક્ષાની છું. તૈયારી કરી રહી છું અને ઈન્શાહઅલ્લાહ બનીને રહીશ. હું મારા સમાજને પણ અપીલ કરૂં છું કે 'આપણને ગર્વમેન્ટમાં નોકરી ન મળે કે પક્ષપાત નડશે વગેરે જેવી નકારાત્મક બાબતોમાં પડયા વગર કોશિષ કરો-મહેનત કરો તો તમને પણ તક મળશે જ...હું ગામડામાંથી આવતી અને કોઈપણ પ્રકાની લગભગ ધરાવતા એક ગ્રાઉન્ડમાંથી અપાઈ હોવા છતાં મને કોઈ અવરોધ નડયો નથી. પોલીસની ટ્રેનિંગમાં અને તમારા સારા ચરિત્ર્યને ગુણો દ્વારા પ્રજાની સેવા કરો તો તમારા થકી સૌને લાભ મળશે.

નઝમા વધુમાં કહે છે કે મારા પરિવારની નબળી આર્થિક સ્થિતિને કારણે મારો ભાઈ નવમા ધોરણમાંથી ભણવાનું છોડીને કામે લાગી ગયો હતો જેનો વસવાટો મને હતો એટલે મેં એને કામની સાથે ભણવા માટે પ્રેરિત કર્યો અને હવે તેણે ધો-૧૨ પણ પાસ કરી લીધું છે અને ગુજરાત એસટીની ડ્રાઈવરની પરીક્ષા પણ પાસ કરી લીધી છે. તકલીફો તો આવવાની જ છે

# આર્થિક નબળી સ્થિતિ, ગામડાની પશ્ચાદભૂમાંથી આવતી મુસ્લિમ સમાજની દીકરી નગ્માનું આગામી લક્ષ્ય છે ડીવાયએસપી બનવાનું

ગુજરાત પોલીસમાં આસિ. સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષા પાસ કરીને સુરતમાં પ્રથમ પ્રોબેશનરી પોસ્ટિંગમાં રહેલી નગ્મા રિઝવાનઅલી કાનાણીએ 'ગુજરાત ટુડે'ને જણાવ્યું હતું.

રિક્ષા ડ્રાઈવર તરીકે પરિવારનું ગુજરાન ચલાવતા રિઝવાનભાઈ અને એમના પત્નીએ ભારે આર્થિક સંકડામણ તેમજ અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાના બે સંતાનો પૈકી મોટી દીકરી નગ્માને ભણાવવા માટે શકય તમામ પ્રયાસો કરી છૂટયા અને એમાંય મજબૂત મનોબળવાળી દીકરીની કંઈક કરી છૂટવાની લગનને પારખી ગયેલા આ માતા-પિતાએ એકના એક દીકરા કરતા એકની એક દીકરીના ભણતરને પ્રાધાન્ય આપ્યું. ભાઈ પણ નગ્માની ઉંમર કરતાં નાનો હોવા છતાં કપરાં સમયે એને નાનીવયે પરિપકવ બનાવી દીધો સ્થિતિ નબળી હોવા છતાં પરિવાર અને સેવાભાવી લોકોના પ્રોત્સાહનથી કોલેજ સુધી અભ્યાસ કર્યો ત્યારે સાથે ભણતી વિદ્યાર્થિનીઓ પણ સરકારી નોકરી માટે તૈયારીઓ કરતી એમની સાથે હું પણ જોડાઈ ગઈ અને પરીક્ષાઓ આપતી હતી ગઈ..એમાં એક વર્ષ દરમ્યાન મેં બિનસચિવાલય, કોન્સ્ટેબલ અને ત્રણ આઈએસઆઈ કે ત્રણ પરીક્ષાઓ આપી હતી અને ત્રણેયમાં પાસ થઈ ગઈ હતી. પરંતુ પોલીસની ભરતીમાં દોડવામાં હું પાસ થઈ શકી ન હતી. લેખિતમાં તો મારા ૭૫ માર્કસ હતા પણ રનિંગમાં પાસ ન થઈ શકતા મેં નાસીપાસ થવાના બદલે મનમાં ગાંઠ વાળી કે પાસ કેમ ન થવાય ? હું તો પાસ થઈને જ રહીશ. વળી બીજું કારણ એ હતું કે મારા સમાજની છોકરીઓનું પ્રમાણ પોલીસમાં નહિવત છે એટલે એમ થયું કે મારે થઈ અને લેખિતમાં પણ પાસ થઈ એ દરમ્યાન મેં રેલવેની પરીક્ષા પણ પાસ કરી હતી ત્યારે મારી પાસે રેલવે, ગુજરાતમાં બિનસચિવાલયની તેમજ ગુજરાત પોલીસ એમ ત્રણ જગ્યાએ જોડાવાની તક હતી પરંતુ મેં ગુજરાત પોલીસ પર જ પસંદગી ઉતારી અને જૂનાગઢ પીટીસી ખાતે ટ્રેનિંગમાં જોડાઈ. ૧૫ મહિનાની આકરી ટ્રેનિંગમાં હિંમત પૂર્વક તાલીમ પૂર્ણ કરીને પ્રથમ પ્રોબેશનરી પોસ્ટિંગ સુધીમાં લીધું. ઘણા લોકો કહેતા કે પોલીસ બનવામાં અને બન્યા બાદ પણ ખૂબ તકલીફ પડે છે એના કરતા બિનસચિવાલય કે રેલવે જેવી અન્ય સરકારી નોકરી કરાય પણ મેં જોયું કે અમુક પ્રકારની ધારણાઓ બાંધી લીધી હોવાથી મારા સમાજમાંથી તો કોઈ આવા સેવાના પડકારજનક કામમાં તો જોડાતું જ નથી. એટલે મેં પોલીસમાં જ જોડાવાનું નક્કી કર્યું કે પ્રથમ પોસ્ટિંગ મળ્યું છે તે ગુજરાતમાં પણ મને પોલીસ વિભાગ તરફથી સહકાર જ મળ્યો છે. જો તમારા ગુચાવતા હોય તો કોઈ વાંધો આવતો નથી. મારી આટલી કારકિર્દી દરમ્યાન હું એક પણ સમયની નમાઝ ચૂકી નથી. એટલે મારો ખાસ કરીને સમાજને અપીલ છે કે તેઓ તેમના દીકરા-દીકરીઓને ભણાવો અને લાયક બનાવે એટલું જ નહીં ખોટા પૂર્વગ્રહમાં રાસ્યા વિના પ્રયત્નો કરે... હું જયારે એ.એસ.આઈ. તરીકે સિલડોકટ થઈ અને જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં જોડાઈ ત્યારે અમારી ૯૦૦ જણાની બેચમાં મુસ્લિમ સમાજના ફકત ૮ કે ૯ લોકો જ હતા અને એમાંય યુવતીઓ તો માંડ ૩ હતી. એટલે આ પરિસ્થિતિ બદલાવી જોઈએ. તમે સરકારનો એક ભાગ બભનો પણ તેની સામે હારીને બેસી ન રહેવું જોઈએ પણ જીવનનું કોઈ ધ્યેય બનાવીને તે લક્ષ્યની પ્રાપ્તિ માટે મહેનત કરવી જોઈએ. એટલે તમને કોઈને કોઈ સજ્જન લોકો મદદ કરવા માટે આવી જાય છે. હું મારા સંઘર્ષના તબક્કામાં હતી ત્યારે મારા જ ગામના સેવાભાવી આગેવાનો નિણલભાઈ ભુરાણી અને મિનગજ ભાઈએ ભારે હિંમત આપી પોલીસમાં ભરતી થવા માટે પ્રસારિત કરી હતી. મારા પરથી પ્રેરણા લઈને હવે મારા સમાજની ૮થી ૧૦ યુવતીઓ પોલીસમાં ભરતી થવા માટે પરીક્ષાની તૈયારીઓ કરી રહી છે અને મારા કુટુંબના નાના બાળકોમાં પણ આઈપીએસ કે આઈએએસ બનવા અને બનાવવાની તૈયારીઓ થઈ રહી છે.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૫મી જાન્યુઆરીએ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

☞ તા.૧૪ જાન્યુઆરી-૨૦૨૫ને મંગળવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે

☞ આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.

☞ આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિદ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮

સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

મેઘધનુષ
રવિવાર
ગુજરાત ટુડે
તા.૧૨-૧-૨૦૨૫

# જનરેશન Z અને Y એટલે શું ? નોકરીના સ્થળે તેઓની કામ કરવાની પદ્ધતિ, માનસિકતા વિશે જાણો લેટેસ્ટ સર્વે શું કહે છે ?

**એક સર્વે હતાશાજનક પરિણામ જણાવે છે કે જેન ઝી સાથે કામ પાર પાડવું ખૂબ જ અઘરું છે. જ્યારે પ્રતિષ્ઠિત સંસ્થા ડેલોઇટ દ્વારા કહેવામાં આવ્યું છે કે, જેન ઝી અને જેન વાય હાલમાં નોકરી દરમિયાન પોતાના સિદ્ધાંતોને સર્વોપરી માને છે. તેઓ પર્યાવરણ પ્રત્યે ખૂબ જ સભાન છે. એટલું જ નહિ નોકરી અને જીવન શૈલી વચ્ચે તાલમેલ સધાય તેવી જ નોકરી કરવામાં પ્રાધાન્ય આપે છે. જાણો નવી પેઢીની માનસિકતા વિશેના આ સર્વેક્ષણો શું કહેવા માગે છે. તો મિત્રો નવી પેઢીની સાથે કામ કરવામાં આવે એટલા માટે જ જાણીતી સંસ્થાઓ દ્વારા સર્વે કરવામાં આવે છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે અંતર ઘટાડીને સમાજ અને રોજગારની તકોનો ઉત્તમ વિકાસ કરી શકાય.**




૧૯૯૭ અને ૨૦૧૨ની વચ્ચે કે તેની આસપાસ જન્મેલી આજની યુવા પેઢીને જનરેશન Z (Gen-Z) તરીકે ઓળખવામાં આવે છે. તે પહેલાની પેઢી એટલે કે ૧૯૮૧થી ૧૯૯૫ વચ્ચે જન્મ થયો હોય તેવાને મિલેનીયલ એટલે કે જનરેશન વાય (Gen-Y) કહેવામાં આવે છે જ્યારે ૨૦૧૨ બાદ જન્મેલા લોકોને આલ્ફા જનરેશન કહેવામાં આવે છે. આજના વર્ક કલ્ચરમાં જનરેશન ઝી અને વાયની મહત્તમ સંખ્યા છે કારણ કે તેઓ ભણી ગણીને કામે લાગી જાય છે. જનરેશન ઝી ઉપર ખૂબ જ આશા લગાવવામાં આવે છે કારણ કે તેઓ ઈન્ટરનેટની દુનિયાનો મહત્તમ ઉપયોગ કરનારી પેઢી છે. તેઓને સામાન્ય રીતે ‘ઝૂમર્સ’ પણ કહેવાય છે. આ ‘ઈન્સ્ટાગ્રામ જનરેશન’ છે, જે પુસ્તકોને બદલે ફોન પર સમય પસાર કરવાનું પસંદ કરે છે. અખબારોને બદલે સોશિયલ મીડિયા પર સમાચાર વાંચવા, ટ્રેંડિંગ મીમ્સ બનાવવા, વીડિયો કોલ ઉપર કલાકો સુધી વાતો કરવી, હરવું ફરવું તે તેઓની એક જીવનશૈલીનો એક ભાગ છે. આજના સમયમાં, કાર્યસ્થળ પર Gen-Zની સંખ્યા નોંધપાત્ર રીતે વધી રહી છે. ઓફિસમાં મોટાભાગે ૨૧-૨૨ વર્ષના યુવાનોને કામ કરવા અર્થે રાખવામાં આવે છે. તેમની કામ કરવાની રીત કંઈક અલગ છે. ઘણી વખત તેમના એમ્પલોયર અને બોસીસને તેમની સાથે કામ કરવામાં પણ તકલીફનો અનુભવ થાય છે. તેઓની બાબતે ખૂબ સર્વે થઈ રહ્યા છે. વિશ્વની પ્રતિષ્ઠિત અને સૌથી વિશાળ પ્રોફેશનલ સર્વિસ નેટવર્ક ધરાવતી સંસ્થા ડેલોઈટ તથા અન્ય સંસ્થાઓ દ્વારા ગત વર્ષે તેમના ઉપર અલગ અલગ સર્વે કરવામાં આવ્યા છે તેની ફળશ્રુતિ શું છે તે આ લેખના માધ્યમથી સમજીએ.

‘ડેલોઈટ ગ્લોબલ ૨૦૨૪ જેન ઝી અને મિલેનિયલ સર્વે’ ૪૪ દેશોમાંથી ૧૪,૪૬૮ જેન ઝી અને ૮,૩૭૩ મિલેનિયલ કુલ ૨૨,૮૪૧ લોકો ઉપર કરવામાં આવ્યો હતો અને ગત વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. મોટાભાગના જેન ઝી ઉત્તરદાતાઓનો જન્મ જાન્યુઆરી ૧૯૯૫ અને ડિસેમ્બર ૨૦૦૫ની વચ્ચે થયો હોય તેવાને આવરી લેવાયા હતા જ્યારે જેન વાય ઉત્તરદાતાઓનો જન્મ જાન્યુઆરી ૧૯૮૩ અને ડિસેમ્બર ૧૯૯૪ની વચ્ચે થયો હતો તેઓને સમાવેશ કરાયો હતો. તે લોકોને વિવિધ માધ્યમથી પ્રશ્નો પૂછીને સર્વે રિપોર્ટ તૈયાર કરાયો હતો.

આવા રિપોર્ટ છેલ્લા ઘણા વર્ષોથી તૈયાર કરાય છે. વર્ષ ૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટના મહત્વના બિંદુઓની આપણે ચર્ચા કરીશું. સર્વેના હાર્દ વિશે ચર્ચા કરતા ડેલોઈટ ચીફ પીપલ એન્ડ પર્પઝ ઓફિસર એલિઝાબેથ ફેબર જણાવે છે કે, ‘પ્રસ્તુત સર્વેક્ષણ આર્થિક અસુરક્ષા, હાઈ સ્ટ્રેસ લેવલ, પર્યાવરણને લઈને ચિંતા તેમજ એઆઈ સહિતની ટેકનોલોજીના ઉદયથી જોબ ઉપર પડનારી સંભવિત અસરોની સામે સંઘર્ષ કરતા જેન ઝી અને જેન વાય ઉપર છે. આવા પડકાર હોવા છતાં તેઓ હકારાત્મક દૃષ્ટિકોણ રાખે છે અને આશા રાખે છે કે આગામી સમયમાં સમાજ અને કામ કરવાના સ્થળે તેઓ જે પ્રકારનું પરિવર્તન જોવા માગે છે તે ધીરે ધીરે આવશે.’

**કામના સ્થળે સિદ્ધાંતોને સર્વોપરી માનતા જેન ઝી અને જેન વાય**

ડેલોઈટના સર્વે મુજબ કામ કરવું તે જ મહત્વનું નથી પરંતુ કયા હેતુ માટે કામ કરીએ છીએ તે ખૂબ જ મહત્વનું છે તેવું ૮૬ ટકા જેન ઝી અને ૮૯ ટકા જેન વાયના લોકો માને છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે જનરેશન પોતાના સિદ્ધાંતોને નોકરીમાં સર્વોપરી માને છે. પોતાના અંગત સિદ્ધાંતો અને માન્યતાઓના કારણે ૫૦ ટકા જેન ઝી અને ૪૩ ટકા જેન વાયના વ્યક્તિઓએ એસાઈનમેન્ટ અને નોકરીને ઠુકરાવી દીધી છે. આ કામગીરી ઠુકરાવવા પાછળ એવું કહેવામાં આવે છે કે આવા કામો કરવાથી પર્યાવરણને નુકસાન થાય તેમ હતું. સમાવેશતાના ધારાધોરણો નહિ જળવાતા હોવાથી અસમાનતા ઊભી થાય તેમ હતું અને કર્મચારીઓના વર્ક લાઈફ બેલેન્સ તેમજ મેન્ટલ સ્થિરતાને અસર પહોંચે તેમ હતું.

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

**જેન ઝી સાથે કામ પાડવું સૌથી અઘરું**

‘રિઝ્યુમ બિલ્ડર’ નામની વેબસાઈટ અને મોબાઈલ એપ્લીકેશન કંપની છે. યુવાનોને તેમના રીઝ્યુમ એકદમ લેટેસ્ટ રીતે અને જોબમાં કામ લાગે તેવી રીતે તૈયાર કરવામાં મદદ કરતી આ કંપની છે. તેમના દ્વારા વર્ષ ૨૦૨૩માં કરવામાં આવેલા સર્વેમાં હતાશાજનક તારણો આવ્યા હતા કે, ૪૯ ટકા બિઝનેસ લિડર્સ અને મેનેજર એવું માને છે કે, જેન ઝીના મોટાભાગના લોકો સાથે કામ કરવું ખૂબ જ અઘરું છે. તેઓમાં કોમ્યુનિકેશન સ્કીલની કમી છે એટલે કે કદાચ બિન્દાસ હોઈ શકે, મોટીવેશન નથી અને પ્રયાસો કરવામાં પાછી પાની કરે છે. કેટલાક કિસ્સાઓમાં તો ટેકનોલીજીકલ સ્કિલનો પણ અભાવ જોવા મળે છે. તેથી તેઓ ઉલ્ટાનું જેન વાય જોડે કામ પાડવું વધુ પસંદ કરે છે. જાણીને આશ્ચર્ય થશે કે ૬૫ ટકા બિઝનેસ મેનેજરો અને લીડરોએ પોતાનો મત વ્યક્ત કર્યો હતો કે, બીજી જનરેશન કરતા જેન ઝીને નોકરીમાંથી હાંકી કાઢવા પડે છે. ૧૨ ટકાએ તો જેન ઝીના કર્મચારીને તેણે કામ શરૂ કર્યાના એક જ સપ્તાહમાં પાણીચું આપી દીધું હતું. જેન ઝીને વાત વાતમાં ખોટું લાગી જતું હોવાથી તેઓ કાં તો નોકરીમાંથી પાણીચું અપાય છે અથવા તો પોતે જ નીકળી જાય છે.

**આર્થિક બાબતોની ચિંતા વચ્ચે સુધારાનો આશાવાદ**

ડેલોઈટના સર્વે મુજબ છેલ્લા ત્રણ વર્ષથી સાતત્ય રીતે એવી બહાર આવી રહ્યું છે કે, જેન ઝી અને જેન વાય બન્નેને જીવન નિર્વાહ માટેની આર્થિક ચિંતાઓ સતાવી રહી છે. ૫૬ ટકા જેન ઝી અને ૫૫ ટકા જેન વાય એ જણાવ્યું હતું કે, તેઓ આવકની સામે જ ખર્ચને પહોંચી વળતા નથી. તેઓ હંમેશા બે છેડા ભેગા કરવામાં તકલીફ અનુભવે છે. અમુક લોકોએ એવો પ્રતિભાવ આપ્યો હતો કે, તેઓ આર્થિક અસુરક્ષિતતા અનુભવે છે. પરંતુ તેઓને હંમેશા સ્થિતિમાં સુધારાની આશા હોય છે.

**પર્યારવણ પ્રત્યે સભાનતા**

ડેલોઈટના અહેવાલ અનુસાર જેન ઝી અને જેન વાય પર્યાવરણ પ્રત્યે વધુ સભાન છે અને તેઓ માને છે કે ધંધાકીય એકમો પર્યાવરણના સુધારાની બાબતો ઉપર પ્રભાવ લાવી શકે છે અને પરિવર્તન લાવી શકે છે. ઘણાએ તો પર્યવારણને લગતી ચિંતાઓને લઈને નોકરીનો ત્યાગ કર્યો છે. અનુક્રમે ૬૪ ટકા અને ૬૩ ટકા જેન ઝી અને જેન વાય એવા છે કે જેઓ ગ્રાહક તરીકે એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઉત્પાદનો અને સેવાઓ ખરીદવાનું પસંદ કરે છે. તેઓ વાયુ પ્રદૂષણ ઓછું ઘરવા ઈલેક્ટ્રીક વાહનનો વપરાશ, શાકાહારી કે વીગન ભોજન પ્રણાલી અપનાવવી અને એર ટ્રાવેલ ઓછું કરવા ઉપર પણ ભાર મૂકે છે.

**કામ અને જીવન પ્રણાલીની સમતુલા જાળવવી**

જેન ઝી અને જેન વાય જ્યારે નોકરીની પસંદગી કરે છે ત્યારે કામ અને જીવન પ્રણાલી વચ્ચે સમતુલા જળવાય તેવા નોકરીદાતાની ખાસ પસંદગી ઉતારે છે. ઘણા લોકો કામના ભારણના કારણે જીવન શૈલી સાથે સમતુલા નહી જાળવી શકતા હોવાથી સ્ટ્રેસમાં વધારો અનુભવે છે. કોવિડના કારણે જ્યારે વર્ક ફ્રોમ હતું ત્યારે ઘણાને મઝા આવી ગઈ હતી. પરંતુ પાછલા વર્ષથી નોકરીદાતાઓ રિટર્ન ટુ ઓફિસ એટલે કે ઓફિસ આવીને કામ કરો તેવી નીતિ અપનાવી છે ત્યારે તેના મિશ્ર પ્રતિભાવો જોયા હતા. ઘણાનું વર્ક, એન્ગેજમેન્ટ અને કોન્ટ્રીબ્યુશન વધી ગયું જ્યારે ઘણા સ્ટ્રેસ લેવલ વધુ ગયું હતું એટલે કે તણાવમાં આવી ગયા હતા. સર્વે મુજબ પાછલા વર્ષ કરતા તણાવમાં ઘટાડો આવ્યો છે તેમ છતાં ૪૦ ટકા જેન ઝી અને ૩૫ ટકા જેન વાયના લોકોએ કહ્યું હતું કે, તેઓ હજુ પણ તણાવ અનુભવે છે.

**ટેકનોલોજી સાથે તાલમેલ**

જનરેશન એઆઈ એટલે કે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સના કારણે જેન ઝી અને જેન વાયને કામ કરવાની તો મઝા આવે છે પરંતુ સાથે સાથે તેઓને એવી પણ ચિંતા સતાવે છે કે, એઆઈના કારણે જોબની તકો ઘટશે અને તેઓ એવી જોબ શોધવી પડશે કે ટેકનોલોજી આવવાના કારણે તેઓની નોકરી પડી ભાંગે નહીં. ખાસ કરીને એવી સ્કીલ શીખવી કે જેમાં ટેકનોલોજી દરમિયાનગીરી કરી શકે નહી. પુરુષોની સરખામણીએ મહિલાઓ ટેકનોલોજીથી અસુરક્ષિતતા વધુ અનુભવે છે. બન્ને જનરેશનને ટેકનોલોજીની મદદથી ઓછી મહેનતે ઝડપથી કામ થતું હોવાથી રોમાંચ તો અનુભવે છે પરંતુ તેના સતત ઉપયોગના કારણે મનના એક ખૂણે ચિંતા થાય છે કે ટેકનોલોજીના કારણે તેમની જોબ રખે જતી રહે અને યુવાનોને વધુ પ્રધાન્ય આપવામાં આવે કે જેઓ ટેકનોલોજીના ઉપયોગથી સુપેરે વાકેફ હોય. અડધા જેટલા જ જેન ઝી અને વાયના લોકોએ મત વ્યક્ત કર્યો હતો કે, તેમના નોકરીદાતા દ્વારા તેમને નવી ટેકનોલોજીની તાલીમ અને તેના ફાયદા વિશે માહિતી આપે છે.

તો મિત્રો નવી પેઢીની સાથે કામ કરવામાં આવે ત્યારે આવા સર્વે કામ આવે છે અને એટલા માટે જ જાણીતી સંસ્થાઓ દ્વારા સર્વે કરવામાં આવે છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે અંતર ઘટાડીને સમાજ અને રોજગારની તકોનો ઉત્તમ વિકાસ વિકાસ કરી શકાય.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# બસ, પળેપળ પ્રિયજનને શ્વાસમાં ભરતા રહો, જિંદગીને ઉત્સવોની જેમ ઊજવતા રહો...!

ઉત્સવ કોઈપણ હોય-અસ્તિત્વના ઓરડામાં આનંદનું અજવાળું ફેલાવે તો વાંક ઉત્સવનો નથી, આપણા અસ્તિત્વમાં જ કયાંક ખામી હોવી જોઈએ ! એક બાજું નવરાત્રિ છે તો બીજી બાજુ રમઝાન છે. જાણે એક અસ્તિત્વનાં બે ફેફસાં ! બેમાંથી એક જ ફેફસું હોય તો પણ અસ્તિત્વ તો જોખમાતું જ હોય. ઉત્સવની ઉત્કટતા વગરનો માણસ મને કાગળમાં ચિતરેલી માનવકૃતિથી સહેજ પણ વધારે નથી લાગતો.

તહેવારો તો આવે છે ને જાય છે. કેટલાક જીવાય છે, કેટલાક અનુભવાય છે. કેટલાક માણસો તહેવારના દિવસને પણ સામાન્ય દિવસની જેમ વેડફી મારે છે. તહેવાર એટલે દિવસોમાં ‘વીઆઈપી’ દિવસ તહેવાર એટલે અસ્તિત્વની ઉજવણી. પણ આજે આપણે ઉજવણીને બદલે પજવણીમાં પડી ગયા. માણસ જેવો માણસ તહેવારના દિવસે પણ માપી માપીને હસતો હોય અને તોલી તોલીને બોલતો હોય મોટાભાગના માણસો કાલ્પનિક ચિંતાઓ કે કાલ્પનિક ભયના ઝાડ નીચે જીવન પસાર



## દસ્તક

**હર્ષદ પંડ્યા**

કરતા હોય છે. એ ઝાડનાં પીળાં પડી ગયેલાં પાંદડાંની છાયામાં સૂરજના તડકાને શોધવા માટે ફાંફાં મારતા હોય છે. ‘આવતીકાલે મારૂં શું થશે ?’ એની ચિંતામાં આજની અમાનતને વેડફી નાખે છે.

વિચારોના થાકમાંથી મુક્ત થવું હોય તો ટી.વી.ના શરણે નહીં, તહેવારની છાયામાં જતા રહેવું જોઈએ. આજે આપણી પાસે બધું જ છે છતાં અંદરથી સાવ ખાલી છીએ. સંબંધઓ અને સગાઓના સમૂહમાં આપણે જીવીએ છીએ, પણ તોય એકાદ એવા સંબંધની તરસને શ્વાસમાં ઉછેરતા રહીએ છીએ. ગમતો સંબંધ, ગમતો પ્રેમ અને ગમતું પ્રિયજન મળી જાય એ સ્થળને હું તીર્થ કહું છું, અને એ પળને હું તહેવાર માનું છું ! આપણે બધું ભૂલીને ખુશખુશાલ દરિયાની જેમ ઘુઘવતા રહેવું જોઈએ. આપણા દરિયા પર અનેકરંગી નૌકાઓ તરતી હોય ત્યારે આપણો સહવાસ સામેની વ્યક્તિ માટે ઉત્સવ બની જતો હોય છે. જેની સાથે બેસીને હૃદયને ખાલી કરવાનું મન થાય એ દિવસે જો અમાસ હોય તો પણ તહેવાર માનીને એની ઉજવણી કરવી જોઈએ, કેમ કે એ દિવસે આપણા હૃદયનો



ધબકાર આપણને મળી ગયો હોય છે ! અને આ ખુશી કંઈ જેવી તેવી ન કહેવાય. આ ખુશીની અભિવ્યક્તિ ન થાય, એની તો બસ... અનુભૂતિ જ થાય. કેટલીક વાતો એવી હોય છે જેમાં ‘કહેવાનું’ ન હોય, બસ... ‘વહેવાનું’ જ હોય, અને એ પણ બધું ભૂલીને... બધું છોડીને, બધું તરછોડીને...!

જે માણસ અહમ્‌ને ખંખેરી શકે છે એ જ ઉત્સવનો આનંદ મેળવી શકે છે. અહમ્ હોય ત્યાં આનંદ ન હોય. ઉત્સવનો સ્વભાવ જ એવો છે કે અહમ્‌ની શેખીને સાંખી નથી શકતો. અને એટલે જ અહમ્‌ને ઓગાળવા માટે હિંમત જોઈએ. ભલભલી કિંમત ચૂકવવાની તૈયારી અને તાકાત જોઈએ. ઉત્સવઘેલા થઈને જીવવા માટે કે સંબંધનો શ્વાસ થઈને ઝુરવા માટે બહારની નહીં અંદરની શક્તિ જોઈએ. અહીં ‘કાયર’નું કામ નથી. જેને આપણે પ્રેમ કહીએ છીએ એને માટે નિચોવાઈ જવાની પૂરી ઉત્કટતા એટલે જ આપણા અસ્તિત્વનો એ ઉત્સવ ઉજવાયો, એમ કહી શકાય.

ઉત્સવ તો દરેકના જીવનમાં આવે છે. પણ નસીબદાર જ એ ઉત્સવનો આસવ ગટગટાવી શકે છે ! આપણને કયારેક દિવસો, મહિનાઓ કે વરસો અભિશાપ લાગે છે પણ એ જ અભિશાપ જેવા લાગતા દિવસો, મહિનાઓ કે વરસોને વરદાનમાં ફેરવી નાખવા હોય તો ક્ષણે ક્ષણને ઉત્સવ માનીને જીવીશું તો જિંદગીનો આખો અંદાજ બદલાઈ જશે ! જે પ્રેમના રહસ્યને પળેપળ પામે છે, જે સંબંધના સૂરજને પળેપળ આંસુનો અર્ઘ્ય આપ્યા કરે છે એને માટે તો કોઈપણ તારીખ, કોઈપણ તિથિ અને કોઈપણ દિવસ ‘તહેવાર’ બનીને જ આવે !

ચાર ઘડીની જિંદગીમાં બે ઘડીના આવતા ઉત્સવને શ્વાસમાં ભરીને જિંદગીને આનંદથી છલોછલ કરતાં આવડી ગયું, એ જ સાચું જીવે છે એમ કહેવાય. બાકી તો બધા હવાતિયાં જ મારતા હોય છે. એકધારી મુસાફરીમાં વચ્ચે કયાંક એકાદું ઝાડ આવે અને વિસામો મળી જાય, એમ તહેવાર કે ઉત્સવ એ તો વિસામો આપતું એક વૃક્ષ છે. પણ વિસામો આપતા આ વૃક્ષની ડાળ પર હજુ માંડ માંડ આપણે બેસીએ છીએ ત્યાં જ કોઈ આવીને આખી ડાળને સલામત રાખી, એના છાંયડાને જ વહેરી જાય છે.

એક જમાનો હતો જ્યારે વૃક્ષો સમૂહમાં જીવતા. આજે વૃક્ષ એકલા પડી ગયાં છે અને તણખલાંના ટોળાં જોવા મળે છે ! માણસ, સંબંધ અને મૈત્રીની તરસમાં જે તરસમાં એનું વર્તુળ તો મોટું ને મોટું બનાવતો ગયો, પણ કેન્દ્રમાંથી એ જ ખોવાઈ ગયો ! માણસ જ્યારે કેન્દ્રમાંથી ખોવાઈ જાય છે, કેન્દ્રમાંથી ફેંકાઈ જાય છે ત્યારે એને પાછો લાવે છે પ્રિયજનનો સાથ-સંગાથ ! આ સાથ-સંગાથની ક્ષણોનો સરવાળો એટલે જ ઉત્સવ ! જે ક્ષણોમાં આપણી હથેળીમાં પ્રિયજનની હથેળી સ્પર્શનું અમૃત ગટગટાવતી હોય એ ક્ષણ એટલે જ ઉત્સવ... પછી ભલેને એ ક્ષણે કાળ ચોઘડિયું કેમ ન ચાલતું હોય ? અમાસની કાળી અંધારી રાતે, ખોવાઈ ગયેલાં બે પ્રિયજનો એકબીજાને શ્વાસનું દાન આપી રહ્યાં હોય ત્યારે એ કાળી રાતને ‘પૂનમ’નો દરજજો આપવામાં કશું જ ખોટું નથી.

મવાલી જેવા વરસોમાં જીવવું, એના કરતાં સૂફી સંત જેવી ક્ષણોમાં જીવવું, એમાં જિંદગીનું સ્વમાન જળવાય છે. ઉત્સવ વરસોમાં નહીં, ક્ષણોમાં જ જીવાતો હોય છે. હા, એની અસરો વરસો સુધી, સદીઓ સુધી અનુભવાય છે !

તહેવાર કોઈપણ હોય-નવરાત્રિ કે રમઝાન-પણ આપણા બત્રીસ કોઠે સંબંધોના દીવા જળહળતા કરી દે એ જ સાચો તહેવાર... એ જ સાચો ઉત્સવ ! અને એટલે તો મારો હમશ્વાસી ‘શબ્દપ્રીત’ લખે છે :

**બસ, પળેપળ પ્રિયજનને શ્વાસમાં ભરતા રહો,**
**જિંદગીને ઉત્સવોની જેમ ઊજવતા રહો...!**

**:::: ટહુકો ::::**

**અગર હૈ શૌક મિલને કા, તો હરદમ લૌ લગાતા જા;**
**જલાકર ખુદ-નુમાઈકો, ભસમ તન પર લગાતા જા !**

**- સૂફી સંત મન્સૂર**

# કોઈ શું કહેશે...?

સામાન્ય રીતે સંતાન છોકરો થશે કે છોકરી તે નક્કી કરવામાં પુરુષ જવાબદાર છે, છતાં આજે પણ દીકરી જન્માવવા માટે સ્ત્રીને જવાબદાર ઠેરવાય છે ને કારણ વગર જ માતા દંડાતી રહે છે, તે ત્યાં સુધી કે સાસુ પણ દીકરીને જન્મ આપવા બદલ વહુને સંભળાવતી રહે છે. એ ખરું કે હવે દીકરી જન્મની છોછ બહુ રહી નથી. ઘણાં કુટુંબોમાં એ સમજાઈ ચૂક્યું છે કે દીકરી કે દીકરો સરખાં જ મહત્ત્વનાં છે. સમાજે એ પણ જોયું છે કે દીકરો વધુ કમાવા વિદેશ દોડતો હોય ત્યારે મા-બાપની કાળજી દીકરી જ રાખે છે. તે પરણેલી હોય તો સંજોગોમાં તે સાસુ-સસરાને તો સાચવે જ છે, પણ પિયરમાં પડેલાં માબાપને પણ રઝળાવતી નથી. હજી ક્યાંક દીકરા-દીકરીના ઉછેરમાં ભેદ થતો હશે, પણ ઘણાં કુટુંબોમાંથી એવો ભેદ દૂર થયો છે તે આવકાર્ય છે.

દીકરા-દીકરીના ઉછેરમાં ભેદ નહીં રખાતો હોય, પણ બંનેનો ઉછેર માબાપ પોતાને માટે કરે છે કે બીજાને માટે તે પ્રશ્ન જ છે. આપણું સંતાન આપણે માટે ઉછેરવું જોઈએ, તેને બદલે તે જાણે બીજા માટે ઉછેરાતું હોય એવું વધારે જોવા મળે છે. જેમ કે, કોઈ ડ્રેસ મમ્મીને કે પપ્પાને ગમે ને તે જ બાળક માટે ખરીદાય તે ઉત્તમ સ્થિતિ છે, પણ ક્યારેક તે આજુબાજુવાળાઓને કેવો લાગશે તે ધ્યાનમાં રાખીને પણ ખરીદાય છે. વળી આજ મમ્મીઓ એમ પણ કહેતી હોય છે કે એમ કોઈ કૈં જોવા નવરું નથી, પણ ઊંડે ઊંડે કોઈ શું કહેશે એ



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

વાત અનેક ગમતા નિર્ણયોને બદલાવતી હોય તે હકીકત છે. વળી આ સમજ બાળકો માટે જ નહીં, પણ માબાપે પોતાને માટે પણ કેળવેલી હોય છે. મોટા ભાગની પસંદગીઓ બીજાને કેવું લાગશે કે બીજા શું કહેશે એ રીતે જ થતી હોય છે. એ ખરું કે જાહેરમાં એવી રીતે ન વર્તાય જે સમાજ માન્ય ન હોય, પણ સંતાનોના પ્રશ્ન છે, ત્યાં માબાપ પોતાની રીતે ઉછેરે એ ઉત્તમ સ્થિતિ છે. જોકે, માબાપો જ સમાજની ચિંતા કરીને બાળકોને ઉછેરતાં હોય એવું ઘણીવાર બને છે, એટલું જ નહીં, એ માટે બાળકો પર દબાણ પણ ઊભું કરતાં હોય છે. ખાસ કરીને પરીક્ષાનાં પરિણામો એમાં મોટો ભાગ ભજવતાં હોય છે. પડોશીના દીકરા કે દીકરીના વધારે ટકા આવે તે પોતાનાં દીકરા કે દીકરી કરતાં માબાપને વધુ શરમમાં નાખે છે. એમાં જો પડોશીની દીકરીના ટકા વધુ આવ્યા તો દીકરા પર તવાઈ આવ્યા વગર ભાગ્યે જ રહે છે.

કોણ જાણે કેમ પણ પોતાનું સંતાન બધાંમાં જ પહેલું હોય એવું દરેક માબાપ ઈચ્છતાં હોય છે, ભલે પછી માબાપ પોતાની કેરિયરમાં છેલ્લે રહ્યાં હોય ! એ હિસાબે તો આજનું કોઈ બાળક બીજે નંબરે હોઈ જ ન શકે, પણ હોય છે. કોઈ તો બીજે નંબરે આવેને ! બન્યું છે એવું કે પહેલા નંબરની લ્હાયમાં બાળકોનું બાળપણ છીનવાઈ ગયું છે. એ મજૂરની જેમ ભણતર ઉપાડવામાં અકાળે જ બેવડ વળી જાય છે. બાળક પાસે રમવાનો, મસ્તી કરવાનો ઉલ્લાસ જ બચતો નથી. એ સતત ટકટકની નીચે જ જીવતું હોય છે. જે આવે છે તે એને ટોકે છે કે સોનેરી સલાહો આપે છે. આમ કરવું, આમ જ ન કરવું, આમ જ થાય, આમ તો થાય જ નહીં- જેવું સાંભળી સાંભળીને એનાં કાન પાકી જાય છે ને એ ઉપદેશોમાં ઘરનાં જ નહીં, બહારનાં પણ ભાગ ભજવતાં હોય છે.

કોઈ માબાપ પોતાના બાળકને ફ્લોપ બનાવવા ન જ ઈચ્છે, પણ તેમણે એવું દબાણ પણ ઊભું ન કરવું જોઈએ કે બાળકે બધાંમાં અવ્વલ જ આવવું. બાળક પાસેથી અપેક્ષા રાખનાર માબાપે, પોતાનો ભૂતકાળ વિચારી લેવો જોઈએ કે પોતે ક્યાં હતાં ને બાળક પાસેથી તેઓ કેટલું વધારે ઈચ્છી રહ્યા છે? બાળકની શક્તિ કેટલી છે ને તેનાં પ્રમાણમાં પોતે કેટલું વધારે માંગી રહ્યાં છે, આટલું વિચારાશે તો બાળક ઘણાં ટેન્શનોથી દૂર રહેશે. એ પણ છે કે માબાપે બાળક પર નજર રાખવાની છે. તેની ચોકી કરવાની નથી. એમ થશે તો માબાપ પણ દાંતિયા કરવાથી બચશે. બાળકને ટેન્શન ઓછું હશે તો એક્ટિવ વધુ થશે ને તેનું પરિણામ દરેક પ્રવૃત્તિમાં જણાશે. માબાપ એ ફેરફાર નોંધશે ખરા, પણ તેમણે બાળકને સ્વસ્થ ને હોંશિયાર જોવું છે તે કરતાં, બીજાને પ્રગતિ બતાવવાનો લોભ તેમને વધુ હોય છે. બતાવવા કરતાં પણ બતાવી દેવાની ઈચ્છા કદાચ વધુ હોય છે. બાળક નબળું હોય તો કોઈ શું કહેશે એ ચિંતા વધુ હોય છે ને હોંશિયાર હોય તો બતાવી દેવું હોય છે કે કેવું રતન પોતાની પાસે છે. એ દેખાડવું હોય છે કે બાળક કેવું કાબૂમાં છે ! ઊઠ કહેતાં ઊઠ ને બેસ કહેતાં બેસી જતું શિસ્તબદ્ધ બાળક બતાવવું હોય છે-આજુબાજુના લોકોને કે સંબંધીઓને.

બાળક સમજીને કોઈ વાત સ્વીકારે તે અપેક્ષિત હોવું જોઈએ, પણ તે હુકમ ઉઠાવનાર ગુલામ બની રહે તો તેનો આનંદ લઈ ન શકાય. બાળક ઢીંગલા જેવું હોય તો પણ, તે રમકડું નથી. તે જીવંત છે. તેને ગમો, અણગમો છે. તે હુકમ ઉઠાવતો રોબોટ નથી. તે શો-પીસ નથી. તેને હરખ છે. આંસુ છે. માબાપ તેને આ દુનિયામાં લાવે છે તે પોતાની ઈચ્છા પૂરી કરવા નહીં, પણ તે તેનું જગત વિકસાવી શકે તેમાં સહાય કરવા. તે માબાપની ઈચ્છા પૂરી કરે પણ ખરું, પણ તેના હોવાનો અર્થ એટલો જ નથી. માબાપ જો એટલું સમજશે, તો બાળક પણ સમજશે.

માબાપે બાળકને જીવતાં શીખવવાનું છે. તે જગતમાં આવે છે ત્યારે તે જગતથી અજાણ છે. તે જગતથી પરિચિત થાય તેટલું માબાપે કરવાનું છે. માબાપને જોઈને બાળક જગતને શીખે છે. માબાપ ડરતાં હશે, તો તે પણ ડરશે. માબાપ સામનો કરશે તો તે પણ કરશે. શરૂઆતનો આ તબક્કો બાળક વટાવે, પછી તે પોતાની રીતે આગળ વધે છે. હવે તે માબાપનું એક્સટેન્શન નથી. માબાપે પણ એ સમજી લેવાનું રહે કે હવે તેમણે બાળકને મોકળાશ આપવાની છે. તેમની જોહુકમીથી બાળકને રૂંધવાનું નથી. બાળક નકલખોરીમાંથી અકલખોરીમાં પ્રવેશે ત્યારે તેની શક્તિને પ્રમાણીને માબાપે માર્ગ ચીંધવાનો છે ને તેના પર ભરોસો મૂકવાનો છે, પણ થાય છે એવું કે બાળકને બીજાને બતાવવા કે બતાવી આપવા તૈયાર કરાતું હોય છે. જેમ માબાપ હંમેશ સાચાં નથી હોતાં, એમ જ બાળક પણ દરેક વખતે સાચું ન હોય એમ બને. એ વખતે એની ભૂલ સુધારવાની કોશિશ કરવાની રહે. બાળકમાં રસ લઈને એની ભૂલ સુધારી શકાય, પણ બને છે એવું કે બાળકનાં ગુણદોષ બીજાનાં બાળકની તુલનામાં સુધારવાનું થાય તો તેની સવળી અસર ન થાય. અમુકનો દીકરો કેવો હોંશિયાર છે, જ્યારે આપણો તો સુધરતો જ નથી- આવી તુલના માબાપે ટાળવાની રહે. અમુક રીતે બાળક વર્તે તો માબાપને ચિંતા એ થાય છે કે કોઈને આની ખબર પડે તો કેવું લાગે? કોઈને કેવું લાગે કે કોઈ શું કહેશે એ બિન્દુએથી બાળકને મૂલવવાનું બંધ થવું જોઈએ. એ કોઈનું બાળક નથી, તો કોઈની નજરે જોવાની જરૂર જ શી છે?

કોઈનું બાળક વધારે એક્ટિવ હોય કે વધુ હોંશિયાર હોય તે પરથી માબાપ પોતાનાં બાળકને ઓછું આંકે એ બાળકને અન્યાય કરવા જેવું છે. કોઈ બાળક હોંશિયાર હોય તે સદા હોંશિયાર જ રહે એવું નક્કી નથી. એ જ રીતે કોઈ બાળક શરૂઆતમાં નબળું હોય તે આગળ જતાં હોંશિયાર બને એવું પણ શક્ય છે. એવું બન્યું છે. એટલા પરથી માબાપે પોતાનાં બાળકને બીજા બાળક સાથે સરખાવવાથી દૂર રહેવું જોઈએ ને બાળક તેની શક્તિ મુજબ યોગ્ય રીતે વર્તતું હોય તો તેનો સંતોષ માનવો જોઈએ. બાળકને એ મામલે ટોકવાનો કે તેને વધુ દબાણમાં રાખવાનો કોઈ અર્થ નથી. એક વસ્તુ માબાપે સમજી લેવાની રહે કે કોઈ ને કોઈ તો કોઈની આગળ કે પાછળ રહેતું જ હોય છે. બધાં જ મોખરે રહે કે બધાં જ પાછળ રહે એવું બનતું નથી. આ સ્થિતિ હોય ત્યાં બાળકને કુદરતી રીતે વિકસવા દેવું જોઈએ. તેનો સર્વાંગી વિકાસ થાય એટલું માબાપ જોશે તો બાળકને કદાચ થોડી વાર લાગશે, પણ તે પાછળ નહીં જ રહે તે નક્કી છે. માબાપે બાળકને સમજાવવાની સાથે જ પોતે પણ સમજવાનું છે, એટલું થશે તો માબાપે કે બાળકે નિરાશ થવાનું કોઈ કારણ નહીં રહે...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# રાષ્ટ્રવાદના નામે હિંસા : નવા વર્ષના અવસરે ટાગોર અને નહેરૂનો દૃષ્ટિકોણ વર્ષ ૨૦૨૫માં પણ કેવી રીતે પ્રેરણા આપી શકે છે

**નવા વર્ષ ૨૦૨૫ના અવસર પર ટાગોર અને નહેરૂના સંકલ્પો ભારતના વિચારનું રક્ષણ કરવા માટે કાયમી મહત્ત્વ ધરાવે છે**



રવીન્દ્રનાથ ટાગોરની કવિતા 'સદીનો સૂર્યાસ્ત' જે ૧૯૦૦માં નવા વર્ષના આગમન પ્રસંગે લખવામાં આવી હતી, તેમાં પશ્ચિમના લોહીથી લાલ વાદળોના સંદર્ભમાં તેમની ઊંડી વ્યથા વ્યક્ત કરી હતી અને તે ધિક્કાર સાથેના વિશ્વના મોટા ભાગોને આવરી લે છે. આજે ૧૨૫ વર્ષ પછી જ્યારે વર્ષ ૨૦૨૫ શરૂ થયું છે અને એક નવું કેલેન્ડર શરૂ થયું છે ત્યારે તે કવિતાના સમાવિષ્ટો આજે પણ કડ'ણતાથી ગુંજી રહ્યા છે.

**ટાગોરની કવિતાએ રાષ્ટ્રના ગૌરવ તરીકે સેવા આપી હતી :** આ કવિતા ટાગોરના પુસ્તક 'રાષ્ટ્રવાદ'નો એક ભાગ છે, જે પશ્ચિમી વિશ્વ અને જાપાનમાં તેના ઉદ્ભવ સાથે જે યુદ્ધ અને રક્તપાતનું કારણ બન્યું અને પરિણામે એશિયાના નબળા દેશો અને બાકીના ગ્રહ પર શક્તિશાળી રાષ્ટ્રોનું વર્ચસ્વ રહ્યું હતું. ૧૯૦૦ના નવા વર્ષની વહેલી પરોઢે લખાયેલી આ કવિતામાં રાષ્ટ્રના નિરંકુશ મહિમાનો આરોપ છે. તે રાષ્ટ્રવાદના આધારે સશસ્ત્ર સંઘર્ષો અને યુદ્ધને વાજબી ઠેરવવા અને અન્ય રાષ્ટ્રોના પ્રદેશો પર કબજો મેળવવા અને તેમના સંસાધનોનો બળજબરીપૂર્વક વિનિયોગ કરવા માટે હિંસક પ્રયાસ તરફ દોરી ગયો હતો. ટાગોરે લખ્યું હતું કે, રાષ્ટ્રો પ્રત્યેના સ્વ-પ્રેમનો અયોગ્ય જુસ્સો, તેના લોભના નશામાં ભ્રમિત થઈને અથડામણ અને વેરનું કૃત્ય છે. તેમણે ૧૯૦૦માં જે રચના કરી હતી તે એકવીસમી સદીમાં પણ પ્રતિબિંબિત થાય છે જ્યારે લોકોના જીવન અને સ્વતંત્રતાને નષ્ટ કરીને રાષ્ટ્રને ઉચ્ચ સ્તરે લાવવા માટે સમાન આહ્વાન કરવામાં આવે છે.

**ક્રોની મૂડીવાદ, એક નવો ઉદય :** અમે ૨૦૨૫ના નવા વર્ષની શરૂઆત એવા સમયે કરીએ છીએ જ્યારે ક્રોની કેપિટલિઝમ આપણા રાષ્ટ્રને વ્યાખ્યાયિત કરી રહ્યું છે, જે નરેન્દ્ર મોદી જેવા લોકો દ્વારા સંચાલિત છે. ટાગોરે જેને લોભના નશામાં ચિત્તભ્રમણા તરીકે ઓળખાવી છે તેના આધારે આપણે રાષ્ટ્રના પ્રથમ સિદ્ધાંતના રાજ્યાભિષેકના સાક્ષી છીએ. ભારતના શાસક નેતાઓ દ્વારા રાષ્ટ્રવાદની હિમાયત કરવામાં આવી રહી છે તે હિન્દુત્વ પર આધારિત છે જે ધિક્કાર અને ઝેર સાથે આવા લોકો હિંસા અને વેર સાથે પછાત અને વંચિત અને લઘુમતી લોકોને લક્ષ્ય બનાવે છે. ટાગોરે ઓગણીસમી સદીના યુરોપના સંદર્ભમાં દ્વેષના વાવંટોળને દર્શાવ્યું હતું તે આપણા સમાજ અને અહીંના લોકોને અપશુકનિયાળ રીતે પ્રોત્સાહન આપી રહ્યું છે. હિન્દુત્વની શક્તિઓ ઝડપી ગતિ સાથે આ વાવંટોળને સ્પિન કરવામાં અને લોકોને અવિવેક અને અયોગ્ય સત્તા આપે છે તે તમામને વિનાશક રીતે ફસાવામાં આનંદ વ્યક્ત કરે છે.

**મણિપુરમાં સતત હિંસા :** 'સદીના સૂર્યાસ્ત' કવિતામાં ટાગોરે ભારત તરફ આશા અને અપેક્ષા સાથે જોયું હતું. ભારતને જાગૃત રહેવાનુ કહેતા તેમણે સમજાવટપૂર્વક અપીલ કરી કે આવો આપણે અ પવિત્ર સૂર્યોદય માટે પૂજા અર્પણ કરીએ.

એકસો પચીસ વર્ષ પછી ટાગોર ભારતના કેટલાક ભાગો, ખાસ કરીને મણિપુરમાં દ્વેષના વંટોળ સાથે ઉદ્ભવતી અવિરત હિંસાના સર્પાકારમાં ફસાયેલા લોકોને જોઈને ગુસ્સે થયા હશે. મણિપુરના મુખ્યપ્રધાન બિરેન સિંઘે આ પીડિત ભૂમિમાં શાંતિ પુનઃ સ્થાપિત કરવામાં તેમની અસમર્થતા માટે માફી માંગવી એ આ પ્રદેશ પર શાસન કરવા માટે બંધારણની જગ્યાએ હિન્દુત્વનો આહ્વાન કરનારા લોકોની અયોગ્યતા દર્શાવે છે.

મણિપુરની તે સ્ત્રીઓ, પુરૂષો અને બાળકો માટે આ નવા વર્ષનો અર્થ શું હશે જેમણે તેમના સાથી મનુષ્યોને નિર્દયતાથી વિસ્થાપિત થતાં અને મૃત્યુ પામતા જોયા છે અને તેમના ઘરોને બાળી નાખવામાં આવ્યા છે, પૂજા સ્થાનો બરબાદ થતાં જોયા છે અને સ્ત્રીઓને જાતીય સતામણીના ક્રૂર સ્વરૂપોનો ભોગ બનતા જોયા છે. મણિપુરમાં સર્જાયેલી તબાહી અને લોકોના અવિચારી વલણને જોઈને ટાગોર અચંબામાં પડી ગયા હશે. ૧ જાન્યુઆરી, ૧૯૦૦ની પૂર્વ સંધ્યાએ ટાગોરે વિનંતી કરી હતી કે, મારા ભાઈઓ, તમારા સાદગીના સફેદ ઝભ્ભા સાથે ગૌરવપૂર્ણ અને શક્તિશાળી લોકો સમક્ષ ઊભા રહેવામાં શરમાશો નહીં. તેમણે ઉચ્ચારેલ દરેક શબ્દ એટલો સમકાલીન લાગે છે જ્યારે ઘણીવાર સત્તા સામે સત્ય બોલો વાક્ય ભારતમાં વર્તમાનમાં રાજ્ય ઉપકરણને નિયંત્રિત કરનારાઓના આક્રમણના સંદર્ભમાં અને અસંમતિને ગુનાહિત કરીને બળજબરીપૂર્વકના પગલાંનો ઉપયોગ કરવાના સંદર્ભમાં ટાંકવામાં આવે છે.

**'જે વિશાળ છે તે મહાન નથી' :** ટાગોરના આ ઉપદેશો કે તમારા તાજને નમ્રતા સાથે રાખો, તમારી સ્વતંત્રતા એ આત્માની સ્વતંત્રતા સાથે અને એ જાણો કે જે વિશાળ છે તે મહાન નથી અને ગૌરવ એ શાશ્વત નથી, આ વાક્ય ૨૦૨૪-૨૫ના ભારત માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. મીડિયા પર હવે ભારત પર શાસન કરનારાઓનો ઈજારો છે અને તેઓ તેને પ્રચાર હેતુઓ માટે ઉપયોગ કરે છે જેથી તેઓ સતત એક નેતાને વિશાળ તરીકે રજૂ કરે. વિશાળ તરીકેનું પ્રક્ષેપણ સ્વાભાવિક રીતે જ અયોગ્ય છે. દુઃખદ વાત એ છે કે, આવી બોગસ મહાનતાની ઉજવણી માત્ર એ આધાર પર છે કે, તે વિશાળ છે, જે આવું કરે છે તેમની નિષ્ફળતાને દર્શાવે છે.

**નવા વર્ષ પર નહેરૂનું વિઝન :** ટાગોરે તેમની કવિતા 'સદીનો સૂર્યાસ્ત' લખ્યાના ત્રીસ વર્ષ પછી જવાહરલાલ નહેરૂએ તેમની પુત્રી ઈન્દિરા નહેરૂને ૧ જાન્યુઆરી, ૧૯૩૩ના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, જેલમાં તેમનું સતત ત્રીજું નવું વર્ષ હતું. તેમણે વાસ્તવમાં અવલોકન કર્યું કે નવા વર્ષના આગમન સાથે પૃથ્વીએ સૂર્યની આસપાસ બીજું ચક્ર પૂર્ણ કર્યું છે, નહેરૂએ કહ્યું કે, પૃથ્વી તેના બાળકોની અવગણના કરે છે પરંતુ આપણે ભાગ્યે જ આપણી જાતને અવગણી શકીએ છીએ. નવા વર્ષના દિવસે આગળ જુઓ અને આશા સાથે સૌને એકત્રિત કરવાનો પ્રયાસ કરો. જો કે, ૧ જાન્યુઆરી, ૧૯૩૩ના રોજ તેમણે ઉદાસીનતા સાથે અવલોકન કર્યું કે, આપણા દેશમાં સ્વતંત્રતાની લડાઈ ચાલી રહી છે અને છતાં આપણા ઘણા દેશવાસીઓ તેના પર ઓછું ધ્યાન આપે છે અને નહેરૂ દલીલ કરે છે કે, લોકો અંદરોઅંદર ઝઘડે છે અને સંપ્રદાયની દૃષ્ટિએ વિચારે છે. ભારતમાં છેલ્લા અગિયાર વર્ષો દરમિયાન, એવા લોકો છે જેઓ તેમની આસ્થા અથવા સંપ્રદાયોના આધારે ઝઘડો કરે છે પરંતુ તેઓને દેશના શાસનના આદેશ સાથે ભારતના નેતાઓ દ્વારા તેઓને આમ કરવા માટે ઉશ્કેરવામાં આવે છે. તેઓ ધર્મના આધારે લોકોને વિભાજિત કરી રહ્યા છે અને જ્યારે ભાજપ સાથે જોડાયેલા હિન્દુત્વવાદી નેતાઓ મુસ્લિમોના નરસંહારની હાકલ કરે છે અને બંધારણની સંપૂર્ણ અવગણના કરીને તેમના સામાજિક અને આર્થિક બહિષ્કારની ખુલ્લેઆમ હિમાયત કરે છે ત્યારે તેઓ અત્યંત ઉદાસીન રહે છે. ટાગોરના ઉપરોક્ત કાવ્યાત્મક ઉચ્ચારણો કે 'મારા ભાઈઓ, શરમાશો નહીં, ગૌરવપૂર્ણ અને શક્તિશાળી લોકો સમક્ષ ઊભા રહો' એ સત્તામાં રહેલા અને ભારત પર શાસન કરનારાઓની નિર્ભયતાથી પૂછપરછ કરવા અને તેમને જવાબદાર ઠેરવવાના હેતુ માટે આજે યોગ્ય છે. લોકોએ ટાગોરના આ શબ્દોનું ધ્યાન રાખવું જોઈએ જેમણે લખ્યું હતું કે, 'જે વિશાળ છે તે મહાન નથી' અને જે નેતાઓ પોતાને ઉચ્ચ અને શક્તિશાળી તરીકે રજૂ કરે છે તેઓ હકીકતમાં સાબિત કરે છે કે, તેઓ નબળા છે. નવા વર્ષ ૨૦૨૫ના અવસર પર ટાગોર અને નહેરૂનું વિઝન ભારતના ઉચ્ચ વિચારનું રક્ષણ કરવા માટે કાયમી મહત્વ ધરાવે છે.

**- એસ.એન. સાહુ**

**(એસ.એન. સાહુ એ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનના વિશેષ ફરજ પરના અધિકારી તરીકે સેવા આપી હતી.)**

**(સૌ. :- ધ વાયર.ઈન)**

# ૧૯૧૯માં ફૈઝલ-વેઇઝમેન કરાર : પેલેસ્ટીની વિસ્થાપન અને સંઘર્ષનું મહત્ત્વનું પરિબળ



**૩ જાન્યુઆરી ૧૯૧૯ના રોજ પેરિસ શાંતિ પરિષદના ભાગ રૂપે અમીર ફૈઝલ અને ચૈમ વેઈઝમેન જે (પાછળથી ઈઝરાયેલના રાષ્ટ્રપતિ બન્યા હતા) દ્વારા હસ્તાક્ષર કરાયેલ ફૈઝલ વેઈઝમેન કરાર મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.**

ફૈઝલ-વેઈઝમેન કરાર એ પેલેસ્ટીનમાં આરબ અને ઝાયોનિસ્ટ મહત્ત્વાકાંક્ષાઓને એકસાથે લાવવાનો એક પ્રારંભિક પ્રયાસ હતો. ૧૯૧૯માં પેરિસ શાંતિ પરિષદ દરમિયાન હસ્તાક્ષર કરાયેલ આ કરારની આ પ્રદેશ પર કાયમી અસર પડી છે, જેનાથી પેલેસ્ટીની વિસ્થાપન અને દાયકાઓ સુધી ચાલતા સંઘર્ષ અને કબજા માટે માર્ગ મોકળો થયો હતો, જે આજે પણ ચાલુ છે.

ફૈઝલ-વેઈઝમેન કરાર, ૩ જાન્યુઆરી ૧૯૧૯ના રોજ, પેરિસ, ફ્રાન્સમાં થયો હતો.

પેલેસ્ટીની મુદ્દાના મૂળની ચર્ચા કરતી વખતે, ઘણા લોકો ૧૯૪૮ના નકબા ("આપત્તિ") પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે લાખો પેલેસ્ટીનીઓને તેમના વતનમાંથી બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા હતા. અન્ય લોકો ૧૯૧૭ના કુખ્યાત બાલ્ફોર ઘોષણાપત્રને આ અંગેની એક મુખ્ય ક્ષણ તરીકે દર્શાવે છે, જેણે ઐતિહાસિક પેલેસ્ટીનમાં ઝાયોનિસ્ટ રાજ્યની સ્થાપના માટે પાયો નાખ્યો હતો. જો કે, તેના બે વર્ષ પછી જ એક ઓછી જાણીતી છતાં ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના બની હતી: ૧૯૧૯માં ફૈઝલ-વેઈઝમેન કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેનો હેતુ આરબ અને ઝાયોનિસ્ટ મહત્વાકાંક્ષાઓનું સમાધાન કરવાનો હતો અને જેના આ પ્રદેશ માટે ગંભીર પરિણામો આવ્યા હતા.

૩ જાન્યુઆરી ૧૯૧૯ના રોજ પેરિસ શાંતિ પરિષદ દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવેલ આ કરાર ટૂંકા ગાળાના હેજાઝ રાજ્યના પ્રિન્સ ફૈઝલ (મક્કાના શરીફ હુસૈનના પુત્ર અને આરબ રાષ્ટ્રવાદી ચળવળના અગ્રણી નેતા) અને વિશ્વ ઝાયોનિસ્ટ સંગઠનના પ્રમુખ ચૈમ વેઈઝમેન વચ્ચેનો કરાર હતો. ફૈઝલ બાલ્ફોર ઘોષણાના અમલીકરણ અને પેલેસ્ટીનમાં યહૂદી વતન સ્થાપવાને સમર્થન આપવા સંમત થયા હતા, જો બ્રિટન ઓટ્ટોમન શાસનથી આરબ સ્વતંત્રતાના પ્રથમ વિશ્વયુદ્ધના વચનો પૂર્ણ કરે તે શરતે આ સંમતિ હતી. આ કરારમાં આરબો અને યહૂદીઓ વચ્ચે સહકારની રૂપરેખા આપવામાં આવી હતી, જેમાં પેલેસ્ટીનમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને આ પ્રદેશમાં વ્યાપક આર્થિક સહયોગની કલ્પના કરવામાં આવી હતી. આ વાત સહી કરનારાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી જેમણે જણાવ્યું હતું કે તેઓ આરબો અને યહૂદી લોકો વચ્ચે અસ્તિત્વમાં રહેલા વંશીય સગપણ અને પ્રાચીન બંધનો પ્રત્યે સભાન હતા, અને તેઓ એ સમજતા હતા કે તેમની કુદરતી આકાંક્ષાઓની પરિપૂર્ણતાનો સૌથી નિશ્ચિત માર્ગ આરબ રાજ્ય અને પેલેસ્ટીનના વિકાસમાં નજીકના સહયોગ દ્વારા શક્ય છે. જો કે, તેનો અંતર્ગત આધાર, આરબ રાષ્ટ્રવાદ અને ઝાયોનિઝમની આકાંક્ષાઓ સુમેળમાં છે. મૂળભૂત રીતે આ કરાર ખામીયુક્ત હતો. આરબ નેતાઓ મોટાભાગે ઝાયોનિસ્ટ પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓની હદથી અજાણ હતા, જ્યારે ઝાયોનિસ્ટ નેતાઓ આ કરારને પેલેસ્ટીનમાં મજબૂત પગપેસારો સુરક્ષિત કરવાની વ્યૂહાત્મક તક તરીકે જોતા હતા, જે બાઈબલના અધિકાર તરીકે વાજબી ઠેરવવામાં આવ્યો હતો. આ ઉદ્દેશ કરારની ભાષામાં સ્પષ્ટ છે કે: પેલેસ્ટીનમાં યહૂદીઓના સ્થળાંતરને મોટા પાયે પ્રોત્સાહન આપવા અને ઉત્તેજન આપવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે, અને શક્ય તેટલી ઝડપથી નજીકથી વસાહત અને જમીનની સઘન ખેતી દ્વારા યહૂદી ઈમિગ્રન્ટ્સને જમીન પર સ્થાયી કરવામાં આવશે.

ફૈઝલ-વેઈઝમેન કરાર માત્ર એક ટૂંકી અને નાજુક વ્યવસ્થા સાબિત થઈ હતી. પશ્ચિમી સંસ્થાનવાદી સત્તાઓ બ્રિટન અને ફ્રાન્સે આરબ નેતાઓને આપેલા યુદ્ધ સમયના વચનોથી પાછા ખેંચી લીધા અને તેના બદલે, ૧૯૧૬ના સાઈક્સ-પિકોટ કરાર હેઠળ મધ્ય પૂર્વને વિભાજીત કરી દીધું હતું. પેલેસ્ટીન એ બ્રિટિશ લીગ ઓફ નેશન્સ મેન્ડેટ હેઠળ આવ્યું હતું, જ્યારે સીરિયા અને લેબેનોનને ફ્રેન્ચ નિયંત્રણ હેઠળ મૂકવામાં આવ્યા હતા. આરબ રાષ્ટ્રવાદી આકાંક્ષાઓ કચડી નાખવામાં આવી હતી, અને પેલેસ્ટીનમાં આરબ અને યહૂદી સમુદાયો વચ્ચે તણાવ વધ્યો હતો, જેમાં સ્વદેશી વસ્તી વિરુદ્ધ હત્યાકાંડ અને આતંકવાદના કૃત્યોએ દાયકાઓ સુધી સંઘર્ષના બીજ વાવ્યા હતા. આ કરાર અને તેની નિષ્ફળતાના પરિણામો દૂરગામી હતા, અને રહેશે. પેલેસ્ટીનીઓ માટે, તે રાજ્યત્વ માટેની તેમની આકાંક્ષાઓનો કડવો અને પ્રારંભિક વિશ્વાસઘાત છે. હારેટ્ઝના એક અહેવાલમાં પેલેસ્ટીનીઓ સાથેના ઘણા આરબ વિશ્વાસઘાતો પૈકી એક તરીકે તેને વર્ણવવામાં આવ્યું છે, જે પછીની વિડંબના આ છે: ફૈઝલે પેરિસ પરિષદમાંથી વિશ્વાસઘાતની ભયાનક લાગણી સાથે છોડી દીધી. તેણે પોતે બ્રિટિશરો સાથે લડવા માટે તેના ઓટ્ટોમન માસ્ટર્સને દગો આપ્યો હતો, પરંતુ યુદ્ધ પછી બ્રિટિશરો દ્વારા દગો આપવામાં આવ્યો હતો. પછી તેણે સુધારો કરવાનો પ્રયાસ કર્યો હતો. ફૈઝલે તે વર્ષના જુલાઈમાં સીરિયન નેશનલ કોંગ્રેસ સાથે જોડાણ કર્યું હતું. કોંગ્રેસે સીરિયા પર ફ્રેન્ચ આદેશને નકારી કાઢ્યો, અને પેલેસ્ટીનને સીરિયાનો અવિભાજ્ય ભાગ જાહેર કર્યો, અને પેલેસ્ટીનમાં યહૂદી સ્થળાંતરનો વિરોધ કર્યો હતો. પરંતુ ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હતું. તે વર્ષે ફ્રેન્ચોએ ફૈઝલને સીરિયામાંથી બળજબરીથી હાંકી કાઢ્યો હતો, અને ત્રણ વર્ષ પછી, બ્રિટનને પેલેસ્ટીનમાં બાલ્ફોર ઘોષણા લાગુ કરવા માટે (લીગ ઓફ નેશન્સ) આદેશ આપવામાં આવ્યો હતો. તેના વળતર તરીકે, બ્રિટીશ લોકોએ ફૈઝલને ઈરાકના રાજા તરીકે અને તેના ભાઈ અબ્દુલ્લાને જોર્ડનના રાજા તરીકે સ્થાપિત કર્યા હતા, જ્યારે હેજાઝ સઉદી અરેબિયાનો ભાગ બન્યો હતો.

બ્રિટીશની બેવડી નીતિએ અને ઝાયોનિસ્ટ વસાહતીવાદ દ્વારા જોડાયેલા આરબ રાષ્ટ્રવાદી આદર્શોની નિષ્ફળતાએ યુદ્ધો અને બળવામાં ફાળો આપ્યો, જેમાં ૨૦મી સદીના આરબ-ઈઝરાયેલી યુદ્ધોનો સમાવેશ થાય છે. આજે, આ પરિણામો ગાઝામાં ઈઝરાયેલ રાજ્યના ચાલી રહેલા નરસંહાર, લેબેનોનના સાર્વભૌમત્વના ઉલ્લંઘન અને જમીન પચાવી પાડવી અને વિસ્તરણવાદી નીતિઓ સુધી આવી ગયું છે, તાજેતરમાં સીરિયામાં વિરોધી દળો દ્વારા સરકારને ઉથલાવી પાડવામાં આવી છે. ઈઝરાયેલ અને ઘણા આરબ રાજ્યો વચ્ચેના સામાન્યીકરણ કરારોએ પેલેસ્ટીનીઓ માટે વિસ્થાપન અને હિંસા અને સતત તેમની રાજ્યવિહીનતાને રોકવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યા નથી.

**- ઓમર અહેમદ**

**(સૌ. : મિડલ ઈસ્ટ મોનિટર)**

# હઝરત ફાતિમા ઝહરહ (રદીઅલ્લાહુ અનહા)

(ઈસ આ.૬૦૫-૬૩૨)

ભાગ -૨

હઝરત ફાતિમા રદી વિશે જે હદીસો છે એ મુજબ એમનું વ્યક્તિત્વ, ઈજ્જત, સન્માન અને ગૌરવશાળી સ્થાન મુજબ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. હુઝુર (સ.અ.વ.) સાહેબને ફરિશ્તા દ્વારા જાણ થઈ સૈયદુન્નીસાને જન્નતની ખુશખબરી આપી હતી. એક હદીસમાં હુઝુર (સ.અ.વ.) સાહેબે જન્નતી સ્ત્રીઓમાં હઝરત ખદીજા રદી અને હજરત ફાતિમા રદી ને શ્રેષ્ઠ જણાવ્યા છે. એક બીજી હદીસમાં ચાર સ્ત્રીઓ-હઝરત ખદીજા રદી., હઝરત ફાતિમા રદી., હઝરત મરિયમ અને (ફીરઓનની પત્ની)હઝરત આસીયા-ને શ્રેષ્ઠ જાહેર કરવામાં આવી છે.

હુઝુર (સ.અ.વ.) સાહેબ સાથે એમને ખૂબ લગાવ અને પ્રેમ હતો. કેટલાક લોકોએ એમને એમની બધી બહેનોમાં સર્વશ્રેષ્ઠ જાહેર કરી છે. કેટલાક લોકોનું માનવું છે કે એહલે બેઅતથી આશય 'આલ અલ કુસા' અને આલ અલ ઈબાથી આશય વિશેષ કરીને મુબાહિલા

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

માટે નીકળનાર લોકોમાં અર્થાત રસુલલ્લાહ (સ.અ.વ. સાહેબ, હઝરત અલી રદી., હઝરત ફાતિમા રદી., ઈમામ હસન રદી. અને ઈમામ હુસૈન રદી છે. એક હદીસમાં ફરમાવવામાં આવ્યું છે એ મુજબ હઝરત ફાતિમા રદી હુઝુર (સ.અ.વ.) સાહેબ શરીરનો એક ભાગ છે.

**હઝરત અબુબક્ર રદીની બેઅત (પ્રતિજ્ઞા)નો મસ'અલો :** હઝરત ફાતિમા રદી, હઝરત અલી રદી અને બીજા ઘરવાળા હુઝુર (સ.અ.વ.) સાહેબની દફનવિધિમાં વ્યસ્ત હતા એ સમયે જ લોકો સકીફા બની સા'અદહમાં હઝરત અબુ બક્ર રદીની બેઅત (પ્રતિજ્ઞા) લઇ લીધી. જયારે હઝરત અલી રદી.ને આ બાબતની જાણ થઇ તો એમણે હઝરત અબુ બક્ર રદી.ની પ્રતિજ્ઞા લેવાનો ઈન્કાર કરી દીધો, હઝરત ફાતિમા રદી.એ પણ એમના ઈન્કારને સમર્થન આપ્યું. હઝરત અબુ બક્ર સિદ્દીક રદી.એ આ બાબતે કોઈ બળજબરી કે ઘર્ષણથી કામ લીધું ન હતું અને આ બાબત એમની મુનસફી પર છોડી દીધી હતી. હઝરત ફાતિમા રદી.ના અવસાન પછી તરત જ હઝરત અલી રદી.એ હઝરત અબુ બક્ર રદી.ની બેઅત કરી લીધી હતી, જેનાથી જણાય છે કે હઝરત અલી રદી પ્રતિજ્ઞા લેવામાં મોડું કર્યું એનું કારણ આ હતું કે હઝરત ફાતિમા રદી.ને જાણ થાય તો તેઓ દુઃખી થઇ જાય — એટલા માટે હઝરત અલી રદી.એ બેઅત લીધી ન હતી. આનાથી વિપરીત અલ બલાઝરીએ રિવાયત નકલ કરી છે કે જયારે મસ્જિદે નબ્વીમાં હઝરત સિદ્દીકે અકબર રદી.ની પ્રતિજ્ઞા લેવાનું શરૂ થઇ ગયું તો હઝરત અલી રદી બહાર આવી ફરમાવ્યું કે આ મામલામાં અમારી ઉપેક્ષા કરવામાં આવી છે. જવાબમાં હઝરત અબુ બક્ર રદી.એ કહ્યું કે આપની ઉપેક્ષા કરવામાં નથી આવી, વિદ્રોહનો ભય હતો. હવે મારા સ્કંધો પર આ બોજ લાદી દેવામાં આવ્યો છે. હઝરત અલી રદીએ કહ્યું કે હું જાણું છું કે હુઝુર (સ.અ.વ.) સાહેબે તમને નમાઝ પઢાવવાનો આદેશ આપ્યો હતો અને આ કે આપ હિજરત વખતે ગુફાના સાથીદાર છો, આ કહેતા એમને માફ કરી દીધા અને એમની પ્રતિજ્ઞા કરી લીધી.

**વારસાની બાબત :** હુઝુર (સ.અ.વ.) સાહેબના આ દુનિયાથી કૂચ કરી ગયા પછી ઉપયોગમાં લેવાતી આપની કેટલીક વસ્તુઓ, એક સફેદ ખચ્ચર અને કેટલાક હથિયાર ઘરમાં રહી ગયા હતા. હઝરત અબુ બક્ર સિદ્દીક રદી.એ સફેદ ખચ્ચર અને હથિયાર તો હઝરત અલી રદી ને આપી દીધા અને હદીસ મુજબ ઘરની વસ્તુઓ અને ખૈબર તથા ફદકની જમીનોમાંથી આપ (સ.અ.વ.) સાહેબના ભાગને સદ્કો જાહેર કરી દીધો. હુઝુર (સ.અ.વ.) સાહેબ પોતાની હયાતીમાં આ જમીનોની ઉપજ /આવકમાંથી પુનિત પત્નીઓ અને મુસાફરો પાછળ ખર્ચ કરતા હતા. હઝરત ફાતિમા રદી એ હઝરત અબુ બક્ર રદી.થી આ જમીનો એમ કહીને માગી કે આ જમીનો હુઝુર (સ.અ.વ.) સાહેબે એમને આપી દીધી હતી. હઝરત અબુ બક્ર રદી એ આપ (સ.અ.વ.) સાહેબની એ હદીસ યાદ અપાવી જેમાં કહેવામાં આવ્યું છે કે અમ્બીયા (નબીઓ) ન કોઈના વારસદાર હોય છે ન કોઈ એમનો વારસદાર હોય છે, અને હઝરત ફાતિમા રદી.ની વાત પર ધ્યાન ન આપ્યું અને પહેલાની જેમ એ જમીનોની આવક પુનિત પત્નીઓમાં વહેંચી દીધી. કેમ કે તેઓ રસુલલ્લાહ (સ.અ.વ.)સાહેબની સુન્નત વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવાને યોગ્ય માનતા ન હતા પરંતુ એ સાથે જ હુઝુર (સ.અ.વ.)સાહેબના પવિત્ર યુગની જેમ તેઓ હઝરત ફાતિમા રદી ના ભરણ પોષણની જવાબદારી લેવાને પણ એક જરૂરી ફરજ સમજતા હતા. જોકે હઝરત ફાતિમા રદી એ પોતાની માગણી અટકાવી દીધી અને અંતિમ સમય સુધી ફરી ક્યારેય આ માગણી કરી ન હતી. (અલ બલાઝરીઃ ફૂતુહુલ બુલ્દાન ,પૃ.૨૯-૩૩).જો કે હઝરત ફાતિમા રદી પ્રારંભમાં હઝરત અબુ બક્ર રદી.થી આ બાબતે વિમુખ થઇ ગયા હતા, પરંતુ પાછળથી હઝરત ફાતિમા રદી.એ હઝરત અબુ બક્ર રદી.ને સત્યપરાયણ કહ્યા હતા અને પોતાની બીમારી દરમિયાન એમને પોતાની પાસે બોલાવી એમનાથી પ્રસન્નતા જાહેર કરી હતી. એ પ્રસંગે હઝરત અબુ બક્ર રદી.એ ફરમાવ્યું હતું : 'મેં તો ઘરબાર, માલ, દોલત અને કુટુંબ કબીલો માત્ર અલ્લાહ અને એના રસુલ (સ.અ.વ.) સાહેબની પ્રસન્નતા અને અય એહલે બેઅત ! તમારી પ્રસન્નતા માટે છોડ્યા હતા.' (ઇબ્ને કસીરઃ અલ બીદાયા વ અન્નીહાયા ૬ઃ૩૩૩)

હઝરત ફાતિમા રદી.ની બોલચાલની અદાઓ નબી (સ.અ.વ.) સાહેબ સાથે સૌથી વધુ મળતી હતી. જયારે કોઈ સભામાં આપ બેઠા હોય અને હઝરત ફાતિમા રદી. આવી જાય તો આપ એમને પોતાની પાસે બેસાડતા. હઝરત ફાતિમા રદી.નો ચહેરો પોતાની માતા હઝરત ખદીજા રદી. સાથે ઘણો સામ્ય ધરાવતો હતો. તેઓ ઉહદના યુદ્ધમાં પણ સામેલ થયા હતા અને મુસલમાન મુજાહીદોને પાણી પીવડાવતા રહ્યા અને ઘાયલોની સારવાર કરતા રહ્યા હતા. આ જ યુદ્ધમાં હુઝુર (સ.અ.વ.) સાહેબ ઘાયલ થઇ ગયા હતા ત્યારે આપની સેવામાં તેઓ હાજર હતા અને આપ (સ.અ.વ.) સાહેબના ઘાવ પર પાટાપિંડી કરી હતી. તેઓ મક્કા વિજયમાં પણ સામેલ હતા. એમણે લગભગ ૧૮-૧૯ હદીસો રિવાયત કરી છે. હઝરત ફાતિમા રદી શેર (કવિતા) પણ કહેતાં હતા.

હઝરત ફાતિમા રદી.ને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ એમ પાંચ સંતાન હતા. હઝરત હસન રદી., હઝરત હુસેન રદી., હઝરત મોહસીન રદી., હઝરત ઝયનબ રદી અને હઝરત ઉમ્મે કુલસુમ રદી.હઝરત મોહસીન રદી બાળપણમાં જ અવસાન પામ્યા હતા. હઝરત ઝયનબ રદી.ના લગ્ન હઝરત અબ્દુલ્લાહ બિન જાફર રદી. ઇબ્ને અબી તાલિબ સાથે થયા હતા. હઝરત ઉમ્મે કુલસુમના લગ્ન હઝરત ઉમર ફારૂક રદી સાથે થયા હતા. હઝરત ફાતિમા રદી.નો વંશ હઝરત હસન રદી અને હઝરત હુસેન રદી દ્વારા દુનિયામાં બાકી રહ્યું છે.

Email. :-msaeed181@gmail.com
(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# સિદ્ધાંતવાદી વડાપ્રધાન, પ્રતિબદ્ધ કાયદા પ્રધાન : નહેરૂ, આંબેડકર અને ભારતીય રાજકારણમાં તેમનો વિરોધ





**આ લેખમાં PHD વિદ્યાર્થી લેખક, હિંદુ કોડ બિલ પસાર કરીને હિંદુ મહિલાઓ માટે સમાન અધિકારો સુનિશ્ચિત કરવાની તેમની પ્રતિબદ્ધતા અને ઈચ્છાઓમાં નહેરૂ અને આંબેડકર એકબીજાના સાથી હતા અને વિરોધી ન હતા તે અંગે વાત કરે છે**

શું ખરેખર ગૃહમંત્રી અમિત શાહે જે વાત કરી છે તેવું થયું હતું? શું હિંદુ કોડ બિલ પર આંબેડકરના રાજીનામા પર નહેરૂની આ પ્રતિક્રિયા હતી, જેમ વર્તમાન ગૃહ પ્રધાન કહે છે તેમ ભારતના પ્રથમ વડાપ્રધાન માટે તે રાહતની ક્ષણ હતી? તે સમયે આરએસએસના વ્યક્તિઓ અને આ ગૃહમંત્રીના પોતાના પૂર્વજો શું કરી રહ્યા હતા?

તેમની આ ટિપ્પણીએ લોકોમાં ચર્ચા જગાવી છે. સમગ્ર મુદ્દો સ્તરો અને જટિલતાઓથી ઘેરાયેલો છે, જેને માત્ર ઉકેલવાથી જ કોઈપણ સત્ય બહાર આવી શકે છે. આંબેડકર હિંદુ કોડ બિલના પ્રશ્ન પર તમામ કોંગ્રેસીઓમાં નહેરૂને સૌથી વધુ નિષ્ઠાવાન માનતા હતા. હકીકત એ છે કે આરએસએસે તેનો સખત વિરોધ કર્યો હતો. ગૃહમંત્રીએ ચિત્રણ કર્યું છે કે કેવી રીતે નહેરુ દ્વારા આંબેડકરને તેઓ જે આદર અને સન્માનના હકદાર હતા તે આપવામાં આવ્યું ન હતું. પરંતુ તે સત્યની વિરુદ્ધ છે. તો ચાલો આ આરોપની તપાસ કરીએ અને તેની સાથે હિંદુ કોડ બિલની આસપાસની ચર્ચાઓ દરમિયાન સાંપ્રદાયિક શક્તિઓ દ્વારા ભજવવામાં આવતી નકારાત્મક ભૂમિકાને પણ જાહેરમાં લાવીએ.

**હિંદુ કોડ બિલનો ઈતિહાસ**

હિંદુ કોડ બિલની વાતો ૧૯૨૦ના દાયકાથી જ સામે આવી રહી હતી. AIWC (ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ)એ મહિલાઓના અધિકારોમાં ખામીને દૂર કરવા માટે હિંદુ કોડમાં સુધારો કરવાની માંગ કરી હતી. આ ૧૯મી સદીના સુધારાઓ વચ્ચેનો નિર્ણાયક તફાવત હતો જે ઉપરથી પ્રાયોગિક ધોરણે કરવામાં આવ્યા હતા અને આ એવા સુધારા હતા, જેની મહિલાઓ દ્વારા સક્રિયપણે માંગ કરવામાં આવી હતી. AIWCએ રેણુકા રેના દાખલા પર ૧૯૩૪માં મહિલા કાનૂની અપંગતા દિવસની ઘોષણા કરી હતી. ત્યારબાદ હિંદુ વિમેન્સ રાઈટ ટુ પ્રોપર્ટી એક્ટ તેના લેખક જી.વી. દેશમુખ દ્વારા કેન્દ્રીય વિધાનસભામાં રજૂઆત કરવામાં આવી હતી.

તે જ વર્ષે, એચ.એમ. અબ્દુલ્લા દ્વારા શરિયત એપ્લિકેશન બિલ રજૂ કરવામાં આવ્યું હતું અને તે પસાર થયું હતું જેમાં પુત્રીને મિલકતમાં ભાગ આપવામાં આવ્યો હતો. જો કે, હિંદુ અને મુસ્લિમ બંને કેસમાં ખેતીની જમીનને સંબંધિતને આ બિલમાંથી મુક્તિ આપવામાં આવી હતી. આનું કારણ એ હતું કે કૃષિ મિલકત 'પ્રાંતીય કાયદાના અધિકારક્ષેત્ર' હેઠળ આવતી હતી જ્યારે ૧૯૩૭ના આ બે અધિનિયમો કેન્દ્રીય કાયદા હતા.

જો કે, હિંદુ મહિલાઓ દ્વારા સંચાલિત હિંદુ પર્સનલ લોના કોડિફિકેશનની માંગને ૧૯૩૭ના "દેશમુખ એક્ટ" દ્વારા કાયદેસરતા મળી હતી. ૨૫ જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ બી.એન. રાવ (જેઓ બંધારણની મુસદ્દા સમિતિના બંધારણીય સલાહકાર બન્યા હતા) અને તેના અન્ય સભ્યો હતા- દ્વારકાનાથ મિત્તર, કલકત્તા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ, આર. ખરપુરે, પ્રિન્સિપાલ, લૉ કોલેજ, પૂના અને રાજરત્ન વાસુદેવ વિનાયક જોશી, બરોડાના વકીલ. આ સમિતિએ દેશભરમાં મહિલા સંગઠનોની ભૂમિકાની પ્રશંસા કરી હતી. આ સમિતિએ જૂન ૧૯૪૧માં રજૂ કરેલા તેના અંતિમ અહેવાલમાં બે પગલાં સૂચવ્યા હતા. આ મોટાભાગે સંદર્ભની શરતોના વિસ્તરણ અને ખેતીની જમીનની મિલકતમાં હિંદુ મહિલાઓના મિલકતના અધિકારના કાયદાને લાગુ કરવા માટે પ્રાંતીય કાયદાકીય ફેરફારોની જરૂરિયાત સાથે સંબંધિત હતા.

આ સૂચનોને ધ્યાનમાં રાખીને લગ્ન અને વારસાના કાયદા પરના બે ડ્રાફ્ટ બિલ તૈયાર કરવામાં આવ્યા હતા અને બંને ગૃહોની સંયુક્ત સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. બંને ખરડા એકસાથે ડ્રાફ્ટ હિંદુ કોડ બિલ તરીકે ઓળખાયા અને ૧૯૪૩-૪૪માં ચર્ચા કરવા માટે વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ સમિતિને ફરીથી બોલાવવામાં આવી હતી અને ૧૯૪૫થી તેણે તેનું કામ કરવાનું શરૂ કર્યું હતું. દ્વારકાનાથ મિત્તરે એક અસંમત અભિપ્રાય રજૂ કર્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે બિલ માટે ઈન્ટરવ્યુ લેવામાં આવેલા કુલ લોકોની સંખ્યામાંથી, માત્ર ૩૩.૪% લોકોએ કોડિફિકેશન ડ્રાઈવને સમર્થન આપ્યું હતું આ આંકડા હિંદુ લો કમિટી, ૧૯૪૭ના રિપોર્ટના છે. મહારાષ્ટ્રે કોડ બિલની તરફેણમાં સૌથી મોટો ટેકો આપ્યો હતો. ધર્મ નિર્ણય મંડળ (૧૯૩૬માં લોનાવાલા ખાતે રચાયેલ) તેમાં મોખરે હતું અને મહારાષ્ટ્રમાં અનેક સ્થળોએ જઈને કોડિફિકેશન મુદ્દે જાગૃતિ લાવવામાં આવી હતી. ત્યારબાદ એપ્રિલ ૧૯૪૮માં હિંદુ કોડ બિલને સિલેક્ટ કમિટીને મોકલવામાં આવ્યું હતું. અને તેનો અંતિમ નિર્ણય આંબેડકરના હાથમાં હતો.

**બિલ પર આંબેડકર અને નહેરૂના મંતવ્યો**

આંબેડકર માનતા હતા કે આ કોડ બિલ હિંદુ સમાજના સુધારા તરફનું એક પગલું છે. તેથી તેમણે હિંદુ કોડ બિલને બંધારણ નિર્માણની પ્રક્રિયા તરીકે ઐતિહાસિક ગણાવ્યું હતું. તેમણે બિલના ઉદ્દેશ્યોને સરળ શબ્દોમાં બધા માટે સુલભ બનાવવાની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે - હિન્દુ કાયદાઓની આસપાસની મૂંઝવણોને ઘટાડવા અને સમકાલીન ભારતીય સમાજ માટે આને વધુ ન્યાયી અને સુસંગત બનાવવા માટે, આ બિલ લગ્ન, મિલકત, ઉત્તરાધિકાર વગેરેને આવરી લેતા કેટલાક પાસાઓને લગતા કાયદાને સંહિતા બનાવવા માંગે છે.

આ જરૂરી મુદ્દાઓને ધ્યાનમાં રાખીને, ચાલો હવે બિલનો વિરોધ કરનારા લોકોને જોઈએ. જેમને રેબા સોમ દ્વારા તેમના લેખ 'જવાહરલાલ નહેરૂ એન્ડ ધ હિંદુ કોડ: સબસ્ટન્સ પર પ્રતીકનો વિજય?' (આધુનિક એશિયન સ્ટડીઝ, ફેબ્રુઆરી ૧૯૯૪). અમે એકસાથે આ મુદ્દા પર આ લોકોના વિરોધાભાસો જોઈએ જે સુધારણા પ્રત્યેની તેમનો ખચકાટ અને સ્ત્રીઓ પુરુષોની સમાન રીતે વર્તે નહીં તેવું ઈચ્છવાની તેમની અટલ પ્રતિબદ્ધતાને છતી કરે છે.

એક. કોંગ્રેસની અંદરના એવા દિગ્ગજ નેતાઓ જેઓ ૧૯૩૦ના દાયકાથી નહેરૂની જેમ સામે ગોઠવાયેલા હતા. આનું પ્રતિનિધિત્વ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું જેઓ શરૂઆતથી જ આ મુદ્દે નાખુશ હતા. પ્રસાદ માનતા હતા કે વ્યક્તિગત કાયદામાં મૂળભૂત ફેરફારો લાવવાનો પ્રગતિશીલ વિચાર માત્ર એક સૂક્ષ્મ લઘુમતીનો દૃષ્ટિકોણ હતો અને સમગ્ર હિંદુ સમુદાય પર તે લાદવાના વિનાશક પરિણામો આવશે. જ્યારે પ્રસાદ અને અન્ય લોકો બિલના મુદ્દા પર એસેમ્બલીમાં હતાશ થયા ત્યારે નહેરૂએ તેમને કહ્યું કે આ બિલ પાસ થવું તેમના માટે પ્રતિષ્ઠાનો વિષય બની ગયો છે. પ્રસાદે આના જવાબમાં એક પત્રનો મુસદ્દો તૈયાર કર્યો હતો જેના પર તેણે મોકલતા પહેલા વલ્લભભાઈ પટેલની સલાહ લીધી હતી.

પટેલે તેમને શાંત રહેવા અને તેના કાયદાઓ વિશે સલાહ આપી હતી કારણ કે આનાથી મોટાભાગે તેમને પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવાની તેમની તકો ઉજળી થશે. આ માટે પ્રસાદ ચૂપ રહ્યા અને પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા. જો કે, એકવાર તેમણે આ બંધારણીય ભૂમિકા ગ્રહણ કરી લીધા પછી, આ બિલ પર તેમની અડચણ ચાલુ રહી હતી, તેઓએ ક્યારેક નહેરૂના પક્ષે પ્રક્રિયાગત ક્ષતિઓને ટાંકીને અને ક્યારેક બિલ પસાર કરાવવાના પ્રયાસોને લોકશાહી વિરોધી ગણાવીને તેમણે આ રોકી રાખ્યું હતું. હકીકતમાં, તેમણે ધમકી પણ આપી હતી કે જો તે બંને ગૃહોમાંથી પસાર થઈ જાય તો પણ તેને રાષ્ટ્રપતિની સંમતિ અટકાવી દેવામાં આવશે. આશ્ચર્યજનક રીતે, પ્રસાદ રાષ્ટ્રપતિ હતા ત્યારે પાછળથી જ, પાંચ ભાગમાં હિંદુ કોડ બિલ મોટાભાગે ભારતીય સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

પ્રસાદની પસંદની સાથે કોંગ્રેસમાં હિંદુ કટ્ટરપંથીઓ પણ હતા જેમ કે ડેપ્યુટી સ્પીકર, અનંત સયનમ અય્યંગર જે બહુપત્નીત્વની મક્કમતા માટે સહમત હતા. આ જૂથે ક્યારેય કોંગ્રેસ દ્વારા પ્રચારિત સુધારાવાદી એજન્ડાને આગળ ધપાવવાનો ઉમદા પ્રયાસ કર્યો નથી. જેઓ બિલની સામગ્રીનો વિરોધ કરતા ન હતા કારણ કે આ બિલ એક અસ્પૃશ્ય એવા આંબેડકર દ્વારા આગળ લાવવામાં આવ્યું હતું. કોંગ્રેસના ઉદાર સભ્ય પટ્ટાભી સીતારામૈયાએ પણ આંબેડકરની તેમના વ્યાવસાયિક, શિક્ષણશાસ્ત્રીય અને પોન્ટીફીકલ વલણ માટે ટીકા કરી હતી.

બે. N.C. ચેટર્જી અને શ્યામા પ્રસાદ મુખર્જી જેવા લોકો સાથેની હિંદુ મહાસભા, જેમણે આ બિલનો વિરોધ કર્યો હતો અને તે હકીકતના આધારે કે તેનાથી હિંદુ ધર્મના પાયાને ખતરો ઊભો થઈ શકે છે. મહાસભાએ એવી દલીલ કરવાનો પ્રયાસ કર્યો કે "હિન્દુ" કોડ બિલ એક સાંપ્રદાયિક કાયદો છે (ફક્ત હિન્દુઓ માટે) અને તેના સ્થાને એક સમાન નાગરિક સંહિતા રજૂ કરવી જોઈએ. આમ, તે સ્પષ્ટ થાય છે કે તે પ્રગતિશીલ સુધારાવાદી ઉત્સાહ ન હતો પણ હિન્દુ મહાસભાને એક સમાન નાગરિક સંહિતા ઈચ્છતી હતી અને તે પણ માત્ર એટલા માટે કે રાજ્યની સત્તા મુસ્લિમ બાબતોમાં પણ દખલ કરે. મુખર્જીએ દલીલ કરી હતી કે હિંદુ કોડને વૈકલ્પિક બનાવવો જોઈએ, જે શરિયત એપ્લિકેશન બિલ ૧૯૩૭ના પાસ કરતી વખતે ઝીણાએ જે દલીલ કરી હતી તેના જેવી જ દલીલ હતી. મુખર્જી નહેરૂની કેબિનેટમાં હતા અને તેઓ હવે જે સંહિતાનો વિરોધ કરી રહ્યા હતા તેને પૂરા દિલથી સમર્થન આપ્યું હતું અને તેથી, આંબેડકરે તેમની ટિપ્પણીને ફગાવી દીધી હતી કે તે ધ્યાનમાં લેવા યોગ્ય નથી.

આ કેટેગરીમાં ચાલો આરએસએસ દ્વારા પ્રતિનિધિત્વ કરતી સંસદની બહાર હિંદુ પ્રતિક્રિયાવાદીઓની પોટલીથી ઉમેરીએ. માર્ચ ૧૯૪૯માં સ્વામી કરપતિજી મહારાજ સાથે અખિલ ભારતીય વિરોધી હિંદુ-કોડ બિલ સમિતિની રચના કરવામાં આવી હતી જેણે ધર્મશાસ્ત્રો પર આધારિત હિન્દુઓના અંગત કાયદાઓમાં બંધારણ સભાની દખલગીરીનો વિરોધ કર્યો હતો. (રામચંદ્ર ગુહા, ગાંધી પછીનું ભારત, ૨૦૦૮). આ સમિતિની સાથે દેશભરની વિવિધ બાર કાઉન્સિલના વકીલોની એક ટીમ પણ હતી જેમણે આ કોડ બિલની નિંદા કરી હતી. આ કમિટીએ સમગ્ર દેશમાં અનેક બેઠકો યોજીને આ બિલનો વિરોધ કર્યો હતો.

અખિલ ભારતીય હિંદુ કોડ બિલ વિરોધ સમિતિએ સ્વામી કરપતિજી મહારાજ દ્વારા હિન્દીમાં હિંદુ કોડ બિલ: પ્રમાણ કી કસૌટી પર નામનું પુસ્તક પણ પ્રકાશિત કર્યું હતું, જે આ બિલ વિશેના સરકારી પ્રચારની નિંદા કરે છે અને બિલને સનાતન ધર્મની વિચારધારાના સંપૂર્ણ વિરોધમાં રજૂ કરે છે. (ચિત્રા સિંહા, ૨૦૧૨). આ સમિતિએ અપમાનજનક સૂત્રોચ્ચાર કરીને સંસદ સુધી કૂચ પણ કરી હતી.

ત્રણ. સંસદની અંદર સરદાર માન અને સરદાર હુકુમસિંઘ અને તેની બહાર માસ્ટર તારાસિંહ જેવા માણસો દ્વારા રજૂ કરાયેલ શીખ જૂથ, જેઓ સુધારાના વ્યાપક માળખામાં હિંદુઓ સાથે જોડાયેલા હોવાથી નારાજ હતા. તારાસિંહે સંસદમાં હિન્દુ કોડ બિલની રજૂઆતની નિંદા કરી હતી. રસપ્રદ વાત એ છે કે, આંબેડકરે રાજીનામું આપી દીધું હતું અને બિલમાં વધુ ફેરફાર કર્યા ન હતા તે પછી, સરદાર હુકુમસિંહે જણાવ્યું હતું કે આ બિલ હવે પસાર થઈ શકે છે કારણ કે વાંધાજનક ભાગો દૂર કરવામાં આવ્યા હતા.

ચાર. બંગાળના નઝીરુદ્દીન અહમદ દ્વારા મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું, અને જેમણે દલીલ કરી હતી કે હિંદુ કોડ બિલ મિતાક્ષરા સંયુક્ત કુટુંબને સમાપ્ત કરવા માટે એક પ્રયાસ છે. આનાથી પરિવારોના વિભાજન અને મિલકતના મુદ્દાઓ તરફ દોરી જશે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે દયાભાગા શાળાનું કેન્દ્ર બંગાળના રહેવાસી હોવા છતાં, નઝીરુદ્દીન અહમદે મિતાક્ષરા કાયદાને વધુ પસંદ કર્યું હતું. આનાથી પણ વધુ રસપ્રદ હકીકત એ છે કે શરિયત એપ્લિકેશન બિલ ૧૯૩૭ પરની ચર્ચા દરમિયાન ઝીણા દ્વારા પ્રાંતવાદ, તે જ નઝીરુદ્દીન અહમદ દ્વારા બંગાળી ધારાસભ્યોમાં સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. ઇન્ટરનેટ પર તેમના વિશેની ઓછી માહિતીમાંથી, મુખ્ય દંડક તરીકે તેમની નિમણૂક બંગાળના તત્કાલીન મુખ્યમંત્રી ફઝલુલહક ચોક્કસ નોંધપાત્ર છે. હિંદુ કોડ બિલ પર બોલતી વખતે નઝીરુદ્દીન અહમદમાં પણ આ જ પ્રાંતવાદ જોવા મળે છે. જ્યારે તેમણે ટિપ્પણી કરી કે હિન્દુ પરિવારોને મુસ્લિમોની જેમ જ ભાવિનો સામનો કરવો પડશે, ત્યારે રેણુકા રે દ્વારા તેમને પૂછવામાં આવ્યું હતું કે તેઓ હિન્દુઓને મુસ્લિમ સમાજ જે લાભો ભોગવે છે તે જ લાભો ભોગવવા કેમ તૈયાર નથી.

છ. મહિલા સંસદસભ્યો, મોટાભાગે જેઓ તેમના અભિગમમાં સુસંગત હતા અને કોડ બિલ પસાર કરાવવા માટે સૌથી વધુ પ્રતિબદ્ધ હતા. તેમાં સુચેતા ક્રિપલાણી અને હંસા મહેતા દ્વારા વ્યક્ત કરવામાં આવેલી તેમની ટીકા પણ એ હકીકત પર આધારિત હતી કે સુધારાઓ જોઈએ તેટલા આગળ વધ્યા નથી અને તેઓ ઓછા સુધારા હતા.

**આંબેડકરનું રાજીનામું અને નહેરુ પ્રત્યેનું તેમનું મૂલ્યાંકન**

આ વિષય પર આંબેડકર અને નહેરૂ વચ્ચેનો પત્રવ્યવહાર હિંદુ કોડ બિલ પ્રત્યેના મંતવ્યો તેમજ અભિગમમાં તફાવતો સામે લાવે છે. ૧૦ ઓગસ્ટ, ૧૯૫૧ ના રોજ આંબેડકરે નહેરૂને પત્ર લખ્યો હતો-

"મારું સ્વાસ્થ્ય મારા માટે અને મારા ડૉક્ટરો માટે ખૂબ ચિંતાનું કારણ બની રહ્યું છે. તેઓ દબાણ કરી રહ્યા છે કે મારે તેમને સતત સારવાર માટે લગભગ એક મહિનાનો લાંબો સમય આપવો જોઈએ અને આવી સારવાર હવે વધુ જટિલતાઓને કારણે મુલતવી રાખી શકાય નહીં. હું સૌથી વધુ ચિંતિત છું કે હું મારી જાતને મારા ડૉક્ટરોના હાથમાં મૂકું તે પહેલાં હિન્દુ કોડ બિલનો નિકાલ થઈ જાય. તેથી, હું હિંદુ કોડ બિલને ૧૬ ઓગસ્ટના રોજ ચર્ચા અને વિચારણા માટે લઈ જઈને ઉચ્ચ અગ્રતા આપવા ઈચ્છું છું અને જો વિરોધીઓ અવરોધક રણનીતિઓ આચરશે નહીં તો ૧ સપ્ટેમ્બર સુધીમાં મામલો સમાપ્ત થઈ દેશે. તમે જાણો છો કે હું આ માપદંડને સૌથી વધુ મહત્વ આપું છું અને બિલ પસાર કરવા માટે મારા સ્વાસ્થ્ય પર કોઈપણ તાણ સહન કરવા તૈયાર છું. (આંબેડકરના પસંદગીના લખાણોમાંથી)

જો કે, નહેરૂ જાણતા હતા કે હિંદુ કોડ બિલના વિરોધમાં રૂઢિચુસ્તો ઘણા હતા અને તેઓ અત્યંત ઉગ્ર હતા. તેઓ આ પગલાના સમર્થનમાં વ્હીપની ખાતરી કરવા માટે હવે પટેલ ન હતા. જો કે, આંબેડકરે આ દૃષ્ટિકોણ પર ધ્યાન આપ્યું ન હતું અને તેઓ અત્યંત હતાશ થયા હતા કે નહેરૂ બિલ પસાર કરાવવામાં સક્ષમ ન હતા. હકીકત એ છે કે તત્કાલિન રાષ્ટ્રપતિના સક્રિય સમર્થનથી, મુખ્ય દંડક સહિત ઘણા સભ્યો હિંદુ કોડ બિલની તેમની નારાજગીમાં મક્કમ હતા. ચૂંટણી પણ નજીક હોવાથી નહેરૂ ઉતાવળ કરી શક્યા ન હતા. જેમ કે આંબેડકરે કટાક્ષમાં કહ્યું હતું કે, 'વડાપ્રધાન પ્રત્યે આટલો અવિશ્વાસુ મુખ્ય દંડકનો કેસ મેં ક્યારેય જોયો નથી અને વડાપ્રધાન એક અવિશ્વાસુ દંડક પ્રત્યે આટલા વફાદાર છે. જો કે, આંબેડકર એ નહેરૂની પ્રામાણિકતા પ્રત્યે સહમત હતા, તે માત્ર તેના નિશ્ચયનો અભાવ હતો જેની તેમણે ટીકા કરી હતી.

કેટલાક અન્ય વધુ મુદ્દાઓ પણ હતા જે નહેરૂ સાથે સીધા જોડાયેલા નથી જેના પર તેમણે રાજીનામું આપ્યું હતું. નહેરૂની પ્રામાણિકતા તેમણે ૪ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ મુખ્ય પ્રધાનોને લખેલા એક પત્રમાં પ્રતિબિંબિત થાય છે. તેમણે કહ્યું કે- તે સ્પષ્ટપણે એક વિવાદાસ્પદ પગલું હતું અને તે ચર્ચાને દબાવવાની અથવા તો આને કડક પક્ષના પગલા તરીકે લેવાની અમારી ઈચ્છા ન હતી. તેમણે આને બિલના ભાગો પણ પસાર કરવામાં નિષ્ફળતાનું કારણ ગણાવ્યું છે. તેઓ આગળ કહે છે કે, મને કોઈ શંકા નથી કે સંસદમાં નોંધપાત્ર બહુમતી આ બિલને નજીવા ફેરફારો સાથે પસાર કરવા ઈચ્છે છે. પરંતુ તે બહુમતી નિશ્ચિત લઘુમતી સમક્ષ લાચાર હતી અને અમારે હાર સ્વીકારવી પડી હતી. જો કે, આ ક્ષણ માટે ઓછામાં ઓછું મને નથી લાગતું કે હિન્દુ કોડ બિલ પર આટલો બધો સમય વેડફાયો છે. તેમણે આ મહત્વપૂર્ણ વિષયને લોકો સમક્ષ રાખ્યો છે અને લોકોને તેના વિશે વિચારતા કર્યા છે. તેમણે તેને ભારતના મુખ્ય મુદ્દાઓ પૈકી એક બનાવ્યો હતો અને મને સહેજપણ શંકા નથી કે તેને કોઈક યા બીજા સમયે ઉઠાવવામાં આવશે અને પસાર કરવો પડશે. મારા ભાગ માટે મને ખાતરી છે કે ભારતમાં પ્રગતિ રાજકીય, આર્થિક અને સામાજિક તમામ મોરચે થવી જોઈએ. જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી અમે પ્રગતિ કરી શકીશું નહીં.

**આંબેડકરના રાજીનામા પર નહેરૂની પ્રતિક્રિયા**

કોંગ્રેસની અંદરના રૂઢિચુસ્ત તત્વોની કટ્ટરતાથી હતાશ અને આશ્ચર્યચકિત થઈને, ડૉ. આંબેડકરે ૨૫ સપ્ટેમ્બર, ૧૯૫૧ના રોજ રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા પર, નહેરૂએ સંસદમાં તેમની ખોટની લાગણી સાથે વાત કરતા કહ્યું કે, મારા માટે આ અફસોસની વાત છે, જો કોઈ અન્ય કારણ વગર, એ હકીકત માટે કે એક જૂના સાથીદારે આજે જે રીતે કર્યું છે તે રીતે ન કરવું જોઈએ.

તદુપરાંત, નહેરૂએ ૨૭ સપ્ટેમ્બર, ૧૯૫૧ના રોજ આંબેડકરના પ્રયત્નો અને બિલને વહેલા કે પછીથી પસાર કરવા માટે તેમના તરફથી સંકલ્પની પ્રશંસાની મિશ્ર લાગણીઓ સાથે આંબેડકરને પત્ર લખ્યો હતું અને તેમણે લખ્યું કે, હું એ હકીકત પર તમારી ભારે નિરાશાને સમજી શકું છું કે આ સત્રમાં હિંદુ કોડ બિલ પસાર થઈ શક્યું નથી અને લગ્ન અને છૂટાછેડાનો ભાગ પણ આખરે મુલતવી રાખવો પડ્યો હતો. હું સારી રીતે જાણું છું કે તમે તેના માટે કેટલી મહેનત કરી છે અને તમે તેના વિશે અત્યંત ઉત્સુકતા અનુભવી છે. નહેરૂ આગળ જણાવે છે કે મેં મારાથી બનતો ખૂબ પ્રયાસ કર્યો છે, પરંતુ ભાગ્ય અને સંસદના નિયમો અમારી વિરુદ્ધ હતા. તેમણે મક્કમતાથી લડત આપવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું હતું અને કહ્યું હતું કે, વ્યક્તિગત રીતે, હું આ લડાઈ છોડીશ નહીં કારણ કે મને લાગે છે કે તે કોઈપણ મોરચેની કોઈપણ પ્રગતિ સાથે ગાઢ રીતે જોડાયેલ છે જે આપણે કરવા ઈચ્છીએ છીએ.

**નિષ્કર્ષ**

આખરે, જ્યારે ૧૯૫૬માં હિંદુ કોડ બિલ વિવિધ ભાગોમાં પસાર થયું, ત્યારે નહેરુએ આંબેડકરને તેની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેમણે કહ્યું કે આંબેડકરને 'હિંદુ સમાજની તમામ દમનકારી વિશેષતાઓ સામેના બળવાના પ્રતીક તરીકે' યાદ કરવામાં આવશે. પરંતુ તેમને તેમણે લીધેલા મહાન રસ અને હિંદુ કાયદા સુધારણાના પ્રશ્નમાં તેમણે ભોગવેલી મુશ્કેલી માટે પણ તેમને યાદ કરવામાં આવશે. હું ખુશ છું કે તેમણે તે સુધારાને ખૂબ જ મોટા પ્રમાણમાં જોયા છે, કદાચ તે સ્વરૂપમાં નહીં કે જે તેમણે પોતે તૈયાર કર્યો હતો, પરંતુ અલગ રીતે. (રામચંદ્ર ગુહા, ૨૦૦૮).

નહેરુ દ્વારા આંબેડકરને આપવામાં આવેલી ઉચ્ચ શ્રદ્ધાંજલિ અને આંબેડકર દ્વારા નહેરુના પ્રયત્નોની પ્રામાણિકતાનો સ્વીકાર એ બધું જ કહી જાય છે. હિંદુ કોડ બિલના મુદ્દા પર આ બે નહીં પરંતુ બધા ધર્મોની રૂઢિચુસ્ત એકતા (જવાહરલાલ નહેરૂના નિબંધના શીર્ષકમાંથી) હતી જેઓ તેમની વિરુદ્ધ ઊભા હતા. હિંદુ કોડ બિલ પસાર થયા પછી સંસદના અમુક ક્વાર્ટરમાંથી સાંભળવામાં આવેલી ટિપ્પણી તેનાથી વધુ સંબંધિત છે. ૧૯૫૫ અને ૧૯૫૬ દરમિયાન, જ્યારે હિંદુ કોડ બિલ ટુકડાઓમાં ઘડવામાં આવ્યું હતું, ત્યારે આંબેડકરની ગેરહાજરી આ બિલના સરળ રીતે પસાર થવાના કારણ તરીકે ટાંકવામાં આવી હતી. હિંદુ કોડ બિલના સમગ્ર માર્ગ દરમિયાન, નહેરૂ અને આંબેડકર સુધારાઓ માટે દબાણ કરવામાં સતત સાથે રહ્યા હતા. તેથી, હિંદુ કોડ બિલ માટે આ સંઘર્ષ અને તેનો વિરોધ કરનારા અને ખરેખર આંબેડકરનો અનાદર કરનારાઓને સ્પષ્ટ રીતે ઓળખવા જોઈએ અને આપણે ઈતિહાસ ભૂલી ન જવો જોઈએ!

**(લેખક એએમયુના ઈતિહાસ વિભાગમાં પીએચડી ઉમેદવાર છે)**

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# 'શ્વાસ લેવા માટે પણ હવાના આવન-જાવનની સુવિધા નથી' : જયપુર સેન્ટ્રલ જેલના કેદીઓની મૂળભૂત સુવિધાઓ માટે લડત

છેલ્લાં ત્રણેક વર્ષથી જયપુર સેન્ટ્રલ જેલના હાઈ-સિક્યોરિટી સેલમાં રહેલો રિઝવાન જ્યારે તેના સેલમાં બંધાયેલા વેન્ટિલેશન અને એક્ઝોસ્ટ ફેન વગરના અંતર્નિહિત ટોયલેટનો ઉપયોગ કરે છે તે પછી શૌચાલયની દુર્ગંધ આખા ઓરડામાં કલાકો સુધી ફેલાયેલી રહે છે. અસહ્ય દુર્ગંધને કારણે રિઝવાન ઘણી વખત લાંબા સમય સુધી, તેના શ્વાસને રોકી રાખે છે કારણ કે તેનો નાનકડો રૂમ એકદમ એક ટોર્ચર ચેમ્બર બની જાય છે. જયપુર સેન્ટ્રલ જેલમાં પચાસથી વધુ 'હાઈ-સિક્યોરિટી કેદીઓ'માંથી રિઝવાન પણ એક કેદી છે. અહી રહેલા દોષિતો અને અંડર ટ્રાયલ કેદીઓએ ઘણા લાંબા સમયથી જેલ સત્તાવાળાઓ, ટ્રાયલ કોર્ટ અને રાજસ્થાન હાઈકોર્ટમાં સુવિધામાં મૂળભૂત સુવિધાઓના અભાવ અંગે ફરિયાદો કરી છે. ૨૦૧૯થી કરેલી તેમની આ ફરિયાદોનું નિવારણ આવ્યું નથી. આખરે જેલમાં બંધ રહેલા એક ડઝનથી વધુ કેદીઓએ ધ વાયરને તેમણે કરેલી ફરિયાદો અને લેખિત પત્રો શેર કર્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં રાજ્યના જેલ વિભાગે બહાર પાડેલા ડેટા મુજબ, ૧,૧૭૩ જેટલા કાચા કામના અને સજા પામેલા બંને કેદીઓને સમાવી શકે તેવી એકદમ મોટી સેન્ટ્રલ જેલ તરીકે, જેલમાં બંધ ૧,૧૭૩ કેદીઓ માટે જ મૂળભૂત સુવિધાઓની અપેક્ષા રાખી શકાય છે. એટલે કે આ જેલ ૧,૧૭૩ જેટલા કેદીઓ માટે ડિઝાઈન કરવામાં આવી હતી. પણ આજે તેમાં ૧,૮૧૮ કેદીઓ છે. જો કે, ધ વાયરને મળેલી કેદીઓની ફરિયાદો, અરજીઓ અને પત્રોની સમીક્ષા મુજબ એ ફલિત થાય છે કે કેદીઓને સૌથી મૂળભૂત સુવિધાઓ પણ મળી રહી નથી.

**'એક પ્યાલો, એક કેરબો અને એક ધાબળો'**

આતંકવાદ સંબંધિત કેસમાં દોષિત ઠરેલા વસીમે ૧૨ પાનાના હિન્દીમાં હસ્તલિખિત પત્રમાં, નવા આવેલા કેદીની ઈન્ડક્શન રૂટિન સમજાવતા જણાવ્યું કે, જેવો નવો કેદી અંદર આવે કે તેને એક પ્યાલો, એક કાળા રંગનો ધાબળો અને સ્નાન કરવા, બાથરૂમનો ઉપયોગ કરવા અને પીવાના પાણીનો સંગ્રહ કરવા માટે પાંચ લિટર પાણી ભરી શકાય તેવો એક નાનો કેરબો ફાળવવામાં આવે છે. જયપુરમાં શિયાળો અસહ્ય હોવા છતાં કેદીઓને પાથરવા તેમજ ઓઢવા માટે એક જ બરછટ ધાબળો આપવામાં આવે છે. તદુપરાંત તેણે પત્રમાં જર્જરિત માળખા અને ક્ષીણ થઈ ગયેલી છત અને તેમાં લીકેજની વાત પણ લખી છે. જો છત તૂટી જાય તો કચડાઈ જવાના સતત ભયમાં કેદીઓ જીવે છે. ખોરાકમાં પ્લાસ્ટર પડવું એ રોજિંદી ઘટના છે. જે કેદીઓએ ધ વાયરને પત્રો લખ્યા છે તેમાંથી મોટાભાગના દોષિત કેદીઓ સમગ્ર રાજસ્થાનની જેલોમાં રહેતા હતા અને કેટલાકની અન્ય રાજ્યોમાં પણ ટ્રાયલ બાકી છે. ઘણાબધા કેસોનો સામનો કરી રહેલો કાચાકામનો કેદી મુરારી લખે છે કે, તે રાજસ્થાનની વિવિધ જેલોમાં રહ્યો છે પણ જયપુરની જેલમાં સૌથી ખરાબ સુવિધાઓ છે. તેનો આરોપ છે કે જયપુરની જેલમાં ખોરાક નબળી ગુણવત્તાનો છે. અને અહી બંને સમયના ભોજનમાં શાક તરીકે કાકડી પીરસવામાં આવે છે. જોકે કોઈક વાર આકસ્મિક રીતે જ્યારે બટાકા અને ભીંડાનું શાક પીરસવામાં આવે ત્યારે કેદીઓને પકવાન મળ્યા હોય તેવો આનંદ થાય છે. તેના પત્રમાં, તેણે એવો પણ દાવો કર્યો છે કે જયપુર સેન્ટ્રલ જેલ કદાચ દેશની એકમાત્ર જેલ છે જેની કેન્ટીન રાંધેલી ખાદ્ય સામગ્રી રાખતી નથી. મોટાભાગની જેલોમાં, ખોરાકની નબળી ગુણવત્તાને લીધે કેદીઓ કેન્ટીનની આ ઉપલબ્ધ સુવિધા -સેવા પર આધાર રાખે છે. પરંતુ જયપુરની જેલ કેન્ટીન, મોટાભાગની અન્ય જેલોથી વિપરીત, માત્ર મૂળભૂત નાસ્તો જ આપે છે. જો કે કેન્ટીનનો ખર્ચ દરેક કેદીને પરવડી શકતો નથી. જે કેદીઓ નિયમિત મની ઓર્ડર મેળવે છે તેઓ જ આ સેવાઓનો લાભ લઈ શકે છે. જ્યારે જેલમાં બંધ વ્યક્તિઓની મુલાકાત લેતા પરિવારો નાસ્તો અને ઘરે બનાવેલો ખોરાક લાવે છે પણ ઘણીવાર તેને જેલની અંદર લઈ જવાની મંજૂરી આપવામાં આવતી નથી.

**'પરિવાર અને વકીલ સાથે વાત કરવા માટે કોઈ એકાંત નથી'**

જેલોમાં અન્ય એક સમસ્યા છે કે, કેદીઓને નિયમિત સુનાવણી માટે કોર્ટમાં લાવવા લઈ જવા માટે પોલીસના અભાવનો કેદીઓને સામનો કરે છે. આ કોર્ટ મુલાકાતોને કારણે, કેદમાં રહેલાઓ થોડી તાજી હવા તેમજ પરિવારના સભ્યોને વધુ મુક્તપણે મળી શકે છે. પરંતુ આજકાલ મોટાભાગના કેદીઓને ટ્રાયલ કોર્ટ સમક્ષ ફક્ત વીડિયો કોન્ફરન્સિંગ (VC) સુવિધાઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવે છે. જયપુર જેલોમાં વીસી માટે માત્ર ત્રણ કોમ્પ્યુટર છે અને VCનો ઉપયોગ કરીને દરરોજ લગભગ ૨૦૦ વ્યક્તિઓને હાજર બતાવવામાં આવે છે. દયાલ નામનો એક કેદી શેર કરે છે કે વીસી દ્વારા કેદીઓની ઉપસ્થિતિ માત્ર પ્રક્રિયાગત છે અને તેમને ક્યારેય તેમની ફરિયાદો કોર્ટમાં રજૂ કરવાની તક મળતી નથી. તે લખે છે કે, 'તમારો ચહેરો ન્યાયાધીશને બતાવીને તમને દૂર ખસેડી દેવામાં આવે છે.' હાઈ-સિક્યોરિટી સેલમાં રહેલા દયાલની જ્યારે તેના પરિવારના સભ્યો નિયમિત સાપ્તાહિક મુલાકત લે છે ત્યારે તેઓ અપમાન અને મુશ્કેલીઓનો સામનો કરે છે. દયાલનો પરિવાર ગામડેથી દર અઠવાડિયે તેને મળવા માટે આવે છે. તે લખે છે કે, 'મારા ઓળખીતા સવારે આઠ વાગ્યાની આસપાસ જેલ પહોંચે છે પરંતુ મને મળવા માટે તેમનો વારો આવે ત્યાં સુધી સાંજે ચાર વાગ્યા સુધી રાહ જોવી પડે છે. આ મુલાકાત પણ જેલ સ્ટાફની દેખરેખ હેઠળ પંદર મિનિટથી વધુની હોતી નથી. અગર જો જેલમાં કોઈ વીઆઈપી મુલાકાતી હોય તો પરિવારના સભ્યોને પરત મોકલી દેવામાં આવે છે.' અન્ય એક અંડરટ્રાયલ કેદીના પત્રમાં વર્ણવેલ એક ઉદાહરણમાં, તેણે લખ્યું કે જેલમાં મુલાકત માટે આવતા વકીલોને પણ પરિવારના સભ્યોની જેમ જ વ્યવસ્થામાંથી પસાર થવું પડે છે. આનાથી કાનૂની વ્યૂહરચના વિશે ચર્ચાઓ અને વાટાઘાટો અશક્ય બને છે. વકીલ દીક્ષા દ્વિવેદીએ, જેઓ એક સમયે જયપુર જેલમાં બંધ અસીલનું પ્રતિનિધિત્વ કરતા હતા અને બાદમાં અજમેર ગયા હતા, તેમણે પત્રોમાં કરેલા દાવાઓને સમર્થન આપ્યું હતું. તે કહે છે કે, 'પબ્લિક અને વકીલો માટે મુલાકત રૂમ સમાન છે. અમારે કાચની સ્ક્રીન સામે ઊભા રહીને અમારા અસીલ સાથે ફોન પર વાત કરવી પડે છે. ત્યાં કોઈ ગોપનીયતા નથી; કોઈ ક્લાયન્ટ-એટર્ની વિશેષાધિકાર જાળવવામાં આવતો નથી અને કેટલીકવાર કેદી તેના વકીલને શું કહે છે તે સાંભળવા અન્ય લોકો તેની પાછળ ઊભા રહી જાય છે.' એક લાંબા પત્રમાં, જેની એક નકલ રાજસ્થાન હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પણ મોકલવામાં આવી હતી, એક કેદીએ આક્ષેપ કરતી ફરિયાદ કરી છે કે, તેના પત્રો ઈચ્છિત પ્રાપ્તકર્તા સુધી પહોંચતા નથી. પત્રને જેલ સ્તરે રોકી દેવામાં આવે છે. જયપુર સેન્ટ્રલ જેલમાં બંધ તેના અસીલને વકીલ દ્વારા લખવામાં આવેલા પત્રમાં આવી જ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જેમાં તે લખે છે, 'મારા છેલ્લા પત્ર પછી મેને તમારી પાસેથી કોઈ ઉત્તર મળ્યો નથી. મને ખબર નથી કે તે પત્ર તમારા સુધી પહોંચ્યો છે કે નહીં.'

**'માત્ર ભણેલા-ગણેલા કેદીઓને જ સમસ્યા છે': જેલ સત્તાવાળાઓ**

જેલના અધિક્ષક, રાકેશ મોહન શર્મા પણ સ્વીકારે છે, તે જેલમાં ક્ષમતા કરતા વધારે કેદીઓ એક સમસ્યા જે ગંભીર ચિંતાનો વિષય છે. ૧૫૦-૧૬૦%ની વચ્ચેના ઓક્યુપન્સી રેટ સાથે, કેદીઓ પહેલેથી જ તંગ જગ્યાઓમાં રહે છે. એક યુવાન કેદીએ ધ વાયરને લખેલા તેના પત્રમાં વર્ણવ્યું છે કે, 'મારી બેરેકમાં ૧૦૦થી વધુ કેદીઓ છે. જેમાં માત્ર એક સીલિંગ ફેન છે. અહી ભીડને કારણે શ્વાસ લેવાની તકલીફ પડે છે. ઉનાળા અને ચોમાસાની ઋતુઓમાં અમારે અમારુ અસ્તિત્વ ટકાવી રાખવું એ પડકારજનક છે. જે ગરીબ કેદીઓ પાસે સાબુ અથવા ડોલ ખરીદવા માટે પૈસા નથી, તેઓ ઘણીવાર કેટલાય દિવસો સુધી સ્નાન કર્યા વિના રહે છે. રૂમમાં અસહ્ય દુર્ગંધ છે. અહીં ઘણા લોકોને ચામડીના રોગોની ફરિયાદ છે.' બહુવિધ કેદીઓ જેલમાં અમાનવીય જીવનની સ્થિતિ વિશે ફરિયાદ કરવા માટે હિંસક હુમલા અને ભયંકર પરિણામોની ધમકી મળી હોવાનો તેમનો અનુભવ શેર કરે છે. ધ વાયર સાથે તેમની તકલીફો શેર કરતી વખતે, તેમાંના ઘણા સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે કે તેમના પત્રોથી સત્તાધિકારીઓને ક્રોધ આવશે, પરંતુ જ્યાં સુધી તેમની સમસ્યાઓ જાહેર કરવામાં આવે અને રાજ્ય તેમના પર કાર્યવાહી કરે ત્યાં સુધી તેઓ આ જોખમ લેવા તૈયાર છે.

ધી વાયરે વિગતવાર પ્રશ્નાવલી સાથે શર્માનો સંપર્ક કર્યો હતો. કેદીઓ દ્વારા કરવામાં આવેલા ઘણા આરોપોના જવાબમાં, શર્માએ કહ્યું કે, તેઓ વધુ કહી શકશે નહીં પરંતુ, તેમણે સામાન્ય અર્થમાં, જેલમાં રહેલા લોકોના વૃત્તિ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'કેદીઓ દાવો કરે છે કે તેમના પત્રો તેમના વકીલો સુધી પહોંચતા નથી પરંતુ તમને તો (ધ વાયરને) તેમનો સંદેશ મળ્યો છે. તેથી એટલુ તો સ્પષ્ટ છે કે અહીંના કેદીઓ બહારની દુનિયા સાથે સંપર્કમાં રહેવા માટે સક્ષમ છે' જો કે, આ પત્રો કેદીઓએ જેલની પોસ્ટલ સેવા દ્વારા ધ વાયરને મોકલ્યા ન હતા. પોસ્ટલ સેવા દ્વારા તેમના વકીલો અને પરિવારજનો તરફથી પત્રો મોકલવા અથવા પ્રાપ્ત કરવામાં તેમની અસમર્થતા સમસ્યા બની રહી છે. શર્માએ એવો પણ દાવો કર્યો હતો કે, 'કેદીઓ નવરા હોવાને કારણે જ આ ફરિયાદો ઊભી થાય છે. જ્યારે તમે આખો દિવસ વ્યસ્ત રહો છો, ત્યારે તમે ભાગ્યે જ તમારા ખોરાક વિશે વિચારો છો. અહીંના કેદીઓ એવા મુદ્દાઓ વિશે વિચારવા માટે સ્વતંત્ર છે જે ખરેખર ચિંતાનો વિષય ન હોવો જોઈએ. આ સુશિક્ષિત કેદીઓ છે, જેઓ એક સંગઠિત સિન્ડિકેટનો ભાગ છે અને તેમની પાસે નેતૃત્વ કૌશલ્ય છે.' તેમણે એવો પણ દાવો કર્યો હતો કે જેલની સ્થિતિ વિશે ફરિયાદ કરનારા કેદીઓની એક 'વિશિષ્ટ શ્રેણી' છે. સુપરિન્ટેન્ડન્ટે, જો કે, પત્રોમાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓમાં ઉમેરવા માટે કંઈ નહોતું, એમ કહીને કે 'તે તપાસનો વિષય છે.' શર્માએ જો કે સંમત થયા કે જેલમાં ભીડ એક ગંભીર મુદ્દો છે પરંતુ કહ્યું, 'આ ચિંતાને દૂર કરવી રાજ્યનું કામ છે. મારી પાસે મર્યાદિત સંસાધનો છે અને તે સંસાધનો સાથે હું મારા શ્રેષ્ઠ પ્રયાસો કરવાનો પ્રયાસ કરૂં છું.' અનામી માટે જેલમાં બંધ કેદીઓના નામ બદલવામાં આવ્યા છે.

**(સૌ. : ધ વાયર)**

# મહિલા વકીલના બુરખો પહેરવા પર હાઇકોર્ટનો પ્રતિબંધ શા માટે ભેદભાવપૂર્ણ છે

## કાનૂની નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલું મહિલા વકીલોના અધિકારોને પ્રતિકૂળ અસર કરે છે



જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ દ્વારા મહિલા મુસ્લિમ વકીલને કોર્ટમાં દલીલ કરવા માટે ઈન્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો કારણ કે તેણીએ ચહેરા પર બુરખો પહેર્યો હતો. આ નિર્ણય તેના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે. ૨૭ નવેમ્બરના રોજ, એડવોકેટ સૈયદ એનૈન કાદરી, એક ઘરેલુ હિંસા કેસમાં હાઈકોર્ટ સમક્ષ હાજર થઈ હતી, જસ્ટિસ રાહુલ ભારતીએ તેના ચહેરાનો પડદો હટાવવાની વિનંતી કરી હતી. કાદરીએ તેનો ઈન્કાર કરતા કહ્યું કે તેણીને તેનો ચહેરો ઢાંકવાનો અધિકાર છે અને કોર્ટ તેને દૂર કરવા માટે આગ્રહ કરી શકે નહીં. ભારતીએ તે દિવસે તેને કેસમાં હાજર રહેવાની મંજૂરી આપી ન હતી કારણ કે કોર્ટ એડવોકેટની ઓળખ વ્યક્તિ તેમજ વ્યાવસાયિક બંને તરીકે ચકાસી શકી ન હતી.

સ્ક્રોલ સાથે વાત કરતા વકીલોએ જણાવ્યું હતું કે કોર્ટ પરિસરમાં પ્રવેશતા વકીલો અને અન્ય વ્યક્તિઓની ઓળખ તેમના ચહેરા જોઈને નહીં, તેમના ઓળખ કાર્ડની ચકાસણી કરીને ચકાસે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમો દ્વારા વકીલો માટે નિર્ધારિત ડ્રેસ કોડમાં ચહેરાના કવર પર પણ કોઈ પ્રતિબંધ નથી.

**હાઈકોર્ટમાં શું થયું હતું :** કાદરીને દલીલ કરવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યા પછી, ભારતીએ ૨૭ નવેમ્બરે હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને એ વાતની પુષ્ટિ કરવા માટે નિર્દેશ આપ્યો હતો કે શું મહિલા એડવોકેટ્સને કાયદેસર રીતે તેમનો ચહેરો ઢાંકીને હાજર રહેવાની પરવાનગી છે અને શું તેઓ તેને દૂર કરવાની કોર્ટની વિનંતીને નકારી શકે છે.

આ મામલામાં અનુગામી સુનાવણીમાં, ૬ ડિસેમ્બરે, જસ્ટિસ મોક્ષ ખજુરિયા કાઝમીએ નોંધ્યું હતું કે રજિસ્ટ્રાર જનરલે, એક અહેવાલમાં, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોમાં વિગતવાર મહિલા વકીલો માટેના ડ્રેસ કોડનો ઉલ્લેખ કર્યો હતો. આ ડ્રેસ કોડમાં એવી જોગવાઈ છે કે મહિલા વકીલોએ બ્લેક ફુલ-સ્લીવ જેકેટ અથવા વ્હાઈટ કોલર અને બેન્ડ સાથેનું બ્લાઉઝ, એડવોકેટના ગાઉન સાથે પેર કરવું આવશ્યક છે. વૈકલ્પિક રીતે, તેઓ સાડી, લાંબો સ્કર્ટ, ચૂરીદાર-કુર્તા અથવા સફેદ, કાળો, રાખોડી અથવા સૌમ્ય રંગોમાં પરંપરાગત પોશાક, કાળા કોટ અને બેન્ડ સાથે જોડી શકે છે. આ નિયમો ડ્રેસ કોડની આ જરૂરિયાત સાથે પ્રસ્તાવિત કરે છે કે જે હિમાયત કરે છે કે પોશાક "સ્વચ્છ અને પ્રતિષ્ઠિત હોવો જોઈએ. કાઝમીએ તારણ કાઢ્યું હતું કે આ નિયમો મહિલા વકીલોને તેમના ચહેરા ઢાંકીને કોર્ટમાં હાજર રહેવાની પરવાનગી આપતા નથી. કાદરી સુનાવણીમાં હાજર થયા ન હતા. તેના ગ્રાહકનું પ્રતિનિધિત્વ એક અલગ વકીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**જો કે આ નિયમો સંપૂર્ણ નથી :** નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે બાર કાઉન્સિલનો ડ્રેસ કોડ સંપૂર્ણ નથી અને કોર્ટમાં વકીલોને તેમનો ચહેરો ઢાંકવા માટે સ્પષ્ટપણે પ્રતિબંધિત કરતું નથી. દિલ્હી સ્થિત એડવોકેટ-ઓન-રેકોર્ડ ઈબાદ મુશ્તાકે જણાવ્યું હતું કે, આ નિયમો ફક્ત તે સ્પષ્ટ કરે છે કે વકીલોએ શું પહેરવું જોઈએ, તેઓ શું પહેરી શકતા નથી તે કહેતા નથી. માત્ર મુખ્ય જરૂરિયાત એ છે કે પોશાક સૌમ્ય અને પ્રતિષ્ઠિત હોવો જોઈએ. મુશ્તાકે ધ્યાન દોર્યું કે ડ્રેસ કોડ સ્પષ્ટપણે પરંપરાગત પોશાકનો ઉલ્લેખ કરે છે. તેમના મતે, પડદો કે બુરખો એ ચોક્કસપણે પરંપરાગત પોશાકનો ભાગ ગણી શકાય છે. બુરખો અથવા નકાબ એ વિશ્વભરની કેટલીક મુસ્લિમ મહિલાઓ દ્વારા પહેરવામાં આવતા પોશાકનો એક ભાગ છે. ઘણી ભારતીય મહિલાઓ તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના, પરંપરાગત પ્રથા તરીકે જાહેરમાં તેમના ચહેરાને ઢાંકે છે. સમાજશાસ્ત્રી અને કાયદાકીય સંશોધક કલ્પના કન્નાબીરન આ અંગે સંમત થયા હતા અને કહ્યું કે, એક મહિલા વકીલ બુરખો પહેરીને આવે તે કોર્ટની ગરિમાને ખલેલ પહોંચાડતી નથી.

મુશ્તાકે કહ્યું હતું કે આ નિયમો એ જરૂરી નથી કે વકીલોએ હંમેશા કોર્ટમાં પોતાનો ચહેરો બતાવવો જોઈએ. કન્નાબીરને જણાવ્યું હતું કે, કોઈ સ્પષ્ટ બાધ ન હોવાના કારણે, મહિલા વકીલને કોર્ટમાં હાજર થવા માટે સક્ષમ બનાવે તે રીતે ડ્રેસ કોડનું અર્થઘટન કરવું જોઈએ. આ નિયમોનું એ રીતે અર્થઘટન કરી શકાતું નથી કે જે વકીલનો અધિકાર છીનવી લે, આ કુદરતી ન્યાયનો મૂળભૂત સિદ્ધાંત છે.

**ઓળખ ચકાસવાની અન્ય રીતો :** વકીલોએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, અદાલતો સામાન્ય રીતે વકીલોની ઓળખની ખાતરી કરવા માટે તેમના ચહેરા જોવાનો આગ્રહ રાખતી નથી. સુપ્રીમ કોર્ટના એડવોકેટ અને કાનૂની વિદ્વાન સૈફ મહમૂદના જણાવ્યા અનુસાર, કોઈના ચહેરાને જોઈને જ ઓળખની પુષ્ટિ થઈ શકે છે તે ખ્યાલ વાહિયાત છે. કોઈ ન્યાયાધીશ ઓળખ માટે પૂછતો નથી. બીજું, જો કોઈ વકીલને ઓળખવામાં આવે તો પણ, તેઓ સત્તાવાર દસ્તાવેજો અથવા બાર કાઉન્સિલના રેકોર્ડ્સ દ્વારા ઓળખવામાં આવશે અને તેમનો ચહેરો જોઈને નહીં.

તેમણે ઉમેર્યું હતું કે કોવિડ રોગચાળા દરમિયાન, વકીલોને કોર્ટમાં હાજરી આપતી વખતે ફરજિયાતપણે માસ્ક પહેરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તો તેઓને કેવી રીતે ઓળખવામાં આવ્યા હતા?

મુસ્તાક સંમત થયા કે, જ્યારે અમે રોગચાળા દરમિયાન માસ્ક પહેરીને કોર્ટ સમક્ષ દલીલ કરી રહ્યા હતા, ત્યારે કોઈ અમને માસ્ક ઉતારવા અને અમે વકીલ છીએ કે કેમ તે ઓળખવા માટે કહેતા ન હતા. તેમણે ધ્યાન દોર્યું કે વકીલો તેમના બાર કાઉન્સિલ સભ્યપદ ઓળખ કાર્ડ બતાવ્યા વિના કોર્ટમાં પ્રવેશી શકતા નથી. મહિલાઓએ પડદાવાળા વિસ્તારની અંદર જવું પડે છે જ્યાં તેઓ કોર્ટ પરિસરમાં પ્રવેશતા પહેલા મહિલા સુરક્ષા ગાર્ડ તેમની તપાસ કરે છે, કોર્ટના પ્રવેશદ્વાર પરની સુરક્ષા તેઓને ઓળખી શકે છે કે આઈડી કાર્ડ વકીલના ચહેરા સાથે મેળ ખાય છે કે નહીં. કોર્ટે આવી કવાયત હાથ ધરવાની જરૂર નથી.

કોઈ વ્યક્તિના ચહેરાને જોવાને બદલે તેની ઓળખ ચકાસવાની અન્ય ઘણી રીતો છે, તમે તમારી આંગળીના ટેરવાને સ્કેનર પર મૂકો અને તમારું આધાર અને માહિતી દેખાશે. તેમણે ભારતીની ક્રિયાને એવી સમસ્યા શોધવાનો કેસ ગણાવ્યો જે અસ્તિત્વમાં ન હોય. તેમના મતે, મહિલા એડવોકેટ કોર્ટમાં પોતાનો ચહેરો ઢાંકી શકે છે કે નહીં તેની ખાતરી કરવા માટે રજિસ્ટ્રારને નિર્દેશ આપવાને બદલે, ભારતી ફક્ત કોર્ટની મહિલા સ્ટાફ વ્યક્તિને ખાનગી જગ્યામાં એડવોકેટની ઓળખ ચકાસવા માટે આદેશ આપી શકી હોત. કન્નાબીરન સંમત થયા અને કહ્યું કે, કોઈએ ન્યાયાધીશને પ્રશ્ન ન કર્યો હોત જો તેણે વકીલની ઓળખને સુનિશ્ચિત કરવાની બીજી રીત કહી હોત અને તેણીને કોર્ટમાં હાજર થવા દીધી હોત.

**ભેદભાવપૂર્ણ, અધિકારોનું ઉલ્લંઘન :** કાનૂની નિષ્ણાતોએ કાદરી પરના હાઈકોર્ટના બારને ભેદભાવપૂર્ણ અને તેના અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. તેઓએ એવી ચેતવણી પણ આપી હતી કે કોર્ટના પ્રતિબંધથી અન્ય મહિલા વકીલો જે તેમના ચહેરા ઢાંકીને કોર્ટમાં હાજર થવા માંગે છે તેમના માટે સંભવિત અયોગ્ય અસર ઊભી કરી શકે છે.

કોર્ટે કલમ ૧૪ (કાયદા સમક્ષ સમાનતા), ૧૫ (ધર્મ, જાતિ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ), ૧૯ (૧) (S) (કોઈપણ વ્યવસાયનો અધિકાર) અને ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ), હેઠળ કાદરીના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું હતું. કન્નાબીરન અનુસાર કોર્ટના ચુકાદાની અસર જુઓ: તે અનિવાર્યપણે કોર્ટ હોલમાંથી એક મહિલા વકીલને કાઢી મૂકે છે, બંધારણીય અદાલતો સમાનતા અને બિન-ભેદભાવના ધોરણોને અનુસરે છે. મુશ્તાકે સંમત થતા કહ્યું કે કાદરીની કોર્ટમાં પ્રેક્ટિસ કરવાની ક્ષમતા પર પ્રતિકૂળ અસર પડી હતી. તમારા કોર્ટમાં પ્રેક્ટિસ કરતી એક મહિલા કહે છે કે તે તેનો બુરખો ઉતારવા માંગતી નથી, પરંતુ તમે તેને તે ઉતારવા દબાણ કરો છો અને પછી તેને પ્રેક્ટિસ કરવા દેતા નથી. તે તેના ગૌરવ, તેની પસંદગી અને પ્રેક્ટિસ કરવાના તેના અધિકારને નુકસાન પહોંચાડે છે. કથિત રીતે આ બાબતે મૌન હોવાના નિયમની આડમાં, તમે તેના બંધારણીય અને વૈધાનિક અધિકારોને અસર કરી રહ્યાં છો. મહમૂદ હાઈકોર્ટના નિર્ણયની નિંદા કરતા કહ્યું કે, મને લાગે છે કે તે સંસ્થાકીય પૂર્વગ્રહનું પ્રદર્શન છે, અને ઓળખની ચકાસણીના બહાને ભેદભાવ થઈ રહ્યો છે. તેમણે કાદરી જેવા અન્ય વકીલો માટે આ પગલાંની સંભવિત પ્રતિકૂળ અસરને પણ દર્શાવી હતી. એક મુસ્લિમ મહિલા વકીલને ટાર્ગેટ કરીને, હાઈકોર્ટે બાકાત રાખવાની પ્રથાઓ માટે એક ખતરનાક દાખલો બેસાડ્યો છે જેનો કાયદા કે તર્કમાં કોઈ આધાર નથી. તે એક વ્યક્તિને નહીં પરંતુ સમગ્ર વર્ગને અસર કરે છે. આ ફક્ત એક વ્યક્તિને બાકાત રાખવાનો પ્રશ્ન નથી. કોર્ટે ચહેરા પર બુરખો પહેરેલી કોઈપણ મુસ્લિમ મહિલાઓને કોર્ટમાં હાજર થવા પર પ્રતિબંધ કર્યો છે.

**- વિનીત ભલ્લા**
**(સૌ : સ્ક્રોલ.ઈન)**

# નાઝીઓએ તેમનો પ્રચાર ફેલાવવા માટે આર્ય સમાજ જેવા ભારતીય સંગઠનો સાથે કેવી રીતે કામ કર્યું હતું : આ પુસ્તક તેનું વિશ્લેષણ રજૂ કરે છે

## એક નવા પુસ્તકમાં બ્રિટિશ શાસન દરમિયાન નાઝીઓએ પોતાનો સંદેશ ફેલાવવા માટે કઈ વ્યૂહરચનાઓનો ઉપયોગ કર્યો હતો તેનું સંશોધન કરવામાં આવ્યું છે

બૈજયંતી રોયનું પુસ્તક "ધ નાઝી સ્ટડી ઓફ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન એન્ટી-કોલોનિયલિઝમ: નોલેજ પ્રોવાઈડર્સ એન્ડ પ્રોપેગેન્ડિસ્ટ્સ ઈન ધ 'થર્ડ રીક' (૨૦૨૪)" એવો દાવો કરે છે કે તેમાં રાષ્ટ્રીય સમાજવાદ (નાઝીવાદ) હેઠળ ઈન્ડોલોજીના માર્ગનો પ્રથમ મોનોગ્રાફનો વ્યવસ્થિત અભ્યાસ છે.

જો કે, આ એક અલ્પોક્તિ છે, કારણ કે આ વાત તેનાથી અનેક ઘણી વધારે છે. તે એક ગ્રાઉન્ડબ્રેકિંગ સંશોધનનો ભાગ છે જેમાં માહિતીનો ભંડાર છે જે ઘણી બધી બાબતો પર પ્રકાશ પાડે છે જેના વિશે આપણે ભાગ્યે જ જાણતા હતા. આ મોનોગ્રાફ ગોએથે યુનિવર્સિટી ખાતે જર્મન રિસર્ચ ફાઉન્ડેશનના સમર્થનથી હાથ ધરવામાં આવેલા 'ઈન્ડોલોજી ઈન નેશનલ સોશિયાલિસ્ટ જર્મની' નામના ત્રણ વર્ષના સંશોધન પ્રોજેક્ટનું પરિણામ છે. આ પુસ્તકનું શીર્ષક, જે સંશોધન પ્રોજેક્ટનો એક ભાગ છે, તેનાથી અલગ છે, અને તે દર્શાવે છે કે ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન હાથ ધરવામાં આવેલા સંશોધનમાં ઈન્ડોલોજીથી આગળ વધીને આધુનિક ભારતના નાઝી અભ્યાસનો પણ સમાવેશ થાય છે.

નિકોલસ ગુડ્રિક-ક્લાર્કે સાવિત્રી દેવી મુખર્જીની મેક્સિમિયાની જુલિયા પોર્ટાસ (૧૯૦૫-૧૯૮૨), એક નાઝી જાસૂસ, પ્રચારક અને હોલોકોસ્ટ નામંજૂર કરનારનું જીવનચરિત્ર લખ્યું, જેનું શીર્ષક 'હિટલરની પ્રિસ્ટેસ: સાવિત્રી દેવી, હિન્દુ-આર્યન મિથ એન્ડ નિયો-નાઝીવાદ' (૧૯૯૮) હતું. માર્ઝિયા કાસોલારીએ તેમના મોનોગ્રાફ "ઈન ધ શેડો ઓફ ધ સ્વસ્તિકઃ ધ રિલેશનશિપ્સ બિટ્વીન ઈન્ડિયન રેડિકલ નેશનાલિઝમ, ઈટાલિયન ફાસીઝમ એન્ડ નાઝીઝમ" (૨૦૨૦)માં મરાઠી હિન્દુ રાષ્ટ્રવાદ અને ફાસીવાદ વચ્ચેના જોડાણોનો અભ્યાસ કર્યો છે અને ફાસીવાદીઓ અને બંગાળી રાષ્ટ્રવાદી વર્તુળો વચ્ચેના સંપર્કોની શોધ કરી છે. વૈભવ પુરંદરેના પુસ્તક "હિટલર એન્ડ ઈન્ડિયાઃ ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ હિઝ હેટ ફોર ધ કન્ટ્રી એન્ડ ઈટ્સ પીપલ" (૨૦૨૧)માં ભારત અને ભારતીયો પ્રત્યે હિટલરનો દૃષ્ટિકોણ, તેમની સંસ્કૃતિ અને સભ્યતા અને બ્રિટિશ વસાહતી શાસન સામેના તેમના સંઘર્ષનું ચિત્ર અને વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. જો કે, રોયનું પુસ્તક નાઝી જર્મનીમાં ભારત પર જ્ઞાન ઉત્પાદન અને ભારતમાં નાઝીઓએ ફેલાવેલા પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરનારું પ્રથમ પુસ્તક કહી શકાય છે.

**નાઝીઓએ ભગવદ ગીતાનો ઉપયોગ કેવી રીતે કર્યો હતો**

૨૨૪ પાનાનું આ પુસ્તક ભારતમાં રાષ્ટ્રીય સમાજવાદી વિચારધારાના પ્રસાર માટે સમર્પિત ચાર સંગઠનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેનો ઉદ્દેશ્ય ભારતીયોને બ્રિટિશરો સામે બળવો કરવા માટે પ્રભાવિત કરવા અને ઉશ્કેરવાનો છે. આ પુસ્તકનાં પરિચય અને નિષ્કર્ષ સિવાય તે ચાર પ્રકરણોમાં વિભાજિત છે, અને આ પુસ્તક ચારેય સંસ્થાઓને સમર્પિત એક પ્રકરણ સાથે, ભારતવિદો, તેમજ બિન-શૈક્ષણિક 'ભારત' નિષ્ણાતો અને કેટલાક ભારતીય સંસ્થાનવાદ વિરોધી બૌદ્ધિકો સહિત બંને વિદ્વાનોએ "નાઝી જર્મનીના ચોક્કસ રાજકીય ધ્યેયો"ની પરિપૂર્ણતા માટે ભારતના આધુનિક ઈતિહાસ અને સમકાલીન રાજકારણને લગતા જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કર્યો હતો તેની તપાસ કરે છે.

આ છે : ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ધ ડ્યુશ એકેડેમી (DA અથવા જર્મન એકેડેમી), આધુનિક ગોએથે ઈન્સ્ટિટ્યૂટના પૂર્વગામી, જેને ભારતમાં મેક્સ મુલર ભવન તરીકે પણ ઓળખવામાં આવે છે; ધ સોન્ડરરેફરટ ઈન્ડિયન (SRI) અથવા સ્પેશિયલ ડિપાર્ટમેન્ટ ઈન્ડિયા (મે ૧૯૪૧માં વિદેશ મંત્રાલયના આશ્રય હેઠળ સ્થાપિત); બર્લિનનો ઓરિએન્ટલ સેમિનાર (૧૮૮૭માં સ્થપાયેલ) અને તેના અનુગામીઓ, ઓસલેન્ડ હોચસ્ચ્યુલ અથવા એકેડેમી ફોર ધ સ્ટડી ઓફ ફોરેન કન્ટ્રીઝ (૧૯૩૬માં સ્થપાયેલ), બર્લિન યુનિવર્સિટીમાં 'સ્ટડી ઓફ ફોરેન કન્ટ્રીઝ' (ઓસલેન્ડ્સવિસેન્સચાફ્ટલિકેન ફેકલ્ટેટ) માટે ફેકલ્ટી અને DAWI (ડ્યુઈશ ઓસલેન્ડ્સવિસેન્સચાફ્ટલિકેન ઈન્સ્ટિટ્યૂટ), આ બંનેની સ્થાપના ૧૯૪૦માં થઈ હતી અને છેલ્લું 'ઈન્ડિયન લીજન' છે, જેને ટાઈગર લીજન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે સુભાષચંદ્ર બોઝ (૧૮૯૭-૧૯૪૫) અને વેહરમાક્ટ (જર્મન સશસ્ત્ર દળો) દ્વારા સંયુક્ત રીતે રચવામાં આવ્યું હતું. રોય જર્મની, ભારત અને યુનાઈટેડ કિંગડમના મુખ્ય આર્કાઈવ્સમાં રાખવામાં આવેલી આર્કાઈવલ સામગ્રીનો ઉત્તમ ઉપયોગ કરે છે, જેમાં ૧૯મી સદીના કેટલાક જર્મન વિદ્વાનોએ ભારતના પ્રાચીન ભૂતકાળને અને તેમાંથી ભારતીયોને બાકાત રાખીને આર્ય પ્રવચનમાં કેવી રીતે ફાળો આપ્યો અને નાઝીઓએ આધુનિક ભારતના 'વ્યૂહાત્મક' જ્ઞાન સાથે કેવી રીતે સંકળાયેલા હતા તેના સંશોધનનો સમાવેશ થાય છે. કેટલાક સર્વેલન્સ રેકોર્ડ શંકાસ્પદ સ્વભાવ ધરાવે છે, માટે તેણીએ પ્રાથમિક અને ગૌણ સાહિત્ય સાથે તેમને સમર્થન આપવાનો પ્રયાસ કર્યો છે. અહીં ઉલ્લેખિત પ્રાથમિક સાહિત્યમાં વિવિધ પ્રચારકોના લખાણોનો સમાવેશ થાય છે, જે જ્ઞાન પ્રદાતાઓના રાજકીય જોડાણોને પ્રતિબિંબિત કરે છે. રોય જણાવે છે કે નાઝીઓએ ભગવદ ગીતાનો દુરુપયોગ કેવી રીતે તેની નરસંહારની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પ્રેરણા આપવાના પ્રયાસમાં કર્યો હતો. આ શોધમાં નાઝી પ્રચારક જેકોબ વિલ્હેમ હૌરની પુસ્તિકા 'ઈન્ડો-આર્યન મેટાફિઝિક્સ ઈન કોમ્બેટ એન્ડ ડીડઃ ધ ભગવદ-ગીતા ઈન ન્યૂ લાઈટ' (૧૯૩૪) કામમાં આવી હતી. આ પુસ્તિકામાં દાવો કરવામાં આવ્યો હતો કે એસએસના લડાયક સિદ્ધાંતોનો પડઘો પ્રાચીન હિન્દુ ગ્રંથમાં સન્માન માટે અને




ઉચ્છતા માટે લડવાની યોદ્ધાની ફરજ જેવા નોર્ડિક આર્ય આદર્શોમાં જોવા મળે છે. એવું કહેવાય છે કે હોલોકોસ્ટના મુખ્ય લોકો પૈકી એક, હેનરિક હિમલર (૧૯૦૦-૧૯૪૫) ભગવદ ગીતામાંથી અવતરણ કરવા માટે આ પુસ્તક પર આધાર રાખતા હતા. રોયનું આ પુસ્તક આર્ય સમાજ અને ગૌડિય વ્યવસ્થા જેવી હિન્દુ પુનરુત્થાનવાદી ચળવળો અને હિન્દુ મહાસભા જેવા હિન્દુ રાષ્ટ્રવાદી સંગઠનોના નાઝીઓ સાથેના ગાઢ સંબંધો પર વાત કરે છે.

અન્સ્ટ જ્યોર્જ શુલ્ઝે (૧૯૦૮-૧૯૭૭), સ્વામી બી.એચ.ના જર્મન શિષ્ય નરેન્દ્ર નાથ મુખર્જી (૧૯૦૧-૧૯૮૨), જેમણે ગૌડિય સંપ્રદાયમાં જોડાયા પછી સદાનંદ બ્રહ્મચારી નામ અપનાવ્યું હતું, તેઓ ૧૯૩૫માં તેમના ગુરુને અનુસરીને ભારતમાં આવ્યા. ભારતમાં, શુલ્ઝે (બ્રહ્મચારી)એ ગૌડિય મિશન મંદિરોનો ઉપયોગ જર્મન અને ભારતીય બંનેમાં નાઝી નેટવર્ક સાથે જોડાયેલા લોકો માટે 'સંપર્ક ક્ષેત્ર' તરીકે કર્યો હતો, અને બ્રિટિશ દેખરેખ દ્વારા ધાર્મિક પ્રવૃત્તિઓના પડદા હેઠળ શિક્ષિત ભારતીયોમાં રાષ્ટ્રીય સમાજવાદનો પ્રચાર કરવાનો પ્રયાસ કર્યો હતો.

રોય દ્વારા આ પુસ્તકમાં નોંધ્યા મુજબ, બ્રિટિશ દેખરેખ અહેવાલો અનુસાર, નાઝીઓએ મુખ્યત્વે આર્ય સમાજ દ્વારા હિન્દુઓ સાથે વાતચીત કરી હતી. યુજેનિક્સ અને સરમુખત્યારશાહી અને બહુમતીવાદ પર ભાર મૂકવા સાથે એરિઓસોફીની સમાનતાઓ, નાઝીઓ અને આર્ય સમાજીઓ વચ્ચે પરસ્પર પ્રશંસાના આધાર તરીકે સામે આવી હતી.

૧૯૩૪માં આર્ય સમાજ, ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ અને ભારતમાં નાઝી નેટવર્ક વચ્ચેના સહયોગનું પરિણામ એ આવ્યું હતું કે સંસ્થા અને આલિયાન્ઝ અને સ્ટુટગાર્ટર ફર્મ દ્વારા પ્રાયોજિત આ શિષ્યવૃત્તિ ગુરુકુલ યુનિવર્સિટીના ઈતિહાસના પ્રોફેસર સતનકેતુ વિદ્યાલંકરને આપવામાં આવી હતી, જેની સ્થાપના આર્ય સમાજ દ્વારા કરવામાં આવી હતી. ૧૯૩૯ના એક સર્વેલન્સ રિપોર્ટ અનુસાર, જર્મનીમાં ભાષાશાસ્ત્રમાં શિષ્યવૃત્તિ માટે નામાંકન એકત્રિત કરતી વખતે, કલકત્તામાં જર્મન કોન્સ્યુલેટે એવા ઉમેદવારોને પસંદગી આપી હતી જેઓ આર્ય સમાજી હતા અથવા 'આર્યન વિશ્વ દૃષ્ટિકોણ' ધરાવતા હતા. વસાહતી દેખરેખ દ્વારા આર્ય સમાજ પ્રચારકો (ઉપદેશકો) દ્વારા એડોલ્ફ હિટલર (૧૮૮૯-૧૯૪૫) અને રાષ્ટ્રીય સમાજવાદની પ્રશંસા કરવામાં આવી હતી તેના કિસ્સાઓ પણ નોંધાયા હતા. રોય વાત કરે છે કે નાઝીઓ હિન્દુ વંશીય-ધાર્મિક રાષ્ટ્રવાદ સાથે કેવી રીતે લગાવ અનુભવતા હતા, જે ફાસીવાદ અને નાઝીવાદથી પ્રેરણા લેતા હતા.

જર્મન ઈન્ડોલોજીની એક શાખામાં પ્રચલિત ઈસ્લામોફોબિયા એક અગ્રણી નાઝી પ્રચારક ઈન્ડોલોજિસ્ટ લુડવિગ આલ્સડોર્ફ (૧૯૦૪-૧૯૭૮) દ્વારા આત્મસાત કરવામાં આવ્યો હોય તેવું લાગે છે. રોયને શંકા છે કે આનાથી આલ્સડોર્ફ હિન્દુ મહાસભા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા, જે યુરોપિયન ઓરિએન્ટાલિસ્ટ વિશ્વ દૃષ્ટિકોણના કેટલાક સિદ્ધાંતોને અનુસરતા હતા, જેમ કે એરિઓસોફી અને વૈદિક આર્યોને આધુનિક હિન્દુઓના પૂર્વજ તરીકે જોવાની ધારણા સાથે મુસ્લિમો પ્રત્યે અસહિષ્ણુતા, જેઓ હિન્દુઓથી વિપરીત, આર્ય મૂળનો દાવો કરી શકતા ન હતા.

**નાઝી અને બ્રિટિશ જાસૂસો માટેનું ક્ષેત્ર**

૧૯૩૦નું ભારત નાઝી અને બ્રિટિશ જાસૂસી નેટવર્ક માટેનું ક્ષેત્ર બની ગયું. આ પુસ્તક આપણને સમકાલીન ભારતમાં એડોલ્ફ હિટલર માટે અતિશય પ્રશંસાના વિચિત્ર કેસની ઉત્પત્તિને સમજવામાં ખૂબ મદદ કરે છે. આપણે હર્મન બેથન (૧૮૭૫-૧૯૪૫)ને મળીએ, જે લીપઝિગના ઈવેન્જેલિકલ લ્યુથરન મિશનના પૂર્વ મિશનરી હતા, જેનો ઓગણીસમી સદીના મધ્યથી દક્ષિણ ભારતમાં આધાર હતો. બેથન ૧૯૦૨થી ૧૯૦૯ સુધી ત્યાં રહ્યા હતા, જે દરમિયાન તેમણે શાસ્ત્રીય અને બોલચાલની તમિલ ભાષામાં નિપુણતા મેળવી હતી. ૧૯૩૪માં, તેઓ રાષ્ટ્રીય સમાજવાદી શિક્ષક સંગઠન (NSLB)માં જોડાયા, અને ૧૯૩૬માં તમિલમાં એડોલ્ફ હિટલરની કથિત પ્રતિભા અને સિદ્ધિઓ પર એક પુસ્તક શીર્ષક "હિટલર કોણ છે ?: શક્તિનો વિજય" પ્રકાશિત કર્યું હતું, જેમાં તેમને 'મહાત્મા' અથવા 'મહાન આત્મા' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે જર્મન વિદેશ મંત્રાલય અને પ્રચાર મંત્રાલયની નાણાકીય સહાયથી પ્રકાશિત થયું હતું જેનો ઉદ્દેશ્ય તમિલનાડુમાં વધતા બોલ્શેવિક પ્રભાવનો સામનો કરવાનો હતો જ્યાં માર્ક્સ અને લેનિનના જીવનચરિત્ર તમિલમાં સરળતાથી ઉપલબ્ધ હતા. બ્રિટિશ વસાહતી સત્તાવાળાઓએ ટૂંક સમયમાં જ આ પુસ્તકને તેના સ્પષ્ટપણે પ્રચારાત્મક સામગ્રી માટે પ્રતિબંધિત કરી દીધું હતું. રોય એ વાત પર પ્રકાશ પાડે છે કે કેવી રીતે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) ભારતમાં જર્મન સોસાયટીની સ્થાપના સાથે નાઝી પ્રચારના પ્રસાર માટે એક અગ્રણી કેન્દ્રમાં ફેરવાઈ ગઈ હતી. આ સમાજે ભારતીય મુસ્લિમ અલગતાવાદને પ્રોત્સાહન આપ્યું, સાથે સાથે નાઝી જર્મની પ્રત્યે ભારે પ્રશંસા વ્યક્ત કરી અને તેને પાકિસ્તાન રાજ્યમાં અનુકરણ કરવા માટે એક મોડેલ તરીકે રજૂ કર્યું હતું, જેને મુસ્લિમ અલગતાવાદીઓ સ્થાપિત કરવા માંગતા હતા. તેના દ્વારા ઉત્પન્ન કરાયેલ પ્રચાર સાહિત્ય હિટલરની તુલના ઈસ્લામિક પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) સાથે કરવાની હદ સુધી ગયું હતું.

રોય ત્રણ ભારતીય જ્ઞાન પ્રદાતાઓ - કુડાવુરુ અનંતરામ ભટ્ટ (જન્મ ૧૯૦૮), તારાચંદ રોય (૧૮૯૦-૧૯૫૨), અને દેવેન્દ્રનાથ બેનરજી (લગભગ ૧૮૮૦-૧૯૫૪)ના 'સ્વ-સંકલન'ના વિવિધ સ્તરોનો અભ્યાસ કરે છે અને નાઝીઓને તેમની સેવાઓ બદલ તેમને મળેલા પુરસ્કારો દર્શાવે છે. તેઓ તેમના દ્વારા ઉત્પાદિત ગ્રંથો અને હર્મન બેથન દ્વારા ભારતમાં વિવિધ માધ્યમો દ્વારા તેની ઘણી સ્થાનિક ભાષાઓમાં પ્રકાશિત થયેલા નાઝી પ્રચાર પ્રત્યે સ્વદેશી પ્રતિભાવોના રેકોર્ડની સંપૂર્ણ ઉપલબ્ધતા ન હોવા પર શોક વ્યક્ત કરે છે. તેણી સમજે છે કે આ ખામી એ માપવાનું અશક્ય બનાવે છે કે ભારતીયોએ નાઝી પ્રચાર પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપી અને તેનો તેમના પર કોઈ પ્રભાવ પડ્યો અથવા નહીં.

રોયને ભારતીય લશ્કર માટે આધુનિક ભારતીય ભાષાઓમાં પ્રકાશિત મેગેઝિન ભાઈબંધ ('બ્રધરહુડ')ની અસરનું મૂલ્યાંકન કરવાનું પણ મુશ્કેલ લાગે છે, જે આફ્રિકામાં રોમેલ સામે લડેલા ભારતીય યુદ્ધ કેદીઓ (પીઓડબ્લ્યુ)ના ૩,૫૦૦ સ્વયંસેવકોથી બનેલું હતું. આ મેગેઝિનનો ઉદ્દેશ્ય જર્મન સૈન્ય પાસેથી વેહરમાક્ટ (જર્મન સશસ્ત્ર દળો)માં એકીકરણ માટે મેળવેલી તાલીમના ભાગ રૂપે નાઝી વિશ્વ દૃષ્ટિકોણમાં તેમના વૈચારિક શિક્ષણનો હતો. મેગેઝિન તેના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું કે નહીં તે કહેવું મુશ્કેલ છે કારણ કે તે ભારતીય સૈનિકો વ્યવહારીક રીતે કોઈ પ્રતિભાવ આપતા ન હતા.

જો કે, રોય તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં સફળ છે. તેણી નાઝીઓએ વૈચારિક અને રાજકીય રીતે શિષ્યવૃત્તિને પ્રભાવિત કરવા માટે ઉપયોગમાં લીધેલી વ્યૂહરચનાઓનું સફળતાપૂર્વક વર્ણન કરે છે, સ્થાપિત યુનિવર્સિટીઓ અને નાઝીઓ દ્વારા સ્થાપિત ઘણી બાહ્ય સંસ્થાઓ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ સમજાવે છે, અને રાજ્ય અને રાષ્ટ્રીય સમાજવાદી પક્ષની સેવામાં નીતિના નિર્માણ અને અમલીકરણમાં વિદ્વાનોએ ભજવેલી ભૂમિકાની ઝાંખી આપે છે. તેણી રાજકીય રીતે સમાધાન કરતાં વિદ્વાનોની પણ તપાસ કરે છે અને એ તપાસ કરે છે કે પશ્ચિમ જર્મનીમાં તેના નાઝી ભૂતકાળ સાથે સમાધાન કરવાના પ્રયાસોના ભાગ રૂપે જૂથ મુક્તિની પેટર્ન કેવી રીતે ઉભરી આવી હતી. રોયનું પુસ્તક તેજસ્વી છે, જે બ્રિટિશ ભારત અને નાઝી જર્મની વચ્ચેના જોડાણોના કોઈપણ અભ્યાસ માટે અનિવાર્ય છે, ખાસ કરીને ભારતીય જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવાના નાઝી જર્મનીના પ્રયાસો અંગે તેમાં અનેક માહિતી આપવામાં આવી છે. આ પુસ્તક બૈજયંતી રોય દ્વારા લખાયેલ છે. "ભારત અને ભારતીય વસાહતી વિરોધીવાદનો નાઝી અભ્યાસઃ જ્ઞાન પ્રદાતાઓ અને પ્રચારકો" (ઓક્સફર્ડઃ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૨૪)

**- નવરસ જે. આફ્રિદી**
**(લેખક કોલકાતાની પ્રેસિડેન્સી યુનિવર્સિટીમાં ઈતિહાસના સહાયક પ્રોફેસર છે)**
**(સૌ. : ધ વાયર)**